॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

વર્ષ : ૧૯ ● અંક : ૧૦ ● સળંગ અંક : ૨૩૨
જાન્યુઆરી - ૨૦૦૩ : વાર્ષિક વિશેષાંક (ભેટપુસ્તક)

શ્રી બેઠક ચરિત્ર પ્રકાશ (સચિત્ર)

(ભાગ : ૨)

લેખક : શ્રી રમેશભાઈ પરીખ

આદ્યતંત્રી : શ્રી રમેશભાઈ વિ. પરીખ
તંત્રી : વસંતબહેન ર. પરીખ
પરામર્શક : ભગવાનદાસ વ. દલાલ
વિજયભાઈ એમ. દેસાઈ
વ્યવસ્થાપક : અમિત ર. પરીખ

વાર્ષિક લવાજમ
દેશમાં : રૂ.૬૦/-
વિદેશ માટે : રૂ.૧૦૦૦/યુ.એસ.ડોલર ૨૦/પાઉન્ડ ૧૫

લવાજમ સ્વીકાર
ફક્ત ડિસેમ્બરથી ફેબ્રુઆરી. આજીવન લવાજમ સ્વીકારાતું નથી.

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. : CIT/GNR/80G(5)R.502-2000-2001 : Valid up to 31-3-2005]

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- તેજસ્વી - સામાન્ય સ્થિતિવાળા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- સત્સંગ સત્રોનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફક્ત ડીસેંબરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ
શોપીંગ સેન્ટર, બી.કે સિનેમાની સામે,
મહેસાણા -૩૮૪૦૦૨ (ઉ.ગુજરાત)
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ
ફોનઃ (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧
ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
(કાર્યાલયનો સમય : સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
E-mail : chemi@vsnl.com

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી
સદન, રાધિકા નિવાસ પાછળ, સર એમ.
વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ.
[ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]
E-mail : delight@vsnl.com

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3, Christy Lane, Ocean,
NJ - 07712-2604
Phone : 732-493-9096
E-mail : ncshahllc@yahoo.com

પ્રસ્તાવના

શ્રી બેઠકચરિત્ર પ્રકાશ (સચિત્ર) ભાગ-૧ માર્ચ ૨૦૦૨માં ભેટપુસ્તક તરીકે પ્રાપ્ત થતાં અનેક વૈષ્ણવોએ આવા સુંદર, સચિત્ર, ઉપયોગી ગ્રંથને ભેટપુસ્તક તરીકે આપવા માટે રૂબરૂમાં, ફોન દ્વારા અને ટપાલ દ્વારા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી. શ્રીવલ્લભનું અલૌકિક ચિત્રજી ધરાવતું બહુરંગી આકર્ષક મુખપૃષ્ઠ, શ્રીવલ્લભચરિત્રની સાથે બેઠકચરિત્રની સંગતિ, બેઠકજીની લીલા દર્શાવતાં ચિત્રજી અને બેઠકજીમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી, ૮૪ બેઠકજીનાં સરનામાં-ફોન નંબર-નકશા વગેરે અનેક પ્રકારની ઉપયોગી માહિતી તેમજ બેઠકજી વિશેના શ્રી રમેશભાઈ પરીખ લિખિત વિસ્તૃત લેખો વગેરે સામગ્રીથી સમૃદ્ધ આ પુસ્તક વૈષ્ણવોને બેઠકયાત્રામાં તથા ઘેર બેઠાં માનસીમાં દરેક બેઠકજીએ દંડવત્ કરવા માટે અતિ ઉપયોગી સાબિત થયું.

આજે ભગવદ્ કૃપાથી અને મનોરથી વૈષ્ણવોના ઉત્સાહભર્યા સહયોગથી, શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલના દિવ્ય ચરિત્રો દર્શાવતા આ ગ્રંથનો બીજો ભાગ **'શ્રી બેઠક ચરિત્રપ્રકાશ (સચિત્ર) ભાગ-૨'** પ્રકાશિત થઈ રહ્યો છે તેમજ 'વૈષ્ણવ પરિવાર' માસિકના ૨૦૦૨-૨૦૦૩ના સર્વ સદસ્યોને **ભેટ પુસ્તક** તરીકે અપાઈ રહ્યો છે તે ઘણા આનંદની વાત છે.

આ ગ્રંથના પ્રથમ ભાગમાં શ્રીમહાપ્રભુજીનાં દક્ષિણ ભારત અને ગુજરાતમાં સ્થિત ૪૦ બેઠકજીઓનાં ચરિત્રોનો સમાવેશ થયો હતો. આ બીજા ભાગમાં બાકીના ૪૪ બેઠકજી, જે વ્રજપ્રદેશમાં અને ઉત્તર પૂર્વ ભારતમાં સ્થિત છે તેમનાં ચરિત્રો સમાવિષ્ટ છે.

તે ઉપરાંત શ્રીગુસાંઈજીનાં ૨૮ બેઠકજી, શ્રીગુસાંઈજીના સાત લાલજીનાં બેઠકજી, શ્રીહરિરાયજીનાં બેઠકજી, શ્રીનાથજીનાં બેઠકજી અને ચરણચોકી વગેરેનાં દિવ્ય-અલૌકિક ચરિત્રોનો પણ સમાવેશ થયો છે.

બેઠકજીઓનાં ઉપલબ્ધ સરનામાં - ફોન નંબર અને બેઠકજીની યાત્રા માટે પ્રવાસ આયોજનના રૂટ દર્શાવતી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને દક્ષિણ ભારતનાં બેઠકજીનો યાત્રાપ્રવાસ કરનાર વૈષ્ણવોને બેઠકજીનું સ્થાન શોધવાની અને ત્યાં મુકામ વગેરે વ્યવસ્થા કરવાની તકલીફ પડતી હોય છે. તેના નિવારણ માટે દક્ષિણ ભારતમાં મુકામ અને સંપર્ક સ્થાનોનાં સરનામાં તેમજ ફોન નંબર પણ આપ્યાં છે. આશા છે બેઠકયાત્રા કરવા જનારા વૈષ્ણવોને માહિતીનું આ સંકલન ઉપયોગી બનશે.

આ ગ્રંથના ચરિત્રનાયક મહાકારુણિક શ્રીવલ્લભે સમગ્ર ભારતવર્ષની ત્રણ પરિક્રમા ખુલ્લા ચરણારવિંદથી ચાલીને કરેલી. હિમાલયથી કન્યાકુમારી અને દ્વારકાથી ગંગાસાગર સુધી, દૈવીજીવોના ઉદ્ધાર અર્થે અને માયાવાદીઓને પરાસ્ત કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સ્થાપન અર્થે આપશ્રીએ ભારત પરિભ્રમણ કર્યું તે દરમ્યાન જ્યાં જ્યાં આપશ્રીએ મુકામ કર્યો અને શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું ત્યાં ત્યાં આપશ્રીનાં બેઠકજી આજે બિરાજે છે. આ બેઠકજીનાં ચરિત્રો શ્રીગોકુલનાથજીએ સર્વ પ્રથમ પ્રસિદ્ધ કર્યાં. આમ આજે આપણે શ્રીગોકુલનાથજીની કૃપાથી આ દિવ્ય ચરિત્રો જાણી શકીએ છીએ.

આજે જ્યારે હજારો વૈષ્ણવો દર વર્ષે બેઠકયાત્રાએ જાય છે ત્યારે જો તેઓ બેઠક નાયકના ચરિત્ર કે માહાત્મ્યને અથવા તે બેઠકજીની લીલાને જાણતાં ન હોય તો ગતાનુગતિક સેવા કરી પાછાં આવે છે અથવા જાણે અજાણે કોઈક અપરાધ કરી બેસે છે; પરંતુ આ બધી જાણકારી તેમને હોય તો સેવા અને દર્શનમાં અનેરો આનંદ આવે છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વક શ્રીમહાપ્રભુજીનાં સેવા-સ્મરણ કરી શકે છે. તેથી જ આ ગ્રંથમાં બેઠકજીઓના ક્રમમાં નહિ પરંતુ શ્રીમહાપ્રભુજીના દિવ્ય ચરિત્ર સાથે સંગતિ થાય તે રીતે સર્વ બેઠકજીઓનાં ચરિત્રો લેવામાં આવ્યાં છે. આપશ્રીના ભૂતલ ઉપર પ્રાગટ્યથી આસુરવ્યામોહ લીલા સુધીની જીવનયાત્રાના ક્રમમાં આ ચરિત્રો લખાયાં છે. છેલ્લું ચરિત્ર આસુરવ્યામોહલીલા પછી એટલે કે આપશ્રી ભૂતલ ઉપરથી નિત્યલીલામાં પધાર્યા પછી પણ હાજીપુરમાં ભગવાનદાસને ઘેર વૈષ્ણવોને સાક્ષાત્ દર્શન આપે છે, જે ઘટના આપણા સંપ્રદાયના નિત્યલીલાવાદના સિદ્ધાંતને સમજાવે છે, તે લીધેલ છે. આમ શ્રીવલ્લભચરિત્ર અને બેઠકચરિત્ર બંને સાથે રજૂ કરનારા આ ગ્રંથના વાચન-મનનથી શ્રીવલ્લભનું દિવ્ય ચરિત્ર અને સર્વ બેઠકજીઓનાં અલૌકિક ચરિત્રો, જાણી, વૈષ્ણવો બેઠકજીમાં શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલની સેવાનો અલૌકિક આનંદ લઈ શકે તે હેતુથી આ ગ્રંથ 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ સદસ્યોને શ્રી રમેશભાઈ પરીખની સ્મૃતિમાં ભેટ પુસ્તક તરીકે આપવાનો મનોરથ શ્રીહરસાનીજી ટ્રસ્ટે કર્યો છે.

પૂ. ગો. શ્રી ઈંદિરાબેટીજી મહોદયા દ્વારા નિર્મિત શ્રીગિરિરાજબાવાના મંદિરના પાટોત્સવ પ્રસંગે વડોદરામાં યોજાયેલ શ્રી બેઠકચરિત્ર સપ્તાહની કેસેટો ઉપરથી શ્રી રમેશભાઈએ લખેલો આ ગ્રંથ પૂ.શ્રી જીજીએ સં. ૨૦૩૭માં પ્રકાશિત કરેલા. તે ટૂંક સમયમાં જ અપ્રાપ્ય બનતાં તેની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ. પરંતુ તે પણ અપ્રાપ્ય બનતાં તેને માટે વૈષ્ણવો તરફથી સતત માગણી થતી રહી. શ્રી રમેશભાઈએ આ ગ્રંથને સચિત્ર બનાવી તેના પુનઃપ્રકાશનની તૈયારી કરી પરંતુ તે કાર્ય પૂર્ણ થાય તે પહેલાં તેમનો ગોલોકવાસ થયો. અપૂર્ણ રહેલું એ કાર્ય આજે શ્રીહરિ-ગુરુ-

ની કૃપાથી પૂર્ણ થઈ રહ્યું છે તેનો સવિશેષ આનંદ છે.

ગ્રંથના પુનઃપ્રકાશન માટે પૂ.ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયાની આજ્ઞા અને આશીર્વાદ પ્રાપ્ત થયા છે તે માટે આપશ્રીની હું અત્યંત ઋણી છું. આપશ્રીએ તેમજ પૂ.ગો. ૧૦૮ શ્રી નિકુંજલતા બેટીજી મહોદયાએ ૮૪ બેઠકજીની લીલાનાં સુંદર ચિત્રજી પ્રાપ્ત કરી આપ્યાં છે તે માટે આપ બંનેનો હું અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકાર કરું છું.

આ ગ્રંથના મનોરથી શ્રી જયેન્દ્રભાઈ કનુભાઈ દેસાઈ પરિવાર, અમદાવાદ (ગોધરાવાળા), શ્રીમતી કુસુમબેન અરુજીસ અને શ્રી બકુલાબેન પટેલ (મુંબઈ), શ્રી હસુમતીબેન વિનોદચંદ્ર શાહ (મુંબઈ), શ્રી અનસુયાબેન ચતવાણી (અમેરિકા) જેમણે સૌએ પોતાની સંપત્તિનો ઉપયોગ શ્રીવલ્લભની નામસેવામાં કર્યો છે તથા દેશ-વિદેશના અન્ય સર્વ મનોરથી વૈષ્ણવો કે જેમની દૈવી સંપત્તિનો ઉપયોગ પણ આ ગ્રંથના પ્રકાશનમાં થયો છે તે સર્વના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરી તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. જે યુવાન વૈષ્ણવ દંપતીએ શ્રીમહાપ્રભુજીના બેઠકજીઓમાં જઈ, નિત્ય દર્શન-ભાવન માટે તેમણે લીધેલા ફોટોગ્રાફ્સ સૌ વૈષ્ણવોના લાભાર્થે, આ ગ્રંથમાં પ્રકાશિત કરવા માટે મોકલી આપ્યા છે તેમને, તેમની આ ગુપ્ત સેવા બદલ ધન્યવાદ આપું છું. શ્રીવલ્લભની નામસેવાની સૌની ભાવનાને વંદન કરું છું.

ગ્રંથના સુંદર અને ઝડપી મુદ્રણ માટે **શ્રી રાજનભાઈ કડિયા**ને ધન્યવાદ આપી તેમનો આભાર માનું છું. બેઠકયાત્રાનું પ્રવાસ આયોજન અને રૂટ તૈયાર કરી આપવા માટે **શ્રી પ્રવીણભાઈ શાહ** (શ્રી ગોકુલેશયાત્રા સંઘ, વડોદરા); સરનામાં મેળવી આપવા માટે **શ્રી રાજુભાઈ રાયચુરા** (શ્રી નરોડા બેઠકજી, અમદાવાદ), દક્ષિણ ભારતનાં સંપર્કસ્થાનો માટે **શ્રી રમણિકભાઈ પીઠડિયા**; રાજકોટ, બેઠકયાત્રાના નકશા માટે **શ્રી વિઠ્ઠલદાસભાઈ કારાણી** (નંદાલય, મુંબઈ) તેમજ આ ગ્રંથકાર્યમાં મદદરૂપ થનાર નામી-અનામી સૌના પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી સૌનો ઋણસ્વીકાર કરું છું.

■ વસંતબહેન પરીખ

છપ્પનભોગ મહોત્સવ

શ્રીમદનમોહનલાલજીની હવેલી, નવા ટાવર પાસે, **મુ. પો. તારાપુર**
પીનકોડ-૩૮૮૧૮૦ (જી. આણંદ), ફોનઃ (૦૨૬૯૮) ૨૫૫૦૫૮
તારીખ : ૨૨-૧-૦૩, બુધવાર, બપોરે ૨-૦૦ કલાકે

આ પ્રસંગે તા. ૧૯-૧-૦૩ થી ૨૧-૧-૦૩ સુધી શ્રી...ના વિવિધ મનોરથો પણ થશે. સૌ વૈષ્ણવોને આ મનોરથો અને છપ્પન ભોગનાં અલૌકિક દર્શનનો લાભ લેવા સાદર આમંત્રિત કરવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીનાં સરનામાં

૧. **શ્રીમદ્ ગોકુળ ગોવિંદઘાટનાં બેઠકજી**
શ્રીમહાપ્રભુજીની બેઠક (બ્રહ્મ-સંબંધનાં બેઠકજી), શ્રીગોવિંદઘાટ,
મુ. ગોકુળ-૨૮૧૩૦૩ જી. મથુરા (ઉ.પ્ર.)

૨. **શ્રી બડી બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. ગોકુળ-૨૮૧૩૦૩**, જી. મથુરા (ઉ.પ્ર.)

૩. **શ્રી શય્યામંદિરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં
મુ. ગોકુલ-૨૮૧૩૦૩, જી. મથુરા (ઉ.પ્ર.)

૪. **શ્રી વૃંદાવન બંસીબટની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, બંસીબટ, **વૃંદાવન-૨૮૧૧૨૧**, જી. મથુરા (ઉ.પ્ર.)

૫. **શ્રી વિશ્રામઘાટની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, વિશ્રામઘાટ, **મથુરા-૨૮૧૦૦૧** (ઉ.પ્ર.)

૬. **શ્રી મધુવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. મહોલી-૨૮૧૧૪૧** જી. મથુરા (ઉ.પ્ર.)

૭. **શ્રી કમોદવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **પો. ઉસપાર**, જી. મથુરા (ઉ.પ્ર.)

૮. **શ્રી બહુલાવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **પો. બાટીગાંવ**, જી. મથુરા (ઉ.પ્ર.)

૯. **શ્રી રાધાકૃષ્ણકુંડની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **પો. રાધાકુંડ-૨૮૧૫૦૪**, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૦. **શ્રી માનસીગંગાની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, ચકલેશ્વર મહાદેવ પાસે, વલ્લભઘાટ,
માનસી ગંગા, **પો. ગોવર્ધન-૨૮૧૫૦૪**, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૧. **શ્રી ચંદ્રસરોવરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, ચંદ્રસરોવર-પરાસોલી,
પો. ગોવર્ધન-૨૮૧૫૦૪, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૨. **શ્રી આન્યોરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, સદુ પાંડેના મકાનમાં, **પો. આન્યોર-૨૮૧૫૦૨**,
જી. મથુરા, (ઉ.પ્ર.) ફોન નં. : ૦૫૬૫-૮૧૫૫૭૭, ૮૧૫૦૫૯

૧૩. **શ્રી ગોવિંદકુંડની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, ગોવિંદકુંડ, શ્રીગિરિરાજજીની સામે,
પો. આન્યોર-૨૮૧૫૦૨, જી. મથુરા (ઉ.પ્ર.), ફોન નં. : ૦૫૬૫-૮૧૧૭૩૧

૧૪. **શ્રી સુંદરશીલાની બેઠક**
શ્રીગિરિરાજજી સન્મુખ, શ્રીગિરિરાજજીની તળેટીમાં,
પો. જતીપુરા-૨૮૧૫૦૨, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૫. **શ્રી ગિરિરાજજીની બેઠક (ગુપ્ત બેઠક)**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીનાથજીના મંદિરમાં, શ્રીગિરિરાજજી ઉપર,
પો. જતીપુરા-૨૮૧૫૦૨, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૬. **શ્રી કામવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીકુંડ ઉપર, કામવન
પો. કામા-૩૨૧૦૨૨, જી. ભરતપુર (રાજસ્થાન)

૧૭. **શ્રી ગહવરવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીરાધાજીના મંદિરથી આગળ, મોરકુટી નીચે,
પો. બરસાના, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૮. **શ્રી સંકેતવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, બગીચામાં, કૃષ્ણકુંડ,
પો. બરસાના, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૯. **શ્રી નંદગામની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, પાનસરોવર, સડકની સામે પાર,
પો. નંદગામ-૨૮૧૪૦૩, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૦. **શ્રી કોકિલાવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, કોકિલાવન **પો. બઠેલ, મુ. જાવ**, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૧. **શ્રી ભાંડીરવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીયમુનાજીના સામા કિનારે,
મુ. ભાંડીરવન, તા. માંટ, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૨. **શ્રી માનસરોવરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીયમુનાજીના સામા કિનારે,
માનસરોવર (માખન), **પો. માંટ**, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૩. **શ્રી સુકરક્ષેત્ર (સોરમજી)ની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, સૌરભઘાટ (ગંગાતીરે), **પોસ્ટ - સૌરો-૨૦૭૪૦૩**,
જી. એટાહા (ઉ.પ્ર.), ફોન નં. : ૦૫૭૪૪-૩૩૬૭૩

૨૪. **શ્રી ચિત્રકૂટની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. કામતા - ચિત્રકૂટ - પોસ્ટ-પીલીકોઠી - ૪૮૫૩૩૬**,
જી. સતના, (મ.પ્ર.)

૨૫. **શ્રી અયોધ્યાની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક
રામઘાટ રોડ, **મુ. અયોધ્યા-૨૨૪૧૨૩**, જી. ફૈઝાબાદ, (ઉ.પ્ર.)

૨૬. **શ્રી નેમિષારણ્યની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, વેદવ્યાસ આશ્રમ સામે,
મુ. નૈમિષારણ્ય, તા. મિશ્રક, જી. સીતાપુર, (ઉ.પ્ર.)

૨૭. **શ્રી કાશીમાં પુરુષોતમદાસ શેઠના ઘરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શેઠ પુરુષોતમદાસજીનું ઘર, ચૈતન્ય રોડ સામેના ખાંચામાં,
જતનવડ, **મુ. વારાણસી (કાશી)-૨૨૧૦૦૧,** (ઉ.પ્ર.)

૨૮. **શ્રી કાશીમાં હનુમાનઘાટપરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, હનુમાનઘાટ, **મુ. વારાણસી-૨૨૧૦૦૧,** (ઉ.પ્ર.)

૨૯. **શ્રી હરિહરક્ષેત્રની બેઠક (હાજીપુર)**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીમહાદેવજીના મંદિર પાસે,
મગરહટ્ટા ચોક, **મુ. હાજીપુર-૮૪૪૦૦૧**, જી. વૈશાલી, (બિહાર)

૩૦. **શ્રી જનકપુરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, ભગવાનદાસના બગીચામાં,
માણેકતળાવ, **મુ. જનકપુર,** જી. વૈશાલી, (બિહાર)

૩૧. **શ્રી ગંગાસાગરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, કપીલ આશ્રમ પાસે, કપીલકુંડ ઉપર,
કાકદ્વીપ બેટ - (પ. બંગાળ) (કલકત્તાથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર)

૩૨. **શ્રી ચંપારણ્યની પ્રાગટ્યની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. ચંપારણ્ય-૪૯૩૮૮૫**, વાયા-રાજીમ, જી. રાયપુર
(છત્તીસગઢ), ફોન નં. : ૦૭૭૦૧-૭૭૧૨૧, ૭૭૧૪૨

૩૩. **શ્રી ચંપારણ્યની છઠ્ઠીની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, છઠ્ઠીના બેઠકજી,
મુ. ચંપારણ્ય-૪૯૩૮૮૫, વાયા-રાજીમ, જી. રાયપુર, (છત્તીસગઢ)

૩૪. **શ્રી જગન્નાથપુરીની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, હરજીમલ દૂધવાળાની ધર્મશાળા પાસે,
ગ્રાન્ટ રોડ, **પુરી-૭૫૨૦૦૧,** (ઓરિસ્સા)

૩૫. **શ્રી પંઢરપુરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, ચંદ્રભાગા નદીના સામા કિનારે, **મુ. શેગાંવદુમાલા-
પીન-૪૧૩૩૦૪**, તા. પંઢરપુર, (મહારાષ્ટ્ર), ફોન : ૦૨૧૨૬-૬૭૨૬૩, ૬૭૨૬૪

૩૬. **શ્રી નાસિક તપોવનની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, પરસરામ પુરીયા માર્ગ, પંચવટી,
મુ. નાસિક-૪૨૨૦૦૧, (મહારાષ્ટ્ર)

૩૭. **શ્રી પન્ના નૃસિંહજીની બેઠક (ગુપ્ત બેઠક)**
શ્રીમહાપ્રભુજીની બેઠક, મંગલગિરિ સ્ટેશન,
શ્રીપન્નાનૃસિંહજીનું મંદિર, **મુ. વિજયવાડા** (આંધ્રપ્રદેશ)

૩૮. **શ્રી લક્ષ્મણબાલાજીની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક શ્રી વલ્લભાચાર્યજી મઠ, શ્રી લક્ષ્મણબાલાજી,
રીંગ રોડ, શંકરમઠ પાસે, **મુ. તીરુમાલા-૫૧૭૫૦૪**, (આંધ્રપ્રદેશ)
ફોન નં. : ૦૮૫૭૪-૭૭૩૧૭

૩૯. **શ્રી શ્રીરંગજીની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, કૃષ્ણ કોઈલની બાજુમાં, ૨૧, નોર્થગેટ,
સાઉકાર સ્ટોર લેન, શ્રીરંગમ્, **ત્રિચી-૬૨૦૦૦૬**, (તમીલનાડુ)

૪૦. **શ્રી વિષ્ણુકાંચીની બેઠક**
શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીની બેઠક
૭૯, વેગવતી, સદાવરમ્, પુન્યકોટિ ટેમ્પલ સ્ટ્રીટ નજીક, **મુત્તુકુલમ્-વિષ્ણુકાંચી-
કાંચીવરમ્-૬૩૧૫૦૩**, (તમીલનાડુ), ફોન નં. ૦૪૧૧૨-૨૩૦૨૩

૪૧. **શ્રી સેતુબંધ રામેશ્વરની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીવલ્લભાચાર્ય મઠ, લક્ષ્મણ કુંડની સામે,
મુ. રામેશ્વર-૬૨૩૫૨૬, જી. રામનાડ, (તમીલનાડુ), ફોન નં. : ૦૪૫૭૩-૨૧૬૮૫

૪૨. **શ્રી મલયાચલ પર્વતની બેઠક (ગુપ્ત બેઠક)**
મલયાચલ પર્વત ઉપર - કોઈમ્બતુર થઈને જવાય છે.

૪૩. **શ્રી લોહગઢ (ગોવા)ની બેઠક**
C/o. શ્રી શિવાનંદ ખેડેકર
શ્રીમહાપ્રભુજીની બેઠક (ગુજરાતી મંદિર), હરવળે વોટરફોલ પાસે, રૂદ્રેશ્વર મંદિરની
બાજુમાં, **મુ. હરવળે-સાંખળી-૪૦૩૫૦૫**, જી. પણજી (ગોવા)
ફોન નં. : ૦૮૩૨-૩૬૪૮૫૬

૪૪. **શ્રી તામ્રપર્ણી નદીના તીર ઉપરની બેઠક (ગુપ્ત બેઠક)**
તામ્રપાર્ણી નદીના તીર ઉપર, **ત્રિચિનાપલ્લી** (તમીલનાડુ)

૪૫. **શ્રી કૃષ્ણા નદીની બેઠક (ગુપ્ત બેઠક)**
કૃષ્ણધામ, વાડી જંક્ષન, રાયચુર સ્ટેશનથી ૧ કિ.મી. દૂર, **કૃષ્ણા ગામ** (આંધ્રપ્રદેશ)

૪૬. **શ્રી પંપાસરોવરની બેઠક (ગુપ્ત બેઠક)**
હમ્પી ગામથી ૮ કિ.મી. દૂર, હાસ્પેટ રેલ્વે સ્ટેશન
ગુંટકલ તથા હુબલી વચ્ચે (આંધ્રપ્રદેશ)

૪૭. **શ્રી પદ્મનાભજીની બેઠક (ગુપ્ત બેઠક)**
ત્રિવેન્દ્રમ (કેરાલા) ગામ બહાર જળાશયના કિનારે ભાવનાથી ઝારી ચરણસ્પર્શ થાય છે.

૪૮. **શ્રી જનાર્દન ક્ષેત્રની બેઠક**
શ્રીમહાપ્રભુજીની બેઠક, જનાર્દન મંદિર, વરકલાથી ૧ કિ.મી. દૂર કુમલી ગામનાં
રસ્તા તરફ, **પો. વરકલા - ૬૯૫૦૪૧**, (કેરાલા)

૪૯. શ્રી વિદ્યાનગરની બેઠક (ગુપ્ત બેઠક)
હમ્પી ગામ, તુંગભદ્રા નદીને કિનારે, (આંધ્રપ્રદેશ)

૫૦. શ્રી ત્રિલોકભાનજીની બેઠક (ગુપ્ત બેઠક)
આ બેઠકજીનું સ્થાન નક્કી થઈ શક્યું નથી. (તમીલનાડુ)

૫૧. શ્રી તોતાદ્રિ પર્વતની બેઠક (ગુપ્ત બેઠક)
નાગમેરી, તીનેવેલી ગામથી ૩૦ કિ.મી. દૂર તોતાદ્રિ પર્વત ઉપર (તમીલનાડુ)

૫૨. શ્રી દરવસેનની બેઠક (ગુપ્ત બેઠક)
આદિસેતુ ગામ - રામનાડ પુરમ, (તમિલનાડુ)

૫૩. શ્રી સુરતની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, અશ્વિનીકુમાર ઘાટ, તાપી નદીના કિનારે,
મુ. સુરત-૩૯૨૦૦૧, (ગુજરાત)

૫૪. શ્રી ભરૂચની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, જીલ્લા પંચાયતની બાજુમાં, સ્ટેશન રોડ,
મુ. ભરૂચ-૩૯૨૦૦૧, (ગુજરાત), ફોન નં. : ૦૨૬૪૨-૬૪૬૬૦

૫૫. શ્રી મોરબી - મચ્છુનદીના સામા કિનારાની બેઠક
મચ્છુ નદીના સામા કિનારે, એલ. ઈ. કોલેજની પાછળ, **મોરબી-૩૬૩૬૪૧**
(ગુજરાત) ફોન : ૦૨૮૨૨-૪૦૩૩૫

૫૬. શ્રી નવાનગરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, નાગમતી નદીના કિનારે, **કાલાવાડ રોડ,**
જામનગર-૩૬૧૩૦૫, (ગુજ.) ફોન : ૦૨૮૮-૫૭૦૬૭૧

૫૭. શ્રી જામખંભાળીયાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, સ્ટેશન રોડ, કુંડ ઉપર, **મુ. જામખંભાળીયા-૩૬૧૩૦૫,**
જી. જામનગર, (ગુજરાત) ફોન : ૦૨૮૩૩-૩૪૯૬૬

૫૮. શ્રી પિંડતારકની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પિંડતારક, નંદાણા પાટીયાથી વાયા ભાટીયા,
પો. પીંડારા-૩૬૧૩૦૫, જી. જામનગર, (ગુજરાત)

૫૯. શ્રી મૂળગોમતાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. નાના ભાવડા-૩૬૧૩૩૫,** તા. દ્વારકા,
જી. જામનગર, (ગુજરાત), ફોન : ૦૨૮૯૨-૩૪૩૫૫

૬૦. શ્રી દ્વારિકા હરિકુંડની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ગોમતી નદીના કિનારે, હરિકુંડ ઉપર, **મુ. દ્વારકા-૩૬૧૩૩૫,** જી. જામનગર, (ગુજરાત) ફોન નં. : ૦૨૮૯૨-૩૪૮૨૫

૬૧. શ્રી ગોપીતળાવની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. ગોપીતળાવ-૩૬૧૩૩૫,** જી. જામનગર, (ગુજરાત)

૬૨. શ્રી બેટ શંખોદ્ધારની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શંખતળાવ ઉપર, **મુ. બેટ દ્વારકા-૩૬૧૩૩૦,**
(ગુજરાત) ફોન નં. : ૦૨૮૯૨-૨૩૬૧૨

૬૩. શ્રી નારાયણ સરોવરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. નારાયણ સરોવર-૩૭૦૬૨૪,** તા. લખપત, જી. કચ્છ

૬૪. શ્રી જૂનાગઢની બેઠક
દામોદરકુંડ, ગિરનાર રોડ, **જૂનાગઢ-૩૬૨૦૦૧,** (ગુજરાત)
ફોન : ૦૨૮૫-૬૨૪૧૦૮/ ૬૫૫૫૫૫

૬૫. શ્રી પ્રભાસક્ષેત્રની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ત્રિવેણીનદીના ઘાટ ઉપર, **મુ. પ્રભાસપાટણ-૩૬૨૨૬૮,**
જી. જૂનાગઢ, (ગુજરાત) ફોન : ૩૨૩૩૪

૬૬. શ્રી માધવપુરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, કદમકુંડની ઉપર, **મુ. માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦,**
જી. જૂનાગઢ, (ગુજરાત) ફોન : ૦૨૮૬-૭૨૩૪૪

૬૭. શ્રી ગુપ્તપ્રયાગની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. દેલવાડા-૩૬૨૫૧૦,** જી. જૂનાગઢ, (ગુજરાત)
ફોન : ૦૨૮૭૫-૨૨૪૧૩ (રહે.) ૨૨૭૬૭

૬૮. શ્રી તગડીની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, અમદાવાદ-ભાવનગર હાઈવે ઉપર,
(ધંધુકાથી ૧૫ કિ.મી. ભાવનગર હાઈવે ઉપર), **મુ. તગડી-૩૮૨૨૫૦,**
જી. અમદાવાદ, (ગુજરાત), ફોન નં. : (૦૭૯૩૩)૩૨૬૨૧/૩૨૫૨૨

૬૯. શ્રી નરોડાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીવલ્લભાચાર્ય ચોક, શ્રીવલ્લભાચાર્ય માર્ગ, નરોડા,
અમદાવાદ-૩૮૨૩૩૦, (ગુજરાત) ફોન નં. : ૦૭૯-૨૮૧૩૪૪૪

૭૦. શ્રી ગોધરાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, રાણાવ્યાસ માર્ગ, પટેલવાડા, **મુ. ગોધરા-૩૮૯૦૦૧,**
જી. પંચમહાલ, (ગુજરાત), ફોન નં. : ૦૨૬૭૨-૪૦૪૪૨/૪૧૧૩૨/૪૨૨૯૫

૭૧. શ્રી ખેરાળુની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીમાળીવાસ, **મુ. ખેરાળુ-૩૮૪૩૨૫**
જી. મહેસાણા (ગુજરાત), ફોન નં. : ૦૨૭૬૧-૩૦૧૩૦

૭૨. શ્રી સિદ્ધપુરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, બિંદુ સરોવર રોડ, **મુ. સિધ્ધપુર-૩૮૪૧૫૧,** જી. પાટણ

૭૩. શ્રી અવંતિકાપુરી (ઉજ્જૈન)ની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મંગલનાથ માર્ગ, ગોમતી કુંડ, સાંદિપની આશ્રમ
પાસે, **મુ. ઉજ્જૈન-૪૫૬૦૦૧** (મ.પ્ર.), ફોન નં. : ૦૭૩૪-૫૬૦૨૪૦

૭૪. શ્રી પુષ્કરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, વલ્લભઘાટ-બડી વસ્તી, **મુ. પુષ્કર-૩૦૫૦૨૨,**
જી. અજમેર, (રાજસ્થાન), ફોન નં. : ૦૧૪૫-૭૭૨૪૯૩

૭૫. શ્રી કુરુક્ષેત્રની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, સરસ્વતી કુંડ - શક્તિ દેવીના મંદિર પાસે,
મુ. થાનેશ્વર, તા. કુરુક્ષેત્ર, (હરિયાણા), ફોન નં. : ૦૧૭૪૪-૩૬૯૬૦

૭૬. શ્રી રામઘાટ-કનખલની બેઠક - હરિદ્વાર
શ્રીમહાપ્રભુજીની બેઠક, હરકી પેડીના માર્ગ પર, ગંગાકિનારે,
મુ. હરદ્વાર-૨૪૯૪૦૧, (ઉ.પ્ર.)

૭૭. શ્રી બદ્રિકાશ્રમની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, **મુ. બદ્રિનાથ-૨૪૬૪૨૨,** (ઉ.પ્ર.)

૭૮. શ્રી કેદારનાથની બેઠક (ગુપ્ત બેઠક)
કેદારકુંડ - હરદ્વારથી ૧૮ કિ.મી. દૂર

૭૯. શ્રી વ્યાસાશ્રમની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, અલકનંદા-ભાગીરથી સંગમ પાસે,
કેશવપ્રયાગ-બદ્રીનાથ, (ઉ.પ્ર.)

૮૦. શ્રી હિમાચલ પર્વતની બેઠક (ગુપ્ત બેઠક)
(હિમાચલપ્રદેશ)

૮૧. શ્રી વ્યાસ ગંગાની બેઠક (ગુપ્ત બેઠક)
શ્રીમહાપ્રભુજીની બેઠક, વ્યાસઘાટ ઉપર (હિમાચલ પ્રદેશ)

૮૨. શ્રી મંદરાચલની બેઠક (ગુપ્ત બેઠક)
મંદરાચલ પર્વત ઉપર

૮૩. શ્રી અડેલની બેઠક
ત્રિવેણી સંગમ, **મુ. દેવરખ,** પો. નૈની-૨૧૧૦૦૮, જી. અલ્હાબાદ, (ઉ.પ્ર.),
ફોન નં. : ૦૫૩૨-૬૯૬૧૦૮

૮૪. શ્રી ચરણાટની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક-આચાર્યકૂપ,
પોસ્ટ- ચૂનાર-૨૩૧૩૦૪, જી. મીરજાપુર, (ઉ.પ્ર.)

તા. ક. : શ્રીબેઠકચરિત્ર પ્રકાશ-પ્રથમ ભાગમાં છપાયેલાં ૮૪ બેઠકજીનાં સરનામામાં, જે તે બેઠકજી તરફથી જણાવવામાં આવેલ ફેરફારો કરી, સુધારાવધારા સાથેની આ યાદી તૈયાર કરવામાં આવેલ છે.

બેઠકજી યાત્રાપ્રવાસ આયોજન

■ શ્રી પ્રવીણચંદ્ર મ. શાહ (શ્રી ગોકુલેશ યાત્રા સંઘ, વડોદરા)

આજે ઘણા વૈષ્ણવો બેઠકજીની યાત્રા માટે જાય છે ત્યારે પ્રવાસનો રૂટ અને સ્થળોની જાણકારી હોય તો તેઓ એક જ પ્રવાસમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી આદિનાં સર્વ બેઠકજીએ સન્મુખ થઈ શકે તે હેતુથી ૪ પ્રવાસનું આયોજન નીચે આપ્યું છે, જે દ્વારા સમગ્ર ભારતનાં બધાં જ બેઠકજીની યાત્રા થઈ શકે.

પ્રવાસ નં.૧ : ગુજરાત સૌરાષ્ટ્રનાં બેઠકજી

રૂટ : સૂરત, ભરૂચ, જંબુસર, ડાભા, કાવી, સાવલી, ગોધરા, ડાકોર, અલીણા, ખંભાત, તગડી, જૂનાગઢ, પ્રભાસપાટણ, ગુપ્તપ્રયાગ, માધવપુર, દ્વારકા, મૂલગોમતા, ગોપીતળાવ, બેટ દ્વારકા, ગાગાગુરગઢ, પિંડતારક, ખંભાળિયા, જામનગર, મોરબી, નારાયણસરોવર, સિદ્ધપુર, ખેરાળુ (ઈચ્છા હોય તો શ્રીનાથજી) અમદાવાદ.

- આ પ્રવાસમાં બસ દ્વારા શ્રીનાથજી સાથે ૨૦ દિવસ થાય છે.
- શ્રીનાથજી ન જવું હોય તો ૧૮ દિવસ થાય છે. ટાટા સુમો કે મેટાડોર જેવું નાનું સાધન હોય તો ૧૬ દિવસ થાય છે.

પ્રવાસ નં. ૨

રાજસ્થાન, ઉ.પ્રદેશ, બિહાર, પં.બંગાળ અને મ.પ્રદેશનાં બેઠકજી

રૂટ : વડોદરાથી શ્રીનાથજી, ખીમનોર, કાંકરોલી, જેસલમેર, પુષ્કરજી, જતીપુરા, મથુરા, ગોકુલ (૨ દિવસ વ્રજમાં), સોરમજી, નૈમિષારણ્ય, અયોધ્યા, ત્રિવેણીસંગમ, અડેલ, ચિત્રકૂટ, કાશી, ચરણાટ, હાજીપુર, જનકપુર, (કલકત્તા), ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારણ્ય, જબલપુર, ઉજ્જૈન થઈને વડોદરા પરત.

- આ પ્રવાસમાં બસ કે નાના વાહન દ્વારા ૩૦ દિવસ લાગે છે.

પ્રવાસ નં. ૩ : વ્રજ અને ઉત્તરભારતનાં બેઠકજી

રૂટ : ટ્રેઈન દ્વારા મથુરા પહોંચવું. ત્યાંથી કોઈપણ વાહન દ્વારા મધુવન, કુમુદવન, બહુલાવન, શ્રીગિરિરાજજી (જતિપુરા), ટોડનો ઘનો, ગુલાલકુંડ, શ્યામઢાક, રાધાકુંડ, માનસીગંગા, ચંદ્ર સરોવર, આન્યોર, ગોવિંદકુડ, કામવન, બરસાના, નંદગામ, સંકેતવન, પ્રેમસરોવર, રીઠોરા, કોકિલાવન, કોટવન, ચીરઘાટ, બચ્છવન, વૃંદાવન, ગોકુલ જવું. (વ્રજમાં કુલ ૫૬ બેઠકજી છે. ૧૫ દિવસ થાય.)

ત્યારબાદ બસ દ્વારા કુરુક્ષેત્ર, સિમલા, હરદ્વાર, ઋષિકેશ જઈ બસ છોડી દેવી. ત્યાંથી નિગમની બસ દ્વારા કેદારનાથ, હિમપ્રદેશ, બદરીનાથ, વ્યાસગુફા, મંદરાચલ, ઋષિકેશથી ૩૫ માઈલ દૂર વ્યાસગંગાનાં બેઠકજીએ દંડવત કરવા. અહીં હરદ્વાર અને બદરીનાથ સિવાયનાં બેઠકજી ગુપ્ત છે.

આ પ્રવાસમાં વ્રજ સાથે ૩૦ દિવસ થાય છે. હરદ્વારથી દહેરાદૂન એક્સપ્રેસ મારફત અથવા બસ દ્વારા દિલ્હી - મથુરા થઈ પોતાના ગામ આવી શકાય છે.

પ્રવાસ નં.૪ : દક્ષિણ ભારતનાં બેઠકજી

રૂટ : વડોદરાથી મુંબઈ, ગોવા, હમ્પીથી ૭ કિ. મી. દૂર વિજયનગર, વિદ્યાનગર, બેંગ્લોર, મૈસૂર, કોડાઈકેનાલ, ઊટી, જનાર્દન, ત્રિવેન્દ્રમ્, કન્યાકુમારી, તોતાદ્રિપર્વત, તામ્રપર્ણી નદી, ત્રિચિનોપલ્લી, ત્રિલોકભાનજી (સ્થાન મળતું નથી), રામેશ્વર, દરવસેન, મીનાક્ષીમંદિર, પોંડિચેરી, મદ્રાસ (ચેન્નાઈ), વિષ્ણુકાંચી, શિવકાંચી, તીરૂપતિ બાલાજી, પન્નાનૃસિંહજી, ક્રિષ્ણાનદી, પંઢરપુર, નાશિક, સાપુતારા થઈ વડોદરા પરત.

- આ પ્રવાસમાં ૩૨ થી ૩૬ દિવસ થાય છે.
- દક્ષિણ ભારતમાં ૧૮ બેઠકજીમાંથી ૮ બેઠકજી પ્રગટ છે. બાકીના સ્થળે બેઠકજી ગુપ્ત છે.
- દક્ષિણ ભારતમાં શ્રી લક્ષ્મણ બાલાજીનાં, શ્રી શ્રીરંગજીનાં, શ્રી વિષ્ણુકાંચીનાં, શ્રી સેતુબંધ રામેશ્વરનાં અને શ્રી જનાર્દન ક્ષેત્રનાં બેઠકજી પ્રગટ છે. મહારાષ્ટ્રમાં પંઢરપુર અને નાશિક, તથા ગોવામાં સાંખળીમાં બેઠકજી પ્રગટ છે.

આ રીતે ૪ પ્રવાસમાં ૧૪૨ બેઠકજી ઉપરાંત નિધિસ્વરૂપો તથા અન્ય દર્શનીય સ્થાનોનાં દર્શન સમય, સંજોગો અને અનુકૂળતા મુજબ કરી શકાય છે.

■

દક્ષિણ ભારતમાં બેઠકયાત્રા કરવા જનાર વૈષ્ણવો માટે રહેવા માટેનાં સંપર્ક સ્થળો

૧. શ્રી મનુભાઈ વી. આશર, બાઈ મીઠીબાઈ ટ્રસ્ટ, જનાર્દન મંદિર કોર્નર, જનાર્દનપુરમ, પો. ઓ. **વરકલા પીન-૬૯૫૦૪૧ (કેરાલા)**, ફોન નં. પી. પી. (૦૪૭૨) ૬૦૦૫૮૨

૨. શ્રી બજરંગદાસ બાપા અન્નક્ષેત્ર, ૭, સન્નિધિ સ્ટ્રીટ, **રામેશ્વરમ્**, પીન. ૬૨૩૫૨૬ (તામીલનાડુ), ફોન નં. (૦૪૫૭૩) ૨૧૦૨૧, ૨૧૦૫૧

૩. શ્રી બેંગ્લોર વૈષ્ણવ સમાજ, ૨૯, ફર્સ્ટ મેઈન રોડ, સાગર ટોકીઝ પાસે, ગાંધીનગર, **બેંગ્લોર**-૫૬૦૦૦૯, ફોન (ઓ.) (૦૮૦) ૨૨૬૧૦૩૪, હોલ ૨૩૮૧૬૭૫

૪. શ્રી પ્રદીપ પારેખ, ત્રિષ્ના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, પો. બો. નં. ૯૯૩૩, ૧૭, ઓમ નિવાસ, પહેલા માળે, પાંચમો મેઈન રોડ, ગાંધીનગર, **બેંગ્લોર**-૫૬૦૦૦૯, ફોન નં. (૦૮૦) ૨૨૫૮૪૭૪, ૨૨૮૫૪૭૪, ફેક્સ. ૨૨૫૪૨૦૯, મોબાઈલ : ૯૮૪૪૦-૫૮૪૭૪,
Email : garamtapal@hotmail.com, trishant@vsnl.com

૫. ગુજરાતી સમાજ, P/૨, યાદવગિરિ, મૈસુર બનિયન ફેક્ટરી પાસે, આઈડિયલ જાવા ફેક્ટરી નજીક, **મૈસુર**-૫૭૦૦૨૦, ફોન : ૫૧૬૪૫૭

૬. શ્રી કોઈમ્બતૂર ગુજરાતી સમાજ, જી. એમ. વ્યાસ, અતિથિગૃહ, ગુજરાત સમાજ ભવન, પો.બો. નં. ૧૧૬૪, ૫૦૦, મેટ્ટુપલયમ રોડ, **કોઈમ્બતૂર**-૬૪૧૦૦૨, તાર : GURJASEVA, ફોન: ૫૫૦૦૪૯

૭. શ્રી ગુજરાતી મંડલ મદ્રાસ, કેશવલાલ કપુરચંદ શાહ, અતિથિગૃહ, ૧૧૬, પ્રકાશમ્ રોડ (બ્રોડવે), **ચેન્નાઈ**-૬૦૦૧૦૮, ફોન : (૦૪૪) ૫૩૮૨૮૪૪

૮. શ્રી અખિલ ભારતીય શ્રી વલ્લભ પ્રીતિ સેવા સમાજ ટ્રસ્ટ, ૭૦/૧, ગોડાઉન સ્ટ્રીટ, **ચેન્નાઈ**-૬૦૦૦૦૧

૯. સમર્પણ યાત્રી ભવન, ૩, રૂ્યુ એફેન, આર. ટી.ઓ.ની બાજુમાં, **પોંડીચેરી**-૬૦૫૦૦૧, ફોન: (૦૪૧૩) ૩૩૮૯૭૨

૧૦. શ્રી ગુજરાતી સેવા મંડલ અતિથિ ગૃહ, ૧૧૪૧, રાષ્ટ્રપતિ રોડ, **સિકંદરાબાદ**-૫૦૦૦૦૩, (આંધ્રપ્રદેશ) ફોન: ૭૫૩૫૧૭૮

૧૧. શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ, દીપક ભવન, ૪-૩-૧૪૮, હનુમાન ટેકરી, મસ્જીદ પાસે, **હૈદરાબાદ** (આંધ્રપ્રદેશ)

૧૨. શ્રી પ્રભુદાસ મણીલાલ સજલાણી, રાધાકૃષ્ણ મંદિર પાસે, સાંખળી **(Sanquelim) ગોવા** ફોન: ૦૮૩૨-૩૬૫૬૧૦

૧૩. શ્રી નાનુભાઈ ટી. ચોલેરા, પેટ્રોલ પંપ સામે, સાખળી, ફોન (૦૮૩૨) ૩૬૪૬૨૨

૧૪. શ્રી કીર્તિભાઈ ચંદારાણા, બસ સ્ટેન્ડ સામે, પાનની દુકાન, **સાંખળી, ગોવા.** ફોન: (૦૮૩૨) ૩૬૪૭૪૮

૧૫. શ્રી જગદીશભાઈ, **સાંખળી-ગોવા**, ફોન: ૩૬૪૫૪૬

૧૬. શ્રી હંસરાજભાઈ ધરમશી, પ્રમુખ, શ્રી સનાતન વૈષ્ણવ મહાજન, ટ્રિપલ બ્રિજ પાસે, **એલેપ્પી**-૬૮૮૦૧૨, ફોન (૦૪૭૭) ૨૬૩૮૫૮, ૨૪૨૭૬૨

ગુજરાતી ભોજન માટે : હોટલ અમરદીપ ૨-૩-૬૧, રામગોપાલ પેટ, એમ. જી. રોડ, રાણીગંજ, **સિકંદરાબાદ**-૫૦૦૦૦૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી દક્ષિણ ભારતમાં જવા માટેની ઘણી સીધી ટ્રેનો મળે છે તેથી પોતાની રીતે પણ દક્ષિણ ભારતનો પ્રવાસ સારી રીતે કરી શકાય છે. અને એ બહાને ત્યાંની સંસ્કૃતિ, ભાષા, ભોજન વગેરેથી પરિચિત થઈ શકાય છે.

સૌજન્ય :

૧. Eternal Consultancy, Rajkot, ફોન : ૫૮૯૭૮૯

૨. **ગોવાની માહિતી માટે :** શ્રી જયંતભાઈ બારડોલીકર, મુંબઈ, ફોન નં (૦૨૨)૨૬૨૮૯૭૭૯

* * *

સુધારો :

બેઠક ચરિત્ર ભા-૧ પાન નં. ૬૬ ઉપર શ્રી વિષ્ણુકાંચીના બેઠકજીના ચરિત્રમાં જણાવેલ છે કે 'રાત્રે કોઈપણ વૈષ્ણવ અહીં રહી શકતા નથી.' આ સંબંધમાં જણાવવાનું કે અહીં મુખીયાજી અને એમના પરિવારના સભ્યો રહે છે. વૈષ્ણવો પણ રાતવાસો કરી શકે છે. કોઈ ભય જેવું નથી. બેઠકજીની સામે પૂ. ગો. શ્રી વ્રજાધીશજી મહારાજશ્રીએ વૈષ્ણવોને રહેવા માટે એક 'વિશ્રામાલય' બનાવેલું છે; જેમાં વૈષ્ણવો રહી શકે છે.

- શ્રી નંદકુમાર ઘનશ્યામદાસ (ચેન્નાઈ)

વધાઈ..... **શ્રીવલ્લભ** **વધાઈ.....**

મુંદ્રામાં શ્રીનાથજીના ધ્વજાજીની પધરામણી

અધ્યક્ષ : પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી (કડી-અમદાવાદ)
તારીખ : ૩-૧-૨૦૦૩ શુક્રવાર થી ૬-૧-૨૦૦૩ સોમવાર સુધી
સ્થળ : જેઠાલાલ મૂળજી બજેરિયા પરિવાર, બજેરિયા શેરી, મુંદ્રા (કચ્છ)
ફોનઃ (૦૨૮૩૮) ૨૩૬૭૭, ૨૨૯૭૭

આ પ્રસંગે તા.૩-૧-૨૦૦૩ થી ૬-૧-૨૦૦૩ સુધી વિવિધ મનોરથોનું આયોજન પણ થયું છે.

તા. ૪-૧-૦૩ અને તા. ૫-૧-૦૩ના રોજ પૂ.ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીનાં વચનામૃત સાંજે ૪ થી ૬ દરમિયાન થશે. સર્વ વૈષ્ણવોને આ ધ્વજારોહણ મહોત્સવનો લાભ લેવા આમંત્રણ છે.

માણસામાં શ્રીનાથજીનાં ધ્વજાજીની પધરામણી

શ્રીનાથજીનાં ધ્વજાજી નાથદ્વારાથી મુંદ્રા પધારતાં તા. ૧-૧-૦૩ના રોજ રસ્તામાં માણસા મુકામે વિશ્રામ કરશે, વિશ્રામભોગ આરોગશે અને દર્શન આપશે. રાત્રિ રોકાણ માણસા મુકામે થશે.

સ્થળ : રમેશચંદ્ર બાબુલાલ શાહ, આશિત વુલન મીલ્સ, જી.આઈ.ડી.સી. માણસા.

મહેસાણામાં શ્રીનાથજીનાં ધ્વજાજીની પધરામણી

મુંદ્રાથી પાછા પધારતાં તા. ૭-૧-૦૩ના રોજ શ્રીનાથજીનાં ધ્વજાજી મહેસાણા વિશ્રામ કરશે, વિશ્રામભોગ આરોગશે અને સૌ વૈષ્ણવોને દર્શન આપશે. આ પ્રસંગે કીર્તન સમાજ, રાસગરબા, પૂ. મહારાજશ્રીનાં વચનામૃત વગેરે કાર્યક્રમ થશે.

સ્થળ : વસંતબેન રમેશભાઈ પરીખ, ૩૧, શિવ સોસાયટી વિ.૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
સમય : સાંજે ૭ થી રાત્રે ૧૦ કલાક સુધી, રાત્રિ રોકાણ મહેસાણા મુકામે થશે.

શ્રી ધ્વજાજીની પધરામણી : તા. ૦૮-૦૧-૦૩ સવારે ૮ થી ૧૦

સ્થળ : શ્રીમતી રેખાબેન દીપકભાઈ મહેતા, ૧૫, શિવ સોસાયટી વિ.૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા.

શ્રી ધ્વજાજીની પધરામણી : સવારે ૧૦ થી ૧૨

સ્થળ : શ્રી કે. પી. શેઠ, ૩ સાગર સરિતા સોસાયટી, ડેરી રોડ, મહેસાણા.

આ સર્વ સ્થળોએ સર્વ વૈષ્ણવોને દર્શનનો લાભ લેવા આમંત્રણ છે.

શ્રીમહાપ્રભુજીનાં બેઠકોનાં દિવ્ય ચરિત્રો

(શ્રીબેઠક ચરિત્ર સચિત્ર ભાગ-૧ ('વૈષ્ણવ પરિવાર' માર્ચ-૨૦૦૨)થી ચાલુ)

(૪૧) શ્રી પુષ્કરજીનાં બેઠકજીનું ચરિત્ર

અમદાવાદ-દિલ્હી રેલવે માર્ગ ઉપર રાજસ્થાનમાં અજમેર નામનું મોટું શહેર આવેલું છે. મારવાડ જંકશન અને ફુલેરાની વચ્ચે આવેલા અજમેર શહેરમાં ટ્રેઈન દ્વારા અને બસ દ્વારા જઈ શકાય છે. ત્યાંથી સાત માઈલ દૂર પર્વતોની વચ્ચે પુષ્કરજી નામનું તીર્થસ્થાન આવેલું છે. ત્યાં ગામની વચ્ચે બ્રહ્મકુંડ આવેલો છે. અને તેનો એક ઘાટ વલ્લભઘાટના નામે પ્રસિદ્ધ છે. તે ઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. સેવાનો પ્રકાર ચાલે છે. બેબઠકજીમાં ઊતરવાની સગવડ નથી, પરંતુ ગામમાં ધર્મશાળાઓ છે.

શ્રીમહાપ્રભુજી જ્યારે પૃથ્વી પરિક્રમા કરતાં અહીં પધાર્યા ત્યારે આપ આ કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. આપે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી : 'પુષ્કરજી સર્વ તીર્થોના પિતા છે. શ્રીબ્રહ્માજીનું પ્રાગટ્ય પણ અહીં થયેલું. માટે ભારતમાં શ્રી બ્રહ્માજીનુ અને સાવિત્રિજીનું મંદિર માત્ર અહીં જ આવેલું છે. તેથી આપણે પણ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કરીશું.' આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના પારાયણની તૈયારી કરી ત્યારે પુષ્કરજી તીર્થ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી આપશ્રીની પાસે આવ્યા અને વિનંતી કરીઃ 'મહારાજ, આપ સર્વ તીર્થોને સનાથ કરવા પૃથ્વીની પરિક્રમા કરો છો, ત્યારે મને પણ સનાથ કરો.' આપે આજ્ઞા કરીઃ 'તમે તો સર્વ તીર્થોના પિતા છો, તમે આવું શા માટે કહો છો?' પુષ્કરજીએ કહ્યુંઃ 'મહારાજ, આ કળિયુગમાં સર્વ તીર્થો નાશ પામ્યા છે. તેમનું આધિદૈવિક સ્વરૂપ લોપ પામ્યું છે. આપ જ આ તીર્થનો ઉદ્ધાર કરવા સમર્થ છો.' શ્રીમહાપ્રભુજીએ તેમના મનનું સમાધાન કર્યું. તેઓ પાછા ગયા. પછી આપે ત્યાં શ્રીમદ્ ભાગવત પારાયણનો પ્રારંભ કર્યો. ત્યાં અનેક જીવો આપશ્રીના શરણે આવ્યા.

અજમેરથી આગળ કિશનગઢ નામે ગામ આવેલું છે. ત્યાંના રાજમહેલરમાં હોનહાર નામના ચિત્રકારે દોરેલ શ્રીમહાપ્રભુજીનાં મૂળ ચિત્રજી બિરાજે છે. આ ચિત્રજીનો ઈતિહાસ આપણે મથુરાનાં બેઠકજીના ચરિત્રમાં જોઈશું, પરંતુ અહીં બિરાજતા શ્રીમહાપ્રભુજીના ચિત્રજીનાં દર્શન કરવા માટે પુષ્કર જતા વૈષ્ણવોએ

શ્રીબાલકૃષ્ણ પુસ્તક ભંડાર, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

૪૧. શ્રી પુષ્કરજીનાં બેઠકજી

(બેઠક : ૭૪)



પુષ્કરજી તીર્થમાં, બ્રહ્મકુંડના કિનારે, શ્રીવલ્લભઘાટ ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજે છે. આ તીર્થમાં બ્રહ્માજીનું પ્રાગટ્ય થયું છે.



શ્રી પુષ્કરજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

પુરુષોત્તમદાસ ગોકુળદાસ (ચેન્નાઈ)ના સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

અવશ્ય કિસનગઢ જવું જોઈએ. આપણે અહીં શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, આપશ્રીની સાથે હવે વ્રજનાં બેઠકજીની યાત્રા કરવા માટે મથુરાજી તરફ જઈએ.

(૪૨) શ્રી મથુરાજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી ગુજરાત અને સૌરાષ્ટ્રની યાત્રા પૂર્ણ કરી, પુષ્કરજી થઈ વ્રજમાં મથુરા પધાર્યા, કારણ કે આપ જયારે દક્ષિણમાં ઝારખંડમાં બિરાજ્યા હતા, ત્યારે શ્રીનાથજીએ આપને આજ્ઞા કરેલી કે, 'હું શ્રીગિરિરાજજી ઉપર પ્રગટ થયો છું. માટે આપ સત્વરે પધારી મારી સેવાનો પ્રકાર શરૂ કરો.' માટે શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધારવા માટે મથુરા પધાર્યા હતા. મથુરામાં બિરાજી આપે વ્રજયાત્રા કરવાનો સંકલ્પ કર્યો હતો. આપે વિક્રમ સંવત ૧૫૪૯ ભાદરવા વદ બારસે વ્રજયાત્રા શરૂ કરી હતી, ત્યારબાદ પણ અનેકવખત વ્રજયાત્રા કરી હતી.

આપણા સંપ્રદાયમાં વ્રજયાત્રાનો મહિમા પુષ્કળ છે. સૌથી પ્રથમ વ્રજયાત્રા શ્રીકૃષ્ણ મથુરા પધાર્યા પછી, પ્રભુનો સંદેશો લઈને વ્રજમાં ગયેલા ઉદ્ધવજીએ ગોપીજનોની સાથે કરી હતી. ત્યારબાદ શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજનાભજી સાથે ઉદ્ધવજીએ ફરી વ્રજયાત્રા કરી હતી. ત્યારપછી વ્રજયાત્રાનો ક્રમ શ્રીમહાપ્રભુજીએ શરૂ કર્યો અને તે ક્રમ શ્રીગુસાંઈજીએ વિ.સં.૧૬૦૦ સુધી ચાલુ રાખ્યો, જે આજ સુધી ચાલુ છે.

શ્રીમહાપ્રભુજી મથુરા પધાર્યા ત્યારે આપશ્રીએ જોયું કે આખું શહેર સૂમસામ છે. નગરજનો કે યાત્રાળુઓ કોઈ માર્ગ પર દેખાતાં નથી. આપશ્રી મથુરાના રાજમાર્ગ ઉપર આગળ વધી રહ્યા હતા. ત્યારે મથુરાના ચોબાઓના આગેવાન એવા ઉજાગર નામના ચોબાની સાથે અન્ય નગરજનોએ સામે આવીને આપશ્રીને વિનંતી કરી કે: 'મહારાજ, આપ વિશ્રામઘાટ ઉપર પધારશો નહિ, કારણ કે અહીંના મુસલમાન સૂબાએ તેના ફકીરો પાસે એક મંત્ર લખાવી ત્યાં લટકાવ્યો છે. જેના લીધે વિશ્રામઘાટ ઉપર જનાર હિંદુની શિખા કપાઈને દાઢી બની જાય છે. આમ, હિંદુત્વ નષ્ટ કરવાનું એક ભયંકર ષડ્યંત્ર અહીં શરૂ થયું છે. અમે કેટલાય મહિનાઓથી શ્રીયમુનાજીનાં દર્શન, યમુનાપાન અને સ્નાન કરી શક્યા નથી. આખા શહેરમા મુસલમાન સૂબાએ કાળો કેર વર્તાવ્યો છે.'

આ સાંભળી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'ચોબાજી, તમે ચિંતા ન કરશો. પ્રભુ સર્વ કરવાને સમર્થ છે. માટે તેમનામાં વિશ્વાસ રાખી યમુનાસ્નાન કરવા આવવું

પરિમલ, વિભા, રવિ અને બેબી સ્પૃહ ઝુવર, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

૪૨. શ્રી મથુરાજીનાં બેઠકજી

(બેઠક : ૫)



દિલ્હીના બાદશાહે મથુરામાં વિશ્રામ ઘાટ ઉપર શ્રીયમુનાજીમાં સ્નાન કરવા જઈ રહેલા મથુરાવાસીઓની શિખા કપાઈને દાઢી બની જાય તેવું યંત્ર લગાવેલું. તેના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ દિલ્હીના દરવાજા ઉપર એવું યંત્ર લગાવ્યું કે દરવાજામાંથી પસાર થનારની દાઢી કપાઈ જાય અને માથે શિખા ઊગી જાય. હિંદુઓ અને મુસલમાનો આ ચમત્કાર આશ્ચર્યથી જોઈ રહ્યા છે.

શ્રી મથુરાજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

નયનબેન શશીકાંતભાઈ કોટીયા (ભરુચ)ના સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

હોય તો અમારી સાથે ચાલો. આ સાંભળી આપશ્રીની સાથે ઉજાગર ચોબાને લઇ મથુરાના નગરજનો પણ વિશ્રામઘાટ તરફ ગયા. શ્રીવલ્લભે નિર્ભયતાથી વિશ્રામઘાટના પ્રવેશદ્વારમાં થઈને વિશ્રામઘાટ પર પ્રવેશ કર્યો. આપશ્રીની સાથે આપશ્રીના સેવકો અને મથુરાવાસીઓ પણ પ્રવેશ દ્વાર ઓળંગી વિશ્રામઘાટ ઉપર આવ્યા. કોઈની શિખા કપાઇ નહિ અને કોઇને દાઢી થઇ નહિ. આપશ્રીનું આવું પ્રતાપબળ જોઇ આપશ્રીના સેવકોએ અને મથુરાના નગરજનોએ શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીનો જયજયકાર કર્યો.

આપશ્રી શ્રીયમુનાજીને વંદન કરી, શ્રીયમુનાસ્નાન-પાન કરી, વિશ્રામઘાટ ઉપર એકાંત સ્થાનમાં બિરાજ્યા. આપશ્રીએ ત્યાં બિરાજી શ્રીયમુનાજીની સન્મુખ શ્રીમદ્ ભાગવત પારાયણ કરવાનો નિશ્ચય કર્યો, પરંતુ કોણ જાણે કેમ આપના હૃદયમાં પ્રસન્નતા થતી નહોતી. આપશ્રીએ વિચાર કર્યો કે 'શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં બેસવા છતાં હૃદયમાં પ્રસન્નતા કેમ થતી નથી!' વિચાર કરતાં આપશ્રીને જણાયું કે અહીં બાજુમાં જ સ્મશાનભૂમિ આવેલી છે અને તેના કારણે અહીંનો વનપ્રદેશ ઉજ્જડ અને અપવિત્ર છે.' માટે આપે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કેઃ 'આ કમંડલમાંથી જળ લઇને જેટલી ભૂમિમાં છાંટશો, તેટલી ભૂમિ પવિત્ર બનશે, અને અહીંયાં વસતિ થશે.' કૃષ્ણદાસે અપ્સરા-કુંડથી સૂર્યકુંડ સુધી જળ છાંટ્યું, તેથી તેટલા ભાગમાં ધરતી પવિત્ર બની અને નગરજનોએ વસવાટ કર્યો. આમ, ત્યાંની સ્મશાનભૂમિ ધ્રુવઘાટ સુધી દૂર ચાલી ગઇ. પછી ત્યાં મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. પારાયણના અંતે ઉજાગર ચોબા સહિત મથુરાના નગરજનોએ આવીને વિનંતી કરીઃ 'મહારાજ, આપ તો અહીંથી પધારશો, પણ પછી આ સૂબાનો મંત્ર અમને ફરીથી હેરાન કરશે, માટે અમને સદા માટે નિર્ભય બનાવવાની કૃપા કરો.'

આપશ્રીએ સેવકોને આજ્ઞા કરીઃ 'હું તમને એક મંત્ર લખી આપું છું, તે લઇને તમે દિલ્હી જાઓ અને દિલ્હીના બધા દરવાજાઓ ઉપર આ મંત્ર લગાવો.' આપશ્રીના સેવકો દિલ્હી ગયા. ત્યાંના સર્વ દરવાજે આ મંત્ર ચોંટાડ્યો. આને પરિણામે, ત્યાંથી જે કોઇ મુસલમાન નીકળતો, તેની દાઢી કપાઇ જતી અને માથે શિખા ઊગી જતી. આમ સેંકડો મુસલમાનો હિંદુ બની ગયા. દિલ્હી શહેરમાં હાહાકાર મચી ગયો. દિલ્હીના બાદશાહ સિકંદર લોદીને આની જાણ થઇ. તેણે પોતાના માણસોને મંત્ર ઉખાડવા માટે મોકલ્યો, પરંતુ કોઇથી મંત્ર હટ્યો નહિ. ત્યારે તેણે શ્રીમહાપ્રભુજીના સેવકોને પોતાની પાસે બોલાવ્યા. સેવકોએ નિર્ભયતાથી સર્વ હકીકત કહી અને

અ.સૌ. છીતીબેન તથા દેસાઈ જીવણલાલ ગિરધરલાલ (સંખેડાવાળા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજીનો સંદેશ પણ કહ્યો કે: 'અમે માનીએ છીએ કે દરેક વ્યક્તિને પોતાને યોગ્ય લાગે તે ધર્મનું આચરણ કરવાની સ્વતંત્રતા અને નિર્ભયતા હોવી જોઈએ. અમે કોઈને ધર્મ-પરિવર્તન કરાવવા ઈચ્છતા નથી. પરંતુ સાથે સાથે એમને પણ અમારા ધર્મનું આચરણ નિર્ભયતાથી કરવાની તક મળવી જોઈએ. તમારી આજ્ઞાથી, તમારા સૂબાએ મથુરામાં લગાવેલ મંત્ર ઉઠાવી લો તો અમે પણ દિલ્હીમાં લગાવેલો અમારો મંત્ર ઉઠાવી લઈશું.' રાજાએ તત્કાલ માણસો મથુરા મોકલી પોતાનો મંત્ર ઉઠાવી લીધો. શ્રીમહાપ્રભુજીના સેવકો પણ દિલ્હીમાંથી શ્રીમહાપ્રભુજીનો મંત્ર ઉઠાવી મથુરા પાછા ફર્યા. શ્રીમહાપ્રભુજીને દિલ્હીના સર્વ સમાચાર કહ્યા. તે સાંભળી આપશ્રી મૌન રહ્યા.

બીજી બાજુ સિકંદર લોદીને વિચાર આવ્યો કે: 'આ હિંદુ આચાર્ય સામાન્ય મનુષ્ય ન હોય. તેઓ જરૂર ઈશ્વરનો જ અવતાર હોવા જોઈએ. તે વિના તેઓ આવું કરી શકે નહિ. હું મુસલમાન હોવાથી પ્રત્યક્ષ રીતે તેમની પાસે જઈને દર્શન કરવાને લાયક નથી, પરંતુ તેમનું ચિત્ર જો મને મળે તો તેમનાં દર્શન કરીને હું પાવન બનું.' આવો વિચાર કરી તેણે પોતાના કુશળ ચિત્રકાર, હોનહારને બોલાવ્યો અને શ્રીમહાપ્રભુજીનું ચિત્ર દોરી લાવવાની આજ્ઞા કરી. હોનહારનો અર્થ કુશળ થાય છે. તેનામાં તેના નામ પ્રમાણે જ ગુણ હતા. ઈતિહાસ એમ કહે છે કે, તે ચિત્ર દોરવામાં એટલો કુશળ હતો કે મારતે ઘોડે હાથમાં પીંછી લઈ, કાપડના લાંબા તાકા ઉપર એક તારને રંગે તો આજુબાજુના કોઈ તારને જરા પણ રંગ લાગે નહિ. હોનહાર શ્રીમહાપ્રભુજીની શોધ કરતો ગોકુળ ગયો. ત્યારે ત્યાં આપશ્રી ગોવિંદઘાટ ઉપર બિરાજી શ્રીસુબોધિનીજીની કથા કરી રહ્યા હતા. આપશ્રીની સન્મુખ બેસી શ્રીમાધવ ભટ્ટ સુબોધિનીજીનું લેખન કરતા હતા. કૃષ્ણદાસ મેઘન કથાશ્રવણ કરતા હતા. તે જ વખતે સેવાકાર્ય આટોપીને આવેલા દામોદરદાલ હરમાની આપશ્રીને દંડવત કરતા હતા. આ આખાય દૃશ્યનું ચિત્ર વૃક્ષની ઘટામાં છુપાઈને ગુપ્ત રીતે દોરવા માટે હોનહારે પ્રયત્ન કર્યો. તેના મનમાં તેની કલાનું અભિમાન હતું અને ચોરીછૂપીથી દોરવાનું પાપ હતું. તેથી શ્રીમહાપ્રભુજીની અનિચ્છાને લઈને તે યથાર્થ ચિત્ર દોરી શક્યો નહિ. ત્રણવાર તેણે પ્રયત્ન કર્યો અને ત્રણેયવાર તેને નિષ્ફળતા મળી. આખરે તેના હૃદયમાં દીનતા આવી. તેણે શ્રીમહાપ્રભુજી પાસે આવી, પ્રણામ કરી, સર્વ હકીકત કહી. આપશ્રીએ પ્રસન્નતાથી આજ્ઞા આપી, પછી તેણે સુંદર આબેહૂબ ચિત્ર દોર્યું. જે લઈ તેણે બાદશાહ સિકંદર લોદીને આપ્યું. સિકંદર લોદી આ ચિત્રનાં દર્શન કરતો. દિલ્હીની ગાદી ઉપર બાદશાહો અને તેમના વંશ બદલાતા રહ્યા. રાજખજાનામાં રહેલું આ ચિત્ર આખરે જહાંગીર પાસે આવ્યું. જહાંગીર વતી એક યુદ્ધ લડવા ગયેલા કિશનગઢના રાજા નાગરીદાસજી, જેઓ શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવક હતા, તેમણે વિજયના બદલામાં જહાંગીર પાસેથી આ ચિત્ર માગી લીધું. તેને સોનાની કંદરામાં (ફ્રેમમાં) મઢાવી, પોતાના રાજમહેલના મંદિરમાં સેવામાં પધરાવ્યું અને ત્યારથી આજ સુધી તે ચિત્રજી કિશનગઢમાં બિરાજે છે. આમ, શ્રીમહાપ્રભુજીએ અહીં મથુરામાં આવું અલૌકિક ચરિત્ર બતાવ્યું.

ગો.વા. ભગવતીબેન માણેકલાલ શાહ (બાલીસણા-વડોદરા) હ. યોગેશભાઈના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજીના મથુરામાં આગમનના સમાચાર સાંભળી વૃન્દાવનથી શ્રીકૃષ્ણચૈતન્યના અનુયાયી રૂપસનાતન ગોસ્વામી વગેરે શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કર્યો: 'મહારાજ, આપનો માર્ગ 'પુષ્ટિમાર્ગ' કહેવાય છે. પુષ્ટિનો અર્થ પુષ્ટ થવું એવો થાય છે. તો આપના સેવકો શારીરિક દૃષ્ટિએ દુર્બળ કેમ છે?' આપશ્રીએ મંદ સ્મિત કરતાં જવાબ આપ્યો: 'અમે તો તેમને આ માર્ગમાં ન આવવાનું કહ્યું હતું. પરંતુ તેમણે માન્યું નહિ, તેથી તેનું ફળ તેઓ ભોગવે છે.' આપશ્રીએ આપેલા જવાબને રૂપસનાતનજી સમજી શક્યા નહિ.

આ જવાબમાં શ્રીમહાપ્રભુજીએ પોતાનું સ્વરૂપ પુષ્ટિમાર્ગનું સ્વરૂપ અને પોતાના સેવકોનું સ્વરૂપ બતાવ્યું છે. આપે 'સારસ્વત કલ્પ'ની રાસપંચાધ્યાયીલીલાનો આમાં ઉલ્લેખ કર્યો છે. વ્રજભક્તો વેણુનાદ સાંભળીને આવ્યા ત્યારે પ્રભુએ તેમને ઘેર જવાનું કહ્યું હતું, પરંતુ તેઓ માન્યા નહિ. તેના પરિણામે તેમને પ્રભુના સંયોગ અને વિપ્રયોગ સુખનો અનુભવ પ્રાપ્ત થયો હતો. આમ, શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ છે, તેમના સેવકો લીલાના વ્રજભક્તો છે અને આ માર્ગ સંયોગ અને વિપ્રયોગના સુખની પ્રાપ્તિનો છે. જે જીવો શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય કરીને તેમના ચરણનું શરણ સ્વીકારે છે. તેમને અવશ્ય પ્રભુ પોતાની બાથમાં લઈને સંયોગ-વિપ્રયોગના સર્વ સુખનું દાન કરે છે. એવો આપશ્રીની આજ્ઞાનો સુંદર ભાવાર્થ છે. જેના અધિકારી રૂપસનાતનજી ન હોવાથી તેઓ સમજી શક્યા નહોતા.

શ્રીમહાપ્રભુજીનાં અહીં આવેલાં બેઠકજી વિશ્રામઘાટ ઉપર આપણા ડાબા હાથે આવેલાં છે. બેઠકજીના સ્થાનનું નવનિર્માણ થયેલું છે, પરંતુ એક નાના ગોખલામાં બેઠકજી બિરાજે છે એમ કહીએ તો ખોટું નથી. અહીંના ચોબાઓની ત્યાં સતત ભીડ રહે છે. પરિણામે, શ્રીમહાપ્રભુજીની સેવાનું સુખ જોઈએ તેવું મળતું નથી. સેવાનો નિશ્ચિત પ્રકાર ત્યાં ચાલતો નથી. પરંતુ મથુરા આવતા વૈષ્ણવો શ્રીયમુનાજીમાં સ્નાન

ચંદનબેન જગમોહનદાસ દોશી, મોડાસાના જયશ્રીકૃષ્ણ.

કરી, શ્રીમહાપ્રભુજીને યમુનાજળનાં ઝારીજી ભરી, તિલક કરી, દૂધઘરનો ભોગ ધરે છે. આપણે પણ અવશ્ય આ સ્થાને એકાંતમાં બેસી શ્રીમહાપ્રભુજીને ઝારી ચરણસ્પર્શ કરી, શ્રીસર્વોત્તમ સ્તોત્રના અને શ્રીયમુનાષ્ટકના બની શકે તેટલા વધારે પાઠ કરવા જોઇએ. અહીં અનેક વૈષ્ણવો ઉપર શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીએ કૃપા કરી છે અને જીવોને પોતાના અલૌકિક સ્વરૂપનો અનુભવ કરાવીને તેમની દૃઢ આસક્તિ હંમેશ માટે પોતાના ચરણારવિંદમાં સ્થિર કરી છે. આવાં આ અલૌકિક સ્થળનાં બેઠકજીએ આપણે દંડવત કરી, શ્રીમહાપ્રભુજીની સાથે જ માનસિક રીતે વ્રજ-પરિક્રમા કરવા માટે તત્પર બનીએ. વ્રજ-પરિક્રમાના નિયમોનું માનસિક રીતે પાલન કરતાં કરતાં, આપશ્રીનાં બેઠકજીની યાત્રા કરતાં આપણે સમસ્ત વ્રજભૂમિની પરિક્રમા પણ કરી શકીશું. શ્રીમહાપ્રભુજીએ મથુરાની ચાર કોસની અંતર્ગૃહી પરિક્રમા કરી હતી અને પછી આપશ્રી ત્યાંથી મધુવન પધાર્યા હતા.

(૪૩) શ્રી મધુવનનાં બેઠકજીનું ચરિત્ર

મધુવન મથુરાથી પાંચ માઈલ દૂર દક્ષિણ-પશ્ચિમ દિશામાં આવેલું ગામ છે. તેનું અર્વાચીન નામ મહૌલી છે. આની આજુબાજુએ આવેલા વનને મધુવનના નામથી ઓળખવામાં આવે છે. વ્રજનાં મુખ્ય બાર વનોમાં મધુવન પહેલું વન છે. 'સારસ્વત-કલ્પ'માં શ્રીકૃષ્ણ પ્રભુએ પોતાના ગોપબાલકો સહિત અહીં ગોચારણલીલા કરી હતી અને મધુ નામના દૈત્યનો નાશ કર્યો હતો, તેથી આપનું એક નામ મધુસૂદન પણ છે. અહીં તપસ્યા કરતા નારદજીને ચતુર્ભુજ સ્વરૂપે પ્રભુનાં દર્શન થયાં હતાં. અહીં તપસ્યા કરતા ધ્રુવજીને પણ પ્રભુએ દર્શન આપી, ધ્રુવલોકમાં અચલ સ્થાન આપ્યું હતું. એવા આ અલૌકિક સ્થાનમાં મધુકુંડ આવેલો છે. ત્યાં સુંદર કદંબના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. અહીં શ્રીમહાપ્રભુજીએ મધુવનીય ઠાકોરજીનાં દર્શન કરી, સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, ત્યારે મધુવનીય ઠાકોરજી કથા શ્રવણ કરવા આવતા. તેમનો એક સેવક, જેને દરરોજ મધુવનીય ઠાકોરજીનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં. તે આ સાત દિવસ દર્શન ન પામીને ખૂબ કલેશ કરતો હતો. તેને ઠાકોરજીએ વહેલા આવીને દર્શન કરી જવાની આજ્ઞા કરી હતી.

અહીં આજે પણ મધુકુંડ ઉપર કદંબના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. આ બેઠકજી પોરબંદરવાળા ગોસ્વામી

લક્ષ્મીદાસ ભૂખણદાસ કાપડીયા હ. કુંજલતા કાપડીયા, વાપીના જયશ્રીકૃષ્ણ.

૪૩. શ્રી મધુવનનાં બેઠકજી

(બેઠક : ૬)



મધુવનમાં કદંબના વૃક્ષ નીચે બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહેલા શ્રીમહાપ્રભુજી - સામે શ્રીમધુવનીય ઠાકોરજી બિરાજીને કથા શ્રવણ કરે છે.



શ્રી મધુવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

ગો.વા. પ્રભુદાસભાઈ તથા લાભકુંવરબેન હ. કંસારા પ્રભુદાસ નાગજી બુદ્ધ પરિવાર (જામનગર)ના સહૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

શ્રી રસિકરાયજી મહારાજશ્રીના માથે બિરાજે છે. મથુરાથી બસ દ્વારા મધુવન જઇ શકાય છે. અહીં આપણે શ્રી મહાપ્રભુજીને દંડવત કરી, આગળ વધીએ.

(૪૪) શ્રી કુમુદવનનાં બેઠકજીનું ચરિત્ર

મધુવનથી તાલવન થઇ કુમુદવન જવાય છે. અહીંયાં કુમુદનાં ફૂલો પુષ્કળ પ્રમાણમાં હોવાથી આ વનનું નામ કુમુદવન પડેલું છે. અહીં શ્રીઠાકોરજીએ વેણુનાદ કરી, વ્રજભક્તોને બોલાવ્યાં હતાં. વ્રજભક્તો પ્રભુને આરોગવા માટે છાક લઇને આવ્યાં હતાં, ત્યારે પ્રભુ પોતાના સખાઓ સાથે તે પ્રેમથી આરોગ્યા હતા.

આ સ્થાનમાં કૃષ્ણકુંડ આવેલો છે. ત્યાં શ્યામતાલના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: 'મહારાજ, આ વનનું નામ કુમુદવન કેમ પડયું?' આપે આજ્ઞા કરી કે: 'તેની કથા સામવેદમાં આવે છે. એક વખત શ્રીઠાકોરજી શ્રી સ્વામિનીજી સાથે અહીં પધાર્યા હતા, સર્વત્ર શરદની ચાંદની પથરાઇ હતી. સ્થળની સુંદરતા જોઇને શ્રીસ્વામિનીજીને ઇચ્છા થઇ કે, અહીં કુમુદિન વન બને તો સારું. શ્રીઠાકોરજીએ કુમુદા અને કુમુદિની નામની બે સખીઓને આજ્ઞા કરી: 'અહીં બે કુંડ સિદ્ધ કરો.' તે બન્ને કુંડની રક્ષા કરવા માટે પણ આ સખીઓને આજ્ઞા કરી. તેથી આ વનનુ નામ કુમુદવન પડયું છે.' ત્યારે વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: 'કૃપાનાથ, અમને કૃપા કરીને આ લીલાનાં દર્શન કરાવો.' શ્રીમહાપ્રભુજીએ આ બંને સખીજનો સહિત પ્રભુની જળવિહાર લીલાનાં દર્શન સૌ વૈષ્ણવોને અહીં કરાવ્યાં હતાં.

આપશ્રીએ અહીં ત્રણ દિવસ સુધી બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. અહીં બેઠકજીમા સેવાનો ક્રમ ચાલે છે. મધુવનથી અહીં આવી શકાય છે. અહીંથી થોડેક દૂર સુંદર કદંબખંડી આવેલી છે. બેઠકજીના પાછળના ભાગમાં લાલ કદંબનું વૃક્ષ છે, જેના ઉપર ચઢીને પ્રભુએ વેણુનાદ કર્યો હતો. અહીંની છાકલીલાનું સુંદર કીર્તન રામદાસજીએ ગાયું છે, જેની બે પંક્તિઓ નીચે પ્રમાણે છે.

'કુમુદવન ભલી પોંહોંચી આઇ,
સુફલ ભઇ યહ છાક તિહારી.
લાલ કદંબતર પાઇ.'

આવાં અહીંનાં બેઠકજીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

બાબુલાલ ભૂખણદાસ કાપડીયા હ. કુંજલતા કાપડીયા, વાપીના જયશ્રીકૃષ્ણ.

---

૪૪. શ્રી કુમુદવનનાં બેઠકજી
(બેઠક : ૭)



કુમુદવનમાં વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી કુંડમાં સખીજનો સહિત પ્રભુની જળવિહાર લીલાનાં દર્શન કરાવે છે.



શ્રી કુમુદવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

૪૫. શ્રી બહુલાવનનાં બેઠકજી

(બેઠક : ૮)



શ્રીમહાપ્રભુજીએ બહુલાવનમાં મુસલમાન સૂબાને બતાવેલો ચમત્કાર- બહુલા ગાયની મૂર્તિ પાસે ઘાસ મૂકાવી, તેને જીવંત કરી, ઘાસ ખાતી બતાવી.



શ્રી બહુલાવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૪૫) શ્રી બહુલાવનનાં બેઠકજીનું ચરિત્ર

કુમુદવનથી સાંતનકુંડ થઈ બહુલાવન જવાય છે. વ્રજનાં બાર વનોમાં આ ચોથું વન છે. અહીં આવેલા ગામનું નામ બાઠી છે. અહી બહુલાબિહારીજીનું અને બહુલા ગાયનું મંદિર આવેલું છે. 'પદ્મપુરાણ'માં બહુલા ગાય વિષે એવો પ્રસંગ મળી આવે છે કે એક વખત વનમાંથી ચરીને બધી ગાયો ગામ તરફ પાછી ફરતી હતી, ત્યારે ધર્મરાજ સિંહનું રૂપ ધારણ કરીને સામે આવ્યો. બધી ગાયો નાસી ગઈ, પણ બહુલા ગાય ત્યાં રોકાઈ ગઈ. તેના ઉપર સિંહ તરાપ મારવા ગયો ત્યારે બહુલા ગાયે કહ્યું કેઃ 'તું મને મારી નાંખે તેનો વાંધો નથી, પણ હું સવારથી વનમાં ગઈ હતી, તેથી મારો વાછરડો ખૂબ ભૂખ્યો થયો હશે, હું પ્રતિજ્ઞા કરું છું કે, તેને ધવડાવીને હું તરત પાછી આવીશ. પછી તું મને જરૂર મારી નાખજે.' બહુલા ગાયની વાણીમાં સત્યનો રણકાર જોઈને સિંહે તેને જવા દીધી. આ બહુલા ગાય પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરી પાછી આવી. તેની સત્યનિષ્ઠા જોઈને ધર્મરાજાએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી, તેને અભયદાન આપ્યું અને વરદાન આપતા કહ્યું કેઃ 'સંસારમાં હમેશાં તારી પૂજા થશે.' ગામના લોકોએ જયારે આ વાત જાણી ત્યારે ગાયને દૈવી જાણી, બધા તેની પૂજા કરવા લાગ્યા. જયારે ગાય મરી ગઈ ત્યારે ગામલોકોએ તે સ્થળે પથ્થરની ગાય બનાવી અને શ્રદ્ધાપૂર્વક તેનું પૂજન કર્યું.

શ્રીમહાપ્રભુજીના સમયમાં વ્રજના મુસલમાન સૂબાએ આ ગાયનું પૂજન કરવાની ગામલોકોને મનાઈ કરી. ગામલોકોએ સૂબાને ખૂબ આજીજી કરતાં, તેણે જવાબ આપ્યો કેઃ 'જો આ પથ્થરની ગાય સૌના દેખતાં ઘાસ ખાય અને પાણી પીએ, તો ખુશીથી તેનું પૂજન કરો. બાકી પથ્થરને પૂજવાથી શું વળે?' આ જવાબથી ગામલોકો મૂંઝાઈ ગયા.

ત્યાં થોડા સમય પછી શ્રીમહાપ્રભુજી પધાર્યા. આપે ત્યાં ત્રણ દિવસ કૃષ્ણકુંડ ઉપર વડની નીચે મુકામ કર્યો. કૃષ્ણકુંડમાં સ્નાન કરી, આપશ્રીએ ત્રણ દિવસ સુધી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. આપશ્રીને પધારેલા જાણી ગામના બ્રાહ્મણો આપશ્રી પાસે આવ્યા અને વિનંતી કરીઃ 'મહારાજ, અહીંના મુસલમાન સૂબા અમને બહુલા ગાયની પૂજા કરવા દેતા નથી. તે કહે છે કે પથ્થરની ગાય અમારી આગળ ઘાસ-દાણા ખાય તો જ તેની પૂજા કરો.' શ્રીમહાપ્રભુજીએ આ વાત સાંભળીને સૂબાને

ગો.વા. કુસુમબેન કનૈયાલાલ ખવાણી, સુરતના જયશ્રીકૃષ્ણ.

પોતાની પાસે બોલાવ્યો. તેને લઈને બહુલા ગાયની મૂર્તિ પાસે આપ પધાર્યા. આપે સૂબાને કહ્યું કે: 'તમે કેમ ગાયનું પૂજન કરવાની ના પાડો છો?' મૂર્તિપૂજાથી શો લોભ? એમ કહીને સૂબાએ પૂજા ન કરવાનું કારણ કહ્યું.

આપશ્રીએ ઘાસ અને દાણા મંગાવ્યા અને આજ્ઞા કરી કે: 'મૂર્તિના પૂંછડા પાસે તે મૂકો.' જ્યાં ઘાસ અને દાણા મૂકવામાં આવ્યા કે તરત જ તે મૂર્તિની ગાય જીવંત બનીને ઘાસ અને દાણા તરફ પોતાનું મોં ફેરવી ખાવા લાગી. આપશ્રીના આવા અદ્‌ભૂત પ્રતાપને જોઈ મુસલમાન સૂબો શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં નમી પડ્યો અને વિનંતી કરી: 'મહારાજ, આપ સાક્ષાત્ ઈશ્વર છો. આજથી ગાયની પૂજા કરવાની હું છૂટ આપું છું. કૃપા કરીને મને સેવક કરો.' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'તેં આ જન્મમાં ગાયનું પૂજન રોકવાનો અપરાધ કર્યો છે, તેથી તારો અંગીકાર બીજા જન્મમાં થશે.'

આ મુસલમાન સૂબો મૃત્યુ પામ્યો. પછી તેનો જન્મ રાવલની પાસે આવેલા ગોપાલપુર નામના ગામમાં એક માછીમારને ત્યાં થયો. તેનું નામ મેહો રાખવામાં આવ્યું. તે શ્રીગુસાંઈજીનો કૃપાપાત્ર સેવક થયો. તેને ભગવદ્‌લીલાનાં સાક્ષાત્ દર્શન થતાં હતાં. તે લીલાનાં પદો તેને મેહાની છાપથી રચ્યાં છે.

આજે પણ બહુલા વનમાં આ ગાયનું મંદિર આવેલું છે. તેમાં ગાયનાં, સિંહનાં, અને શ્રીબહુલાબિહારીજી ઠાકોરજીનાં ત્રણ સ્વરૂપો છે. આમ, આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીર આપણને સમજાવ્યું કે: વૈષ્ણવોએ ગૌપૂજા અવશ્ય કરવી જોઈએ. ગાયનું પૂજન કરવાથી પ્રભુ સદૈવ પ્રસન્ન થાય છે, કારણ કે પ્રભુને ગાય સૌથી વધારે પ્રિય છે. તેથી કૃષ્ણાવતારમાં પોતાના દુ:ખનું નિરૂપણ કરવા પૃથ્વી ગાયનું સ્વરૂપ ધારણ કરીને પ્રભુની પાસે ગઈ હતી. માટે સૌને ગૌસેવાની અનુકૂળતા કરી આપવી જોઈએ. અને આપણાથી બને તેટલી ગૌસેવા અવશ્ય કરવી જોઈએ. આ ગૌસેવાના પ્રતાપબળને જોઈને જ બાદશાહ અકબરે શ્રીગુસાંઈજીને ગોસ્વામીની પદવીથી સન્માન્યા હતા.

અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. આપણે શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, વ્રજયાત્રામાં આગળ વધીએ. બહુલાવનથી વ્રજયાત્રા ઘણો જ લાંબો માર્ગ કાપીને રાધાકુંડ તરફ જાય છે.

ચીમનલાલ એન. બેન્કર, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

૪૬. શ્રી રાધાકુંડનાં બેઠકજી

(બેઠક : ૯)



રાધાકુંડ ઉપર બિરાજતા શ્રીમહાપ્રભુજીને શ્રીગિરિરાજજીના શિખર ઉપર શ્રીયુગલસ્વરૂપનાં દર્શન થઈ રહ્યાં છે.



શ્રી રાધાકુંડનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૪૬) શ્રી રાધાકુંડ બેઠકજીનું ચરિત્ર

બહુલાવનથી તદસ અને જખન ગામે થઈને રાધાકુંડ તરફ જવાય છે. રસ્તામાં રાર નામનું ગામ આવે છે. ત્યાંથી શ્રીયમુનાજીની નિકુંજનો પ્રારંભ થાય છે. ત્યાંથી આગળ જતાં શ્રીરાધાકૃષ્ણકુંડ જવાય છે.

આ સ્થાનમાં રાધાકુંડ અને કૃષ્ણકુંડ પાસપાસે આવેલા છે અને અંદરથી એકબીજાથી જોડાયેલા છે. આ બંને કુંડની આજુબાજુએ શ્રીસ્વામિનીજીની અષ્ટ સખીઓ- ચંદ્રભાગા, ચંપકલતા, ચંદ્રાવલી, લલિતા, વિશાખા, બહુલા, સંધ્યાવલી અને ચિત્રાના આઠ કુંડો અને મંદિરો આવેલાં છે. જયારે પ્રભુએ બળદ સ્વરૂપે આવેલા અરિષ્ટાસુર નામના રાક્ષસનો સંહાર કર્યો ત્યારે ગોપગોપીઓએ કહ્યું: 'મહારાજ, તમે ગોવંશનો સંહાર કર્યો હોવાથી તમને પાપ લાગ્યું છે. તેના વિનારણ માટે તમારે તીર્થસ્થાન કરવું જોઈએ.' ત્યારે આપશ્રીએ પોતાની બંસીથી એક કુંડ બનાવ્યો, તેનું નામ કૃષ્ણકુંડ. તે જ વખતે શ્રીસ્વામિનીજીએ પોતાના નખથી બાજુમાં બીજો કુંડ બનાવ્યો, તેનું નામ રાધાકુંડ. આ કુંડની નીચે શ્રીસ્વામિનીજીની અલૌકિક નિકુંજ આવેલી છે.

આ કુંડના કિનારે શ્રીમહાપ્રભુજી છોંકરના વૃક્ષ નીચે બિરાજયા. આપશ્રીએ રાધાકૃષ્ણકુંડમાં સ્નાન કર્યું અને અહીં બિરાજીને શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું. પછી આપશ્રી એક માસ સુધી આ અલૌકિક સ્થાનમાં બિરાજ્યા.

એક દિવસ આપશ્રી પ્રાતઃકાલના સમયમાં અહીં બિરાજ્યા હતા. ત્યારે શ્રીગિરિરાજના શિખર ઉપર શ્રીનાથજી શ્રીસ્વામિનીજી સાથે પધાર્યા. તેમનાં દર્શન કરીને આપશ્રી પણ શ્રીનાથજી પાસે પધાર્યા. આપશ્રીના અંતરંગ સેવકોને આપશ્રીનાં દર્શન ન થયાં, ત્યારે સૌ મૂર્છિત થઈ ગયા. ત્રીજા દિવસે પાછા પધાર્યા ત્યારે મૂર્છિત વૈષ્ણવો ઉપર પોતાના કમંડળનું જળ છાંટી સોને સાવધાન કર્યા. આ પ્રમાણે એક માસ પર્યન્ત શ્રીરાધાકૃષ્ણકુંડ ઉપર આપશ્રી બિરાજ્યા હોવાથી આપશ્રીની અહીં બે બેઠકો આવેલી છે. એક બેઠક શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યાની અને બીજી બેઠક સંધ્યાવંદનની બેઠક તરીકે પ્રસિદ્ધ છે. અહીં આ બેઠકની સાથે શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીની બેઠકો પણ આવેલી છે, તેમનાં ચરિત્રો પછીથી જોઈશું.

અહીંથી શ્રીમહાપ્રભુજી કુસુમ-સરોવર તરફ પધાર્યા. ત્યાં કુસુમ સરોવરમાં સ્નાન કરી, આપે પોતાના સેવકોને કુસુમ સરોવરનું માહાત્મ્ય કહ્યું. આપે આજ્ઞા કરી કેઃ 'આ સ્થાનને કુસુમવન અથવા કુસુમોખર પણ કહેવામાં આવે છે. અહીં રાસક્રીડા સમયે શ્રીરાધાસહચરીજીને સાથે લઈને પ્રભુ પધાર્યા હતા. આ સરોવરને કિનારે બિરાજીને અહીંના વનનાં સુંદર પુષ્પોની વેણી ગૂંથી પ્રભુએ શ્રીરાધાસહચરીજીને ધરાવી હતી. ભગવાનના પ્રપૌત્ર વજનાભજી જયારે વ્રજયાત્રા કરવા ઉદ્ધવજી સાથે આવ્યા ત્યારે અહીં એક માસ સુધી રોકાઈ કીર્તન મહોત્સવ કર્યો હતો. જેમાં ઉદ્ધવજીની સાથે નારદજી પણ પધાર્યા હતા. આ સ્થાનમાં ઉદ્ધવજી ગુલ્મલતા ઔષધિના રૂપે સદા બિરાજમાન છે. માટે આપણે પણ થોડોક સમય રોકાઈશું.'

દેવશીભાઈ અંબાવીભાઈ દલસાણીયા, માણાવદરના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજીએ અહીં મુકામ કર્યો ત્યારે ઉદ્ધવજી પોતાના આધિદૈવિક સ્વરૂપથી ત્યાં આવ્યા અને તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે 'મહારાજ, મને કૃપા કરી શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના ભ્રમરગીતનાં શ્રીસુબોધિનીજી સંભવાળો. ત્યારે આપે આજ્ઞા કરી કે 'મારી પાસે આખા ભ્રમરગીતનાં સુબોધિનીજી સંભળાવવાનો સમય નથી, પરંતુ તેના એક શ્લોકના એક પદનો અર્થ હું તમોને સમજાવીશ.' આપશ્રીએ ત્યાં ઊભા રહીને ત્રણ પ્રહર સુધી એક પદનો અર્થ સંભળાવ્યો. ઉદ્ધવજી રસમાં તલ્લીન બની ગયા. ત્રણ પ્રહરના અંતે ઉદ્ધવજીએ વિનંતી કરીઃ 'મહારાજ, હવે આગળ હું આનું રહસ્ય હૃદયમાં ધારણ કરી શકીશ નહિ.' ત્યારે આપે આજ્ઞા કરી કે 'મેં તો જેટલો અર્થ કરવાનો સંકલ્પ કર્યો છે, તેટલો અવશ્ય કહીશ. તમારાથી ધારણ થાય તેટલો કરજો.' આમ આજ્ઞા કરીને આપશ્રીએ બાર પ્રહર સુધી તે શ્લોકનો અર્થ સમજાવ્યો, ત્યારે ત્યાં મહાઆનંદ વ્યાપી ગયો. શ્રવણ કરનાર સૌ વૈષ્ણવોને ભૂખ, તરસ, બાધા ન રહી.

આ પ્રસંગમાંથી આપણને સ્પષ્ટ સમજાય છે કે, શ્રોતા અને વકતા કેવા હોવા જોઈએ? શ્રીમહાપ્રભુજીએ 'ષોડશ' ગ્રંથમાં શ્રોતા અને વક્તાનાં લક્ષણો ખૂબ સુંદર રીતે સમજાવ્યાં છે. 'જલભેદ' ગ્રંથમાં ઉત્તમ વક્તાનાં લક્ષણો બતાવતાં આપશ્રી આજ્ઞા કરે છે કેઃ ઉત્તમ વક્તા અમૃતના સમુદ્ર જેવો હોવો જોઈએ. તે પ્રભુના ગુણોનું વર્ણન કરનાર ભગવદીય હોવો જોઈએ. તેની વાણીનું પાન કરવું એ જગતમાં અતિ દુર્લભ છે. પ્રભુના ગુણાનુવાદ ઈર્ષા કે લોભ રાખ્યા વિના ગાવા જોઈએ. જેને શ્રીકૃષ્ણમાં સદૈવ પ્રેમ છે, જે કોઈ પણ પ્રકારના અંગત સ્વાર્થ વિના નિરપેક્ષ અને સાત્ત્વિક છે, તેનો સંગ એ જ સાચો સત્સંગ છે. આવા સ્વાર્થરહિત, સર્વહેતુવિવર્જિત કથાસેવાતત્પર ભગવદીયના મુખથી ભગવદ્લીલાના આનંદ માટે જ કરવામાં આવતી ભગવદ્વાર્તા અવશ્ય ફલિત થાય છે, અને તેવો જ વક્તા શ્રીઆચાર્યચરણની દષ્ટિએ સર્વોત્તમ છે.'

ગો.વા. નટવરલાલ માધવલાલ શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

ભગવદ્વાર્તાનું શ્રવણ કરનાર શ્રોતાનાં લક્ષણો પણ શ્રીઆચાર્યચરણે 'પંચપદ્યાનિ'માં બતાવ્યાં છે. જે શ્રોતા કેવળ શ્રીકૃષ્ણના રસથી પરિપૂર્ણ હૃદયવાળા હોય, જેમના હૃદયમાં લૌકિક વૃત્તિઓ ન હોય, જેમને લોક અને વેદમાં કશો રસ ન હોય અને જેઓ કેવળ ભગવદ્ લીલાનું શ્રવણ કરવા ઉત્સુક હોય તેઓ ઉત્તમ શ્રોતાઓ છે. માટે શ્રીહરિરાયણચરણ આજ્ઞા કરે છે કે: 'વિષયનો ત્યાગ કરીને, હૃદયમાં સંતોષ ધારણ કરીને ભગવદ્ ગુણાનુવાદના શ્રવણમાં હમેશાં પ્રસન્નતા રાખીને, સદાનંદ પ્રભુનું સ્મરણ કરવાથી ફળ પ્રાપ્ત થાય છે. માટે કેવળ ભગવદ્લીલાનું રસનું પાન કરવા માટે જ તત્પર બનેલા શ્રોતાઓ ભગવદ્લીલા રસને પોતાના હૃદયમાં ધારણ કરી શકે છે. માટે સૌ શ્રોતાઓ ભગવદ્વાર્તામાં રહેલા સંપૂર્ણ ભગવદ્રસને ઉદ્ધવજીની જેમ ધારણ કરી શકતા નથી. તેથી આપણે દીનભાવે તત્પરતાપૂર્વક, સર્વ લૌકિક વૃત્તિઓને સંયમમાં રાખી, કેવળ ભગવદ્લીલાના રસનું પાન કરવા માટે ભગવદ્વાર્તાનું હરહંમેશ નિયમપૂર્વક શ્રવણ કરવું જોઇએ. માત્ર શ્રવણ પૂરતું નથી. જેમ ગાય ઘાસ ખાઇને ફુરસદના સમયે વાગોળે છે, ત્યારે તે ઘાસ રસરૂપ બની તેને પોષણ આપે છે, અને દૂધ આપે છે, તેવી રીતે સાંભળેલી ભગવ્વાર્તાનું પછીના સમયમાં સદા સ્મરણ, કીર્તન, મનન અને ચિંતન કરવામાં આવે, તો જ તે ભગવદ્વાર્તા હૃદયમાં સ્થિર થાય છે. આ સિદ્ધાંત બરાબર સમજીને ભગવદ્વાર્તાનું કીર્તન અને શ્રવણ કરવું જોઇએ.

અહીં રાધાકૃષ્ણકુંડ ઉપર બિરાજતાં સર્વ બેઠકજીએ દંડવત કરી, કુસુમ સરોવરમાં પાન કરી, આપણે હવે શ્રીમાનસી ગંગાનાં બેઠકજીએ જઇએ.

(૪૭) શ્રી માનસી ગંગાના બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી કુસુમ સરોવર થઇ, માર્ગમાં આવતા નારદકુંડ અને ગ્લાવકુંડમાં સ્નાન કરી, શ્રીગોવર્ધન ગામ પધાર્યા. શ્રીગોવર્ધન ગામ શ્રીગિરિરાજની તળેટીમાં આવેલું છે, તેથી તેનું નામ ગોવર્ધન પડ્યું છે. કુસુમ સરોવરથી શ્રીગિરિરાજનાં દર્શનનો પ્રારંભ થાય છે. અહીં માનસી ગંગા આવેલી છે. પ્રભુએ જ્યારે અનેક રાક્ષસોનો સંહાર કર્યો, ત્યારે વત્સાસુર નામના એક રાક્ષસને પણ હણ્યો હતો. આ રાક્ષસ વાછરડાનું સ્વરૂપ લઇને આવેલો. તેને હણવાથી ગ્વાલબાલોએ કહ્યું કે: 'તમે ગૌહત્યા કરી હોવાથી, ખૂબ મોટું પાપ કર્યું છે. ગૌહત્યાના પાપનું નિવારણ માત્ર ગંગાસ્નાનથી જ થઇ શકે, તેથી પ્રભુએ ગંગાજી સુધી દૂર જવાને બદલે પોતાના મનમાંથી ત્યાં જ

ઉન્નતિ, પ્રાપ્તિ, જાગૃતિ, ગૌરાંગકુમાર શાહ (હાલોલ)ના જયશ્રીકૃષ્ણ.

૪૭. શ્રી માનસી ગંગાના બેઠકજી

(બેઠક : ૧૦)



માનસીગંગા ઉપર શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી રહેલા શ્રીકૃષ્ણ ચૈતન્ય.



શ્રી માનસી ગંગાનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

ગંગાજીને પ્રગટ કર્યાં. તેથી તે માનસી ગંગા કહેવાયાં. તેમાં પ્રભુએ સ્નાન કર્યું હોવાથી માનસી ગંગા બહુ પવિત્ર ગણાય છે. તેથી ત્રણ બાજુએ સુંદર ઘાટ આવેલા છે અને ચોથી બાજુએ શ્રીગિરિરાજજી બિરાજે છે.

આ માનસી ગંગાના ચક્રતીર્થના ઘાટ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. આપશ્રીની અહીં બેઠક આવેલી હોવાથી આ ઘાટ વલ્લભઘાટના નામે પણ જાણીતો છે. અહીં માનસી ગંગામાં સ્નાન કરી, શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી. તે સમયે બંગાળના વૈષ્ણવ આચાર્ય શ્રીકૃષ્ણચૈતન્ય પણ અહીં બિરાજતા હતા. તેમને શ્રીમહાપ્રભુજીના પધારવાના સમાચાર મળ્યા, તેથી તેમણે આવીને શ્રીમહાપ્રભુજીને પ્રણામ કર્યા. પરસ્પર નમસ્કાર કરીને શ્રીમહાપ્રભુજીએ તેમને પૂછ્યું: 'અહીં કેટલા મહિનાથી છો?' ત્યારે શ્રીકૃષ્ણચૈતન્યે કહ્યું: 'છ મહિનાથી અહીં છું. પુરાણોમાં લખ્યું છે કે, માનસી ગંગા દૂધથી ભરેલાં છે. જે છ મહિના સુધી નિયમપૂર્વક તેમાં સ્નાન કરે છે, તેને માનસી ગંગાના દૂધ સ્વરૂપે દર્શન થાય છે. મને સ્વપ્નમાં આધિદૈવિક સ્વરૂપ શ્રી માનસી ગંગાએ આજ્ઞા કરી છે કે, શ્રીમહાપ્રભુજી અહીં પધારશે ત્યારે તમારો મનોરથ પૂર્ણ પશે.' આ સાંભળીને શ્રીમહાપ્રભુજીએ પોતાના કમંડળમાંથી જળ લઇ, શ્રીકૃષ્ણચૈતન્ય અને ઉપસ્થિત સર્વ વૈષ્ણવોનાં નેત્ર ઉપર છાંટ્યું. આથી સૌને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ, અને સૌએ માનસી ગંગાનાં આધિદૈવિક દૂધમય સ્વરૂપે દર્શન કર્યાં. શ્રીકૃષ્ણચૈતન્ય ખૂબ પ્રસન્ન થયા.

શ્રીકૃષ્ણચૈતન્યે શ્રીમહાપ્રભુજી સાથે સત્સંગ કરતાં વિનંતી કરી કે: 'મહારાજ, હું એમ માનું છું કે, આ કલિયુગમાં બીજી કોઇ રીતે ભગવદ્પ્રાપ્તિ શક્ય નથી. ત્યારે કોઇ પણ જીવ જો એક ક્ષણ પ્રભુનું નામ લે તો તેનો ઉદ્ધાર થાય.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે: 'હું તમારી સાથે સંમત થતો નથી, કારણ કે આ કલિયુગ પ્રત્યેક જીવને ભગવદ્સંગથી બહિર્મુખ બનાવે છે. માટે જ ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો રહે તેટલા સમય પણ ભગવદ્ નામ ચૂકી જવાય તો તે જીવ ભગવાનથી વિમુખ બને છે, તે બહિર્મુખ બને છે.' આ સાંભળીને શ્રીકૃષ્ણચૈતન્ય મોન રહ્યા.

આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ ભગવદ્-સ્મરણ હરહંમેશ કરવું જોઇએ, એ સિદ્ધાંત બતાવ્યો. માટે તો 'શ્રીનવરત્ન' ગ્રંથમાં આપશ્રીની આજ્ઞા છે કે : આપણે સતત 'શ્રીકૃષ્ણ: શરણં મમ'નો જપ કરવો જોઈએ. જેટલીવાર ભગવદ્નામ ચૂકી જવાય તેટલીવાર આપણી એકાદશ ઈન્દ્રિયો ભગવાનથી વિમુખ બનીને દુ:સંગમાં સપડાય છે. અને પ્રભુથી બહિર્મુખ થાય છે. માટે ભગવદ્-સ્મરણ અહર્નિશ કરવું જોઈએ.' આમ, અહીં શ્રીકૃષ્ણચૈતન્યનો આપને મેળાપ થયો.

મૃદુલાબેન જગદીશચંદ્ર પરીખ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

જયારે આપશ્રી ભાગવતનું પારાયણ કરતા ત્યારે અહી બિરાજતા શ્રી ચક્રેશ્વરજી મહાદેવ નિત્ય શ્રવણ કરવા પધારતા. તેમનો એક સેવક રોજ શ્રી મહાદેવજીની પૂજા કરવા જતો, તેને શ્રીમહાદેવજીનાં સાક્ષાત્ દર્શન થતાં, પરંતુ કથાના દિવસે તેને સવારમાં દર્શન ન થયાં, બપોર પછી દર્શન થતાં તેણે પૂછ્યું: 'આપ ક્યાં પધાર્યા હતા?' ત્યારે શ્રી મહાદેવજીએ શ્રીમહાપ્રભુજીના સર્વ સમાચાર તેને કહ્યા અને આજ્ઞા કરી કે: 'તું સવારે વહેલો આવ.' શ્રીમહાપ્રભુજી અહીં એક માસ સુધી બિરાજ્યા હતા.

શ્રીગોવર્ધનમાં આવેલા સર્વ કુંડોમાં સ્નાન કરી, આપશ્રી જમુનાવતા, અડીંગ વગેરે સ્થળોએ થઇ શ્રીચંદ્રસરોવર પધાર્યા. ચંદ્રસરોવર જતાં રસ્તામાં જમુનાવતા ગામ આવે છે. 'સારસ્વત કલ્પ'માં શ્રીયમુનાજીની એક ધારા અહીં થઈને વહેતી હોવાથી તેનું નામ જમુનાવતા પડ્યું છે. જમુનાવતાનું સ્મરણ કરીએ એટલે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના અષ્ટછાપ પૈકીના કૃપાપાત્ર ભક્ત-કવિ પિતાપુત્ર શ્રીકુંભનદાસજી અને શ્રીચતુર્ભુજદાસજીનું પણ સ્મરણ થઇ આવે. આ બંને ભગવદીયોને દંડવત કરી, આપણે હવે ચંદ્રસરોવર તરફ જઈએ.

(૪૮) શ્રી ચંદ્રસરોવરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીચંદ્રસરોવરને પરાસોલીના નામથી પણ ઓળખવામાં આવે છે. પરાસોલી એ 'પરમ રાસસ્થલી'નો અપભ્રંશ છે. આ સ્થાનને પરમ રાસસ્થલી એટલા માટે કહેવામાં આવે છે કે અહીં 'સારસ્વત કલ્પ'માં છ મહિનાની અખંડ રાત્રિ બનાવી, પ્રભુએ ગોપીજનો સાથે મહારાસ કર્યો હતો, તે વખતે છ માસ સુધી મધ્ય આકાશમાં રહેલાં પૂર્ણ ચંદ્રનાં કિરણો અહીંના સરોવર પર પડવાથી આ સરોવરનું નામ ચંદ્રસરોવર પડ્યું. માટે આ સ્થાન 'સારસ્વત કલ્પ'નું આદિ વૃન્દાવન છે. આજે વૃન્દાવનના નામે મથુરા પાસે જે સ્થાન પ્રસિદ્ધ છે, તે સ્થાન શ્વેતવારાહકલ્પનું વૃન્દાવન છે. આપણું વૃન્દાવન તો અહીં ચંદ્રસરોવરનું સ્થાન જ છે.

અહીં ચંદ્રસરોવરના કિનારે છોંકરના વૃક્ષ નીચે બિરાજીને શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી. આ સ્થળ ઉપર વૈષ્ણવોની વિનંતીથી આપશ્રીએ સૌને રાસલીલાનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. આપશ્રી અહીં બિરાજતા હતા ત્યારે એક વૈષ્ણવે

લાભુબેન ગોરધનભાઈ ગોકળભાઈ ડેડાણીયા, ઝાંપોદડના જયશ્રીકૃષ્ણ.

૪૮. શ્રી ચંદ્રસરોવરનાં બેઠકજી

(બેઠક : ૧૧)



વૈષ્ણવોની વિનંતીથી ચંદ્રસરોવર ઉપર પ્રભુની રાસલીલાનાં સાક્ષાત્ દર્શન કરાવતા શ્રીમહાપ્રભુજી.



શ્રી ચંદ્રસરોવરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આવીને વિનંતી કરીઃ 'મહારાજ, શ્રીગિરિરાજજીનાં આધિદૈવિક સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કેવી રીતે થાય?' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કેઃ ' એક જ દિવસમાં રસ્તામાં કશે રોકાયા વિના કે બેઠા વિના સતત ચાલતા રહીને જો ગિરિરાજજીની દીનતા અને પ્રેમપૂર્વક ત્રણ પરિક્રમા કરવામાં આવે તો શ્રીગિરિરાજજીનાં આધિદૈવિક સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન થાય.' આ સાંભળી તે વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, આજ્ઞા, લઈ, શ્રીગિરિરાજજીની ત્રણ પરિક્રમા કરવાનો પ્રારંભ કર્યો. આ ત્રણ પરિક્રમા દરમિયાન તેને શ્વેત ભુજંગના દર્શન થયાં. માર્ગમાં તેને એક ગ્વાલનાં દર્શન થયાં. આગળ એક સિંહના દર્શન થયાં અને સિંદૂરી શિલા પાસે તેને એક ગાયનાં દર્શન થયાં. આમ, ત્રણ પરિક્રમા પૂરી કરી, તે પાછો આવ્યો, ત્યારે મનમાં ખેદ કરવા માંડ્યો કેઃ 'મને શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી, પણ શ્રીગિરિરાજજીનાં સાક્ષાત્ દર્શન થયાં નહિ.' આપશ્રીની પાસે આવીને તેણે સર્વ સમાચાર કહ્યા, ત્યારે આપે આજ્ઞા કરી કેઃ 'વેદમાં શ્રીગિરિરાજજીનાં ચાર સ્વરૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાંનું એક સ્વરૂપ ગાય છે, બીજું સિંહ સ્વરૂપ છે, ત્રીજું ગ્વાલ સ્વરૂપ છે, ચોથું શ્વેત સર્પ સ્વરૂપ છે, અને પાંચમું સ્થૂલ સ્વરૂપ છે. તેથી તને શ્રીગિરિરાજજીએ આ પાંચેય સ્વરૂપે દર્શન આપ્યાં.' શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને આજ્ઞા કરી : 'દમલા, ભગવાન આપણને સાક્ષાત્ દર્શન આપે છે, છતાં તેમની ઈચ્છા વિના ભગવદ્ સ્વરૂપને જાણી શકાતું નથી, અહીં આ જીવ સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપનાં દર્શનનો અધિકારી ન હોવાથી, તેને શ્રીગિરિરાજજીનાં પાંચેય સ્વરૂપનાં દર્શન થવા છતાં તે શ્રીગિરિરાજજીનાં સ્વરૂપોને જાણી શક્યો નહિ. ઉત્તમ વસ્તુ અધિકાર વિના કદી મળતી નથી. શ્રીગિરિરાજજી તો અહીં સાક્ષાત્ રત્નમણિમય સ્વરૂપે બિરાજે છે. પરંતુ આપણને આપણાં ચર્મચક્ષુથી તે સ્વરૂપોનાં દર્શન થતાં નથી.' શ્રીગોપાલદાસભાઈએ શ્રી 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગિરિરાજજીનું સુંદર સ્વરૂપ નિરુપ્યું છે. આપણા આદિ વૃન્દાવન અને શ્રીગિરિરાજજીનું સુંદર વર્ણન તેમણે નીચેની પંક્તિઓમાં કર્યું છે. આપણે આ સ્થળે જઈએ ત્યારે આ પંક્તિઓનું ચિંતન કરતાં કરતાં આ લીલાસ્થળનાં દર્શન કરવાં જોઈએ, તો આપણને આ લીલાસ્થળનાં દર્શનનો અલૌકિક આનંદ આવી શકેઃ

જ્યાં શ્રીવૃન્દાવન આદિ અચલ શશી, શરદરેણુ બહુ વેશ,
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ.
જ્યાં સરિતા ચામીકર મણિગણ, ઉભય બદ્ધ સોપાન,
કમલ, કુમુદ, નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન.

ગોવિંદલાલ એમ. શાહ, ગાંધીનગરના જયશ્રીકૃષ્ણ.

કનકલતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ,
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ.
પદ્મરાગ મરકત મણિ, સ્ફટિક શ્રીગોવર્ધન સોહે,
બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા શ્રીહરિનું મન મોહે.

× × ×

ત્યાંથી વૃન્દાવન પાઉં ધારિયા, જયાં મધુપ કરે ઝંકાર,
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરંદનો નહિ પાર.
તરુ તમાલ અતિ શોભતાં હેમ જૂથિકા સંઘોડ,
લલના તે સુભગા લટકતાં હીંડે તે મોડામોડ.
તાન ધુનિ મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન,
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુ પાન.
કુંજસદન સોહામણાં, શોભા તણો નહિ પાર,
વિવિધ રાસમંડલ રચના રચી, ખેલે નંદકુમાર.

અહીં ચંદ્રસરોવર ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પણ આવેલાં છે. બેઠકજીના પાછળના ભાગમાં શ્રીગિરિરાજજીનાં બેઠકજી છે. આગળના ચોકમાં શ્રી સૂરદાસજીએ વ્રજવાસ કર્યો ત્યારે અહીં જ આજીવન મુકામ કર્યો હતો. આ જ સ્થળે તેમણે અંતિમ સમયે શ્રીગુસાંઈજીનાં દર્શન કરી ‘દ્દઢ ઈન ચરનન કેરો ભરોંસો’ એ પદ ગાયું હતું. શ્રી સૂરદાસજીની સૂરકુટિ પાસે તેમના સ્મારકરૂપ સુંદર ચોતરો બનાવવામાં આવેલો છે. અહીં શ્રીગુસાંઈજીએ છ માસ બિરાજી વિપ્રયોગ કરેલો. તેઓનાં બેઠકજી પણ અહીં આવેલાં છે. આ સર્વ બેઠકજીનું ચરિત્ર આપણે પછીથી જોઈશું. આ સર્વ સ્થાને દંડવત કરી, હવે આપણે આન્યોરનાં બેઠકજીએ જઈએ.

(૪૯) શ્રી આન્યોરનાં બેઠકજીનું ચરિત્ર

આન્યોર ગામ શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલું છે. ‘સારસ્વત કલ્પ’માં જ્યારે પ્રભુએ વ્રજભક્તો પાસેથી ગોવર્ધન પૂજન કરાવી, પોતે સહસ્ર ભુજા ધારણ કરી, અન્નકૂટ આરોગ્યા, ત્યારે વ્રજવાસીઓ પાસે પોતાનો હસ્ત લાંબો કરી ‘હજી વધારે આપો.’ એવી આજ્ઞા કરતાં ‘આન ઔર’ કહેલું. તેથી આ સ્થળનું નામ આન્યોર પડ્યું છે.

હર્ષદકુમાર એચ. ગાંધી, ગાંધીનગરના જયશ્રીકૃષ્ણ.

૪૯. શ્રી આન્યોરનાં બેઠકજી

(બેઠક : ૧૨)



આન્યોરમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીજીબાવાનું પ્રથમ મિલન - શ્રીજીબાવાને શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધરાવી શ્રીમહાપ્રભુજીએ તેમને મંદિરમાં પાટ પધરાવ્યા.



શ્રી આન્યોરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

આન્યોરમાં સદુ પાંડે નામના સુખી બ્રાહ્મણ રહેતા હતા. તેઓ ગામના મુખિયા હતા. તેમના ભાઈનું નામ માણેકચંદ પાંડે. પત્નીનું નામ ભવાની અને પુત્રીનું નામ નરો હતું. તેમનું ઘર શ્રીગિરિરાજજીની છત્રછાયામાં-તળેટીમાં આવેલું હતું. જ્યારે ગિરિરાજજીમાંથી શ્રીનાથજીનું પ્રાગટ્ય થયું ત્યારે શ્રીનાથજીએ સદુ પાંડે વગેરે વ્રજવાસીઓને આજ્ઞા કરી હતી કે: 'શ્રીવલ્લભાચાર્યજી અહીં પધારશે ત્યારે મને પર્વતની કંદરામાંથી બહાર પધરાવી, મારી સેવા શરૂ કરશે, ત્યાં સુધી તમે મને દહીં દૂધનો ભોગ ધર્યા કરો.' વ્રજવાસીઓને શ્રીનાથજી ખૂબ પ્રિય હતા.

શ્રીમહાપ્રભુજી જ્યારે દક્ષિણ યાત્રા કરતા હતા ત્યારે ઝારખંડમાં શ્રીનાથજીએ આપશ્રીને દર્શન આપી, આજ્ઞા કરેલી કે: 'હું શ્રીગિરિરાજજી ઉપર પ્રગટ થયો છું, માટે આપ ત્યાં પધારી મારો સેવા પ્રકાર શરૂ કરો.' તેથી શ્રીમહાપ્રભુજી અહીં આન્યોર પધાર્યા. આપે સાંજના સમયે સેવકોની સાથે આન્યોર પધારી સદુ પાંડેના ઘર પાસેના ચોતરા ઉપર મુકામ કર્યો. આપશ્રીનું પ્રતાપી સ્વરૂપ જોઈ, સદુ પાંડેએ આવી, દંડવત્ કરી, વિનંતી કરી: 'મહારાજ, આપનું સ્વાગત હું કેવી રીતે કરું? આપના ભોજન માટે આપ આજ્ઞા કરો તેવી વ્યવસ્થા કરું. કૃષ્ણદાસ મેઘને કહ્યું: 'અમારા સ્વામી, સેવક સિવાય બીજા કોઈનું કંઈ પણ લેતા નથી.' ત્યારે સદુ પાંડે ચૂપ રહ્યા. સદુ પાંડેના ઘરનાં સૌ શ્રીમહાપ્રભુજીના સ્વાગતમાં પરોવાયાં હતાં. ત્યારે શ્રીગિરિરાજ ઉપરથી શ્રીનાથજી બાવાએ મધુર સ્વરમાં આજ્ઞા કરી : 'અરે નરો, દૂધ લાવો. મને બહુ ભૂખ લાગી છે.' નરોએ નીચેથી જ મોટા સાદે જવાબ આપ્યો: 'મહારાજ, ઘેર મહેમાન આવ્યા છે, તેમનું સ્વાગત કરી, આપના માટે જલદી દૂધ લાવું છું.' ફરી શ્રીજીબાવાએ આજ્ઞા કરી: 'તારા મહેમાન એ અમારા મહેમાન છે. તેઓ ભલે પધાર્યા, પરંતુ તું મારા માટે પહેલાં દૂધ લઈને આવ.' તેથી નરો દૂધ લઈ, શ્રીગિરિરાજજી ઉપર જઈને શ્રીનાથજીને આરોગાવી, પાછી આવી. અત્યાર સુધી મૌન ધારણ કરી બિરાજેલા શ્રીમહાપ્રભુજીએ નરોને આજ્ઞા કરી: 'તેમાં બચ્યું હોય તો દૂધ અમને આપ.' નરોએ કહ્યું: 'મહારાજ, આમાં તો બહુ થોડું દૂધ છે, પરંતુ આપની કૃપાથી ઘરમાં દૂધનો તોટો નથી, આપ કહો તેટલું લાવી દઉં.' આપશ્રીએ તો તે વાસણમાંનું દૂધ આપવાનો જ આગ્રહ રાખ્યો. નરોએ આપશ્રીએ શ્રીનાથજીનું પ્રસાદી દૂધ આપ્યું, આપશ્રી એ આરોગીને પ્રસન્ન થયા, કારણ કે 'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈએ ગાયું છે કે:

'રાધા અધર સુધા વિના,
પિયુને બીજું કંઈ ન ભાવે રે..'

સંગીતાબેન પી. તલાટી (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

આમ, શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજીનું સાક્ષાત્ અધરામૃત પ્રાપ્ત થવાથી, કૃષ્ણાધરામૃતસ્વાદની પ્રાપ્તિથી અતિ આનંદ થાય, તે સ્વાભાવિક છે.

ત્યારબાદ રાત્રે શ્રીમહાપ્રભુજીએ સદુ પાંડેને શ્રીનાથજીના પ્રાગટ્યનો ઈતિહાસ પૂછ્યો. સદુ પાંડેએ વિસ્તારથી શ્રીનાથજીના પ્રાગટનો ઈતિહાસ કહ્યો. 'એક વ્રજવાસીની ગાય વનમાં ચરવા જતી હતી, ગામનો ગોવાળ બધી ગાયોની સાથે તેને પણ વનમાં લઈ જતો હતો. થોડા દિવસ બાદ તે ગાય સવાર-સાંજ દુધ આપતી બંધ થઈ ગઈ. તપાસ કરતાં જાણવા મળ્યું કે, તે ગાય સવાર-સાંજ શ્રીગિરિરાજ ઉપર જઈ, બે શિલા વચ્ચેના એક છિદ્રમાં દરરોજ બંને સમય દૂધ સ્રવી દે છે. આ વાતની સૌને જાણ થતાં સૌ ત્યાં ગયાં. વૃદ્ધોએ કહ્યું: 'અહીં જરૂર દેવ અથવા દ્રવ્ય હોવું જોઈએ!' તેથી તે શિલા ખસેડતાં શ્રીનાથજીની ડાબી ભુજાનાં દર્શન થયાં, અને આજ્ઞા થઈ કે: 'તમે મારી આ ભુજાનું પૂજન કરો અને દૂધ-દહીંનો ભોગ ધરો.' સમય આવ્યે હું તમને સાક્ષાત્ દર્શન આપીશ.' આ પ્રમાણે અમે વ્રજવાસીઓએ ભુજાનું પૂજન શરૂ કર્યું. પછી વિ.સં. ૧૫૩૫ના ચૈત્ર વદ અગિયારસના મધ્યાહ્ન સમયે શ્રીનાથજીના મુખારવિંદના દર્શન થયાં અને ત્યારથી અમે તેમની સેવા કરી ભોગ ધરીએ છીએ.' આ સાંભળી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. તે દિવસ વૈશાખ સુદ બીજનો હતો. વિ.સં.૧૫૫૦ની સાલ હતી. આપે આજ્ઞા કરી કે 'કાલે અક્ષય તૃતીયાનો શુભ દિવસ છે. સવારે શ્રીનાથજીને બહાર પધરાવી, મંદિર બનાવી, સેવાનો પ્રકાર શરૂ કરીશું.'

વૈશાખ સુદ-૩ના શુભ દિવસે સવારે ગોવિંદકુંડમાં સ્નાન કરી, શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીની પાસે પધારવા સદુ પાંડેના ઘર પાસે શ્રી ગિરિરાજજીની તળેટીમાં પધાર્યા. પોતાના પ્રાણવલ્લભ એવા શ્રીવલ્લભને પધારતા જોઈને શ્રીનાથજીબાવા પણ ગિરિરાજના શિખર ઉપર સામે પધાર્યા. આપશ્રીએ લાલ પિછોરો અને લાલ પાઘનો શૃંગાર ધારણ કર્યો હતો. શ્રીઅંગ ઉપર હીરામાણેકના સોળ શૃંગાર ધારણ કર્યા હતા. શ્રીહસ્તમાં લાલ કમળની છડી અને લાલ લકૂટી હતી. કોટિકંદર્પલાવણ્ય, નવઘનશ્યામતમાલ સ્વરૂપે શ્રીનાથજીબાવાનાં દર્શન થતાં શ્રીવલ્લભના રોમરોમમાં અલૌકિક આનંદ વ્યાપી ગયો. આપશ્રીનાં ચાતક જેવાં બંને નેત્રો શ્રીનાથજીબાવાના મંદ મંદ સ્મિત કરતા ગુલાબી અધર ઉપર મંડાઈ રહ્યાં. એ અધરસુધાનું પાન કરવા આપનું હૃદય તત્પર બની ગયું. અને આપના મુખમાંથી ફરી એકવાર 'શ્રીમધુરાષ્ટક'ના મધુર શ્લોકો સરવા માંડ્યા.

રેખાબેન હરિહરભાઈ પટેલ (સિડની, ઓસ્ટ્રેલીયા)ના જયશ્રીકૃષ્ણ.

સુંદર અધરનાં દર્શન કરીને આપશ્રી ગાઈ ઊઠયા: 'અધરં મધુરં... એ મધુર અધરનો આસ્વાદ કરવા આપશ્રી એક ડગલું ઉપર ચઢ્યા, શ્રીનાથજી એક ડગલું નીચે પધાર્યા. શ્રીમહાપ્રભુજીનાં નેત્રો પ્રભુના અધર ઉપરથી હવે આખા મુખારવિંદ ઉપર લાગી રહ્યાં છે. સુંદર મુખારવિંદનાં દર્શન કરતાં, એની મધુરતાનું પાન કરતાં આપે બીજું ચરણ ઉચ્ચાર્યું: 'વદનં મધુરં...' આપશ્રી વદનને સ્પર્શ કરવા ત્રીજું ડગ ઉપર ચઢ્યા, શ્રીનાથજીએ ત્રીજું ડગ નીચે માંડ્યું, બંને સ્વરૂપો નજીક આવતાં ચાર નેત્રોનું મિલન થયું. ચારેય નેત્રોમાંથી પ્રેમનો સાગર વહેવા માંડ્યો. અને પ્રભુનાં નયનાભિરામ નયનોને અપલક દૃષ્ટિએ નીરખતાં શ્રીવલ્લભના મુખારવિંદમાંથી ત્રીજું ચરણ પ્રગટ થયું. 'નયનં મધુરં...' આપશ્રી એ મધુર નેત્રોનું રસપાન કરતાં ચોથું ડગ ઉપર ચઢ્યા, શ્રીનાથજી ચોથું ડગ નીચે પધાર્યા. હવે બંનેનાં મુખ ખડખડાટ હસી રહ્યાં છે, એ હાસ્યના પડઘા ચારે દિશામાં પડી રહ્યા છે. હાસ્યનું મન ભરીને પાન કરતાં શ્રીવલ્લભે ચોથું ચરણ ઉચ્ચાર્યું : 'હસિતં મધુરં...' પાંચમું ડગ શ્રીવલ્લભ ઉપર ચઢ્યા. શ્રીનાથજી પણ પાંચમું ડગ નીચે પધાર્યા. પ્રભુના વિશાળ હૃદયનાં દર્શન કરતાં એને આલિંગન આપવાના મનોરથથી શ્રીવલ્લભે પાંચમું ચરણ ગાયું: 'હૃદયં મધુરં...' આપે છઠ્ઠું ડગ ઉપર ધર્યું, શ્રીનાથજી છઠ્ઠું ડગ નીચે પધાર્યા. આપશ્રીની મલપતી ગજગતિ ચાલનાં દર્શન કરીને શ્રીવલ્લભે પ્રસન્નતાથી છઠ્ઠું ચરણ કહ્યું: 'ગમનં મધુરં...' અને હવે તો બે સ્વરૂપો એટલાં નિકટ પધાર્યાં હતાં, કે એક ડગલું આગળ વધે અને પરસ્પરને આલિંગનમાં ભીડી લે. આમેય સાત ડગલાં સાથે ચાલવાથી જીવનપર્યન્તના હૃદયના અતૂટ પ્રેમનો સંબંધ બંધાય છે. અહીં પણ શ્રીવલ્લભે સાતમું ડગલું ભર્યું. શ્રીનાથજી પણ સાતમું ડગલું નીચે પધાર્યા, અને શ્રીગિરિરાજજીની એક વિશાળ શિલા ઉપર આ બંને સ્વરૂપોનું મધુરાતિમધુર મિલન થતાં પરસ્પરને આલિંગનમાં ભીડી લઈ, પ્રભુના આનંદસ્વરૂપનું રસપાન કરતાં શ્રીઆચાર્યચરણનું પુલકિત થયેલું રોમરોમ ગાઈ ઊઠ્યું: 'મધુરાધિપતેરખીલં મધુરં..' આ અદ્ભુત પ્રસંગનું વર્ણન કરતાં 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાલદાસભાઈ ગાય છે કે :

'ગિરિરાજને આશ્વાસ દીધો ધરી કોમળ ચરણ,
હરખે તે સામા આવિયા શ્રીગોવર્ધન ઉદ્ધરણ'.

આ પ્રસંગનું સુંદર વર્ણન શ્રીદ્વારકેશજી મહારાજ 'મૂળપુરુષ'માં નીચે પ્રમાણે કરે છે.

ગો.વા. કમળાબેન કાંતિલાલ શાહ (છીંકણીવાળા), સાવલીના જયશ્રીકૃષ્ણ.

ફેરકે જબ વ્રજ પધારે પાંચ સેવક સંગહેં
સદુ હે આન્યોરમેં, તહાં દ્વારપેં ઠાડે રહે.
સદુ કહિ 'સ્વામી કછુ ખૈહેં', મેઘન કહિ 'સેવકકો લેહેં',
ઈતને પ્રભુ ગિરિ ઉપર બોલે, 'લાઈ નરો દૂધ?' રહે અનબોલે.
બોલી નરો 'યહ પાહુને આયે', તિનહિંકો બૈઠારિયે,
પ્રભુ કહત 'મોહેં બેર લાગત, ભલી ચિત બિચારીયેં'.
લે ગઈ પય પ્યાય આઈ, દેખ શ્રીવલ્લભ કહ્યો,
'બચ્યો હોય કછુ હમેં દીજે', બોલ પહેલોહી ગહ્યો.
દેખ નરો બોલી 'હૌં વારી, નામ દીજિયે ગર્વ પ્રહારી,'
નામ દીનો પૂછિ, 'વે કહાં હે, કહિ-પર્વત પર જાઓ તહાંહેં'.
તહાં દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉ તન ફૂલહી,
વહી સમે સુખ કહિ ન આવે, પંગુ ગતિ-મતિ ભૂલહી.

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પ્રેમથી શ્રીગિરિરાજજી ઉપર પધરાવ્યા. સેવકો અને વ્રજવાસીઓને શ્રીનાથજીનું નાનકડું મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા કરી. તત્કાલ મંદિર સિદ્ધ કરવામાં આવ્યું, તેમાં શ્રીનાથજીને પાટ પધરાવી, સ્નાન કરાવી, પોતાની કોરી ધોતીમાંથી વસ્ત્ર ફાડી શ્રીનાથજીને સફેદ ધોતી અને સફેદ પાગનો શૃંગાર ધરાવ્યો. કૃષ્ણદાસ મેઘન ગુંજાફળ વીણી લાવ્યા. તેની માળા સિદ્ધ કરવામાં આવી. ગુંજાની માળા અને મોરચંદ્રિકાનો શૃંગાર કર્યો. મોગરાનાં મઘમઘતાં પુષ્પોની સુંદર પુષ્પમાળા ધરાવી, પોતે શ્રીહસ્તે સામગ્રી સિદ્ધ કરી, શ્રીનાથજી બાવાને રાજભોગ ધર્યો. રાજભોગ સરાવી પાટોત્સવનું તિલક કરી, આરતી કરી. શ્રીનાથજીના અદ્ભુત સ્વરૂપનાં દર્શન કરતાં ભગવદીયોએ ગાયું છે.

વાંકે અંબોડે શ્રીનાથજી ને સુંદર શ્યામ સ્વરૂપ,
શ્રીવલ્લભકુળ સેવા કરે, એ શ્રીગોકુળના ભૂપ. (૧)
પાઘ બાંધે વ્હાલો જરકસી ને સુંદર વાઘા સાર,
પટકા છે પચરંગના સજિયા, સોળ શણગાર (૨)
કેસરી તિલક સોહામણું, નાસિકા વેસર સાર,
ચિબુકની અતિ ક્રાંતિ છે, કંઠે મોતીના હાર. (૩)
હડપચીએ હીરલો ઝગમગે, તેના તેજ તણો નહિ પાર,
અધર બિંબ એ રસિક છે, ઝળકે છે જયોતપ્રકાશ. (૪)

ઈન્દ્રદમન વી. શાહ (ન્યૂ જર્સી, અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સન્મુખ સદુ પાંડેના આખા કુટુંબને બ્રહ્મસંબંધ આપી, સેવક કર્યા. ત્યાં શ્રીગિરિરાજજીની ગુફામાં રહેતા રામદાસજી નામના એક વિરક્ત ભક્ત શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યા. તેમને આપે સેવક કરી, શ્રીનાથજીની સેવા કરવાની આજ્ઞા કરી અને શ્રીનાથજીની સેવાનો પ્રકાર સમજાવ્યો. જમનાવતા ગામના કુંભનદાસ નામના વ્રજવાસી પણ શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. તેમનો મધુર કંઠ અને કવિત્વશક્તિ જોઈને તેમને શ્રીનાથજીની કીર્તનસેવા સોંપી અને સદુ પાંડે વગેરે વ્રજવાસીઓને શ્રીનાથજીની સંભાળ રાખવાની આજ્ઞા કરી.

પછી આપશ્રી સદુ પાંડેના ઘેર આન્યોરમાં પાછા પધાર્યા. ત્યાં આપશ્રી ત્રણ દિવસ બિરાજ્યા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, તેનું શ્રવણ કરીને સૌ વૈષ્ણવોને ખૂબ આનંદ આવ્યો. સદુ પાંડેજીને શ્રીનાથજીની સર્વ જવાબદારી સોંપી, આપશ્રી નાથજીની આજ્ઞા લઈને વ્રજયાત્રા કરવા માટે આગળ પધાર્યા.

આજે પણ આન્યોરમાં સદુ પાંડેજીના ઘરમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર જે સેવકોનો વંશ અત્યાર સુધી અખંડ ચાલ્યો છે, તેમાં સદુ પાંડેજીના વંશનો પણ સમાવેશ થાય છે. આજે પણ આ બેઠકજીમાં શ્રી સદુ પાંડેજીના વંશજ ભગવદીયો ખૂબ પ્રેમપૂર્વક શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કરે છે. આ બેઠકજીએ આપણે શ્રીમહાપ્રભુજીને દંડવત કરી આગળ વધીએ.

(૫૦) શ્રી ગોવિંદ કુંડના બેઠકજીનું ચરિત્ર

આન્યોરની પાસે ગોવિન્દ કુંડ નામનો સુંદર કુંડ આવેલો છે. જયારે શ્રીઠાકોરજીએ ગિરિરાજ ધારણ કર્યો અને ઈન્દ્રે સાત દિવસ સુધી જળપ્રલય કર્યો, ત્યારે પ્રભુએ ઈન્દ્રના ગર્વનું દમન કર્યું. ઈન્દ્ર પોતે ક્ષમા માગવા આ સ્થળે આવેલા. તેમણે આ કુંડના જળથી પ્રભુનો અભિષેક કર્યો હોવાથી આ કુંડનું નામ ગોવિંદકુંડ પડ્યું છે. આ ગોવિંદ કુંડમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી આદિ સૌ સ્નાન કરી, શ્રીનાથજીની સેવામાં પધારતા, તેથી આ કુંડનું જળ ખૂબ જ પવિત્ર છે. આપણામાં એવી દઢતા ભાવના છે કે, જેમ શ્રીગિરિરાજ રત્નધાતુમય છે, અને માનસી ગંગા દૂધમય છે, તેવી રીતે ગોવિંદકુંડ પણ દૂધથી ભરેલો છે. આ સ્થાન ખૂબ જ સુંદર છે. અહીં કદંબના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. આ સ્થળે આપશ્રીએ ત્રણ દિવસ સુધી બિરાજીને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું.

ગોપીબેન શેઠ (ન્યૂ જર્સી, અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

---

૫૦. શ્રી ગોવિંદ કુંડના બેઠકજી

(બેઠક : ૧૩)



શ્રીમહાપ્રભુજી ગોવિંદકુંડ ઉપર બિરાજે છે. કૃષ્ણદાસ મેઘનને શ્રીગિરિરાજજીની કંદરામાં પ્રભુના નિજધામ ગોલોકધામના દર્શન કરવા મોકલી રહ્યા છે.



શ્રી ગોવિંદકુંડનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

તે સમયે શ્રીકૃષ્ણદાસ મેઘને વિનંતી કરી: 'મહારાજ, આપના મુખારવિંદથી એવું સાંભળ્યું છે કે, શ્રીગિરિરાજજીની ભીતરમાં પ્રભુને બિરાજવાનું નિજધામ એવું ગોલોકધામ આવેલું છે. કૃપા કરીને એનાં દર્શન કરવાનો મારો મનોરથ પૂર્ણ કરો.' ત્યારે આપશ્રી મૌન રહ્યા. ત્યાર પછી આપ શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીની સેવામાં પધારેલા. સાંજ પડવા આવેલી, ત્યારે આપે શ્રીકૃષ્ણદાસ મેઘનને અંગુલીનિર્દેશ કરીને આજ્ઞા કરી કે : 'સામે જે શિલા દેખાય છે, તેની અંદર એક મોટી કંદરા છે, તું તેમાં ચાલ્યો જા. તને ગોલોકધામનાં દર્શન થશે.' આપશ્રીને દંડવત કરી, કૃષ્ણદાસ મેઘન અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા અંદર ગયા. ત્રણ દિવસ સતત અંદર ચાલતા રહ્યા, ત્યારે ચોથા દિવસે શ્રીગોલોકધામનાં લીલાસામગ્રી સાથે દર્શન થયાં. ત્યાં માધુરીકુંડ ઉપર એક પોપટને અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરતો બેઠેલો જોયો. તેને જોઈને કૃષ્ણદાસ મેઘનને નવાઈ લાગી, કારણ કે તે પોપટ નામસ્મરણમાં વિલંબ-વિક્ષેપ ન પડે, તે માટે જળપાન પણ કરતો નહોતો. કૃષ્ણદાસના મુખમાંથી અષ્ટાક્ષર મંત્રનું શ્રવણ કરી, તે પોપટે ત્રણવાર જળપાન કર્યું. તે પોપટનો દેહ ત્યાં જ છૂટી ગયો.

આ પ્રસંગ જોઈને કૃષ્ણદાસ મેઘન પાછા ગોવિંદ કુંડ ઉપર આવ્યા. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: 'કૃપાનાથ, આપની કૃપાથી નિત્ય લીલાધામનાં દર્શન થયાં, પરંતુ આ પોપટનું રહસ્ય સમજાયું નહિ.' આપે આજ્ઞા કરી: 'આ પોપટ સારસ્વત કલ્પનો હતો. શ્રીસ્વામિનીજીનો અતિ પ્રિય હોવાથી શ્રીસ્વામિનીજીએ તેને અષ્ટાક્ષર મંત્ર આપ્યો હતો. તે સતત નામ-સ્મરણ કરતો રહેતો. તેમાં વિક્ષેપ ન પડે તે માટે પોતાની સન્મુખ નિર્મળ જળ હોવા છતાં તે પીતો ન્હોતો. તમારા મુખથી ત્રણવાર નામ-સ્મરણ સાંભળી તેણે જળપાન કર્યું. શ્રીસ્વામિનીજીની કૃપાથી તેનો દેહ છૂટી ગયો અને તે લીલામાં પ્રાપ્ત થયો. માટે પ્રત્યેક વૈષ્ણવે પ્રભુના નામસ્મરણમાં આવી આસક્તિ રાખવી જોઈએ. આ પોપટને શ્રીસ્વામિનીજીનું વરદાન હતું કે, જ્યારે શ્રીમહાપ્રભુજીનો સેવક શ્રીકૃષ્ણસ્મરણ કરશે ત્યારે તે સાંભળીને તારો દેહ છૂટશે અને તું શ્રીગોપીજનનું સ્વરૂપ ધારણ કરી મારી સેવામાં આવી શકીશ. માટે તેનો ઉદ્ધાર કરવા તમને ત્યાં મોકલ્યા હતા.'

અહીં આવીને આપશ્રીએ પોતાના સેવકોને શ્રીસ્વામિનીજી કૃત 'શ્રીકૃષ્ણપ્રેમામૃત' ગ્રંથ સમજાવ્યો. આપે આજ્ઞા કરી કે: 'એક વખત શ્રીસ્વામિનીજીને શ્રીઠાકોરજીનો અસહ્ય વિરહ થયો હતો. આ વિરહ એક જ ક્ષણ માટે થયો હોવા છતાં તે ક્ષણ યુગ સમાન લાગતાં તે સમયે શ્રીસ્વામિનીજીએ 'શ્રીકૃષ્ણપ્રેમામૃત' ગ્રંથ રચી, તેમાં શ્રી ઠાકોરજીનાં ૧૧૮ નામો ગાયાં છે. આનો જપ શ્રીસ્વામિનીજી હરહંમેશ કરતાં હતાં. તેના દ્વારા પ્રભુના સંયોગરસની પ્રાપ્તિ થઈ, ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પૂછ્યું કે: 'આ ગ્રંથનું દાન હું કોને કરું?' ત્યારે પ્રભુએ આજ્ઞા કરી કે: 'જે તમારા સમાન હોય તેને આપજો.' ત્યારે શ્રીસ્વામિનીજીએ પોતાના હસ્તાક્ષરથી આ ગ્રંથ અહીં શ્રીગિરિરાજ ઉપર લખ્યો છે.' એમ આજ્ઞા કરી, આપ શ્રીગિરિરાજજીની તે શિલા પાસે પધાર્યા અને તે ગ્રંથનો પોતે પાઠ કર્યો, કારણ કે શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજીનું જ સ્વરૂપ છે. તે સમયે શ્રીકૃષ્ણચૈતન્ય પણ સાથે હતા. કેશવ ભટ્ટ કાશ્મીરી પણ ત્યાં હતા. તે સૌએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે: 'આ ગ્રંથનું અમને દાન કરો.' તે બંનેથી શ્રીગિરિરાજજીની શિલા ઉપર અંકિત આ ગ્રંથ વાંચી શકાયો નહિ, ત્યારે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તે વાંચી બતાવ્યો અને તે ગ્રંથ શ્રીકૃષ્ણચૈતન્યને આપ્યો, પરન્તુ કેશવ ભટ્ટ કાશ્મીરીને ન આપ્યો, કારણ કે તે પૂર્વે એક સમયે શ્રીજગન્નાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી હતી કે: 'આપના માર્ગનો કોઈ એક ગ્રંથ શ્રીકૃષ્ણચૈતન્યને આપજો.' તે વાત યાદ કરીને શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ શ્રીકૃષ્ણચૈતન્યને આપ્યો. શ્રીકૃષ્ણચૈતન્યને શ્રીસ્વામિનીજીના સ્વરુપમાં અતિ સ્નેહ હોવાથી શ્રીમહાપ્રભુજીએ તેમને તેના અધિકારી જાણ્યા, પરંતુ કેશવ ભટ્ટ કેવળ શાસ્ત્રના જ્ઞાતા જ હતા તેમજ માયાવાદી પંડિત હતા. તેથી તેમનો ભક્તિમાર્ગમાં અધિકાર ન હોવાથી તેમને તે ગ્રંથ મળ્યો નહિ. માટે શ્રીદયારામભાઈએ ગાયું છે કે:

આશા, પ્રમોદ, ચિરાગ (ન્યૂ જર્સી, અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે,
જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.

આવું અલૌકિક ચરિત્ર શ્રીગોવિંદકુંડના બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું.

આજે પણ અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવા પ્રકાર સારો ચાલે છે. ત્યાં દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૫૧) શ્રી સુંદરશિલાનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી ગોવિંદ કુંડથી આગળ પધાર્યા. પૂંછરીના લોઠા થઈ નવલ કુંડ, અપ્સરા કુંડમાં સ્નાન કરી, આપશ્રી શ્રીગિરિરાજજીના મુખારવિંદની સામે પધાર્યા. શ્રીગિરિરાજજીના મુખારવિંદને સુંદરશિલાના નામથી પણ ઓળખવામાં આવે છે. આજે અહીં જતિપુરા નામનું ગામ વસેલું છે. એમ કહેવાય છે કે શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજી વૈરાગ્યપૂર્ણ જીવન વ્યતીત કરતા હોવાથી વ્રજવાસીઓ

ગીતાબેન સુભાષભાઈ ગાંધી (ન્યૂ જર્સી અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

(૫૧) શ્રી સુંદરશિલાનાં બેઠકજી

(બેઠક : ૧૪)



શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીના મુખારવિંદ સામે દામોદરદાસજીની ગોદમાં મસ્તક રાખી પોઢ્યા છે. શ્રીગિરિરાજજી ઉપરથી શ્રીનાથજીબાવા ત્યાં પધારી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી જાગી જશે અને તેમને પરિશ્રમ થશે તેમ વિચારી દામોદરદાસજી હાથના સંકેત દ્વારા શ્રીનાથજીને નજીક ન પધારવા વિનંતી કરે છે.



શ્રી સુંદરશિલાનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

તેમને ખૂબ આદરપૂર્વક યતિજીના નામથી સંબોધતા હતા. તેમણે વસાવેલ આ ગામ તેમના નામ ઉપરથી જતિપુરા કહેવાયું. અહીં શ્રીગિરિરાજજીના મુખારવિંદની સામે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીગિરિરાજજીના મુખારવિંદની સામે બિરાજી, પોતાના સેવકોને આજ્ઞા કરી કે: 'હવે દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ પણ અહીંયાં કરીશું.' અન્નકૂટના દિવસે આપશ્રીએ શ્રીગિરિરાજજીને દૂધથી અને માનસીગંગાના જળથી સ્નાન કરાવી, ધોતીઉપરણા ધરી, પૂજન કરી કુનવારાનો ભોગ ધર્યો અને શ્રીનાથજીને સવા શેર સખડીનો અન્નકૂટ સિદ્ધ કરીને આરોગાવ્યો. તે વખતે ખૂબ જ અલૌકિક આનંદ આવ્યો. એમ કહેવાય છે કે, આ અન્નકૂટ શ્રીમહાપ્રભુજીએ એક રૂપિયામાં કર્યો હતો.

ત્યારબાદ આપશ્રી અહીં લાંબો સમય બિરાજ્યા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું.

એક દિવસ બપોરના સમયે શ્રીમહાપ્રભુજી શ્રીદામોદરદાસ હરસાનીજીની ગોદમાં પોઢ્યા હતા, ત્યારે શ્રીનાથજીબાવા ત્યાં પધાર્યા. શ્રીનાથજીબાવાનાં નૂપુરનો રણકાર સાંભળીને દામોદરદાસજીએ વિચાર કર્યો કે, મારા સ્વામી હમણાં જ પોઢ્યા છે. તેઓ પ્રભુની નજીક પધારતાં નૂપુરના રણકારથી જાગી જશે અને તેમને પરિશ્રમ થશે; માટે દામોદરદાસજીએ હાથના સંકેત દ્વારા શ્રીનાથજીને નજીક ન પધારવા વિનંતી કરી, તેથી શ્રીનાથજી શ્રીગિરિરાજજી ઉપર જ ઠાડા રહ્યા. થોડા સમય પછી શ્રીમહાપ્રભુજીએ જાગીને જોયું તો શ્રીનાથજી પોતાની રાહ જોતા દૂર ઊભા છે. શ્રીમહાપ્રભુજીએ પ્રેમથી તેમને પોતાની પાસે બોલાવ્યા અને પોતાની ગોદમાં પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી: 'બાવા, તમે ત્યાં કેમ ઠાડા હતા?' શ્રીનાથજીએ આજ્ઞા કરી: 'તમારા સેવકે મને નજીક ન આવવાની વિનંતી કરી હતી.' આ સાંભળીને શ્રીમહાપ્રભુજી દામોદરદાસજી ઉપર ગુસ્સે થયા. શ્રીનાથજીએ દામોદરદાસજીનો પક્ષ લઈને આજ્ઞા કરી: 'તમે તેના ઉપર ગુસ્સે ન થશો, કારણ કે તેણે તો પોતાનો સેવકધર્મ બજાવ્યો છે, તેથી હું તેના પર પ્રસન્ન છું.' આમ કહીને શ્રીનાથજી પાછા પધાર્યા.

પરન્તુ શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને ઠપકો આપતાં આજ્ઞા કરી કે: 'દમલા, તેં આજે પ્રભુને પરિશ્રમ આપી ભગવદ્ અપરાધ કર્યો છે, તેથી હું તારા ઉપર અપ્રસન્ન થયો છું. તેં આવું શા માટે કર્યું?' ત્યારે શ્રીદામોદરદાસજીએ હાથ જોડી વિનંતી કરી:

કુ. સ્વાતિ તથા કુ. વર્ષા ખારેચા, જામનગરના જયશ્રીકૃષ્ણ.

'મહારાજ, દાન મોટું કે દાતા મોટો? દાન કરતાં દાનનો આપનાર હંમેશાં મોટો હોય છે. જો દાતા ઉદાર હોય તો જ પોતાનું સર્વસ્વ દાનમાં આપી શકે. માટે મારી દૃષ્ટિએ તો આપ શ્રીનાથજી કરતાં પણ મોટા છો. શ્રીનાથજી પ્રભુ છે, તો આપ મહાપ્રભુ છો! ગુરુ-ગોવિંદ બંને સાથે ઊભા હોય તો પહેલાં ગુરુને જ પ્રણામ કરું! કારણ કે ગુરુની કૃપાથી જ ગોવિંદની પ્રાપ્તિ થાય છે, અને થઈ છે. તેથી મારે મન આપ જ શ્રેષ્ઠ છો.' આ સાંભળીને શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી: 'તારી ભાવના શુદ્ધ હોવા છતાં પણ તેં ભગવદ્ અપરાધ તો કર્યો જ છે, માટે તને ભગવદ્ પ્રાપ્તિમાં દશ જન્મનો વિલંબ થશે. તારે દશ જન્મ પૃથ્વી ઉપર લેવા પડશે.' શ્રીમહાપ્રભુજીના હૃદયને જાણનાર દામોદરદાસજીએ આનંદપૂર્વક આ આજ્ઞા પણ વધાવી લીધી.

શ્રીહરિરાયચરણ 'ભાવપ્રકાશ'માં આ પ્રસંગનું રહસ્ય સમજાવતાં આજ્ઞા કરે છે કે: 'શ્રીમહાપ્રભુજીનો શાપ પણ જીવોના કલ્યાણ માટે જ હોય છે. શ્રીદામોદરદાસજી સૌ પુષ્ટિમાર્ગીય જીવોમાં અંશી સ્વરૂપ છે અને આપણે બધા તેમના અંશ છીએ. એક રૂપિયો અંશી કહેવાય અને પાંચ-દશ-વીસ વગેરે પૈસા તેના અંશ કહેવાય.' આમ, શ્રીમહાપ્રભુજીએ આ માર્ગ દામોદરદાસજી માટે જ પ્રગટ કર્યો છે, તેથી જ્યાં સુધી શ્રીદામોદરદાસજી ભૂતલ પર બિરાજે છે ત્યાં સુધી જ શ્રીમહાપ્રભુજી પણ ભૂતલ પર બિરાજી દામોદરદાસજીની આડીથી દૈવી જીવોનો ઉદ્ધાર કરશે. આમ, ભૂતલ પરના દૈવી જીવોના ઉદ્ધાર માટે શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગથી દામોદરદાસજીને વારંવાર ભૂતલ પર પ્રગટ થવાની આજ્ઞા કરી.

આ પ્રસંગ આપણને બે સિદ્ધાંતો યથાર્થ સ્વરૂપમાં શીખવે છે:

(૧) આપણે વૈષ્ણવોએ આપણા શ્રીગુરુદેવ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી અને તેમના સમસ્ત શ્રીવલ્લભકુળ પરિવારને શ્રીગુરુદેવ માનીને તેમનાં ચરણનો દૃઢ આશ્રય રાખવો જોઈએ અને દીનતા તથા ભાવપૂર્વક ગુરુસેવા કરવી જોઈએ.

(૨) વૈષ્ણવોએ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવના અપરાધથી ખૂબ ડરતા રહેવું જોઈએ. આ બંને બાબતોમાં આપણે સમજપૂર્વક કાળજી રાખીએ તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી, સરળતાથી ભગવદ્પ્રાપ્તિ થઈ શકે છે.

શ્રીમહાપ્રભુજીએ અહીં શ્રીગિરિરાજજીની તળેટીમાં ઘણા દિવસો સુધી બિરાજી, વ્રજની અપૂર્વ શોભાનાં દર્શન કરી, પ્રસન્નતા અનુભવી. માટે શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામોમાં નીચેનાં નામો પ્રસિદ્ધ છે. 'વ્રજપ્રિયઃ', 'પ્રિયવ્રજસ્થિતિઃ', 'ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિતઃ'.

પ્રિતીબેન અમિતભાઈ ખારેચા, જામનગરના જયશ્રીકૃષ્ણ.

અહીં આપશ્રીની સાથે બિરાજતા અષ્ટછાપ ભકતકવિઓએ શ્રીવ્રજભૂમિ અને શ્રીગિરિરાજજીનાં સુંદર વર્ણન કર્યાં છે. તેમનાં થોડાંક પદ પણ આપણે જોઈએ-

વ્રજભૂમિ મોહિની મૈં જાની ।
મોહનકાન્હ, મોહન શ્રીવૃંદાવન, મોહની શ્રીયમુના મહારાની ॥૧॥
મોહન નાર ગોકુલકી ઠાડી, બોલત અમૃત બાની ।
મોહન 'સૂરદાસ'કો ઠાકુર, મોહની રાધે રાની ॥૨॥

× × ×

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે,
ઘોષ સિમંતિની સંગ ગિરિધરવરન કરત નિત્ય કેલિ, તહાં કામ લાજે ॥
ત્રિવિધ પવન સંચરે, સુખદ ઝરનાં ઝરે, લલિત સૌરભ સરસ મધુપ ગાજે,
લલિત તરુ ફલફૂલ ફલિત ખટઋતુ સદા 'ચતુર્ભુજદાસ' ગિરિધર સમાજે ॥

× × ×

યહ છબી મો પે જાત ન બરની,
શ્રીગોવર્ધનકી આસપાસતે, ખિલ રહી સબ અરની ॥૧॥
મદનમોહન પિય ખેલત નિકસે, સંગ રાધા મનહરની,
'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર, ધન્ય ધન્ય વ્રજકી ધરની ॥૨॥

શ્રીસુંદરશિલાનાં આ બેઠકજીએ આપણે પૂર્ણપ્રેમે શ્રીમહાપ્રભુજીને દંડવત કરીએ.

(૫૨) શ્રી ગિરિરાજ ઉપરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીના ઉપર બિરાજતા શ્રીનાથજીના મંદિરમાં સેવા કરવા પધારતા, ત્યારે અવકાશના સમયમાં મંદિરના દક્ષિણ ભાગમાં આવેલા એક ચોતરા ઉપર બિરાજતા, અને ત્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતા. એક દિવસ આપશ્રી શ્રીનાથજીને શૃંગાર કરીને અહીં ચોતરા ઉપર બિરાજતા હતા, પાસે દામોદરદાસ હરસાનીજી પણ હતા. શ્રીનાથજીને રાજભોગ ધરવા માટે સામગ્રી તૈયાર થવામાં આજે વિલંબ થયો હતો. તેથી આપશ્રી રાજભોગની સામગ્રી તૈયાર થાય, તેની રાહ જોતા બિરાજ્યા હતા. તેટલામાં શ્રીસ્વામિનીજી સ્વયં સુવર્ણના થાળમાં પ્રભુને આરોગવા માટે સામગ્રી પધરાવી ત્યાં પધાર્યા. શ્રીસ્વામિનીજીનાં નૂપુરનો રણકાર સાંભળી શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી: 'દમલા,

દક્ષાબેન તથા ગુલાબદાસ માધવજી દત્તાણી, કલકત્તાના જયશ્રીકૃષ્ણ.

(પર) શ્રી ગિરિરાજ ઉપરનાં બેઠકજી

(બેઠક : ૧૫)



શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મંદિરમાં શ્રીમહાપ્રભુજી એક ચોતરા ઉપર બિરાજ્યા છે. શ્રીસ્વામિનીજી સ્વયં સામગ્રીનો થાળ સાજી શ્રીપ્રભુને સામગ્રી આરોગાવવા પધારી રહ્યા છે.



શ્રી ગિરિરાજજી ઉપરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આજે સમયસર સામગ્રી તૈયાર ન થતાં પ્રભુને પરિશ્રમ થયો, તેથી શ્રીસ્વામિનીજી પ્રભુને આરોગવા માટે સ્વયં પરિશ્રમ લઈને પધાર્યાં છે, આમ, આજે બંને સ્વરૂપોને આપણા કારણે પરિશ્રમ થયો છે. તેથી હવેથી દરરોજ શૃંગાર પછી સીધો રાજભોગ ન ધરતાં પ્રભુને ગોપીવલ્લભ ભોગ આરોગાવવાનો પ્રકાર શરૂ કરીશું.' આપની આ આજ્ઞા પ્રમાણે ત્યારથી શ્રીગોપીવલ્લભભોગનો પ્રકાર સેવામાં શરૂ થયો. આ પ્રકાર મંદિરોમાં યોજવામાં આવે છે, પરંતુ વૈષ્ણવોના ત્યાં તે પ્રકાર હોતો નથી.

આમ, અહીં પ્રબોધિની એકાદશી સુધી બિરાજી, પછી શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી આપશ્રી વ્રજયાત્રા કરવા આગળ પધાર્યા.

આજે શ્રીગિરિરાજજીની ઉપર શ્રીનાથજીનું મંદિર જીર્ણ સ્થિતિમાં છે, પરન્તુ ત્યાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજતાં નથી . સેવાનો પ્રકાર ચાલુ નથી. શ્રીગિરિરાજજીની ઉપર જવું હોય તો શ્રીવલ્લભકુળની આજ્ઞા લઈને જ જઈ શકાય. અહીં શ્રીમહાપ્રભુજીને દંડવત કરી આપણે આગળ વધીએ.

(પ૩) શ્રી કામવનનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી બિલછુ કુંડ થઈને પરમાદરા પધાર્યા. ત્યાંથી આદિબદ્રિ થઈને કામવન પધાર્યા. વ્રજનાં બાર વનોમાં કામવનનો સમાવેશ થાય છે. બાર વનોમાનું આ પાંચમું વન છે. તેનું પ્રાચીન નામ કામ્યક વન છે. 'સારસ્વત કલ્પ'માં શ્રીગિરિરાજથી કામવન સુધીના ચાલીસ ગાઉમાં વૃંદાવન વિસ્તરેલું હતું. તેથી અહીં શ્રીકૃષ્ણ ગોચારણ માટે પધારતા. આ સ્થળે શ્રીકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી છોંકરના વૃક્ષ નીચે આવેલાં છે. કામવનની આજુબાજુ ૮૪ કુંડો આવેલા છે. શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે અહીંનાં વૃક્ષોનો રમણીય દેખાવ જોઈ આપ બિરાજયા હતા. અહીંના ૮૪ કુંડોમાં સ્નાન કરી, આપે શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી.

તે વખતે ત્યાંના તીર્થપુરોહિતે આવીને વિનંતી કરીઃ 'મહારાજ, અહીં એક બ્રહ્મરાક્ષસ રહે છે. તે સૌને ખૂબ દુઃખ આપે છે. માટે આપ અહીં રાતવાસો ન કરશો.' આ સાંભળીને આપશ્રીએ મંદ સ્મિત કર્યું, પરંતુ મુકામ ત્યાં જ રાખ્યો. પહેલા દિવસે અર્ધરાત્રિના સમયે તે બ્રહ્મરાક્ષસ આવ્યો. તે સમયે સેવારત એક વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીનાં અપરસનાં વસ્ત્ર ધોતા હતા, તેમણે તેને જોયો. તેમણે જઈને શ્રીમહાપ્રભુજીને આ સમાચાર આપ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. વૈષ્ણવે

પંકજ બાબુભાઈ શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

(૫૩) શ્રી કામવનનાં બેઠકજી

(બેઠક : ૧૬)



શ્રીકુંડ ઉપર, સૌને દુઃખ આપતા બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર, શ્રીમહાપ્રભુજીએ પોતાનાં અપરસનાં વસ્ત્રોનું જલ, તેના ઉપર છંટાવી કર્યો. પ્રેતયોનિ છૂટી જતાં તે શ્રીમહાપ્રભુજીને દંડવત કરે છે.



શ્રી કામવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

વિનંતી કરીઃ 'મહારાજ, આપનાં દર્શનથી પણ તેની મુક્તિ ન થઇ, તો તેનો ઉદ્ધાર કેવી રીતે થશે?' આપે આજ્ઞા કરીઃ 'મારી અપરસની ધોતીનું જળ તેના ઉપર છાંટો.' તે છાંટતાં જ તેની પ્રેતયોનિ છૂટી ગઇ અને તેનો મોક્ષ થયો. શ્રીકુંડ ઉપર નિર્ભયતા વ્યાપી ગઇ. આ જોઈને વૈષ્ણવે વિનંતી કરીઃ 'મહારાજ, આ કોણ હતો? તે કૃપા કરીને સમજાવો.' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'પૂર્વજન્મમાં તે બ્રાહ્મણ હતો, અને આ પ્રદેશનો રાજા હતો. તેણે બ્રાહ્મણોને ઘણી જમીન દાનમાં આપેલી, પરંતુ પાછળથી બુદ્ધિ બગડવાથી આપેલું દાન પાછું લઇ લીધું અને તેથી દુઃખી થયેલા બ્રાહ્મણોએ તેને શાપ આપ્યો, માટે તે અહીં બ્રહ્મરાક્ષસ બન્યો હતો. તેનો અપરાધ ખૂબ ભયંકર હોવાથી બ્રહ્મરાક્ષસ તરીકે ૨૦૦ વર્ષ વ્રજમાં રહેવા છતાં વ્રજરજથી પણ તેની મુક્તિ ન થઈ.' આ સાંભળી તે વૈષ્ણવ વિચારવા લાગ્યો કે 'જેની મુક્તિ વ્રજરજથી ન થાય, શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન કરવાથી પણ ન થાય, તેની મુક્તિ આપશ્રીના અપરસના ભીનાં વસ્ત્રના જળથી થાય તે કેવું અદ્ભૂત પ્રતાપબળ કહેવાય!' તે વૈષ્ણવે એમ પણ વિચાર કર્યો કે 'શ્રીમહાપ્રભુજીનાં અપરસનાં વસ્ત્રોમાં કેટલું સામર્થ્ય છે! માટે આ વસ્ત્રોને સ્વચ્છ કરવાની સેવા મને તેમની કૃપાથી પ્રાપ્ત થઈ છે.'

અહીં કામવનમાં પંચમનિધિ સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજી અને સપ્તમનિધિ સ્વરૂપ શ્રીમદનમોહનજી બિરાજે છે. તદુપરાંત, અહીં શ્રીકુંડ ઉપર શ્રીગુસાંઈજી, શ્રીગિરધરજી, શ્રીગોકુલનાથજી અને શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં બેઠકજી પણ બિરાજે છે. તે ઉપરાંત, ગોસ્વામી શ્રીદેવકીનંદજીના પિતાશ્રી શ્રીગોવિંદપ્રભુનાં બેઠક પણ અહીં છે. અહીં પ્રભુની લીલાનાં અનેક સ્થળો દર્શનીય છે. અહીં સર્વ બેઠકે દર્શન કરી, આપણે આગળ વધીએ.

(૫૪) શ્રી ગહવરવનનાં બેઠકજીનું ચરિત્ર

કામવનથી વ્રજ પરિક્રમા વિમલ કુંડ થઈ બરસાના જાય છે. બરસાના શ્રીસ્વામિનીજીનું સ્થાન છે. ત્યાંથી આગળ 'ઉંચો ગામ' થઇ 'પીરીપોખર' અને 'ભાનોખર' થઇ શ્રીગહવરવન જવાય છે. અહીં અનેક પ્રકારનાં સઘન વૃક્ષોની પ્રાકૃતિક શોભાથી પરમ શોભાયમાન, દિવ્ય વાતાવરણ આવેલું છે. આ સ્થાનનું દર્શન કરતાં આપણને પ્રાચીન વનનું સ્મરણ થઈ આવે છે. આપણું મન અહીં અલૌકિક આનંદમાં નિમગ્ન બની જાય છે. તેના નામ પ્રમાણે સાચે જ આ વન ગહવર એટલે ગાઢ છે. તેનું અપભ્રંશ ઘેવર વન થયું છે. અહીંનાં ઘટાદાર વૃક્ષોની સઘન ઘટાની

પ્રેમીલાબેન તથા કનુભાઈ મણીલાલ શાહ, વડગામના જય જય શ્રીગોકુલેશ

(૫૪) શ્રી ગહવરવનનાં બેઠકજી

(બેઠક : ૧૭)



ગહવરવનમાં અજગરને કરડતી કીડીઓ જોઈ, તેના ઉપર પોતાનું ચરણોદક છાંટી અજગર અને કીડીઓનો ઉદ્ધાર શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે.



શ્રી ગહવરવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

વચ્ચે આવેલા કૃષ્ણ કુંડને ગહવરગંગાના નામથી ઓળખવામાં આવે છે. તેનાથી થોડેક દૂર એકાંત સ્થાનમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે.

આ નિર્ગુણ સ્થાનમાં બિરાજીને શ્રીમહાપ્રભુજીએ સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યુ. એક દિવસ આપશ્રી વનપ્રદેશની રમણીયતાનાં દર્શન કરવા પ્રિયાપ્રિયતમના આ નિકુંજસ્થાનમાં પધાર્યા હતા; ત્યારે માર્ગમાં એક મોટા અજગરને પડેલો જોયો.તેને અસંખ્ય લાલ કીડીઓ કરડતી હતી. આ જોઈને શ્રીમહાપ્રભુજીને દયા આવી. ત્યારે આપે પોતાનું ચરણોદક તેના ઉપર છાંટવા વૈષ્ણવને આજ્ઞા કરી, તેથી અજગર અને કીડીઓનો ઉદ્ધાર થયો. આ પ્રસંગ જોઈને દામોદરદાસ હરસાનીજીએ અજગરનું પૂર્વવૃત્તાંત પૂછયું. આપે આજ્ઞા કરીઃ 'દમલા, આ અજગર તેના પૂર્વ જન્મમાં વૃંદાવનનો મોટો મહંત હતો. પોતાના મોજશોખ માટે તેણે ઘણા સેવકો કરી, ઘણું દ્રવ્ય એકઠું કર્યું હતું. તેણે તે દ્રવ્ય સેવાસ્મરણમાં ન વાપર્યું, સેવકોનું કલ્યાણ થાય તેવો માર્ગ પણ ન બતાવ્યો અને એકઠું થયેલ દ્રવ્ય સંસારના વિષયભોગમાં વાપર્યું. તેથી મર્યા પછી તે અજગર બન્યો અને તેના બધા શિષ્યો લાલ કીડીઓ બની, પૂર્વજન્મના જ્ઞાનથી તે અજગરને ચટકા ભરતી હતી અને કહેતી હતી કે : 'અધર્મી, તેં અમને ફસાવી તારો અને અમારો કીમતી મનુષ્ય-જન્મ વેડફી માર્યો છે.' દમલા મનુષ્ય માત્રનો ઉદ્ધાર ભગવાનના નામસ્મરણ અને તેમની સેવાથી જ થાય છે. આ મહંતે તેમ નહિ કરીને પોતાનું અને શિષ્યોનું અકલ્યાણ કર્યું હતું. પરંતુ તે વ્રજનો જીવ હોવાથી, પ્રભુની કૃપાથી તેણે સુખદુઃખ પણ વ્રજમાં જ ભોગવ્યાં. વ્રજનો જીવ વ્રજ છોડી બીજે કયાંય જતો નથી. તેના અપરાધનું ફળ ભોગવાવી પ્રભુ એક દિવસ તેનો જરૂર ઉદ્ધાર કરશે. માટે આજે તેના અપરાધની નિવૃત્તિ થતાં તેનો ઉદ્ધાર થયો.' આ સાંભળી સૌ વૈષ્ણવો ખૂબ પ્રસન્ન થયા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કેઃ 'ગુરુ સમજપૂર્વક કરવા જોઈએ.' આપશ્રીએ શ્રીગુરુદેવનાં લક્ષણો બતાવ્યાં છે કે, જેમનામાં દંભ ન હોય, શ્રીમદ્ ભાગવત સેવનમાં તત્પર હોય, પ્રભુના સેવા-સ્મરણમાં સદાકાળ તલ્લીન હોય, જેમને લૌકિક સુખોપભોગની આસક્તિ ન હોય, તેવાને ગુરુ કરવા. આ સર્વ લક્ષણો શ્રીમહાપ્રભુજી અને તેમના દિવ્ય વંશમાં આપણને જોવા મળે છે. માટે શ્રીવલ્લભ અને શ્રીવલ્લભ વંશને ગુરુ તરીકે મેળવીને આપણે આપણા માનવજન્મનું યોગ્ય ફળ એટલે ભગવદ્પ્રાપ્તિ કરી શકીએ છીએ.

અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવા પ્રકાર ચાલે છે. ત્યાં દંડવત કરી આપણે આગળ વધીએ. શ્રીમહાપ્રભુજી અહીંથી આગળ સાંકડીખોર થઈ

કલ્પેશ, અ.સૌ. સુધા, નૂપુર, રચના, ડૉ. યોગેશ, અ.સૌ. ડૉ. જેનિશ, વડગામના જય જય શ્રીગોકુલેશ.

પ્રેમસરોવર પધાર્યા. ત્યાં પ્રેમસરોવરમાં સ્નાન કરી, સંકેતવન પધાર્યા. ત્યાંનાં બેઠકજીનું ચરિત્ર હવે આપણે જોઈએ.

(૫૫) શ્રી સંકેતવનનાં બેઠકજીનું ચરિત્ર

સંકેત એટલે વાણીનો ઉપયોગ કર્યા વિના કરવામાં આવેલું ગુપ્ત સૂચન. વ્રજભક્તો વૃદ્ધ વ્રજવાસીની ઉપસ્થિતિમાં પ્રભુને હસ્તસંકેત કરી, નેત્રસંકેત દ્વારા અમુક સમયે, અમુક સ્થળમાં પધારવા વિનંતી કરતા હતા. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના ગુપ્ત રીતે અહીં મિલનસ્થાન માટે સંકેત થતા હોવાથી આ સ્થાન સંકેતવન, સંકેતબટ કે સંકેતના નામે ઓળખાય છે. શ્રીરાધાકૃષ્ણનાં સર્વ પ્રથમ સંકેતલગ્ન બ્રહ્માજીએ આ સ્થાનમાં કરાવ્યાં હતાં. અહીં ગામની આજુબાજુ આવેલા સંકેતવનમાં કૃષ્ણ કુંડની ઉપર, છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. અહીં સાતે દિવસ સુધી બિરાજી શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતની કથા કરી હતી. ત્યારે એક સ્ત્રી, ષોડશ વર્ષનું વય ધારણ કરીને વસ્ત્રાભૂષણો સજી, રત્નજડિત દાંડીવાળું ચમ્મર હાથમાં લઈ ત્યાં આવતી અને શ્રીભાગવત પારાયણ ચાલે ત્યાં સુધી શ્રીમહાપ્રભુજીને ચમ્મર ઢોળવાની સેવા કરતી. વૈષ્ણવોએ તેને ઠપકો આપ્યો: 'અહીં શા માટે આવો છો?' ત્યારે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને રોક્યા કે 'સેવા કરનારને સેવા કરતાં રોકવા એ મોટો અપરાધ છે. માટે તેમને સેવા કરવા દો.' પૂર્ણાહુતિ પછી વૈષ્ણવોએ વિનંતી કરી: 'મહારાજ, આ સ્ત્રી કોણ હતી?' આપશ્રીએ આજ્ઞા કરી: 'આ સ્થાનનાં દેવી સંકેતદેવી હતાં. મારી સેવા કરવાનો અને શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાનો તેમનો ઘણા લાંબા સમયનો મનોરથ હતો, તે આજે પૂર્ણ થયો છે.' આ સાંભળી વૈષ્ણવો ખૂબ રાજી થયા.

આગળ ઉપર પણ અનેક બેઠકચરિત્રોમાં આપણે જોઈશું કે આમ ઘણાં સ્થળે ત્યાં બિરાજતાં દેવદેવીઓ શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી શ્રીમદ્ ભાગવતથી કથા શ્રવણ કરવા અને સેવા કરવા માટે આવતાં અને તેને પોતાનું અહોભાગ્ય માનતાં હતાં. છતાં તેમને આ માર્ગનો સેવાસ્મરણનો અલૌકિક આનંદ અને ભગવદ્ પ્રાપ્તિ થયાં નથી. માટે શ્રીગોપાલદાસભાઈ 'શ્રીવલ્લભાખ્યાન'માં ગાય છે કે:

એવો મારગ શ્રીવલ્લભવરનો રે,
જ્યાં નહિ પ્રવેશ વિધિહરનો રે.

× × ×

પ્રેમીલાબેન તથા કનુભાઈ મણીલાલ શાહ, વડગામના જય જય શ્રીગોકુલેશ

---

(૫૫) શ્રી સંકેતવનનાં બેઠકજી

(બેઠક : ૧૮)



શ્રીમહાપ્રભુજી કૃષ્ણકુંડ ઉપર શ્રીમદ્ ભાગવત પારાયણ કરી રહ્યા છે, ત્યારે આ સ્થાનનાં દેવી સંકેતદેવી રત્નજડિત દાંડીવાળું ચમ્મર હાથમાં લઈ ચમ્મર ઢોળવાની સેવા કરી રહ્યા છે.



શ્રી સંકેતવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે

વિબુધ વાંછે વાસ વસુમતી ઉપરે,
શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા..

આમ, અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. આ સ્થાનમાં સંકેતદેવીના મંદિર પાસે શ્રીગુસાંઇજીનાં બેઠકજી પણ બિરાજે છે. અહીં આપણે દંડવત કરી, આગળ જઇએ. ત્યાંથી શ્રીમહાપ્રભુજી નંદગામ પધાર્યા.

(પ૬) શ્રી નંદગામનાં બેઠકજીનું ચરિત્ર

શ્રી નંદગામ એટલે શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થાની લીલાભૂમિ. અહીં પાનસરોવરના કિનારે શ્રીમહાપ્રભુજી છ માસ સુધી બિરાજ્યા હતા. આપે આજ્ઞા કરી કે: ‘અહીં ઉદ્ધવજી છ માસ સુધી રહ્યા હતા. માટે આપણે પણ અહીં છ માસ સુધી મુકામ કરી, શ્રીનંદરાયજીને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવીશું.’આપશ્રીએ આમ છ માસ સુધી બિરાજીને શ્રીનંદરાયજીને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવ્યું અને નંદગામની આજુબાજુ આવેલાં સર્વ ક્રીડા-સ્થાનોનાં દર્શન કર્યાં.

શ્રીમહાપ્રભુજી અહીં બિરાજતા હતા ત્યારે એક મોગલ સરદાર પોતાના ઘોડાને પાણી પાવા પાનસરોવરે આવ્યો. ઘોડો પાણી પીને પાછો ફરતો હતો, ત્યારે ઘોડાના પેટમાં દર્દ થતાં તે જમીન ઉપર પડી આળોટતો આળોટતો મૃત્યુ પામ્યો. મૃત્યુ પામતાં તેનો મોક્ષ થયો. તે ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી વૈકુંઠમાં ગયો. આ પ્રસંગ શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોને દિવ્ય દૃષ્ટિ આપીને બતાવ્યો. તે દર્શન કરીને મોગલ સરદારે પણ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: ‘મહારાજ, મને શરણે લો.’ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: ‘બીજા જન્મમાં તારો અંગીકાર થશે અને મારો પુત્ર તને સેવક કરશે.’ તે દંડવત કરીને ત્યાંથી ગયો અને રાતદિવસ શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરવા લાગ્યો. જયારે તેનો દેહ છૂટયો ત્યારે સૌરાષ્ટ્રમાં જામનગરમાં એક મોચીને ત્યાં તે જન્મ્યો. તેનું નામ સંગજી પાડવામાં આવ્યું. તેને મેલી વિદ્યાનો શોખ હતો. એક વૈષ્ણવ સાથે કજિયો થતાં તેણે મેલી વિદ્યા અજમાવી, પરંતુ તેનું કશું પરિણામ આવ્યું નહિ, તેથી સંગજીભાઇએ તે વૈષ્ણવના પગે પડી, ક્ષમા માગી. વૈષ્ણવ બનાવવા માટે વિનંતી કરી, શ્રીગુસાંઇજી ત્યાં પધાર્યા ત્યારે તેઓ સેવક થયા અને વૈષ્ણવી આચાર-વિચારનું સારી રીતે પાલન કરતાં, સેવા-સ્મરણ કરવા લાગ્યા.

ઈર્ષાથી પ્રેરાઇને બ્રાહ્મણોએ રાજાને ફરિયાદ કરી: ‘એક શૂદ્ર મોચી બ્રાહ્મણનો ધર્મ પાળે છે, તે બરાબર નથી.’ ત્યારે રાજાએ સંગજીભાઇને બોલાવ્યા. સંગજીભાઇએ

કલ્પેશ, અ.સૌ. સુધા, નૂપુર, રચના, ડૉ. યોગેશ, અ.સૌ. ડૉ. જેનિશ, વડગામના જય જય શ્રીગોકુલેશ.

(પ૬) શ્રી નંદગામનાં બેઠકજી

(બેઠક : ૧૯)



નંદગામમાં પાનસરોવરના કિનારે શ્રીમહાપ્રભુજી નંદરાયજીને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવે છે. પાનસરોવરમાં પાણી પીવા આવેલા ઘોડાનું મૃત્યુ અને તેનો મોક્ષ થયો તે પ્રસંગ શ્રીમહાપ્રભુજી આપશ્રીના સેવકોને દિવ્યદૃષ્ટિ આપી કરાવી રહ્યા છે.



શ્રી નંદગામનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

કહ્યું: 'હું આ જન્મમાં શૂદ્ર મોચી નથી, વૈષ્ણવ છું.' રાજાએ કહ્યું: 'તું મોચી નથી, તે કેવી રીતે?' ભલા, બ્રાહ્મણ ભ્રષ્ટ થઈને શૂદ્ર બને, પણ શૂદ્ર કદી બ્રાહ્મણ બની શકે ખરો? નેવનાં પાણી મોભે ગયાં સાંભળ્યાં છે? દૂધમાંથી છાશ થાય, છાશમાંથી દૂધ બને ખરું? સંગજીભાઈએ કહ્યું: 'અમારા ગુરુદેવની કૃપાથી તેમ પણ થાય!' ત્યારે રાજાએ છાશની દોણી મંગાવી કહ્યું : 'આ છાશનું દૂધ કરી આપો!! સંગજીભાઈએ તેના ઉપર પ્રસાદી ઉપરણો ઢાંકી, શ્રીગુસાંઈજીને વિનંતી કરી: 'હે પ્રભુ, જો આપે મને બ્રહ્મસંબંધ આપી વૈષ્ણવ કર્યો હોય, અને મારો નવો આધ્યાત્મિક જન્મ થયો હોય તો આ છાશમાંથી દૂધ બની જજો.' ભગવદ્ કૃપાથી દોણીમાંની છાશ દૂધમાં ફેરવાઈ ગઈ. આ જોઈને રાજા તેમને નમી પડ્યા.

આવું અદ્ભુત ચરિત્ર શ્રીનંદગામનાં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું. અહીં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. ત્યાં શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૫૭) શ્રી કોકિલાવનનાં બેઠકજીનું ચરિત્ર

નંદગામથી કોકિલા વન જવાય છે. વ્રજનાં ૧૨ વનોમાં આ વન પણ ખૂબ સુંદર છે. ત્યાંનાં સઘન વૃક્ષોની વનરાજીમાં મોર, કોકિલા વગેરે પક્ષીઓ પુષ્કળ પ્રમાણમાં હોવાથી તેનું નામ કોકિલાવન પડેલું છે. આ સ્થાન અત્યંત રળિયામણું હોવાથી, અહીં શ્રીકૃષ્ણ કુંડ ઉપર, છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી એક માસ સુધી બિરાજ્યા હતા. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું.

તે વખતે વિષ્ણુસ્વામી સંપ્રદાયના ચતુરાનાગા નામના એક સાધુ પોતાના એક હજાર સેવકો સાથે ત્યાં રહેતા હતા, તેમણે શ્રીમહાપ્રભુજી પાસે આવી, પ્રણામ કરીને વિનંતી કરી: 'મહારાજ, આપ વૈષ્ણવ આચાર્ય છો, માટે આપ મારા હજાર સાધુઓને ભોજન કરાવો.' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'ભલે, આજે તમને ભોજન કરાવીશું.' આપશ્રીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી:, 'નંદગામ જઈ પાંચ શેર દૂધ લઈ આવો.' દૂધ આવતાં વાસુદેવદાસ છકડાને તેની ખીર સિદ્ધ કરવા આજ્ઞા કરી. શ્રીમહાપ્રભુજીએ ખીરના વાસણ ઉપર દૃષ્ટિ કરતાં તે અક્ષય બની ગઈ. પાંચ શેર દૂધની ખીરમાંથી હજાર સાધુઓએ ધરાઈ ધરાઈને પ્રસાદ લીધો, છતાં તે વાસણમાંથી લેશમાત્ર ઘટી નહિ. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વાસુદેવદાસે તે ખીર બીજા વાસણમાં ઠલવી, ત્યારે તે ઘટી.

આશાબેન બાલકૃષ્ણ શાહ, સુરતના જયશ્રીકૃષ્ણ.

(૫૭) શ્રી કોકિલાવનનાં બેઠકજી

(બેઠક : ૨૦)



કોકિલાવનમાં રહેતા ચતુરા નાગા નામના સાધુ શ્રીમહાપ્રભુજી પાસે આવી પોતાના હજારો સાધુઓને ભોજન કરાવવાની માગણી કરી રહ્યા છે.



શ્રી કોકિલાવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

આ ચમત્કાર જોઈને ચતુરાનાગાએ હાથ જોડી વિનંતી કરી: 'મહારાજ, મને સેવક કરો.' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'મારા પૌત્ર શ્રી ગોકુલનાથજી તમને સેવક કરશે.' ચતુરાનાગાએ કહ્યું: 'મહારાજ, ત્યાં સુધી આ દેહનો ભરોસો શો?' આપશ્રીએ આજ્ઞા કરી: 'તમારું આયુષ્ય એકસો પચાસ વર્ષનું છે. હજી તમને ચાલીસ વર્ષ થયાં છે, માટે તમે ચિંતા કરશો નહિ.' આમ આજ્ઞા કરી, શ્રીમહાપ્રભુજી કોકિલાવનથી આગળ પધાર્યા.

ચતુરાનાગા વ્રજમાં ફરતા રહેતા અને રોજ શ્રીનાથજીના શૃંગારનાં દર્શન કરતા. એક સમયે ઘણાં વર્ષો પછી શ્રીગોકુલનાથજી માળાતિલકના ઝઘડા વખતે મથુરા પધાર્યા, ત્યાં રસ્તામાં ચતુરાનાગા મળ્યા. શ્રીગોકુલનાથજીએ તેમને ઠપકો આપ્યો. 'અમે ગૃહસ્થ થઈને માળાતિલક ઉતાર્યાં નથી, અને તમે સંન્યાસી થઈને માળા ઉતારી, તે ઠીક નથી કર્યું,' ત્યારે ચતુરાનાગાએ વિનંતી કરી: 'મહારાજ, મારી ભૂલ ક્ષમા કરો. આપ માળા પહેરાવો તો જ હવે હું પહેરીશ.' શ્રીગોકુલનાથજીએ સ્વહસ્તે તેને માળા પહેરાવી, અષ્ટાક્ષર મંત્ર આપી, સેવક કર્યો. આ ચતુરાનાગા પોતાના હજાર સાધુઓ સાથે કાશ્મીરના વિકટ પ્રદેશમાં શ્રીગોકુલનાથજીની સેવા કરવા સાથે ગયા હતા. તેમની અવસ્થા પૂર્ણ થતાં તેમણે ગોવિંદકુંડ ઉપર સમાધિ લીધી હતી. ત્યાં આજે પણ ચતુરાનાગાની સમાધિનું સ્થળ વિદ્યમાન છે.

અહીં કોકિલાવનમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રકટ બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. ત્યાં દંડવત કરી, આપણે આગળ વધીએ.

શ્રી બચ્છવનનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી કોકિલાવનથી ચમેલીવન, શેષસાઈ, ખેલનવન, ચિરઘાટ થઈ બચ્છવન પધાર્યા. વત્સવનનું અપભ્રંશ બચ્છવન થયું છે. આ સ્થાને બ્રહ્માજી વાછરડાનું હરણ કરી ગયા હોવાથી, તેને વત્સવન કહેવામાં આવે છે. અહીં ટેકરી ઉપર, છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજી પાસપાસે આવેલાં છે. આ બેઠકજીનું ચરિત્ર બેઠક-ચરિત્રમાં પ્રસિદ્ધ નથી. , પરંતુ શ્રીગુસાંઈજીની વનયાત્રાની પ્રાચીન હસ્તલિખિત પ્રતમાં આ બેઠકજીનું ચરિત્ર પ્રગટ છે. શ્રીમહાપ્રભુજીને અલીખાન પઠાણ નંદગામથી અહીં પધરાવી લાવ્યા હતા. અલીખાને ગામમાંથી દૂધ અને ખાંડ લાવીને શ્રીમહાપ્રભુજીને આપતાં આપશ્રીએ અહીં ખીરની સામગ્રી સિદ્ધ કરી શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી હતી. અહીં દંડવત કરી, આપણે આગળ વધીએ.

જયાબેન ગોરધનભાઈ કોરડીયા, કેશોદના જયશ્રીકૃષ્ણ.

(૫૮) શ્રી ભાંડીરવનનાં બેઠકજી

(બેઠક : ૨૧)



મધ્વ સંપ્રદાયના મહંત સ્વામી વ્યાસતીર્થ શ્રીમહાપ્રભુજીને મધ્વ સંપ્રદાયનું આચાર્યપદ સંભાળવાની અને પોતાના મઠની સમૃદ્ધિ આનંદથી ભોગવવાની વિનંતી કરે છે. રાત્રે વિષ્ણુદૂતો તેમને આ અપરાધ માટે મારી રહ્યા છે. સવારે વ્યાસતીર્થજી આવી મહાપ્રભુજીની ક્ષમા માગે છે.



શ્રી ભાંડીરવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

બચ્છવનથી શ્રી યમુનાજી પાર કરી, સામે કાંઠે થોડુંક ચાલતાં ભદ્રવન આવે છે, ત્યાંથી આગળ ભાંડીરવન જવાય છે.

(૫૮) શ્રી ભાંડીરવનનાં બેઠકજીનું ચરિત્ર:

શ્રીમહાપ્રભુજી અહીં ભાંડીરવનમાં બિરાજ્યા, ત્યારે સાત દિવસ સુધી અહીં બિરાજીને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. તે વખતે મધ્વ સંપ્રદાયના એક મહંત સ્વામી વ્યાસતીર્થ અહીં મઠ બનાવીને રહેતા હતા. તેમણે શ્રીમહાપ્રભુજી પાસે આવી વિનંતી કરી: 'મહારાજ, આપ મધ્વ સંપ્રદાયનું આચાર્યપદ સંભાળી, મારા મઠમાં બિરાજો. મારી પાસે પુષ્કળ સમૃદ્ધિ છે. તે સર્વ આનંદથી ભોગવો.' ત્યારે આપશ્રી મૌન રહ્યા. રાત્રિએ વિષ્ણુદૂતો મોટાં મગદળ લઈને વ્યાસતીર્થ પાસે આવ્યા અને તેમને મારવા માંડ્યા. વ્યાસતીર્થને શરીરે ખૂબ પીડા થાય, પણ મારનાર દેખાય નહિ. તેમણે ખૂબ આજીજી કરી ત્યારે વિષ્ણુદૂતોએ દર્શન આપીને કહ્યું: 'તેં કાલે શ્રીમહાપ્રભુજી સાથે અવિવેક કર્યો છે, માટે તારા અપરાધનો દંડ આપવા ભગવદ્ આજ્ઞાથી અમે આવ્યા છીએ.' વ્યાસતીર્થજીએ ખૂબ વિનંતી કરી, ત્યારે વિષ્ણુદૂતોએ આવો અપરાધ ન કરવાની ચેતવણી આપી. આમ, શ્રીમહાપ્રભુજીએ વ્યાસતીર્થજીને પોતાનો ચમત્કાર બતાવ્યો, તેથી બીજે દિવસે સવારે આવીને વ્યાસતીર્થજીએ શ્રીમહાપ્રભુજીની ક્ષમા માગી.

આ સ્થાનમાં ઘણા સમય સુધી બેઠકજી ગુપ્ત બિરાજતાં હતાં, તે હવે પ્રગટ થયાં છે. પણ સેવાનો પ્રકાર સાધારણ છે. અહીંથી આગળ શ્રીમહાપ્રભુજી માનસરોવર પધાર્યા. માનસરોવર પધારતાં રસ્તામાં આપશ્રીએ અત્યારના વૃંદાવનમાં મુકામ કર્યો. આપણે પણ હવે શ્રીમહાપ્રભુજીને અહીં દંડવત કરી, વૃન્દાવન જઈએ.

(૫૯) શ્રી વૃન્દાવનનાં બેઠકજીનું ચરિત્ર

વૃંદાવનમાં બંસીબટની પાસે કદંબના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી અને શ્રીદામોદરદાસ હરસાનીજીની ચારેય બેઠકો પાસપાસે આવેલી છે. પ્રભુને કદંબનું વૃક્ષ અતિ પ્રિય હતું, માટે શ્રીમહાપ્રભુજીને પણ કદંબનું વૃક્ષ અતિ પ્રિય છે. આપશ્રીએ પ્રથમ પસંદગી છોંકરના વૃક્ષને અને બીજી પસંદગી કદંબના વૃક્ષને આપી છે. કદંબ માટે સંસ્કૃતમાં 'નીપ' શબ્દ છે. જેનો અર્થ થાય છે વિશેષ કરીને હંમેશ જે કામરસનું પાન કરે છે તે વનસ્પતિ. એ વૈષ્ણવનું સ્વરૂપ હોવાથી

ચિ. ઉદય, સૌ. તૃપ્તિ અને પરિવાર, ભરૂચ હસ્તે. હર્ષદભાઈ હરીલાલ શાહના જયશ્રીકૃષ્ણ.

---

(૫૯) શ્રી વૃન્દાવનનાં બેઠકજી

(બેઠક : ૪)



શ્રીમહાપ્રભુજી ગોપાલદાસ ગોડિયાને આશીર્વાદ આપી રહ્યા છે કે પીઠિકામાં શાલિગ્રામજી બિરાજતા હશે તેવું તારી આસક્તિનું સ્વરૂપ કાલે તને પ્રાપ્ત થશે.



શ્રી વૃન્દાવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આ કદંબનું વૃક્ષ હંમેશ પોતાની નીચે બિરાજતા પ્રભુની અલૌકિક લીલાનું, અલૌકિક કામરસનું સદૈવ પાન કરે છે, માટે તે વૃક્ષ શ્રીઠાકોરજીને અને શ્રીમહાપ્રભુજીને ખૂબ જ પ્રિય છે.

અહીં બિરાજીને શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. આ સ્થળે આપશ્રીએ બે અલૌકિક ચરિત્રો પ્રગટ કર્યાં. આપશ્રીના એક કૃપાપાત્ર વૈષ્ણવ પ્રભુદાસ જલોટા ક્ષત્રિય હતા. તેમને એક દિવસ શ્રીમહાપ્રભુજીએ પોતાનો સખડી મહાપ્રસાદ આપ્યો, ત્યારે પ્રભુદાસે વિનંતી કરીઃ 'મહારાજ, મેં સ્નાન નથી કર્યું, તેથી સખડી મહાપ્રસાદ કેવી રીતે લઉં?' શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરીઃ 'પદ્મપુરાણ'માં વૃન્દાવન-માહાત્મ્યના પ્રકરણમાં બે શ્લોક છે. જેમાં શ્રી વૃન્દાવનનું અલૌકિક સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. વૃન્દાવનના પ્રત્યેક વૃક્ષ ઉપર વેણુધારી પ્રભુ બિરાજે છે. અને દરેક વૃક્ષના એક એક પાન ઉપર ચતુર્ભુજ ભગવાન બિરાજે છે. આવું દિવ્ય અલૌકિક વૃન્દાવન છે. જયાં દરેક સ્થળે ભગવદ્ દર્શનના આનંદ સિવાય બીજા કશાનો વિચાર જ કરવાનો હોય નહિ, માટે અહીં સ્નાન કર્યું છે કે નથી કર્યું, એની ફિકર ન કરતાં આચારધર્મને ગૌણ કરી, ભગવદ્સ્મરણના વિચારધર્મને પ્રાધાન્ય આપવું જોઈએ. માટે અહીં સ્નાન કર્યા વિના મહાપ્રસાદ લેવાથી આચારની અશુદ્ધિનો અપરાધ લાગતો નથી. અહીં વ્રજરજથી જ દેહ અને મન પવિત્ર બને છે, માટે મારી આજ્ઞા છે કે, તમે સ્નાનની ચિંતા કર્યા સિવાય મહાપ્રસાદ લો.

આમ, આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ આપણને વ્રજભૂમિનું અલૌકિક સ્વરૂપ બતાવ્યું અને વ્રજરજનું માહાત્મ્ય સમજાવ્યું.

શ્રીમહાપ્રભુજી અહીં વૃન્દાવનમાં બિરાજતા હતા, ત્યારે શ્રીકૃષ્ણ ચૈતન્યના સેવક ગોપાલદાસ ગોડિયા શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે દંડવત કરી, વિનંતી કરીઃ 'મહારાજ, હું શ્રીકૃષ્ણચૈતન્યનો સેવક છું. તેમણે મને શ્રીશાલિગ્રામજીની સેવા પધરાવી આપી છે, પરન્તુ પ્રભુને શૃંગાર કરવાનો મારો મનોરથ છે. તે આ સ્વરૂપમાં સિદ્ધ ન થતાં, હું મનમાં ખૂબ દુઃખ પામું છું. માટે મને કૃપા કરીને મુકુટકાછનીનો શૃંગાર કરી શકાય, તેવું સ્વરૂપ પધરાવી આપવા વિનંતી છે.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કેઃ 'ભગવદ્ સ્વરૂપને બદલી શકાય નહિ. તારો જો સાચો ભાવ હશે તો તેમાંથી જ તારી આસક્તિનું સ્વરૂપ તને પ્રાપ્ત થશે અને તેની પીઠિકામાં શ્રીશાલિગ્રામજી બિરાજશે, માટે તું તારા મનમાં તારી આસક્તિના સ્વરૂપની ભાવના કર. કાલ સવારે તને તેવા સ્વરૂપની પ્રાપ્તિ થશે.'

ગો.વા. હીરજીભાઈ રણછોડભાઈ નસીત તથા નસીત પરિવાર, અમરેલીના જયશ્રીકૃષ્ણ.

બીજા દિવસે સવારે તેને પોતાની આસક્તિનું સ્વરૂપ પ્રાપ્ત થયું, જેમની પીઠિકામાં તેના સેવ્ય શ્રીશાલિગ્રામજી બિરાજતા હતા. ગોપાલદાસજીએ આ સ્વરૂપનું નામ શ્રીરાધારમણજી રાખ્યું. તે ખૂબ પ્રસન્ન થઈને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો અને વિનંતી કરીઃ 'મહારાજ, મને સેવક કરો.' આપે આજ્ઞા કરીઃ 'આ જન્મમાં તો તું શ્રીકૃષ્ણચૈતન્યનો સેવક છે, પરંતુ આવતા જન્મમાં તારો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થશે અને તારું નામ ગોપાલદાસ હશે.' આ ગોપાલદાસજીએ સેવેલા શ્રીરાધારમણજી ઠાકોરજી વૃન્દાવનમાં આજે પણ બિરાજે છે. આવાં બે અલૌકિક ચરિત્રો અહીંના બેઠકજીમાં આપે બતાવ્યાં. આ બેઠકે આપણે દંડવત કરી, હવે માનસરોવર તરફ જઈએ.

(૬૦) શ્રી માનસરોવરનાં બેઠકજીનું ચરિત્ર

વૃંદાવનથી કેશીઘાટ થઈ, નાવમાં બેસી શ્રી યમુનાજીને સામે પાર લોહવન થઈ, માનસરોવર જવાય છે. શ્રી માનસરોવરનું સ્થળ સ્વચ્છ જળ અને કિનારા ઉપરનાં વૃક્ષલતાઓથી પરમ શોભાયમાન છે. સરોવરમાં ઊગતાં કમળ-કુમુદિનીની મીઠી સુગંધ આપણા હૃદયમાં દિવ્ય ભાવ પ્રગટ કરે છે. આવા રમણીય સ્થાનમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીનું માન ચતુરાઈપૂર્વક છોડાવ્યું હતું. અહીં શ્રીસ્વામિનીજીનાં બેઠક તથા શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પાસપાસે આવેલાં છે.

શ્રીમહાપ્રભુજીએ અહીં ત્રણ દિવસ સુધી બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. એક દિવસ અર્ધરાત્રિએ સૌ સૂઈ ગયાં હતાં, ત્યારે શ્રીદામોદરદાસ હરસાનીજી ઊઠ્યા. તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન ન થયાં, એટલે ચિંતા થવા લાગી. ત્યાં શ્રીમહાપ્રભુજી દિવ્ય અલૌકિક શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ ધારણ કરી પધાર્યા, આવાં અદ્ભુત દર્શન થતાં શ્રીદામોદરદાસજીએ સાષ્ટાંગ દંડવત કરી, વિનંતી કરીઃ કૃપાનાથ, આજે આપે સેવકને અલૌકિક સુખનું દાન કર્યું. આપ કયાં પધાર્યા હતા?' આપશ્રીએ આજ્ઞા કરીઃ 'દમલા, આજે શ્રીસ્વામિનીજીએ ગાઢ માન કર્યું હતું, એટલે તેમને મનાવી, શ્રીનાથજીની પાસે પધરાવી પાછો આવ્યો છું.' આ જાણી શ્રીદામોદરદાસ હરસાનીજી બહુ જ પ્રસન્ન થયા.

અહીં બેઠકજી પ્રગટ બિરાજે છે, સેવાનો પ્રકાર ચાલે છે. ત્યાં દંડવત કરી, આપણે હવે શ્રીમદ્ ગોકુળ તરફ જઈએ. માનસરોવરથી શ્રી દાઉજી થઈ મહાવન થઈ, શ્રીગોકુળ જવાય છે.

ગો.વા. શ્રી રસીકલાલ શામળદાસ મણીયાર, જૂનાગઢ હ. ગં.સ્વ. કુન્દનબેનના જયશ્રીકૃષ્ણ.

(૬૦) શ્રી માનસરોવરનાં બેઠકજી

(બેઠક : ૨૨)



શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજીનું માન છોડાવી, આપશ્રીને નિકુંજમાં શ્રીઠાકોરજી પાસે પધરાવી રહ્યા છે.



શ્રી માનસરોવરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

---

(૬૧) શ્રીમદ્ ગોકુળનાં બેઠકજીનું ચરિત્રઃ

(શ્રીગોવિંદઘાટનાં બેઠકજીનું ચરિત્ર)

વ્રજયાત્રા કરતાં કરતાં શ્રીમહાપ્રભુજી પોતાના સેવકો સાથે શ્રીમદ્ ગોકુળ પધાર્યા. શ્રીમદ્ ગોકુળ એટલે પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ પ્રભુનું પ્રાગટ્ય સ્થાન અને અલૌકિક લીલાભૂમિ. ભક્તોએ તેથી જ હરહંમેશ શ્રીગોકુળવાસ ઈચ્છ્યો અને ગાયું છે કેઃ

'સદા મન શ્રીગોકુલમેં રહિયે,
ગોવિંદઘાટ છોંકરકી છૈયાં બેઠકદર્શન પઈયે.'

આવા શ્રીમદ્ ગોકુળમાં બિરાજતા શ્રીગોકુલેશ પ્રભુનું સુંદર નિરૂપણ શ્રીગુસાંઈજીએ 'શ્રીમદ્ગોકુલાષ્ટક' નામના સ્તોત્રમાં કર્યું છે. ભક્તકવિ ભીમે પણ આતુરતાપૂર્વક શ્રીગોકુળ જવાની પોતાની ઉત્કટ અભિલાષા વ્યક્ત કરી છે.

શ્રીનારાયણદાસ દિવાને પણ એક વ્રજવાસીને પોતાની પાસે રાખી, તેને એટલું જ કામ સોંપ્યું હતું કે, દર પાંચ મિનિટે 'ભૈયા, શ્રીગોકુલ કબ ચલોગે?' પૂછી શ્રીગોકુળનું સ્મરણ કરાવવું. શરીર વ્યવહારગ્રસ્ત રહેતું હોય ત્યારે આવી રીતે મનનો દોર સદા શ્રીગોકુળ સાથે સંધાયેલો રહે તે ખૂબ જરૂરી છે. જેણે એકવાર શ્રીગોકુળનો અલૌકિક રસ ચાખ્યો છે, તેને લાખ પ્રકારના લોભ બતાવવા છતાં તેનું મન બીજે કયાંય ભટકતું નથી. માટે શ્રીહરિરાયજી ગાય છે કેઃ

'જો કોઈ શ્રીગોકુલરસ ચાખે,
તાકો ચિત અનત નહિ ભટકે લોભ દિખાવો લાખે.'

ભક્તકવિ શ્રીવ્યાસદાસજી પણ સ્વયં અનુભવ કરીને કહે છે કેઃ 'દેખો યા લોકમેં ગોકુલ ગોલોક હૈ.'

આવા અપાર મહિમાવાન શ્રીમદ્ ગોકુળનાં યશોગાન પામર જીવ શું ગાઈ શકે?

શ્રીમહાપ્રભુજી જયારે અહીં પધાર્યા ત્યારે શ્રીગોકુળ વસ્યું નહોતું. ત્યાં કેવળ ગાઢ વન આવેલું હતું. આપશ્રી શ્રીદામોદરદાસ હરસાની સાથે શ્રીયમુનાજીના કિનારે પધાર્યા. શ્રીયમુનાજીનાં દર્શન કરતાં જ આપશ્રીના હૃદયમાં અલૌકિક આનંદ પ્રગટયો. તે દિવસ વિ.સં. ૧૫૪૯ના શ્રાવણ સુદ-૩ ઠકરાણી ત્રીજનો દિવસ હતો. આપશ્રીએ શ્રીદામોદરદાસજીને આજ્ઞા કરીઃ 'દમલા, શ્રીયમુનાજીના કિનારે અહીં ગોવિંદઘાટ અને ઠકરાણી ઘાટ આવેલ છે. મહાવનથી ગોવિંદઘાટ સુધી શ્રીઠાકોરજીની હદ છે. ઠકુરાણીઘાટથી રાવલ સુધી શ્રીસ્વામિનીજીની હદ છે, પરંતુ અહીં કોઈ વ્યક્તિ નથી, જે આપણને આ બંને ઘાટ બતાવે.'

અ.સૌ. કોકીલાબેન રમેશચંદ્ર દેસાઈ, ઈન્દોરના જયશ્રીકૃષ્ણ.

(૬૧) શ્રીમદ્ ગોકુળનાં બેઠકજી

(બેઠક : ૧)



શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ, શ્રીમહાપ્રભુજી પાસે પધારી, શ્રીઠાકોરજીએ જીવોને બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા કરી ત્યારે શ્રીમહાપ્રભુજી કેસરથી રંગેલું પવિત્રું શ્રીઠાકોરજીને ધરી રહ્યા છે.



શ્રીમદ્ ગોકુળ (ગોવિંદઘાટ)નાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

ત્યારે શ્યામસુંદર શ્રી યમુનાજી પોતાના આધિભૌતિક જળપ્રવાહ ઉપરથી સુંદર વસ્ત્રો અને ષોડશ શૃંગાર સજી, શ્રીહસ્તમાં કમળની માળા ધારણ કરી, શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યાં. આપશ્રીએ અતિ આનંદપૂર્વક શ્રીયમુનાજીને દંડવત કરી, વિનંતી કરીઃ 'આપે અહીં પધારવાનો શ્રમ કેમ લીધો?' શ્રીયમુનાજીએ આજ્ઞા કરીઃ 'આપ જયાં બિરાજો છો, તે જ ગોવિંદઘાટ છે. અને આપની જમણી બાજુએ ઠકુરાણીઘાટ આવેલો છે. અહીં જે છોંકરના વૃક્ષ નીચે આપ બિરાજો છો, તે બ્રહ્મનું સ્વરૂપ છે. માટે આપ અહીં જ બિરાજો.' શ્રીયમુનાજીની આ આજ્ઞા સાંભળી, શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા અને 'શ્રીયમુનાષ્ટક'ના નવ શ્લોકોથી સુમધુર પૃથ્વી છંદમાં શ્રીયમુનાજીની સ્તુતિ કરી. શ્રીયમુનાજી અંતર્ધાન થતાં આપે દામોદરદાસજીને આજ્ઞા કરીઃ 'દમલા, જોયું ને, શ્રીયમુનાજી કેવાં પરમ ઉદાર છે!'

પછી આપશ્રીએ ત્યાં બિરાજી, શ્રીયમુનાજીમાં સ્નાન કરી, શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ કર્યો. શ્રાવણ સુદ એકાદશીના દિવસે શ્રીમદ્ ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ થઈ. રાત્રિના સમયે આપશ્રી શ્રીયમુનાજીના કિનારે પોઢ્યા હતા. સૂતાં સૂતાં આપશ્રીને દૈવી જીવોના ઉદ્ધારની ચિંતા થઈ. આ દૈવી જીવો પાંચ દોષથી ભરેલા અને સ્વભાવે દુષ્ટ છે. જયારે પ્રભુ સર્વ દિવ્ય ગુણોથી અલંકૃત અને નિર્દોષ છે. સદોષ જીવનો નિર્દોષ ભગવાન સાથે સંબંધ કેવી રીતે થાય? આમ વિચારતાં વિચારતાં મધરાત થઈ ગઈ. પ્રભુ આચાર્યચરણનો સંદેહ દૂર કરવા શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિએ ત્યાં પધાર્યા. આપશ્રીએ સુંદર કેસરી ધોતી-ઉપરણાનો શૃંગાર ધારણ કર્યો હતો. શ્રીમસ્તક પર કેસરી પાઘમાં મોરચંદ્રિકા શોભતી હતી. મંદ મંદ સ્મિત કરતા, ચરણારવિંદનાં નૂપુરનો કલરવ કરતા, શ્રીહસ્તમાં લાલ લકુટી ધારણ કરીને જયારે શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યા ત્યારે મેઘલી અંધારી રાત્રે ગોવિંદઘાટ ઉપર દિવ્ય અલૌકિક તેજ છવાઇ ગયું. આપે શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી, 'તમે ચિંતા કરશો નહિ. આ બ્રહ્મસંબંધ મંત્ર હું તમને આપું છું. તે તમે જે જીવને આપશો તે જીવને હું કદાપિ છોડીશ નહિ. હું તેને જરૂર અંગીકાર કરીશ.' શ્રીઠાકોરજીનાં આ વચનો સાંભળી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. આપશ્રીએ સિદ્ધ કરેલું, કેસરથી રંગેલું, સૂતરનું પવિત્રું શ્રીઠાકોરજીને ધરાવી, મિસરીનો ભોગ ધરી, શ્રીપ્રભુના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરતાં કરતાં શ્રીમધુરાષ્ટક દ્વારા આપશ્રીની સ્તુતિ કરી. પછી ત્યાંથી શ્રીગોકુલચંદ્રમાજી અંતર્ધાન થઈ ગયા.

એક વૈષ્ણવ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજીએ થોડેક દૂર સૂઈ રહેલા દામોદરદાસજીને બૂમ પાડી, આજ્ઞા કરી: ‘દમલા, તેં કંઈ સાંભળ્યું?’ દામોદરદાસજીએ ભગવદ્ કૃપાથી આ સર્વ પ્રસંગનાં દર્શન અને શ્રવણ તો કર્યા હતાં, પરન્તુ પોતાનો દાસભાવ વ્યકત કરવા માટે અને પોતાના શ્રીગુરુદેવના વચનામૃત દ્વારા વિશેષ સમજવા માટે તેમણે દીનભાવે વિનંતી કરી: ‘કૃપાનાથ, સાંભળ્યું તો ખરું, પણ સમજણ ન પડી.’ શ્રાવણ સુદ બારસનું પ્રભાત થવાની તૈયારી હતી, તેથી આપશ્રીએ દામોદરદાસજીને આજ્ઞા કરી: ‘શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો.’ તેઓ સ્નાન કરીને આવ્યા ત્યારે પોતાના સેવ્યસ્વરૂપ શ્રીમુકુંદરાયજીની સન્મુખ, દામોદરદાસજીને હાથમાં તુલસીદળ આપી, બ્રહ્મસંબંધ મંત્ર બોલાવી, તુલસીદળ શ્રીઠાકોરજીનાં ચરણારવિંદમાં સમર્પિત કરી, બ્રહ્મસંબંધ આપ્યું. આ બ્રહ્મસંબંધનું રહસ્ય સમજાવવા આપશ્રીએ દામોદરદાસજીને ‘સિદ્ધાંત રહસ્ય’ નામનો ગ્રંથ રચી સમજાવ્યો. આમ, આ દિવસે ભગવદિચ્છાથી પુષ્ટિમાર્ગનું પ્રાગટ્ય શ્રીમદ્ ગોકુળમાં થયું. માટે આ દિવસ આપણા સંપ્રદાયમાં પુષ્ટિમાર્ગના પ્રાગટ્ય મહોત્સવ તરીકે જ ખૂબ આનંદથી મનાવાય છે. તે દિવસે આપણે શ્રીમહાપ્રભુજીના ભાવથી શ્રીગુરુદેવને પવિત્રાં ધરાવી, બ્રહ્મસંબંધ મંત્રનું સ્મરણ કરીએ છીએ.

જયાં ગોવિંદઘાટ ઉપર છોંકરના વૃક્ષ નીચે બિરાજી શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું અને પ્રભુ દ્વારા બ્રહ્મસંબંધની આજ્ઞા મેળવી, દામોદરદાસજીને પ્રથમ બ્રહ્મસંબંધ આપ્યું, તે સ્થાને આજે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. આ બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીની બાજુમાં જ શ્રીનાથજી પણ બિરાજે છે. શ્રીમદ્ ગોકુળ જઈએ ત્યારે દરરોજ અહીં શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની સેવા કરી, ભોગ ધરી, આ સ્વરૂપોનાં સાંનિધ્યમાં બેસી, બ્રહ્મસંબંધ મંત્રનો જપ અવશ્ય કરવો જોઈએ.

(૬૨) શ્રી બડી બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ગોકુળમાં બિરાજતા ત્યારે આપશ્રી સંધ્યાવંદન, જપપાઠ અને શ્રીમદ્ ભાગવત પારાયણ ગોવિંદઘાટ ઉપર કરતા. ગોવિંદઘાટના પાછળના ભાગમાં જયાં બડી બેઠક આવેલાં છે, ત્યાં આપશ્રી સામગ્રી સિદ્ધ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરાવી, બપોરના સમયમાં વિશ્રામ અને ભગવદ્વાર્તા કરતા.

એક વખત વૃન્દાવનના ચૈતન્ય સંપ્રદાયના સંત-મહંતોએ વિચાર કર્યો કે: ‘આપણે શ્રનાથજીની સેવા કરીએ’. ત્યારે શ્રીનાથજીએ તેમને આજ્ઞા કરી: ‘મારી

નંદકુમાર ઘનશ્યામલાલ અને સૌ. પદમાવતી નંદકુમાર, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

(૬૨) શ્રી બડી બેઠકજી

(બેઠક : ૨)



ચૈતન્ય સંપ્રદાયનો એક વિરક્ત સેવક શ્રીમહાપ્રભુજી સમક્ષ પોતાનો બટવો શ્રીમહાપ્રભુજીના સેવકોએ ચોરી લીધો છે તેવી ફરિયાદ કરે છે.



શ્રી બડી બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

સેવા તો શ્રીમહાપ્રભુજી કરશે. તમને કેવળ ભગવદ્ નામ-સ્મરણનો અધિકાર છે. માટે તમે મારું નામ-સ્મરણ કરો.' આ સંત-મહંતોને શ્રીમહાપ્રભુજીની ઈર્ષા આવી. તેથી શ્રીમહાપ્રભુજીની કસોટી કરવા માટે તેમણે શ્યામાનંદ નામના એક વિરક્ત સાધુને શ્રીમહાપ્રભુજી પાસે ગોકુળ મોકલ્યા. શ્યામાનંદ ગોકુળ આવ્યા ત્યારે શ્રીમહાપ્રભુજી બપોરે આ બડી બેઠકજીમાં વિશ્રામ કરતા હતા. શ્યામાનંદે પોતાના ઈષ્ટદેવ શાલિગ્રામજીનો બટવો બેઠક પાસે આવેલા છોંકરના વૃક્ષની ડાળીએ લટકાવ્યો અને શ્રીમહાપ્રભુજી પાસે ગયા. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી, તેઓ બહાર આવ્યા ત્યારે વૃક્ષની ડાળી ઉપર બટવો દેખાયો નહિ. તેમણે ફરી શ્રીમહાપ્રભુજી પાસે જઈ ફરિયાદ કરી: 'આપના સેવકોએ મારો બટવો ચોરી લીધો છે.' શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'મારા સેવક કદી ચોરી કરે નહિ, તમે ફરી જઈને તપાસ કરો.' તેમણે પાછા આવીને જોયું તો વૃક્ષની પ્રત્યેક ડાળી ઉપર પોતાના બટવા જેવા જ અનેક બટવા લટકેલા હતા. તેથી તેમને આશ્ચર્ય થયું. તેમણે ફરી શ્રીમહાપ્રભુજી પાસે આવીને કહ્યું: 'મહારાજ, ત્યાં તો અનેક બટવા છે. તેમાંથી મારો બટવો હું કેવી રીતે શોધું?' શ્રીમહાપ્રભુજીએ મંદ મંદ સ્મિત કરતાં આજ્ઞા કરી: 'શ્યામાનંદજી, તમે તમારા ઈષ્ટદેવને ઓળખી શકતા નથી, તો સેવા કેવી રીતે કરશો? ફરીવાર જઈને જુઓ.' તેઓ બહાર આવ્યા ત્યારે તે વૃક્ષ ઉપર તો તેમનો એક જ બટવો લટકતો હતો. તે લઈ શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, તેઓ પાછા વૃંદાવન ગયા. પોતાનો અનુભવ બધા સંત-મહંતોને કહ્યો અને કહ્યું કે: 'શ્રીમહાપ્રભુજી તો સાક્ષાત્ ઈશ્વર છે.'

શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ગોકુળમાં બિરાજતા હતા ત્યારે જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. આપશ્રીએ જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ આનંદપૂર્વક મનાવવાનું નક્કી કર્યું. તે વખતે આપશ્રીની પાસે શ્રીનવનીતપ્રિયાજી બિરાજતા હતા. આપશ્રીએ પોતાની ધોતીનું પલનું બનાવી તેમાં શ્રીનવનીતપ્રિયાજીને પધરાવી, નંદ મહોત્સવ મનાવ્યો. ત્યારે 'સારસ્વત કલ્પ'ની શ્રીમદ્ ગોકુળની નંદ મહોત્સવની અલૌકિક લીલાસામગ્રી ત્યાં પ્રગટ થઈ અને શ્રી નંદરાયજી શ્રીયશોદાજી સહિત સર્વ ગોપીગ્વાલ ત્યાં પધાર્યા. ખૂબ અલૌકિક એવો નંદ મહોત્સવ ત્યાં થયો. શ્રીમહાપ્રભુજીએ સાથેના વૈષ્ણવોને આ અલૌકિક મહોત્સવનાં દર્શન કરાવ્યાં.

એવાં આ બડી બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યાનો ઉલ્લેખ મળતો નથી. માત્ર બિરાજવાનો ઉલ્લેખ મળે છે. આપશ્રીની બાજુમાં શ્રીગુસાંઈજીનાં અને શ્રીનવનીતપ્રિયાજીનાં બેઠકજી પણ આવેલાં છે. આ બેઠકજીએ સેવા પ્રકાર સુંદર રીતે ચાલે છે. ત્યાં આપણે શ્રીમહાપ્રભુજીને દંડવત કરીએ.

જાગૃતિબેન હરેશભાઈ શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૬૩) શ્રીશચ્યામંદિરનાં બેઠકજીનું ચરિત્ર

આજે શ્રીગોકુળમાં બડી બેઠકની બાજુમાં શ્રીદ્વારકાધીશજીનું મંદિર આવેલું છે. તે સ્થાનમાં શ્રીમહાપ્રભુજી રાત્રિનિવાસ કરતા હતા. અને તે સ્થાનમાં આજે આપશ્રીનાં શ્રી શય્યામંદિરનાં બેઠકજી આવેલાં છે. તે બેઠકજી શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં છે.

શ્રીમહાપ્રભુજી જયારે અહીં પોઢતા હતા ત્યારે તે જમીનની નીચે પર્ણકુટિ બાંધીને એક યોગેશ્વર ઘણા લાંબા સમયથી તપશ્ચર્યા કરતા હતા. શ્રીમહાપ્રભુજીને ત્યાં પધારેલા જાણી, આ યોગેશ્વર શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યા. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી, દંડવત કરી, વિનંતી કરી: 'મહારાજ, આપનાં દર્શન થતાં આજે મને મારી સેંકડો વર્ષોની તપસ્યાનું ફળ એટલે ભગવદ્દર્શનની પ્રાપ્તિ થઈ છે. આજે મારું જીવન ધન્ય બની ગયું છે. મહારાજ, આપશ્રીનો પ્રતાપ ભૂતલ પર સદાય માટે તપતો રહેશે. શ્રીમદ્ ગોકુળ ફરી વાસ વસશે. ત્યારે અહીં આપના સાત પૌત્રોનાં સાત મંદિરો થશે. આ સ્થાને પણ સુંદર મંદિર બનશે, પરંતુ તે વખતે મને અહીંથી કોઈ હઠાવે નહિ, તેવી આજ્ઞા કરો.' શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'અમારી આજ્ઞા છે. તમને કોઈ હઠાવશે નહિ.' તે યોગેશ્વર ફરી તેમની પર્ણકુટિમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા.

સમય જતાં આ સ્થાનમાં શ્રીગુસાંઈજીના પુત્ર શ્રીબાલકૃષ્ણલાલજીના પુત્ર શ્રીદ્વારકેશજીએ નવું મંદિર તૈયાર કરાવ્યું. તેનો પાયો ખોદતાં આ યોગેશ્વરની પર્ણકુટિ નીકળી. શ્રીદ્વારકેશજીએ તેમને ત્યાંથી ખસી જવા કહ્યું. યોગેશ્વરે કહ્યું: 'મને શ્રીમહાપ્રભુજીએ વચન આપ્યું છે કે 'તમને અહીંથી કોઈ હઠાવશે નહિ.' છતાં શ્રીદ્વારકેશજી ન માન્યા ત્યારે યોગેશ્વરની પર્ણકુટિ જમીનમાં સોળ હાથ નીચે ઊતરી ગઈ. ત્યાં મંદિર બન્યું, તેમાં પ્રભુને પધરાવ્યા. પરંતુ દરરોજ રાજભોગ ધરવામાં આવે ત્યારે પ્રભુ આરોગતા નહિ અને સામગ્રીમાં કીડા ઊભરાતા. શ્રીદ્વારકેશજીએ શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીને આ પ્રસંગ કહ્યો, ત્યારે શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી કે 'તમે ભગવદ્ ભક્તનો અપરાધ કર્યો છે, અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, તેથી શ્રીઠાકોરજી તમારા ઉપર અપ્રસન્ન

શીલાબેન હરીકાંતભાઈ પરીખ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

(૬૩) શ્રીશય્યામંદિરનાં બેઠકજી

(બેઠક : ૩)



શ્રીમહાપ્રભુજીના શૈયામંદિરની નીચે જમીનમાં પર્ણકુટિ બાંધી તપ કરી રહેલ એક યોગેશ્વર, પોતાને એ જમીનમાંથી કોઈ હઠાવે નહિ તેવી કૃપા કરવા વિનંતી કરી રહ્યા છે.



શ્રી શય્યામંદિરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

થઈ, તમારી સામગ્રી આરોગતા નથી. પ્રભુ પોતાનો અપરાધ ખૂબ ઉદારતાપૂર્વક ક્ષમા કરે છે, પરંતુ ભગવદીયોનો અને શ્રીમહાપ્રભુજીનો અપરાધ સહન કરી શકતા નથી.' શ્રીપ્રભુને ખૂબ વિનંતી કરવાથી, ક્ષમા આપી અને પછી શ્રીદ્વારકાધીશ પ્રભુ રાજભોગ આરોગવા લાગ્યા.

આમ, આ ચરિત્રમાં આપણને એ સમજાવ્યું કે, આપણે વૈષ્ણવોનો અને શ્રીમહાપ્રભુજીનો અપરાધ કરવાથી સાવચેત રહી, ડરતા રહેવું જોઈએ. વૈષ્ણવોની અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું કદાપિ ઉલ્લંઘન કરી, તેમને અપ્રસન્ન કરવા જોઈએ નહિ.

આ સ્થાનમાં પણ શ્રીમહાપ્રભુજીએ માત્ર રાત્રિનિવાસ કર્યો છે, શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું નથી.

અહીં શ્રીમહાપ્રભુજીની સેવાનો પ્રકાર ચાલે છે. આપણે તેમને દંડવત કરીએ.

આમ, શ્રીમદ્ ગોકુળમાં શ્રીમહાપ્રભુજીનાં ત્રણ બેઠકજી બિરાજે છે. એક જ સ્થળમાં શ્રીમહાપ્રભુજીનાં ત્રણ બેઠકજી હોય, તેવું આ વિશિષ્ટ સ્થાન છે, તેનું કારણ એમ જણાય છે કે શ્રીમહાપ્રભુજીએ ત્રણેય પ્રકારના જીવોનો પોતાના કૃપાબળથી ઉદ્ધાર કર્યો છે. સાત્ત્વિક, તામસ અને રાજસ જીવોનો ઉદ્ધાર કરનાર શ્રીમહાપ્રભુજીનાં અહીં ત્રણ બેઠકજી બિરાજે છે. બીજી દૃષ્ટિએ વિચારીએ તો શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના ઉભય ભાવનું સ્વરૂપ છે. માટે આ ત્રણેય સ્વરૂપોના ભાવથી આ ત્રણ બેઠકજી બિરાજે છે. ત્રીજી રીતે વિચાર કરીએ તો 'ગોકુલ' શબ્દના અનેક અર્થ થાય છે. તેમાંનો એક અર્થ 'ગો' એટલે ઈન્દ્રિયો અને 'કુલ' એટલે સમૂહ. તેથી ગોકુલ એટલે ઈન્દ્રિયોનો સમૂહ. જેમાં એકાદશ ઈન્દ્રિયો આવેલી છે, તેવો આપણો દેહ એટલે ગોકુળ. અને આવા દેહરૂપી ગોકુળમાં જેનું હૃદય કામ, ક્રોધ વગેરે દુર્ગુણોથી મલિન નથી થયું અને દીનતા અને સર્વાત્મભાવપૂર્વકના પ્રેમથી નવનીત જેવું કોમળ છે, ત્યાં સમગ્ર લીલા પરિકર સહિત શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી સાથે શ્રીમહાપ્રભુજી બિરાજે છે. આપણી એકાદશ ઈન્દ્રિયો દ્વારા, મન, વચન, કર્મથી તેમનાં સેવા-સ્મરણ કરવાં જોઈએ. આ ભાવથી પણ શ્રીગોકુળમાં શ્રીમહાપ્રભુજીનાં ત્રણ બેઠકજી બિરાજે છે.

આમ, શ્રીમદ્ ગોકુળમાં પુષ્ટિમાર્ગનું પ્રાગટ્ય થયું હોવાથી શ્રી ગોકુલનાથજીકૃત 'બેઠકચરિત્ર'નો પ્રારંભ શ્રીમદ્ ગોકુળનાં બેઠકજીથી થયેલો છે. આ ત્રણેય બેઠકજીએ આપણે દંડવત કરી, શ્રીમહાપ્રભુજીની સાથે મથુરા પાછા આવીએ. શ્રીમહાપ્રભુજીએ

કરશનદાસ ભગવાનજી શ્રીમાંકર, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

મથુરા પાછા પધારી, મથુરાની અંતર્ગૃહી પરિક્રમા કરી, વિશ્રામઘાટ ઉપર વ્રજયાત્રાનો નિયમ છોડ્યો. આવી રીતે આપશ્રીએ વ્રજયાત્રા પરિપૂર્ણ કરી, હવે અહીંથી આપશ્રી ઉત્તર ભારતની યાત્રા કરવા માટે આગળ પધાર્યા.

(૬૪) શ્રી સોરમજીનાં બેઠકજીનું ચરિત્ર

મથુરાથી બરેલી જતાં સોરોં નામનું ગામ આવે છે. તેનું પ્રાચીન નામ સોરમજી હતું. આ ક્ષેત્ર તે સમયમાં સુકરક્ષેત્રના નામે પ્રસિદ્ધ હતું. એક સમયમાં અહીં શ્રીગંગાજી બિરાજતાં હતાં, ત્યાં સોરમઘાટ ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજયા. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. આ એ જ ક્ષેત્ર હતું, જયાં કૃષ્ણદાસ મેઘન બાલ્યાવસ્થામાં તેમના વિદ્યાગુરુ કેશવાનંદજી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યને દિવસે કેશવાનંદજીને સમાધિમાં ભગવદ્ પ્રાદુર્ભાવનો અનુભવ થયો. તેમણે તે સમાચાર કૃષ્ણદાસને કહેતાં કૃષ્ણદાસજી બદ્રિકાશ્રમ જવાના નિમિત્તે ગુરુની આજ્ઞા લઈ, શ્રીમહાપ્રભુજીની શોધમાં નીકળી પડેલા અને પંપાસરોવર ઉપર આપશ્રીને મળીને શરણે આવેલા, તે ચરિત્ર આપણે અગાઉ જોઈ ગયા છીએ.

કૃષ્ણદાસ મેઘનને હૃદયમાં એવી અભિલાષા હતી કે, જેમના દ્વારા મને પૂર્ણ પુરુષોત્તમ શ્રીમહાપ્રભુજીની પ્રાપ્તિ થઈ, તેમની પ્રાપ્તિ મારા વિદ્યાગુરુ કેશવાનંદજીને પણ થાય તો સારું. તેથી તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી હતી કે: 'મારા ગુરુના આશ્રમમાં પધારો.' પરંતુ આપશ્રી મૌન રહ્યા, તેથી આપશ્રીની ત્યાં પધારવાની અનિચ્છા જાણી. કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ, કેશવાનંદજીના આશ્રમમાં ગયા.

કૃષ્ણદાસ મેઘનને જોતાં કેશવાનંદજીએ ગુસ્સે થઈને કહ્યું: 'કેમ રે કૃષ્ણદાસ, તેં મને પડતો મૂકી, બીજા ગુરુ કર્યા છે?' કૃષ્ણદાસજીએ કહ્યું: 'મારા ગુરુ તો તમે જ છો, પરંતુ તમારી કૃપાથી મને પૂર્ણપુરુષોત્તમ પ્રાપ્ત થયા છે.' ત્યારે કેશવાનંદજીએ મશ્કરીના સૂરમાં કહ્યું: 'એક વિદ્વાન બ્રાહ્મણને પુરુષોત્તમ માનનાર તું મૂર્ખ છે.' ત્યારે કૃષ્ણદાસજીએ ગુરુની સામે સળગતો દેવતા પોતાના ખોબામાં લઈને કહ્યું: 'જો વલ્લભાચાર્યજી પૂર્ણપુરુષોત્તમ ન હોય તો મારા હાથ બળીને રાખ થઈ જજો.' એક મુહૂર્ત સુધી તેમણે ખોબામાં અગ્નિ રાખ્યો. ગુરુએ છેવટે કહ્યું: 'કૃષ્ણદાસ, તને ધન્ય

ગો.વા. હસમુખબેન ચંદુલાલ લેખડીયા, સુરતના જયશ્રીકૃષ્ણ.

(૬૪) શ્રી સોરમજીનાં બેઠકજી

(બેઠક : ૨૩)



કૃષ્ણદાસ મેઘન ખોબામાં અગ્નિ લઈ તેમના પૂર્વગુરુ કેશવાનંદજીને શ્રીમહાપ્રભુજી પૂર્ણ પુરુષોત્તમ છે તેની ખાત્રી કરાવે છે. શ્રીમહાપ્રભુજીના મોટા ભાઈ કેશવપુરીની જલ ઉપર ચાલવાની સિદ્ધિ શ્રીમહાપ્રભુજી હરી લે છે ત્યારે તેઓ ગંગાજીમાં ડૂબવા લાગે છે. શ્રીમહાપ્રભુજી તેમને હાથ પકડી ડૂબતા બચાવે છે.



શ્રી સોરમજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

છે. તું તે અગ્નિ સગડીમાં પાછો મૂકી દે.' કૃષ્ણદાસના હાથ જરા પણ બળ્યા નહિ, છતાં કેશવાનંદજીને શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજાયું નહિ. કૃષ્ણદાસજી પોતાની ભૂલ સમજી ગયા. મનમાં વિચાર્યું કે, ગુરુ વિદ્વાન છે, પરંતુ દૈવી જીવ નથી. માટે શ્રીમહાપ્રભુજીએ તેમનો ઉદ્ધાર કરવા અહીં પધારવા ઈચ્છા નથી કરી, તેથી શ્રીમહાપ્રભુજીની પાસે આવી, કૃષ્ણદાસે અપરાધની ક્ષમા માગી., વિનંતી કરી: 'મહારાજ, મેં આપને પરિશ્રમ કરાવ્યો છે, મને ક્ષમા કરો.' શ્રીમહાપ્રભુજીએ પોતાનું આવું માહાત્મ્ય આ સ્થાનમાં પ્રગટ કર્યું.

આ પ્રસંગ ઉપરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે, કૃષ્ણદાસ મેઘન જેવા પરમ ભગવદીયના હૃદયમાં પણ પોતાના લૌકિક વિદ્યાગુરુ પ્રત્યે આશ્રયભાવ હતો. તેથી તે સૂક્ષ્મ અન્યાશ્રયના અપરાધને કારણે તેમણે માગેલાં બીજાં બે વરદાન (૧) માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય (૨) મુખરતા દોષ જાય - ફલિત થતાં નહોતાં. આમ, અન્યાશ્રય માર્ગની ફળપ્રાપ્તિમાં ખૂબ જ બાધક છે.

એક દિવસ શ્રીમહાપ્રભુજી અહીં ગંગાજીમાં સ્નાન કરતા હતા, ત્યારે તેમના મોટાભાઈ કેશવપુરી, જેમણે સંન્યાસ ધારણ કર્યો હતો, તેઓ પણ તીર્થયાત્રા કરતાં કરતાં અહીં આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીની આગળ પોતાની યોગસિદ્ધિનું પ્રદર્શન કરતાં ગંગાજીના જળ ઉપર ચાલીને, નાવ વિના ગંગાજી પાર કર્યા, ત્યારે શ્રીમહાપ્રભુજીએ અપ્રસન્ન થઈને આજ્ઞા કરી: 'સાચી સિદ્ધિ ભગવદ્સેવા છે. જે ભગવદ્સેવા કરતો નથી, તેને બીજી સિદ્ધિ શા કામની? આવી સિદ્ધિનું અભિમાન રાખવાથી શો લાભ?' આપે પોતાના મોટાભાઈની સિદ્ધિ હરી લીધી. બીજા દિવસે જયારે તેઓ નાવ વિના જળ પર ચાલવા લાગ્યા ત્યારે તેઓ ડૂબ્યા. તેમણે પોતાને બચાવવા શ્રીવલ્લભના નામની બૂમો પાડી. તે સમયે શ્રીમહાપ્રભુજી કિનારા ઉપર બિરાજી સંધ્યાવંદન કરી રહ્યા હતા. આપે પોતાનો હાથ ખૂબ લંબાવ્યો અને ગંગાજીની મધ્યધારામાં ડૂબતા કેશવપુરીને લંબાવેલ હાથથી બહાર કાઢી, પોતાની પાસે કિનારે લાવ્યા. આ ચમત્કાર જોઈ કેશવપુરીને જ્ઞાન થયું કે શ્રીવલ્લભ લૌકિક સંબંધે પોતાના નાના ભાઈ, પરંતુ સાક્ષાત્ પુર્ણ પુરુષોત્તમ છે. તેથી તેમને દંડવત કર્યા.

અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. ત્યાં આપણે દંડવત કરી આગળ વધીએ.

ગો.વા. ઉષાબેન ભગવતભાઈ શાહ, અમદાવાદ હ. ભગવતભાઈ મ. શાહના જયશ્રીકૃષ્ણ.

(૬૫) શ્રી કુરુક્ષેત્રનાં બેઠકજી

(બેઠક : ૭૫)



શ્રીમહાપ્રભુજીએ કુરુક્ષેત્રનું માહાત્મ્ય સમજાવી ત્યાં એક કુંડ ઉપર મુકામ કર્યો છે અને શ્રીભાગવતની કથામાં યુગલગીતનો પ્રસંગ સંભળાવી રહ્યા છે.



શ્રી કુરુક્ષેત્રનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૬૫) શ્રી કુરુક્ષેત્રનાં બેઠકજીનું ચરિત્ર

દિલ્હીથી ટ્રેઈન દ્વારા કુરુક્ષેત્ર સ્ટેશને જઈ શકાય છે. ત્યાંથી ત્રણ માઈલ દૂર થાનસર (થાનેશ્વર) ગામ આવેલું છે. ત્યાં મોટર માર્ગે જઈ શકાય છે. ત્યાં ભદ્રકાળી મંદિરે થઈને કુબેરભંડાર જવાય છે. ત્યાંથી આગળ ફરીદ કોર્ટહાઉસ શેરી આવેલી છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. આ બેઠક કુરુક્ષેત્ર નામના ક્ષેત્રમાં આવેલાં હોવાથી, તે કુરુક્ષેત્રનાં બેઠકજી તરીકે જાણીતાં છે. શ્રીમહાપ્રભુજી જયારે જયારે થાનેશ્વર પધાર્યા છે, ત્યારે ત્યારે આ સ્થાનમાં બિરાજયા છે. અહીં કુંડ ઉપર બિરાજીને આપશ્રીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી હતી કે: 'કુરુક્ષેત્ર એ મોટું ધર્મક્ષેત્ર છે. અહીં જ કૌરવો અને પાંડવો વચ્ચે મહાભારતનું યુદ્ધ થયું હતું. ભગવાન શ્રીકૃષ્ણે આ જ સ્થળે અર્જુનને શ્રીમદ્ ભગવદ્ ગીતા સંભળાવી, પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં. માટે આપણે અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કરીશું.'

આપશ્રીએ બીજા દિવસથી ત્યાં શ્રીમદ્ ભાગવત પારાયણનો પ્રારંભ કર્યો. જે દિવસે કથામાં યુગલગીતનો પ્રસંગ આવ્યો તે દિવસે એટલો બધો અલૌકિક રસ પ્રગટ થયો કે બધા સેવકો પોતાના દેહનું અનુસંધાન ભૂલી ગયા. સૌને મહાઅલૌકિક આનંદ થયો. આપશ્રીએ બધા સેવકોને સાવધાન કર્યા. અહીં પણ આપશ્રીનાં ચરણારવિંદની રજ દ્વારા અનેક દૈવી જીવોનો આપશ્રીએ ઉદ્ધાર કર્યો. પછી આપશ્રી અહીંથી આગળ હરિદ્વાર તરફ પધાર્યા.

આજે પણ આ સ્થળે આપશ્રીનાં બેઠક બિરાજે છે. ત્યાં સેવાનો પ્રકાર ઠીક ઠીક ચાલે છે. દિલ્હીથી આ સ્થળે જવાની સરળતા હોવાથી, વૈષ્ણવોએ આ બેઠકજીએ અવશ્ય સેવા દર્શન માટે જવું જોઈએ. હવે આપણે અહીંથી હરિદ્વાર તરફ જઈએ.

(૬૬) શ્રી હરિદ્વારનાં બેઠકજીનું ચરિત્ર

દિલ્હીથી આગળ હિમાલય તરફ જતાં હરિદ્વાર નામનું મોટું રેલ્વે સ્ટેશન આવે છે. દિલ્હીથી મોટર માર્ગે પણ હરિદ્વાર જઈ શકાય છે. અહીં શ્રીગંગાજીના કિનારે રામકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. સંવત ૨૦૪૫માં આ બેઠકજીનું નવનિર્માણ સુંદર રીતે થયેલું છે.

શ્રીમહાપ્રભુજી વિ.સં.૧૫૭૬ની સાલમાં અહીં પધાર્યા હતા. ત્યારે અહીં કુંભનો બૃહસ્પતિ હોવાથી કુંભમેળો યોજાયેલો હતો. લાખો લોકો ગંગાસ્નાન કરવા માટે

અ.સૌ. હીરાબેન હરીદાસ મજીઠીયા ખપોલી, ખપોલીના જયશ્રીકૃષ્ણ.

(૬૬) શ્રી હરિદ્વારનાં બેઠકજી

(બેઠક : ૭૬)



શ્રીમહાપ્રભુજી ગંગાજીના કિનારે હરકી પેડી ઉપર ગંગાસ્નાન કરી, સંધ્યાવંદન કરી પંચાક્ષર મંત્રનો જાપ કરે છે. ત્યાં સુધી યોગમાયાને આજ્ઞા કરી કુંભસ્નાન માટે આવેલા લાખો મનુષ્યોને નિદ્રાવશ રાખ્યા.



શ્રી હરિદ્વારનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આવ્યા હતા. આપશ્રી પણ આ પવિત્ર પ્રસંગે ગંગાસ્નાન કરવા કનખલ ક્ષેત્રમાં પધાર્યા. તે સમયે પાછલી રાતની ચાર ઘડી બાકી હોય ત્યારે સ્નાન કરવાનો ઉત્તમમાં ઉત્તમ પર્વકાળ હતો. આપે મનમાં વિચાર કર્યો, 'અહીં મનુષ્યોની ભીડ ખૂબ જ થઇ છે, તેમાં અનેક દૈવી જીવો પણ છે. તેમને શરણે લેવા માટે કંઇક અલૌકિક ચરિત્ર પ્રગટ કરવું જોઇએ; પરન્તુ જો આ અલૌકિક ચરિત્રની વધારે પ્રસિદ્ધિ થઇ જાય તો બીજા જીવો પણ પરેશાન કરે, માટે ગુપ્ત રીતે આ અલૌકિક ચરિત્ર પ્રગટ કરવું.' આમ વિચાર કરી આપે સ્નાનાદિ નિત્યકર્મ કર્યું. તેટલામાં આપની ઇચ્છાથી ત્યાં યોગમાયા અને કાલ હાજર થયાં. તેમણે હાથ જોડીને આપશ્રીને વિનંતી કરી: 'મહારાજ, અમને શી આજ્ઞા છે?' આપે યોગમાયાને આજ્ઞા કરી: 'તમે આ ક્ષેત્રમાં રહેલા સૌ મનુષ્યોને નિદ્રાવશ કરી દો.' આપશ્રીએ કાલને આજ્ઞા કરી: 'બ્રહ્મમુહૂર્ત સુધી સ્નાનનો પર્વકાળ છે. અમે સ્નાન કરીને કનખલ તીર્થથી આગળ જઇએ, પછી બધી પ્રજા પણ નિરાંતે સ્નાન કરી લે, ત્યાં સુધી આ પુણ્યકાળ સ્થિર રહેવો જોઇએ, કારણ કે લાખો મનુષ્યો દૂર દૂરથી શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવા આવ્યા છે. આટલા બધા લોકોને સ્નાન કરતાં સમય લાગે તે સ્વાભાવિક છે. સ્નાનનું મુહૂર્ત ચાલ્યું જાય તો તેમને અશ્રદ્ધા થાય અને તીર્થનું ફળ મળે નહિ, માટે તેમની શ્રદ્ધા ફલિત કરવા તેઓ સૌ સ્નાન કરી લે ત્યાં સુધી તમારે બ્રાહ્મમુહૂર્ત કાયમ રાખવું.' બંનેએ દંડવત કરી, પોતાનું કાર્ય શરૂ કર્યું.

ત્યારે આપશ્રી પોતાના સેવકોને સાથે લઇ હરકીપૈડી તરફ પધાર્યા. આપશ્રીની સાથે શ્રી દામોદરદાસ હરસાનીજી, શ્રીકૃષ્ણદાસ મેઘન, શ્રી વાસુદેવદાસ છકડા, શ્રી માધવ ભટ્ટ કાશ્મીરી, શ્રી ગોવિંદ દવે વગેરે વૈષ્ણવો હતો. તેમની સાથે આપશ્રીએ સ્નાન કર્યું, પછી સંધ્યાવંદન કરી એક મુહૂર્ત સુધી પંચાક્ષર મંત્રનો જપ કર્યો, ત્યાં સુધી આવેલા સૌ મનુષ્યો નિદ્રાવશ રહ્યા.

ત્યાંથી આપ કનખલ ક્ષેત્રમાં પોતાની બેઠકે પાછા પધાર્યા, ત્યારે આપે યોગમાયાને આજ્ઞા કરી: 'હવે સૌ મનુષ્યોને જાગૃત કરો.' સૌ મનુષ્યોએ જાગૃત થતાં જોયું કે સ્નાનનો સમય થયો છે, તેથી સૌએ પુણ્યકાળમાં સ્નાન કર્યું. સૌને સુંદર રીતે સ્નાન કરવાનો અવસર મળ્યો, ત્યારે સૌને આશ્ચર્ય થયું. આવું અલૌકિક ચરિત્ર જોઇને સૌ મનુષ્યોએ હરિદ્વારમાં આપશ્રીનો જયજયકાર કર્યો. અનેક દૈવી જીવો ત્યાં આપના શરણે આવ્યા. આપશ્રીએ પછી ત્યાં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, પછી આપશ્રી ત્યાંથી આગળ બદ્રિકાશ્રમ તરફ પધાર્યા.

સુશીલાબેન કાન્તિલાલ ઠક્કર પરિવાર (યુ.કે.) ના જયશ્રીકૃષ્ણ.

અહીંનાં બેઠકજીની સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. અહીં આવનાર વૈષ્ણવોને સરળતાથી આ સ્થાન પ્રાપ્ત થતું નથી, તેથી રામઘાટ પર જવું અને ત્યાં બેઠકજીની તપાસ કરવી.

આ ચરિત્રમાં શ્રીમહાપ્રભુજીએ આપણને એક સત્ય સમજાવ્યું કે, જયાં તીર્થસ્થાનમાં જવાનું થાય ત્યાં શ્રદ્ધાપૂર્વક જવું અને શ્રદ્ધાપૂર્વક કર્મ કરવાં. આપણા કાર્યમાં જો શ્રદ્ધા ન હોય તો તે કાર્યનું ફળ પ્રાપ્ત થતું નથી, માટે શ્રીગુસાંઇજીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં આજ્ઞા કરી છે કે: 'આ સ્તોત્રનો પાઠ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરવો જોઇએ. શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં જે શ્રદ્ધા રાખી, તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે મન-વચન-કર્મથી સર્વ કંઇ કરે છે તેને આપશ્રીનાં વચનો અવશ્ય ફલિત થાય છે. માટે અશ્રદ્ધા કદી કરવી નહિ. ગીતાજીમાં પણ ભગવાનની આજ્ઞા છે કે: શ્રદ્ધાવાન મને પ્રાપ્ત કરે છે, પરંતુ અશ્રદ્ધા કરનાર સંસારમાં સદા ડૂબેલો રહે છે, તેનો નાશ થાય છે.'

હવે અહીંથી આગળ આપણે બદ્રિકાશ્રમ તરફ જઇએ.

(૬૭) શ્રી બદ્રિકાશ્રમનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજીએ ખૂબ જ પરિશ્રમ વેઠી હિમાલય પ્રદેશની યાત્રા કરી છે. આપશ્રીએ ત્રણેય પૃથ્વી પરિક્રમા દરમિયાન આ પ્રદેશમાં પધાર્યા છે. તે સમયે અહીં જવા માટે વ્યવસ્થિત માર્ગો બનેલા ન હતા. વાહનની પણ કોઇ સગવડ ન હતી, ઠેર ઠેર મુકામ કરવા માટે પણ કોઇ વ્યવસ્થા ન હતી. આવા મુશ્કેલીના સમયમાં આ સ્થળમાં આપશ્રીએ પોતાની સાથે કૃષ્ણદાસ મેઘનને રાખી, આ પ્રદેશની ત્રણ વખત યાત્રા કરી છે. અહીં રહેતા દૈવી જીવોને શરણે લેવા અને અહીંનાં તીર્થસ્થાનોને સનાથ કરવા માટે આપશ્રીએ કેટલો બધો પરિશ્રમ ઉઠાવ્યો હશે, તેની આપણે તો કલ્પના જ કરવી રહી!

આપશ્રી હરિદ્વારથી ઋષિકેશ થઇ આગળ અનેક તીર્થસ્થાનોને સનાથ કરતા કરતા બદ્રિકાશ્રમ પધાર્યા. અહીં ભગવાન શ્રીબદ્રિનાથજીનું મંદિર આવેલું છે. તેની પાસે તપતકુંડ છે, ત્યાં આપશ્રી બિરાજ્યા. તે દિવસે વામન દ્વાદશી હતી, તેથી આપે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે: 'આજે ઉપવાસનો દિવસ છે, માટે કંઈક ફળાહાર કરવા ફળફૂલ શોધી લાવો.'

તે જ સમયે ભગવાન શ્રીબદ્રિનાથજીએ મનમાં વિચાર કર્યો : 'આજે મારું

દલાલ લક્ષ્મીદાસ કરશનદાસ પાબારી, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

(૬૭) શ્રી બદ્રિકાશ્રમનાં બેઠકજી

(બેઠક : ૭૭)



બદ્રિકાશ્રમમાં બદ્રીનારાયણના મંદિર સામે તપત કુંડ પાસે બિરાજી શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહ્યા છે.



શ્રી બદ્રિકાશ્રમનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

ધન્યભાગ્ય છે કે મારા આશ્રમમાં શ્રીવલ્લભાચાર્યજી મહેમાન બનીને પધાર્યા છે, પરંતુ મારા ત્યાં મહેમાન બનીને ઉપવાસ કરે તે ઠીક નહિ. તેઓ ભોજન કરે તો વધારે સારું.’ તે વખતે કૃષ્ણદાસ મેઘન ફળફૂલ શોધવા માટે વનમાં ગયા હતા. ત્યાં બદ્રિનાથજીએ બ્રાહ્મણ સ્વરૂપે કૃષ્ણદાસને દર્શન આપી, આજ્ઞા કરીઃ ‘તમે કયાં જાઓ છો?’ જવાબમાં કૃષ્ણદાસે કહ્યુંઃ ‘મહારાજ, હું ફળફૂલ શોધવા જાઉં છું.’ ત્યારે શ્રીબદ્રિનાથજીએ આજ્ઞા કરીઃ ‘ખૂબ સુંદર. જેનાથી સ્વામીને સુખ થાય તે જ સેવકનું કર્તવ્ય છે, પરંતુ અત્યારે અહીં બરફ વરસે છે, કંઇ ફળફૂલ મળશે નહિ.’ આ સાંભળી કૃષ્ણદાસ મેઘને પાછા આવી, શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ ‘કૃપાનાથ, અહીં કયાંય ફળફૂલ મળતા નથી.’ તેટલામાં ત્યાં શ્રી બદ્રિનાથજી પણ પધાર્યા. તેમણે પણ કહ્યુંઃ ‘મેં આપના માટે ખૂબ ફળફૂલ શોધ્યાં, પરન્તુ કયાંય મળ્યાં નથી, માટે મારી આજ્ઞા છે કેઃ ‘આપ રસોઇ કરીને ભોજન કરો.’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરીઃ ‘મહારાજ, આજે વામન-જયંતિ છે, જેથી અન્નનું ભોજન કેવી રીતે થાય?’ શ્રીબદ્રિનાથજીએ આજ્ઞા કરી, ‘ધર્મશાસ્ત્રોમાં આજ્ઞા છે કે ઉત્સવ પૂરો થાય એટલે પારણાં થઇ શકે.’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ મનમાં વિચાર કર્યો, ભગવદ્ આજ્ઞા થઇ છે તો શ્રીવામનજીના જન્મ પછી શ્રીઠાકોરજીને ભોગ સમર્પી ભોજન કરીશું. આપશ્રીએ તે પ્રમાણે ભોજન કરી, સેવકોને પણ મહાપ્રસાદ આપ્યો.

પછી આપશ્રીએ ત્યાં બિરાજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી. ભગવાન શ્રીબદ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરીઃ ‘અહીં જેટલા દૈવી જીવો છે, તે બધાનો આપ અંગીકાર કરો.’ ત્યારે આપે મંદ સ્મિત કરીને કહ્યુંઃ ‘આપની ઈચ્છા હશે તેમ કરીશ.’ ત્યારે આપશ્રીએ પોતાનાં ચરણારવિંદની રજ દ્વારા અનેક તામસી જીવોનો ઉદ્ધાર કર્યો. પછી આપ શ્રીબદ્રિનાથજીની આજ્ઞા લઇ, ત્યાંથી કેદારનાથ પધાર્યા.

આ બેઠકજી આજે પ્રસિદ્ધ બિરાજે છે. પ.ભ.શ્રી નરહરિ શાસ્ત્રીજીએ આ બેઠકજીનું નવનિર્માણ સુંદર રીતે કરાવ્યું હતું. ત્યાં આજે સેવાનો ક્રમ સુંદર રીતે ચાલે છે.

(૬૮) શ્રીવ્યાસગંગા નદીના તીરે આવેલાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી કેદારનાથ પધારતાં રસ્તામાં વ્યાસગંગા નદીના તીરે આવ્યા. ઋષીકેશથી કીર્તિનગર મોટરમાં જવાય છે. ત્યાંથી આગળ પગે ચાલીને જતાં વ્યાસઘાટ નામનું સ્થાન આવે છે. ત્યાં આવેલાં નદી વ્યાસગંગાને નામે પ્રસિદ્ધ છે. ત્યાં અત્યારે આપશ્રીનાં બેઠકજી ગુપ્ત બિરાજે છે.

નલીનીબેન ગોપાલભાઈ શાહ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

(૬૮) શ્રીવ્યાસગંગા નદીના તીરે આવેલાં બેઠકજી

(બેઠક : ૮૧)



શ્રીમહાપ્રભુજી વ્યાસ ગંગા નદીના તીરે બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરે છે. શ્રીગંગાજી બાજુમાં ઊભા રહી પંખાની સેવા કરે છે.



શ્રી વ્યાસ ગંગા નદીને તીરે આવેલાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજીએ અહીં છોંકરના વૃક્ષ નીચે બિરાજી શ્રીદામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી કેઃ 'આપણને અહીંયા શ્રીવ્યાસગંગા રોકે છે.' શ્રીદામોદરદાસજીએ વિનંતી કરીઃ 'મહારાજ, તેનું કારણ શું?' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કેઃ 'શ્રીવેદવ્યાસજીને અહીં સમાધિ ભાષામાં શ્રીમદ્ ભાગવતજીની પ્રાપ્તિ થઇ છે. તેથી આપણે અહીં શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી આગળ જઇશું.'

આપશ્રીએ ત્યાં શ્રીગંગાજીમાં સ્નાન કરી, શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ કર્યો, ત્યારે દરરોજ એક સૌન્દર્યવતી યુવાન સ્ત્રી રત્નજડિત આભૂષણ અને સુંદર વસ્ત્રો પહેરી ત્યાં આવતી. આપશ્રીની ડાબી બાજુ ઊભી રહી, રોજ પંખાની સેવા કરે. શ્રીકૃષ્ણદાસ મેઘને તેને ઠપકો આપ્યો, ત્યારે આપશ્રીએ મેઘનને રોક્યા. સાત દિવસ સુધી આ સ્ત્રીએ પંખાની સેવા કરતાં કરતાં શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી. કથા પૂરી થતાં તે અંતર્ધાન થઇ જતી. પૂર્ણાહુતિ બાદ બધા સેવકોએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ 'મહારાજ, આ અલૌકિક સ્ત્રી કોણ છે?' ત્યારે આપે આજ્ઞા કરીઃ 'તે સ્ત્રી શ્રીગંગાજી છે. તેઓ શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરવા અને સેવા કરવા માટે આવતાં હતાં. સેવા કરવા આવનાર જીવને રોકવો જોઇએ નહિ. તેમ કરવાથી આપણને અપરાધ લાગે છે. જે જીવ પ્રેમથી સેવા કરવા આવે તેને સેવા કરવા માટેની સર્વ અનુકૂળતા કરી આપવી તે મોટામાં મોટી સેવા છે.' આ સાંભળી સર્વ સેવકો ખૂબ પ્રસન્ન થયા. અહીં પણ આપશ્રીએ કૃપાકટાક્ષ દ્વારા હજારો દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો. પછી આપશ્રી ત્યાંથી આગળ મંદરાચલ પર્વત પર પધાર્યા.

(૬૯) શ્રી મંદરાચલ પર્વત પરનાં બેઠકજીનું ચરિત્ર

કીર્તિનગરથી પાંચ માઇલ દૂર મંદરાચલ પર્વત આવેલો છે. જ્યારે દેવો અને દાનવોએ ક્ષીરસાગરનું મંથન કર્યું ત્યારે આ જ પર્વતનું વલોણું બનાવ્યું હતું. આ પર્વત ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી ગુપ્ત બિરાજે છે.

આપશ્રીએ અહીં પધારી એક છોંકરના વૃક્ષ નીચે મુકામ કર્યો હતો. પછી આ પર્વત ઉપર બિરાજતા શ્રી મધુસૂદન ઠાકોરજીનાં દર્શન કરવા માટે આપ પધાર્યા. દર્શન કરી શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતના પારાયણનો પ્રારંભ કર્યો. ત્યારે શ્રીમધુસૂદનજી દરરોજ કથા સાંભળવા માટે પધારતા. શ્રીમહાપ્રભુજીએ પોતાની પાસે આસન બિછાવી તે પર શ્રીમધુસૂદનજીને પધરાવી વિનંતી કરી, 'તમે શા માટે પરિશ્રમ લઇને પધારો છો?' ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરીઃ 'તમે આટલો પરિશ્રમ કરી

ઠક્કર ધવલ, રક્ષા અને લલીત પંચમતીયા, પુનાના જયશ્રીકૃષ્ણ.

(૬૯) શ્રી મંદરાચલ પર્વત પરનાં બેઠકજી

(બેઠક : ૮૨)



મંદરાચલ પર્વત ઉપર છોંકરના વૃક્ષ નીચે બિરાજી શ્રીમહાપ્રભુજી શ્રીમદુસૂદન ઠાકોરજીને શ્રીમદ્ ભાગવત પારાયણ શ્રવણ કરાવે છે અને મંદિરમાં પધારી ઠાકોરજીના સેવા-શૃંગાર કરે છે.



શ્રી મંદરાચલ પર્વત પરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને
આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૭૦) શ્રી કેદારનાથજીનાં બેઠકજી

(બેઠક : ૭૮)



કેદારનાથમાં કેદારકુંડ ઉપર શ્રીમહાપ્રભુજી ભાગવત પારાયણ કરે છે ત્યારે શ્રીકેદારનાથજી ત્યાં બિરાજી કથા શ્રવણ કરે છે.



શ્રી કેદારનાથનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આવી વિકટ જગ્યામાં પધારો છો તો મને શું વધારે પરિશ્રમ થવાનો છે? આપ મને શ્રીમદ્ ભાગવત સંભળાવો.' શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી: 'મહારાજ, મારી પાસે વધુ સમય નથી, તેથી હું આપને શ્રીભાગવત પારાયણનું શ્રવણ કરાવીશ.' આમ, એક સપ્તાહ સુધી શ્રીમધુસૂદનજીને શ્રીમદ્ ભાગવત પારાયણનું શ્રવણ કરાવ્યું. પછી શ્રીઠાકોરજીની આજ્ઞાથી મંદિરમાં પધાર્યા. તેમના સેવાશૃંગાર કરી આજ્ઞા લઈ, આગળ પધારવાની તૈયારી કરી. આપશ્રી અહીંથી કેદારનાથ પધાર્યા.

(૭૦) શ્રી કેદારનાથજીનાં બેઠકજીનું ચરિત્ર

હરિદ્વારથી ગૌરીકુંડ સુધી મોટરમાં જવાય છે. પછી બાર માઈલ ચાલીને કેદારનાથ જઈ શકાય છે. અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી ગુપ્ત બિરાજે છે.

આપશ્રી અહીં કેદારકુંડ ઉપર બિરાજ્યા હતા. ત્યાં આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, ત્યારે શ્રીકેદારનાથ મહાદેવજી તે સાંભળવા પધારતા. એક દિવસ કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: 'મહારાજ, રોજ કથા સાંભળવા આવતા આ યોગેશ્વર કોણ છે?' ત્યારે આપશ્રીએ મંદ સ્મિત કરીને આજ્ઞા કરી: 'શ્રીકેદારનાથ મહાદેવજી પધારે છે.' તે સાંભળીને કૃષ્ણદાસ ચૂપ રહ્યા. અહીં શ્રીમદ્ ભાગવત પૂર્ણ કર્યા પછી આપશ્રીએ આ વિકટ સ્થાનમાં રહેલા તામસી જીવોના ઉદ્ધાર માટે પોતાના ચરણારવિંદની રજની સુગંધ ફેલાવી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. પછી આપશ્રી અહીંથી આગળ શ્રી હિમાલય પર્વત પરનાં ઊંચા શિખરો તરફ પધાર્યા.

(૭૧) શ્રી હિમાલય પર્વતનાં બેઠકજીનું ચરિત્ર

કેદારનાથથી અડધો માઈલ ઉપર જતાં હિમાલયનો બરફ આચ્છાદિત, ઊંચા શિખરોનો પ્રદેશ આવે છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી ગુપ્ત રીતે બિરાજે છે. આવા અતિ વિકટ સ્થાનમાં કૃષ્ણદાસ મેઘનને સાથે લઈ આપ પધાર્યા અને બિરાજ્યા. આપે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે, 'અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કરીશું.' આપની કથા સાંભળવા માટે હિમાલય પર્વત બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને આવ્યા. આપશ્રીને દંડવત કરી, વિનંતી કરી: 'મહારાજ, આપે કૃપા કરી મને સનાથ કર્યો છે, તો મને શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવો.' બીજા દિવસથી આપે સવારમાં સ્નાનાદિ નિત્યકર્મ કરી, શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ કર્યો. હિમાલય પર્વત બ્રાહ્મણના સ્વરૂપે રોજ કથા શ્રવણ કરવા આવતા. અહીં પણ આપશ્રીએ પોતાનાં ચરણારવિંદની રજથી હજારો તામસી જીવોનો ઉદ્ધાર કર્યો. પછી અહીંથી આપશ્રી આગળ વ્યાસાશ્રમ તરફ પધાર્યા.

શર્મિષ્ઠાબેન, મોહિત, સપના અને વિપીનચંદ્ર ચીમનલાલ શાહ, નડીયાદના જયશ્રીકૃષ્ણ.

(૭૧) શ્રી હિમાલય પર્વતનાં બેઠકજી

(બેઠક : ૮૦)



હિમાલય પર્વત ઉપર બિરાજી શ્રીમહાપ્રભુજી ભાગવત પારાયણ કરે છે. હિમાલય પર્વત બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી કથા સાંભળે છે.



શ્રી હિમાલય પર્વતનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૭૨) શ્રી વ્યાસાશ્રમનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીબદ્રીનાથથી બે માઈલ દૂર વ્યાસાશ્રમ આવેલો છે. અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી ગુપ્ત રીતે બિરાજે છે. આપશ્રીએ અહીં પધારતાં કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરીઃ 'તમે અહીં ઊભા રહો. આ ગુફાની અંદર વેદ વ્યાસજીનો આશ્રમ આવેલો છે. હું શ્રી વેદવ્યાસજીનાં દર્શન કરીને પાછો આવું છું.' આપશ્રી ગુફામાં અંદર પધાર્યા. કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે રાહ જોતા ત્યાં જ ઊભા રહ્યા.

આપશ્રી અંદર પધારતાં શ્રી વેદવ્યાસજીએ સામે આવી આદરસત્કાર કરી, પોતાના આશ્રમમાં પધરાવ્યા. અને વિનંતી કરીઃ 'મહારાજ, આપે શ્રીમદ્ ભાગવત ઉપર 'શ્રીસુબોધિનીજી' નામની રચેલી ટીકા મને સંભળાવો.' ત્યારે આપે કહ્યું: 'આખી ટીકાનું શ્રવણ કરાવવા મારી પાસે અવકાશ નથી, પરંતુ હું આપને ભ્રમરગીતના એક શ્લોકની ટીકા કહીશ.' આપશ્રીએ એક શ્લોકનું વ્યાખ્યાન ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી સતત કર્યું, ત્યારે શ્રીવેદવ્યાસજીએ આપની પ્રશંસા કરતાં કહ્યું: 'આપે તો અદ્ભુત અમૃતવર્ષા કરી.' શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'મારો સેવક મારી રાહ જોતો બહાર ઊભો છે. માટે આપ મને વિદાય થવાની આજ્ઞા આપો.' આપશ્રી પાછા પધાર્યા ત્યારે કૃષ્ણદાસજી ત્રણ દિવસ અને ત્રણ રાત સતત આપશ્રીની રાહ જોતા ઊભા હતા. તે જોઈને શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું: 'કૃષ્ણદાસ, તું બેઠો પણ નથી?' કૃષ્ણદાસે હાથ જોડી વિનંતી કરીઃ 'મહારાજ, અહીં ઊભા રહેવાની આપની આજ્ઞા હોવાથી હું ઊભો છું.'

આપશ્રીને એ પણ યાદ આવ્યું કે, આ વિકટ પર્વતીય પ્રદેશમાં આવતી વખતે એક સાંકડા માર્ગમાંથી પસાર થતા હતા ત્યારે પોતાની બે બાજુ પરલી અને કિરણી નામના પર્વતોનાં ઊંચાં શિખરો આવેલાં હતાં, તે શિખરો પરથી હજાર મણ વજનની શિલા ધસમસતી નીચે આવતી હતી ત્યારે કૃષ્ણદાસજીએ શ્રીમહાપ્રભુજીના સામર્થ્યથી પોતાનો હાથ ધરી, તે શિલાને રોકી દીધી હતી. અને આમ પોતાના સ્વામીના સુખ માટે પોતાનું જીવન સમર્પી દેવાની તત્પરતા બતાવી હતી. આવા અનન્ય ભગવદીયના સ્નેહથી પ્રસન્ન થઈને આપે કૃષ્ણદાસને કંઈક માગવાની આજ્ઞા કરી, ત્યારે કૃષ્ણદાસે વિનંતી કરીઃ 'મહારાજ, આપ જો પ્રસન્ન થયા હો તો મને ત્રણ વરદાન આપો (૧) મારો મુખરતા દોષ જાય (૨) સ્વમાર્ગનો સિદ્ધાંત મને હૃદયારૂઢ થાય (૩) મારા પૂર્વાશ્રમના ગુરુના ઘેર આપ પધારો.' આ સાંભળી આપશ્રી મૌન રહ્યા.

ગો.વા. પરીખ શાંતિલાલ દ્વારકાદાસ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૭૨) શ્રી વ્યાસાશ્રમનાં બેઠકજી

(બેઠક : ૭૯)



વ્યાસાશ્રમમાં વેદવ્યાસજી સાથે બેસી શ્રીમહાપ્રભુજી તેમને ભ્રમરગીતના એક શ્લોકની સુબોધિનીજી ટીકા સંભળાવી રહ્યા છે. કૃષ્ણદાસ મેઘન ગુફાની બહાર સતત ત્રણ દિવસ અને ત્રણ રાત ઊભા રહ્યા છે.



શ્રી વ્યાસાશ્રમનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આ પ્રસંગ આપણે આગળ સોરમજીનાં બેઠકજીમાં પણ જોઇ ગયા છીએ, તેથી કૃષ્ણદાસ મેઘને માગેલાં વરદાનોની ચર્ચાનું પુનરાવર્તન નહિ કરીએ.

આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું, પછી ત્યાંથી આપશ્રી પાછા હરિદ્વાર થઇ, ઉત્તરપ્રદેશમાં આગળ પધાર્યા.

(૭૩) શ્રી નૈમિષારણ્યનાં બેઠકજીનું ચરિત્ર

આપશ્રી હરિદ્વાર થઇ, ઉત્તર પ્રદેશમાં આગળ પધારતાં શ્રીનૈમિષારણ્ય ક્ષેત્રમાં પધાર્યા. શ્રીનૈમિષારણ્ય ક્ષેત્રમાં જવા માટે લખનૌથી મોટર માર્ગે જવાય છે. ઉત્તર પ્રદેશમાં લખનૌની પાસે આવેલા બાલમપુર સીતાપુર વચ્ચે નૈમિષારણ્ય સ્ટેશન આવેલું છે. સીતાપુરથી પણ મોટર માર્ગે અહીં આવી શકાય છે. નૈમિષારણ્ય સ્ટેશનથી દોઢ માઇલ દૂર સૂતજીના આશ્રમ પાસે ગોમતી નદીના કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આજે પ્રગટ બિરાજે છે, અને સેવાનો પ્રકાર ચાલે છે.

અહીં છોંકરના વૃક્ષ નીચે બિરાજીને આપશ્રીએ સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. પછી આપશ્રી એક દિવસ જપપાઠ કરી, જયાં અઠ્યાસી હજાર શૌનકાદિક ઋષિઓ યજ્ઞ કરતા હતા ત્યાં પધાર્યા. ત્યારે બધા બ્રાહ્મણોએ આપશ્રીનું આદરપૂર્વક સન્માન કરી, આસન પર પધરાવી, આપશ્રીનું પૂજન કર્યું. સૌ બ્રાહ્મણોની વિનંતીથી આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના એક શ્લોકનું વ્યાખ્યાન ત્રણ પ્રહર સુધી સંભળાવ્યું. પછી આપશ્રી પાછા પધાર્યા. આ બાજુએ આપશ્રીને નહીં જોઇને વૈષ્ણવો મૂર્છિત થઇ, જમીન ઉપર પડ્યા હતા. તેમના પર પોતાના કમંડલનું જળ છાંટી આપશ્રીએ તેમને સાવધાન કર્યા. વૈષ્ણવોએ દંડવત કરી, વિનંતી કરી: 'મહારાજ, ત્રણ પ્રહર સુધી આપ કયાં પધાર્યા હતા? આપના વિના અમને બહુ જ કષ્ટ થતું હતું.' ત્યારે આપશ્રીએ યજ્ઞમાં પધાર્યાનો પ્રસંગ કહ્યો. પછી આપશ્રી ત્યાંથી આગળ અયોધ્યા તરફ પધાર્યા.

(૭૪) શ્રી અયોધ્યાનાં બેઠકજીનું ચરિત્ર

અયોધ્યામાં સરયૂ નદીના કિનારે વલ્લભઘાટ આવેલો છે. ત્યાં હનુમાનગઢી નામના સ્થાનમાં શ્રીમહાપ્રભુજીનાં મૂળ બેઠકજી બિરાજે છે. આજ સુધી આ બેઠકજી ગુપ્ત હતાં, ગોસ્વામી શ્રીનટવરગોપાલજી મહોદયે (દ્વારિકા) આ બેઠકજી પ્રગટ કર્યાં છે અને ત્યાં સેવાનો પ્રકાર શરૂ કર્યો છે.

અલકાબેન રમેશચંદ્ર ન. શાહ, અદીલાબાદના જયશ્રીકૃષ્ણ.

(૭૩) શ્રી નૈમિષારણ્યનાં બેઠકજી

(બેઠક : ૨૬)



નૈમિષારણ્યમાં શોનકાદિક ઋષિઓ યજ્ઞ કરે છે. શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યાં ત્યારે ઋષિઓએ આપશ્રીને આદરપૂર્વક આસન ઉપર પધરાવી આપશ્રીનું પૂજન કર્યું હતું. શ્રીમહાપ્રભુજી અહીં છોંકરના વૃક્ષ નીચે બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહ્યા છે.



શ્રી નૈમિષારણ્યનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૭૪) શ્રી અયોધ્યાનાં બેઠકજી

(બેઠક : ૨૫)



શ્રીમહાપ્રભુજી હનુમાનજીને સમજાવી રહ્યા છે કે અયોધ્યા શ્રીકૃષ્ણનું સાસરું કેમ થાય છે. વળી શ્રીમહાપ્રભુજી શ્રીરામચંદ્રજી અને સીતાજીના દર્શને પધાર્યા છે અને કહી રહ્યા છે : 'મર્યાદા પુરુષોત્તમાય નમઃ'



શ્રી અયોધ્યાનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. પછી આપશ્રી અયોધ્યાનાં તીર્થસ્થાનોમાં દર્શન કરવા પધાર્યા, ત્યારે એક સ્થાન ઉપર શ્રીવાલ્મિકી રામાયણની કથા ચાલતી હતી. આપશ્રીએ જોયું કે, ત્યાં શ્રી હનુમાનજી કથાશ્રવણ કરતા હતા. હનુમાનજીએ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરીને વિનંતી કરીઃ 'મહારાજ, આપ શ્રીકૃષ્ણના ઉપાસક હોવા છતાં શ્રીરામચંદ્રજીની આ નગરીમાં કેમ પધાર્યા છો?' ત્યારે શ્રીમહાપ્રભુજીએ મંદ સ્મિત કરીને આજ્ઞા કરીઃ 'અમે તો અમારા શ્રીઠાકોરજીના સાસરે આવ્યા છીએ. પરંતુ તમે નગ્ન સ્વરૂપે કથા શ્રવણ કરો છો, તે ઠીક નથી. માટે કથા શ્રવણ કરતાં એક લંગોટી પહેરો.' તેથી તે દિવસથી જયાં જયાં રામાયણની કથા થાય છે, ત્યાં ત્યાં એક વસ્ત્ર બિછાવવામાં આવે છે. શ્રી હનુમાનજીએ હાથ જોડીને પૂછયુંઃ 'આ અયોધ્યાનગરી શ્રીકૃષ્ણચંદ્રનું સાસરું કેવી રીતે થાય?' ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કેઃ 'પ્રાચીન સમયમાં આ અયોધ્યાનગરીમાં રાજા અગ્નિજિત રાજય કરતો હતો. તેની દીકરી શ્રી સત્યાજી સાથે ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્ન થયાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણે અહીં એકી સાથે સાત બળદને નાથ્યા હોવાથી રાજા અગ્નિજીતે તેમની સાથે સત્યાજીને પરણાવ્યાં હતાં. માટે શ્રીકૃષ્ણચંદ્રનું સાસરું છે.' આ સાંભળી શ્રી હનુમાનજી ખૂબ પ્રસન્ન થયા.

પછી શ્રીમહાપ્રભુજી શ્રીરામચંદ્રજીનાં દર્શન કરવા પધાર્યા. શ્રી રામચંદ્રજીનાં દર્શન કરી, શ્રીમહાપ્રભુજીએ હાથ જોડીને કહ્યુંઃ 'શ્રીમર્યાદાપુરુષોત્તમાય નમઃ' આ સાંભળીને શ્રીહનુમાનજીને મનમાં સંદેહ થયો, પરંતુ તેઓ કશું બોલ્યા નહિ. શ્રીમહાપ્રભુજી ત્યાંથી પાછા પધાર્યા ત્યારે શ્રીરામચંદ્રજીએ હનુમાનજીનો સંદેહ મનોમન જાણી લઈને શ્રીહનુમાનજીને આજ્ઞા કરી કેઃ 'આ સામગ્રી તમે શ્રીમહાપ્રભુજીને આપી આવો.' ત્યારે શ્રીહનુમાનજી તે સામગ્રી લઈને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. ત્યાં આવીને જુએ છે તો શ્રીમહાપ્રભુજી શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ ધારણ કરીને બેઠા છે, તેથી આશ્ચર્યચકિત થઈ, શ્રીહનુમાનજીએ શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, લાવેલી સામગ્રી આગળ ધરી. ફરી દંડવત કરી પાછા ફર્યા. શ્રીરામચંદ્રજી પાસે આવીને તેમણે સર્વ હકીકત કહી, ત્યારે શ્રીરામચંદ્રજીએ આજ્ઞા કરી કેઃ 'શ્રીમહાપ્રભુજી શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ છે, તેથી તેમનામાં એટલું સામર્થ્ય છે કે તેઓ મારું સ્વરૂપ ધરી શકે, પરંતુ તેમનું સ્વરૂપ ધારણ કરવાનું સામર્થ્ય મારામાં નથી. તેથી શ્રીમહાપ્રભુજી શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ છે. જયારે હું તેમના હાસ્યનું સ્વરૂપ છું. હાસ્ય હમેશાં મુખમાંથી પ્રગટ થાય છે. માટે શ્રીમહાપ્રભુજી શ્રીપૂર્ણપુરુષોત્તમના મુખારવિંદ સ્વરૂપ

શાહ શર્મિષ્ઠાબેન ચંદ્રકાંત (નગરશેઠ), મુંબઈના જયશ્રીકૃષ્ણ.

હોવાથી મહાન છે.' આ સાંભળીને શ્રીહનુમાનજી પ્રસન્ન થયા. અહીંથી શ્રી મહાપ્રભુજી ચિત્રકૂટ પધાર્યા.

(૭૫) શ્રી ચિત્રકૂટનાં બેઠકજીનું ચરિત્ર

ઉત્તરપ્રદેશમાં ચિત્રકૂટ નામનું રેલવે સ્ટેશન આવેલું છે. ચિત્રકૂટ શહેર કાંતાનાથ પર્વતની તળેટીમાં આવેલું છે. અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. શ્રીકાંતાનાથ પર્વતની પાસે છોંકરના વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજી મુકામ કરીને બિરાજ્યા હતા. આપશ્રીએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે: 'આ સ્થાનમાં શ્રીરામચંદ્રજીએ સીતાજી સાથે ચાતુર્માસ ગાળ્યો હતો, માટે આપણે પણ અહીં મુકામ કરીશું.' આપશ્રીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, તે પૂર્ણ થયા પછી આપે અહીં શ્રીવાલ્મીકિ રામાયણનું પારાયણ પણ કર્યું, ત્યારે શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી કથા શ્રવણ કરવા શ્રીહનુમાનજી રોજ અહીં આવતા અને એક પગે ઊભા રહી, કથા શ્રવણ કરતા. આપશ્રીએ તેમને આજ્ઞા કરી: 'તમે બેસીને કથા શ્રવણ કરો.' ત્યારે શ્રીહનુમાનજીએ કહ્યું: 'મારો સંકલ્પ છે કે એક પગે ઊભા રહીને જ કથા શ્રવણ કરું.' આપશ્રી મોન રહ્યા.

આપશ્રીએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે: ' આ કાંતાનાથ પર્વત શ્રીગિરિરાજ પર્વતના ભાઈ છે, તેથી શ્રીગિરિરાજજીના સંબંધથી આપણે આ પર્વત ઉપર પગ પણ નહિ ધરીએ.' ત્યારે શ્રીકાંતાનાથ પર્વતે પોતાના આધિદૈવિક સ્વરૂપે મનમાં વિચાર કર્યો: 'શ્રીમહાપ્રભુજી મારા ઉપર પગ નહિ ધરે, તો હું સનાથ કેવી રીતે થઈશ?' તેથી કાંતાનાથ પર્વત એક બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને હાથ જોડીને વિનંતી કરી: 'મહારાજ, શ્રીરામચંદ્રજી અને શ્રીજાનકીજી મારા શિખરરૂપી હૃદયમાં બિરાજે છે. તે બંને સ્વરૂપોએ આજ્ઞા કરી છે કે, જઈને શ્રીમહાપ્રભુજીને કહો કે અમને ખૂબ ભૂખ લાગી છે. માટે કંઈક સામગ્રી લઈને પધારે.' તે વખતે શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીને ભોગ ધરીને બિરાજ્યા હતા. આપે શ્રી દામોદરદાસને આજ્ઞા કરી કે : 'પાકાં કેળાંની સામગ્રી ફરી સિદ્ધ કરો.' ત્યારે વૈષ્ણવોએ બેતાલીસ પાકાં કેળાં સુધારી, સિદ્ધ કરી મિસરી, એલચી, ગુલાબજળ પધરાવ્યું. શ્રીકૃષ્ણદાસ મેઘને વિનંતી કરી: 'મહારાજ, આ ગુલાબજળ તો શ્રીઠાકોરજીનું છે.' ત્યારે આપે મંદ સ્મિત કરીને આજ્ઞા કરી: શ્રીરામચંદ્રજી પણ મર્યાદાપુરુષોત્તમ સ્વરૂપ છે, માટે ચિંતા કરશો નહિ.' પછી આપશ્રી પર્વતનાં શિખરો ઉપર પધાર્યા. ત્યાં એક

હંસાબેન પ્રકાશભાઈ કારીયા, થાણાના જયશ્રીકૃષ્ણ.

---

(૭૫) શ્રી ચિત્રકૂટનાં બેઠકજી

(બેઠક : ૨૪)



શ્રીમહાપ્રભુજી કાંતાનાથ પર્વત પાસે છોંકરના વૃક્ષ નીચે બિરાજી વાલ્મિકી રામાયણનું પારાયણ કરી રહ્યા છે. શ્રીહનુમાનજી સામે ઊભા રહીને શ્રવણ કરે છે.

શ્રી ચિત્રકૂટનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

રત્નજડિત શિલા ઉપર શ્રીરામચંદ્રજી અને શ્રીજાનકીજી બિરાજયાં હતાં. શ્રીલક્ષ્મણજી પોતાના મૂળ શેષ સ્વરૂપે થઈને બંને સ્વરૂપો ઉપર છાયા કરતા હતા. શ્રીહનુમાનજી હાથ જોડીને ઊભા હતા, ત્યારે શ્રીરામચંદ્રજી અને શ્રીમહાપ્રભુજી પરસ્પર મળ્યા. શ્રીરામચંદ્રજીએ શ્રીમહાપ્રભુજીનો હાથ પકડી પોતાની પાસે રત્નશિલા પર બેસાડ્યા. શ્રીમહાપ્રભુજીએ બંને સ્વરૂપોને સામગ્રીનો ભોગ ધર્યો. તે બંને સ્વરૂપો આરોગ્યાં. ત્યારપછી શ્રીલક્ષ્મણજી અને શ્રીહનુમાનજીને તે પ્રસાદ આપી, આપશ્રીએ શ્રીરામચંદ્રજી સાથે એક મુહૂર્ત સુધી વાર્તાલાપ કર્યો. પછી આપશ્રી પાછા પોતાની બેઠકમાં પધાર્યા. અહીંથી આગળ આપ જનકપુર પધાર્યા.

(૭૬) શ્રી જનકપુરનાં બેઠકજીનું ચરિત્ર

બિહારમાં પટણા પાસે હાજીપુર નામનું ગામ આવેલું છે, તે રેલવે સ્ટેશન પણ છે. ત્યાંથી બે માઈલ દૂર જનકપુર નામનું ગામ છે. ત્યાં ગામ બહાર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે.

અહીં શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે ગામ બહાર માણેક તળાવ આવેલું હતું, તેના કિનારે ભગવાનદાસ નામના એક માણસનો બગીચો હતો. આપશ્રીએ આજ્ઞા કરી કે: 'અહીં શ્રીરામચંદ્રજીની જાનનો મુકામ હતો. આ તળાવમાં શ્રીરામચંદ્રજી અને શ્રીસીતાજીએ સજોડે સ્નાન કર્યું હતું. માટે આપણે પણ અહીં મુકામ કરીશું. આપશ્રીએ ભગવાનદાસના બાગમાં મુકામ કર્યો અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી.

એક દિવસ ભોજન કરીને આપ તળાવના કાંઠે બિરાજ્યા હતા, ત્યારે શ્રીવિષ્ણુસ્વામી સંપ્રદાયના કેવલરામ નામના એક સંન્યાસી પોતાના પાંચસો સેવકોને લઈને જનકપુરની યાત્રાએ આવ્યા હતા. શ્રીમહાપ્રભુજીને અહીં પધારેલા જાણી તેઓ દર્શન કરવા આવ્યા. તેમણે દંડવત કરી, વિનંતી કરી: 'મહારાજ, આપે શ્રીવિષ્ણુસ્વામી સંપ્રદાયનું રક્ષણ કરી, માયાવાદનું ખંડન કર્યું છે, તો અમને આપ સેવક કરો. હું સદા આપની સેવામાં સાથે રહીશ, મારા પાંચસો સેવકો આપની સેવા કરશે.' આપે કેવલરામને નામમંત્ર આપ્યો અને આજ્ઞા કરી: 'તું તારા સેવકોને આ નામમંત્ર આપજે. તારે અમારી સાથે રહેવાની જરૂર નથી. તું તારી રીતે તીર્થયાત્રા કર.' તેણે હાથ જોડી વિનંતી કરી: 'મહારાજ, શાસ્ત્રોમાં એવી આજ્ઞા છે કે ગુરુનો અધરામૃતરૂપી પ્રસાદ મળે તો ગુરુ-ઉપદેશ ફલિત થાય, માટે કૃપા કરીને મને આપનો પ્રસાદ આપો.' તે દિવસ ચૈત્ર સુદ દશમીનો દિવસ હતો. આગલા દિવસે રામનવમીનો ઉત્સવ મનાવ્યો

દમયંતિબેન નંદલાલ મહેતા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૭૬) શ્રી જનકપુરનાં બેઠકજી

(બેઠક : ૩૦)



જનકપુરમાં માણેક તળાવ કે જ્યાં શ્રીરામચંદ્રજીની જાનનો મુકામ હતો અને શ્રીરામચંદ્રજી અને સીતાજીએ સજોડે સ્નાન કર્યું હતું ત્યાં ભગવાનદાસ નામના માણસના બગીચામાં શ્રીમહાપ્રભુજી કેવલદાસ સંન્યાસી અને તેના સેવકોને રબડી મહાપ્રસાદ લેવડાવી રહ્યા છે.

શ્રી જનકપુરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

હતો. તે દિવસે પ્રભુના મહાપ્રસાદમાંથી રબડીનો એક ડબરો વધ્યો હતો. આપે યાદવેન્દ્રદાસ નામના સેવકને તે ડબરો આપીને આજ્ઞા કરી: 'પાંચસો સંન્યાસીઓને પ્રસાદ લેવડાવો.' ત્યારે યાદવેન્દ્રદાસે કેવલરામને કહ્યું: 'તમે બધા પડિયા લઈને બેસી જાઓ.' યાદવેન્દ્રદાસે બધાને પેટ ભરીને રબડી લેવડાવી, છતાં રબડીનો ડબરો ભરેલો રહ્યો. તે જોઈને કેવલરામ બહુ પ્રસન્ન થયા. તેમના ગયા પછી યાદવેન્દ્રદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી: 'મહારાજ, આ રબડી બચી છે. તે કોને આપવી? ત્યારે આપે આજ્ઞા કરી: 'તે સન્યાસીઓએ લેતાં વધેલી છે, માટે કોઈ વૈષ્ણવને ન આપશો, પરન્તુ બગીચાના માળી વગેરે લોકોને આપી દો.' યાદવેન્દ્રદાસે તે પ્રમાણે કર્યું. આ ચમત્કાર માળી લોકોએ જોયો. તેમણે જઈને પોતાના શેઠ ભગવાનદાસને વાત કહી, ત્યારે ભગવાનદાસ આશ્ચર્ય પામીને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે સાષ્ટાંગ દંડવત કરી વિનંતી કરી: 'મહારાજ, મને સેવક કરો અને મારે ઘેર પધારો.' આપશ્રીએ તેમને સેવક કર્યા અને તેમના ઘેર પધાર્યા. અહીં આપશ્રી એક વર્ષ સુધી બિરાજ્યા. આવું અલૌકિક ચરિત્ર આપશ્રીએ આ સ્થાનમાં પ્રગટ કર્યું છે.

(૭૭) શ્રી ગંગાસાગરનાં બેઠકજીનું ચરિત્ર

કલકત્તાથી ગંગાસાગર ક્ષેત્ર એક્યાશી માઈલ દૂર છે. ત્યાં કપિલ મુનિનો આશ્રમ આવેલો છે. આ સ્થળે ગંગાજીનો સમુદ્ર સાથે સંગમ થાય છે. તેથી તેને ગંગાસાગર કહે છે. મકરસંક્રાંતિનો સમય બાદ કરતાં બારે માસ આ સ્થળની ભૂમિ ઉપર સર્વત્ર જળ ભરાયેલું રહે છે. તેથી ત્યાં જવા ઈચ્છનારે મકરસંક્રાંતિના સમયે ત્યાં જવું. કલકત્તાથી ડાયમંડ હાર્બર થઈ કાકદ્વીપ જવાય છે અને ત્યાંથી અઢાર માઈલ દૂર કપિલ મુનિના આશ્રમે જવાય છે. અહીં આ બેઠકજી પ્રકટ બિરાજે છે. સેવા પ્રકાર ચાલે છે.

શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા ત્યારે આપશ્રીની સાથે કૃષ્ણદાસ મેઘન હતા. આપશ્રીએ અહીં કપિલ મુનિના આશ્રમ પાસે એક છોંકરના વૃક્ષ નીચે મુકામ કર્યો. અહીં ચારે બાજુ અઘોર વન હતું. આવા અઘોર વનમાં અનેક ભયંકર તામસી પ્રાણીઓ રહેતાં હતાં. આ વનને કપિલવન અથવા સુંદરવન નામે ઓળખવામાં આવે છે. અહીં છ માસ પર્યન્ત બિરાજી આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના ત્રણ સ્કંધના શ્રીસુબોધિનીજી સંપૂર્ણ કર્યા. અહીં જ આપશ્રીને ફરી ગોલોકધામમાં પધારવા માટે ભગવદ્આજ્ઞા થઈ હતી. આપશ્રીએ અહીં બિરાજીને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું.

સ્નેહલતાબેન વસંતભાઈ દેસાઈ, અમેરીકાના જયશ્રીકૃષ્ણ.

(૭૭) શ્રી ગંગાસાગરનાં બેઠકજી

(બેઠક : ૩૧)



ગંગાસાગરના કિનારે એક ટેકરી ઉપર બિરાજી શ્રીમહાપ્રભુજી પોતાના ચરણારવિંદની રજની સુગંધથી બધા તામસી જીવોનો ઉદ્ધાર કરી રહ્યા છે. અહીં જ કૃષ્ણદાસ મેઘને મેઘલી રાતે ગંગાસાગર પાર કરી, લીલી ડાંગરના મમરા લાવી, શ્રીમહાપ્રભુજીને આરોગાવ્યા હતા.



શ્રી વૃન્દાવનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

એક વખત આપશ્રી રાત્રે પોઢ્યા હતા, ત્યારે કૃષ્ણદાસ મેઘન આપશ્રીની ચરણસેવા કરતા હતા. આપશ્રીને હૃદયમાં પ્રભુએ પ્રેરણા કરી કે: 'મને લીલી ડાંગરના મમરા આરોગવા છે.' આપશ્રીએ મનમાં વિચાર કર્યો કે: ' પ્રભુની પ્રસન્નતા માટે આ સામગ્રી આ અઘોર વનમાં અત્યારે મળે તો કેવું?' આપશ્રીની કૃપાથી આપશ્રીના મનની આ ભાવના કૃષ્ણદાસ મેઘન જાણી ગયા. ચરણસેવા કરતાં કરતાં કૃષ્ણદાસ મેઘને જોયું કે આપશ્રી નિદ્રાધીન થયા છે, ત્યારે આપશ્રીના મસ્તક નીચે ગડી કરેલાં વસ્ત્રોનું ઓશીકું મૂકી આપશ્રીની ચારેબાજુએ લક્ષ્મણરેખા દોરી, તેમાં ન પ્રવેશવા હિંસક પશુઓને આદેશ આપી, દંડવત કરી, તેઓ ગંગાજીના કિનારે આવ્યા. ભયંકર સમુદ્ર ઘુઘવતો હતો. ઘોર અંધારી રાત હતી. સામા કિનારે એક ઝાંખા દીવાનો પ્રકાશ ટમટમતો હતો. કૃષ્ણદાસ મેઘને આવા ભયંકર વાતાવરણમાં શ્રીવલ્લભ પર વિશ્વાસ રાખી, સમુદ્રમાં ઝંપલાવ્યું અને ભયંકર જળચર પ્રાણીઓથી બચતા, સમુદ્રનાં મોજાંમાંથી માર્ગ કરતા, સામા કિનારે પહોંચ્યા. ત્યાં જઇ દીવો બળતો હતો તે દિશામાં ગયા. ત્યાં ડાંગરનાં ખેતરોના માલિકને જગાડી, તેને સમજાવી લીલી ડાંગર લઇ, તેને સાથે લઇ, ગામમાં જઈ ભાડભુંજાને જગાડી તેની પાસે તેના મમરા સિદ્ધ કરાવ્યા. મમરાને પડિયામાં ભરી, પોતાના ઉપરણાથી બાંધી, માથે બાંધી દીધા. તેઓ પાછા ગંગાજી તરીને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. આપશ્રીની સન્મુખ સામગ્રી પધરાવી આપશ્રીને ચરણારવિંદ દબાવી જગાડ્યા. સામગ્રીનાં દર્શન કરતાં આપશ્રીએ પ્રસન્ન થઇ પૂછ્યું: 'ક્યાંથી લાવ્યા?' કૃષ્ણદાસ મેઘને બધી હકીકત કહી, આપશ્રીએ પ્રસન્ન થઇ, તે સામગ્રીનો પ્રભુને ભોગ ધર્યો અને પોતે અંગીકાર કર્યો. આપશ્રીએ અહીં પ્રસન્ન થઇને કૃષ્ણદાસ મેઘનની વર્ષો જૂની બે મનોકામનાઓ પૂરી કરી: (૧) તેમનો મુખરતાદોષ નિવૃત્ત કર્યો (૨) તેમના હૃદયમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું દૃઢ સ્થાપન કર્યું.

આપશ્રી અહીં છ માસ બિરાજ્યા, ત્યારે એક દિવસ આપશ્રીએ વિચાર કર્યો કે અહીં વાસ કરી રહેલ દૈવી જીવો તામસ યોનિમાં છે. તેમાંના દૈવી જીવો જ્યાં સુધી ઉત્તમ મનુષ્ય યોનિમાં ન જન્મે ત્યાં સુધી ભક્તિના સંબંધ વિના તેમનો તામસ ભાવ નિવૃત્ત થઇ શકે નહિ, માટે અહીં પ્રમેયબળથી આ જીવોનો ઉદ્ધાર કરી, તેમને પ્રથમ ઉત્તમ મનુષ્ય યોનિ પ્રાપ્ત કરાવવી પડશે, જેથી તેઓને બ્રહ્મસંબંધ મળે અને સેવાસ્મરણના અધિકારી બનતાં ભક્તિનો સંબંધ થાય. આમ વિચાર કરી આપશ્રી પોતાના સેવકો સહિત અઘોર વનમાં પધાર્યા. આગળ ચાલતાં એક નાની ટેકરી પર આપશ્રી બિરાજ્યા. ત્યાં આપશ્રીના ચરણારવિંદનું એક પગલું ઊપસી આવ્યું. તેમાંથી અલૌકિક પ્રકારની સુમધુર સુગંધ ચારે તરફ પ્રસરવા માંડી. આ સુગંધની ગંધથી તમામ તામસી જીવોએ તેમના દેહનો ત્યાગ કર્યો. કસ્તૂરી જેવી સુગંધ પ્રગટતાં મૃગોએ પણ પોતાનો દેહ છોડ્યો. આમ જે જે જીવોને જે જે પ્રકારની ગંધ પ્રિય હતી, તેવી ગંધ આપશ્રીએ ત્યાં પ્રગટ કરી, સૌ જીવોને તામસ યોનિમાંથી મુક્ત કર્યા. માટે જ શ્રીગોપાલદાસભાઇએ 'શ્રીવલ્લભાખ્યાન'માં ગાયું છે કે: ' એ તામસનાં અઘ હર્યાં વ્હાલે પ્રતાપ પદરજ ગંધ'. આવું અલૌકિક ચરિત્ર આપશ્રીએ આ સ્થાનમાં પ્રગટ કર્યું.

આ ચરિત્રમાં આપણે બે બાબતો વિગતે સમજવી જરૂરી છે. કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજી પાસે જુદા જુદા ત્રણ પ્રસંગોએ બે બાબતોનું વરદાન માગ્યું છે: (૧) મારો મુખરતાદોષ જાય, અને (૨) આ માર્ગનો સિદ્ધાંત મને હૃદયારૂઢ થાય. કૃષ્ણદાસ મેઘન જેવા નિર્ગુણ પરમ ભગવદીયને આ બે બાબતો શ્રીમહાપ્રભુજીની કૃપા વિના પ્રાપ્ત થઇ શકતી ન હોય તો આપણા જેવા સામાન્ય જીવની તો વાત જ શી કરવી? મુખરતાદોષ એટલે વાચાળતાનો દોષ. પ્રભુએ આપેલી વાણીનો ઉપયોગ ભગવદ્ ગુણગાન માટે જ થવો જોઇએ. તેના બદલે જો તેનો ઉપયોગ લૌકિક ચર્ચાઓ કરવામાં થાય તો તેને તેટલા પ્રમાણમાં મુખરતાદોષ કહેવાય. એટલા માટે તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે: 'ગાયના શિંગડા ઉપર રાઇનો દાણો ટકે તેટલીવાર પણ જો ભગવન્નામ ચૂકી જવાય તો તે જીવ બહિર્મુખ થાય છે.' આમ, સતત ભગવન્નામનું રટણ જીભથી ચાલુ રહેવું જોઇએ અને છૂટકો ન હોય તેટલી જ અન્ય વાત કરવી જોઇએ. આ સિદ્ધાંત આ પ્રસંગમાં આપણને જાણવા મળે છે.

ભક્તોએ પોતાના અનુભવથી ગાયું છે કે:

'જબ લૌં હરિ આપુનપે ન જતાવે,
તબ લૌં યહ માર્ગ કો સિદ્ધાંત પઢે સુને નહિ આવે.'

ભગવદ્કૃપા વિના પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે. ગમે તેટલો વિદ્વાન માણસ પણ કેવળ પોતાની બુદ્ધિના બળથી આ સિદ્ધાંતોને સમજી શકતો નથી અને બિલકુલ અભણ વ્યક્તિ પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આ સિદ્ધાંતોને આત્મસાત કરી શકે છે. તેવાં અનેક ઉદાહરણો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં પ્રત્યક્ષ છે. માટે આ માર્ગના સિદ્ધાંતો બરાબર જાણીએ છીએ એવો અહંકાર ન રાખતાં શ્રીમહાપ્રભુજીને વારંવાર વિનંતી કરતા રહીએ તો તેમની કૃપાથી આ સિદ્ધાંતો હૃદયારુઢ થઇ શકે. સિદ્ધાંતો હૃદયારુઢ થયા ત્યારે જ કહેવાય, જ્યારે આપણે તે

ગો.વા. નવનીતભાઈ જીવરાજ સોમૈયા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

વસંતબેન નટવરલાલ શેઠ, અંજારના જયશ્રીકૃષ્ણ.

બરાબર સમજી, તેનું જીવનમાં અણીશુદ્ધ રીતે પાલન કરીએ, આમ, મન-વચન-કર્મની જયારે એકવાક્યતા થાય, ત્યારે માનવું કે આ સિદ્ધાંતો આપણાં હૃદયમાં દૃઢ રીતે સ્થાપિત થયા છે. મોટે ભાગે આપણી સ્થિતિ 'ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે' તેના જેવી જ હોય છે.

અહીંથી શ્રીમહાપ્રભુજી શ્રીજગન્નાથપુરી પધાર્યા. અહીં આપણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી, આગળ વધીએ.

(૭૮) શ્રી જગન્નાથપુરીનાં બેઠકજીનું ચરિત્ર

ભારતના પૂર્વ પ્રદેશમાં ઓરિસ્સા રાજ્યમાં કટક અને વિજયાનગરમ્ વચ્ચે આવેલ ખુરદારોડ નામના જંકશનથી જગન્નાથપુરી જઇ શકાય છે. અહીં બસ દ્વારા પણ જઇ શકાય છે. પુરાણોમાં શ્રીપુરુષોત્તમ ક્ષેત્રથી તે પ્રસિદ્ધ છે. અહીં શ્રીજગન્નાથજીનું વિશાળ ભવ્ય મંદિર આવેલું છે. આ ક્ષેત્રનો એવો મહિમા છે કે અહીં વેદની વર્ણ વ્યવસ્થાના કોઇ ભેદભાવ નથી. શ્રીજગન્નાથજીનો સખડી મહાપ્રસાદ શૂદ્રના હાથનો પણ બ્રાહ્મણ લઇ શકે છે. અહીં મહાપ્રસાદનો અનાદર કરનારને મોટો અપરાધ લાગે છે. આવા વિશિષ્ટ તીર્થક્ષેત્રમાં શ્રીજગદીશના મંદિરની બાજુમાં જ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. ત્યાં સેવાનો પ્રકાર ચાલે છે. મુકામ કરવા માટે ગામમાં ઘણી ધર્મશાળાઓની સગવડ છે.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે એકાદશીનો દિવસ હતો, આપશ્રી શ્રીજગદીશ ભગવાનનાં દર્શન કરી, મંદિરના ચોકમાં પધાર્યા ત્યારે કોઇક ભક્તે આપશ્રીના શ્રીહસ્તમાં શ્રીજગદીશ ભગવાનનો સખડી મહાપ્રસાદ મૂકયો. આપશ્રીએ વિચાર કર્યો કે આ ક્ષેત્રમાં એકાદશીના દિવસે પણ શ્રીજગદીશની સખડી લેવામાં કશી બાધકતા નથી, પરંતુ એકાદશીનું વ્રત પણ સચવાય અને અહીંના આ સખડી મહાપ્રસાદનું ગૌરવ પ્રગટ થાય એવું કરવું જોઇએ. તેથી આપશ્રીએ તે જ સ્થળે ઊભા રહી, પોતાના શ્રીહસ્તમાં સખડી મહાપ્રસાદ રાખી, એકાદશીનો દિવસ અને રાત મહાપ્રસાદના ગુણાનુવાદ ગાવામાં વ્યતીત કર્યા, બારસની સવારે આપશ્રીએ તે મહાપ્રસાદ પોતાના મુખમાં મૂક્યો. આ જોઇને ત્યાંના વિદ્વાન પંડિતોમાં પણ આપશ્રીનો પુષ્કળ આદર થયો. આપશ્રીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવતનું સપ્તાહ પારાયણ પણ કર્યું.

ઉમેશ કનુલાલ શાહ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

(૭૮) શ્રી જગન્નાથપુરીનાં બેઠકજી

(બેઠક : ૩૪)



શ્રી જગદીશ ભગવાનના મંદિરમાં રાજા શ્રીમહાપ્રભુજીને ધર્મસભામાં જેની ચર્ચા ચાલી રહી છે તેવા પ્રશ્નોનું નિરાકરણ કરવા વિનંતી કરે છે.



શ્રી જગન્નાથપુરીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

ચંપાબેન એન. ગણાત્રા, હૈદ્રાબાદના જયશ્રીકૃષ્ણ.

ત્યારે જગન્નાથપુરીના વિષ્ણુદેવ નામના રાજાએ અહીં એક ધર્મ સભાનું આયોજન કર્યું હતું. રાજા પોતે પણ મહાન વિદ્વાન હતા. તેમણે ધર્મસભા સમક્ષ ચાર પ્રશ્નો મૂકયા - (૧) મુખ્ય દેવ કોણ? (૨) મુખ્ય મંત્ર કયો? (૩) મુખ્ય શાસ્ત્ર કયું? (૪) મુખ્ય કર્મ કયું? ધર્મસભામાં ઉપસ્થિત પંડિતો જે જે દેવના ઉપાસક હતા તે પ્રમાણે સૌએ જવાબો આપ્યા.

ભિન્ન ભિન્ન જવાબો મળતાં રાજાને સંતોષ થયો નહિ. તેણે સાંભળ્યું કે અહીં શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, જેમનો વિદ્યાનગરમાં કનકાભિષેક થયો હતો, તેથી રાજાએ શ્રીમહાપ્રભુજી પાસે આવી, દંડવત પ્રણામ કરી વિનંતી કરી: 'મહારાજ, મારો સંદેહ દૂર કરી, મારા ચાર પ્રશ્નોના જવાબ આપો.' આપશ્રીએ આજ્ઞા કરી: 'હું ધર્મસભામાં આવીશ અને ત્યાં તેનો વિચાર કરીશ.' આપશ્રીએ વિચાર કર્યો કે, જો હું શાસ્ત્ર વચનોથી આ વાત સમજાવીશ તો રાજાનું સંશયશીલ મન તે સ્વીકારશે નહિ. અહીંના રાજાને શ્રીજગદીશ પર પૂરતો વિશ્વાસ છે, તેથી શ્રીજગદીશના શ્રીમુખે જ આ પ્રશ્નોનો જવાબ મળે તો આ જવાબ સૌ સ્વીકારશે. આવો વિચાર કરીને આપશ્રી શ્રીજગદીશના મંદિરના ચોકમાં યોજાયેલી ધર્મસભામાં પધાર્યા. રાજાને આજ્ઞા કરીને કહ્યું: 'આપણે શ્રીજગદીશ ભગવાન પાસે કાગળ, ખડિયો, અને કલમ મૂકીએ અને શ્રીજગદીશ ભગવાન જે જવાબ આપે તે સૌ સ્વીકારી લઈએ.' રાજા બહુ પ્રસન્ન થયો. તે પ્રમાણે કરવામાં આવ્યું અને દ્વાર બંધ કર્યાં. થોડા સમય પછી દ્વાર ખોલતા કોરા કાગળ ઉપર સુંદર અક્ષરોમાં એક શ્લોક લખાયો હતો, જેનો અર્થ નીચે પ્રમાણે થાય છે:

'દેવકીપુત્ર શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા એ જ મુખ્ય શાસ્ત્ર છે. દેવકીપુત્ર શ્રીકૃષ્ણ એ જ મુખ્ય દેવ છે, તેમનું નામ એ જ મુખ્ય મંત્ર છે અને તેમની સેવા એ જ મુખ્ય કર્મ છે.' આ સાંભળીને સૌ પ્રસન્ન થયા અને રાજાએ પણ વિના સંદેહે આ જવાબ સ્વીકારી લીધો.

તે સભામાં એક બહિર્મુખ માયાવાદી પંડિત હતો. તેણે શંકા કરી કે 'જગદીશ ભગવાનને હાથ નથી, તો તેમણે લખ્યું કેવી રીતે? માટે આ ખોટું છે.' આપશ્રીએ આજ્ઞા કરી કે: 'આ પંડિતને પ્રભુના સ્વરૂપનું ભાન નથી. માટે બીજી વખત કાગળ, ખડિયો અને કલમ મુકાવો.' ફરીથી તેમ કરતાં, થોડીવાર પછી દ્વાર ખોલીને જોયું તો તે કાગળ ઉપર સુંદર અક્ષરે બીજો શ્લોક લખેલો હતો. જેનો અર્થ નીચે પ્રમાણે છે.

ઉર્વશીબેન જયેન્દ્રકુમાર રણછોડદાસ શાહ, ગોધરાના જયશ્રીકૃષ્ણ.

'જે મનુષ્ય પિતાનો દ્રોહ કરે છે, તે પોતાના પિતાથી નહિ, પણ બીજાના વીર્યથી ઉત્પન્ન થયેલો જાણવો. જે હરિ-ભગવાનનો દ્રોહ કરે છે, તેને અતિ હીન જાતિના મનુષ્યના વીર્યથી ઉત્પન્ન થયેલો જાણવો.'

આ વાંચીને સૌને આશ્ચર્ય થયું. આ વાતની સત્યતાની ખાતરી કરવા રાજાએ તે પંડિતની માતાને સભામાં બોલાવી, ધમકાવીને પૂછયું ત્યારે બાઈએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું કે : 'પુત્ર એક શૂદ્રથી ઉત્પન્ન થયેલો છે.' આ જાણી રાજાએ તે પંડિતને પોતાના રાજયમાંથી કાઢી મૂકયો અને શ્રીમહાપ્રભુજીનો સર્વત્ર જયજયકાર થયો. રાજા પોતાના કુટુંબ અને નગરજનો સાથે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યો અને શ્રીમહાપ્રભુજીને ઘણાં મૂલ્યવાન રત્નો ભેટ ધર્યાં.

આપશ્રી ત્રણેય પૃથ્વી પરિક્રમા વખતે અહીં પધાર્યા છે અને ત્યારબાદ પણ ઘણી વખત આપશ્રી અહીં પધાર્યા છે.

અહીંના આપશ્રીના સમગ્ર ઈતિહાસની વિગતો તે સમયના એક ગ્રંથમાંથી આજે આપણને મળી આવી છે. તે સમયે રાજદરબારમાં એવો નિયમ હતો કે રાજદરબારમાં રોજેરોજ જે કંઈ કાર્યવાહી ચાલતી તેની વિગતવાર નોંધ લખવામાં આવતી. આ નોંધ ઉડિયા ભાષામાં 'માદલાપંજી'ના નામે જાણીતી હતી. તે વખતની આ નોંધ આજે પણ આપણને પ્રાપ્ત થાય છે, જેમાંથી જગન્નાથપુરીના શ્રી મહાપ્રભુજીના ચરિત્ર ઉપર ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પ્રકાશ પડે છે. આ ઉપરાંત, આપશ્રીના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીએ અહીંના પોતાના કુળપુરોહિતને જે વૃત્તિપત્ર લખી આપ્યું છે, તેમાં પણ અહીંના ચરિત્ર-પ્રસંગોનો વિગતવાર ઉલ્લેખ છે.

આ બંને પ્રસંગોને આપણે ઝીણવટપૂર્વક સમજવા જેવા છે. મહાપ્રસાદ એ સાક્ષાત્ કૃષ્ણધરામૃત હોવાથી ભગવદ્સ્વરૂપ છે. તેથી મહાપ્રસાદ કેવી રીતે લેવો જોઈએ, એ સુંદર રીતે આપણને અમદાવાદવાળા ગો.શ્રી રણછોડલાલજી મહારાજનાં વચનામૃતોમાંથી જાણવા મળે છે. આપણા ત્યાં પ્રસાદ લેતાં સૌથી પહેલાં સખડી લેવાનો રિવાજ છે. તે એટલા માટે છે કે, સખડી મહાપ્રસાદરૂપે તેમાં બિરાજતું ભગવદ્સ્વરૂપ દાંતથી ચાવ્યા વિના ગળી જઈને હૃદયમાં પધરાવી શકાય. માટે તેમાં બિરાજતા ભગવદ્સ્વરૂપને સુગંધ દ્વારા હૃદયમાં પધરાવી તે કોળિયો મુખમાં મૂકવો. આવી જ રીતે બીજો કોળિયો પણ લેવો. પહેલો કોળિયો એ મહાપ્રસાદ છે. બીજો કોળિયો એ પ્રસાદ છે અને ત્રીજા કોળિયાથી આરંભીને બાકીના કોળિયા પેટ ભરવા માટેનું પ્રસાદી અન્ન છે. તેથી જ શ્રીસૂરદાસજીએ પણ ગાયું છે કે: **'મહાપ્રસાદ તનક તનક લીજે.'**

ગો.વા.અ.સૌ. જશવંતીબેન લક્ષ્મીકાન્ત ભગત, સલેમના જયશ્રીકૃષ્ણ.

આ ક્ષેત્રમાં આજે પણ શ્રીમહાપ્રભુજી વૈષ્ણવોના હાથની સખડી આરોગે છે અને તેથી ચંપારણ્ય જનાર વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીને સખડી આરોગાવવા જગન્નાથપુરી અવશ્ય જાય છે. આપણા ત્યાં બિરાજતા પ્રભુનું મુખારવિંદ એટલે જ શ્રીમહાપ્રભુજી છે. તેથી જો આપણે પ્રભુને દરરોજ સખડી ભોગ ધરીએ તો જગન્નાથપુરી ગયા વિના ઘરમાં રહીને દરરોજ શ્રીમહાપ્રભુજીને સખડી આરોગાવી શકાય.

આપશ્રીએ અહીં જણાવ્યું છે કે, શ્રીદેવકીપુત્ર કૃષ્ણ મુખ્ય દેવ છે. અહીં એક પ્રશ્ન જાગે કે, શ્રીકૃષ્ણને દેવકીપુત્ર કેમ કહ્યા? રાજાનો પ્રશ્ન હતો 'મુખ્ય દેવ કયા?' પૂર્ણપુરુષોત્તમ અને દેવમાં તફાવત છે. એક રૂપિયાનું પરચૂરણ લઈએ તો રૂપિયામાં પરચૂરણ સમાઈ જાય, પરંતુ પરચૂરણમાં રૂપિયો ન સમાય. તેવી રીતે દેવો ભગવાનનાં અંશ, કલા, વ્યૂહ વગેરે અવતારો છે. પરંતુ તે ભગવાન નથી. દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ચાર વ્યૂહ સાથે પ્રગટ થયેલા હોવાથી તે પુરુષોત્તમ સ્વરૂપ છે. પરંતુ પૂર્ણપુરુષોત્તમ નથી. માટે તેમને મુખ્ય દેવ કહ્યા. યશોદાનંદનતો દેવાધિદેવ પૂર્ણપુરુષોત્તમ છે, તેથી જ શ્રીમહાપ્રભુજીએ આપણને શ્રીયશોદોત્સંગલાલિતની સેવા કરવાની અને તેમનું સ્મરણ કરવાની આજ્ઞા કરી છે. બંને સ્વરૂપો વચ્ચેનો આ ભેદ આપણે સમજવા જેવો છે. અહીં બિરાજતા શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૭૯) શ્રી ઉજ્જૈનના બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરીથી આગળ વધી, પૃથ્વી પરિક્રમા કરતા કરતા ઉજ્જૈન પધાર્યા. તે પહેલાં આપ ઉજ્જૈનથી થોડે દૂર આવેલા ઓડછા રાજ્યની રાજધાનીમાં પધાર્યા હતા. ત્યાંના રાજા વીરભદ્રની સભામાં એક માયાવાદી પંડિત આવ્યો હતો. તે ઘટસરસ્વતીના નામે વિખ્યાત હતો. તેણે મેલી મંત્રવિદ્યાથી સરસ્વતીને સાધી હતી અને સરસ્વતીને પોતાની પાસેના ઘડામાં બંધ કરી રાખી હતી. સભામાં તે સરસ્વતી પાસે પોતાને મનફાવતા જવાબો અપાવી વિજય મેળવતો હતો. શ્રીમહાપ્રભુજીએ જ્યારે આ વાત જાણી ત્યારે આપશ્રી પણ રાજા વીરભદ્રની સભામાં પધાર્યા. ત્યાં આ ઘટસરસ્વતી સાથે શાસ્ત્રાર્થનો પ્રારંભ કર્યો. તે માયાવાદી પંડિતના વારંવાર પૂછવા છતાં સરસ્વતીએ તેની તરફેણમાં જવાબ ન આપતાં કહ્યું: 'શ્રીવલ્લભાચાર્યજી કહે છે તે સાચું છે.' તેથી ઘટસરસ્વતી હારી ગયો. રાજા વીરભદ્રે શ્રીમહાપ્રભુજીનો કનકાભિષેક કર્યો. અને તે આપશ્રીનો સેવક થયો. આમ, આપશ્રીના જીવનકાળ દરમ્યાન અહીં બીજી વખત આપશ્રીનો કનકાભિષેક થયો છે.

ખારેચા યશાંક તથા ખુશ્બુ, જામનગરના જયશ્રીકૃષ્ણ.

(૭૯) શ્રી ઉજ્જૈનના બેઠકજી

(બેઠક : ૭૩)



ગોમતીકુંડ ઉપર એકેય વૃક્ષ ન હોવાથી શ્રીમહાપ્રભુજી એક પીપળાનું પાન રોપી જળ સિંચે છે અને તે સવાર થતાં ઘટાદાર વૃક્ષ બની જાય છે. અહીં શ્રીમહાપ્રભુજીએ હજારો માયાવાદી પંડિતોએ એકી સાથે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો, જેટલા પંડિતો હતા તેટલા મુખારવિંદ ધારણ કરી સૌને એકી સાથે આપ્યા હતા.



શ્રી ઉજ્જૈનનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

ત્યાંથી આપશ્રી ઉજજૈન પધાર્યા. ઉજજૈનમાં ક્ષિપ્રા નદીને કિનારે સાંદીપનિ ઋષિનો આશ્રમ આવેલો છે. મધ્યપ્રદેશમાં આવેલું ઉજજૈન મોટું શહેર છે. ત્યાં ટ્રેઈન દ્વારા અને બસ દ્વારા જઈ શકાય છે. શહેરથી બે માઈલ દૂર ગોમતીકુંડ પાસે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. ઉજજૈન શહેર પ્રાચીન સમયમાં અવંતિકાપુરીના નામે જાણીતું હતું. અહીં શ્રીમહાકાળેશ્વર મહાદેવજી બિરાજે છે. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી અહીં પ્રગટ બિરાજે છે. બેઠકજીનું નવનિર્માણ કાર્ય સુંદર રીતે થયું છે. ત્યાં આપશ્રીનાં ૮૪ બેઠકજીઓનાં માનચિત્રો સુંદર રીતે સિદ્ધ થયાં છે, સેવાનો પ્રકાર પણ સુંદર રીતે ચાલે છે.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે આપશ્રીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે: ‘આ ગોમતી કુંડ પાસેનો પ્રદેશ સાંદીપનિ ઋષિનો છે. ભગવાન શ્રીકૃષ્ણ-બલદેવે, સુદામા સાથે અહીં જ વિદ્યાભ્યાસ કર્યો હતો. માટે આપણે પણ અહીં મુકામ કરીશું.’ આપશ્રીએ જોયું તો કુંડની આજુબાજુ કોઈ વૃક્ષ નહોતું, તેથી કૃષ્ણદાસ મેઘને વિનંતી કરી: ‘મહારાજ, નજીક જયાં વૃક્ષ હોય ત્યાં મુકામ કરીએ. આપશ્રી મૌન રહ્યા અને ખુલ્લા આકાશ નીચે બિરાજયા. એટલામાં કયાંકથી એક પીપળાનું પાન ઊડતું ઊડતું આપશ્રીની પાસે આવ્યું. આપશ્રીએ પોતાની પાસે જમીનમાં તે પાન રોપી, પોતાની ઝારીના જળથી તેને સિંચન કર્યું અને આજ્ઞા કરી કે: ‘આપણે અહીં જ મુકામ કરીશું.’ બીજા દિવસે સવારે ઊઠીને જુએ છે તો ત્યાં પીંપળાનું મોટું ઘટાદાર વૃક્ષ બની ગયું છે. આ જાણી સૌ આશ્ચર્યચકિત થયા અને સૌ સેવકોએ શ્રીમહાપ્રભુજીનો જયજયકાર કર્યો. આપશ્રીએ તે જ વૃક્ષની નીચે બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. ત્યારે તે સાંભળવા માટે શ્રીમહાકાળેશ્વરજી દરરોજ આવતા હતા.

આ શહેરમાં માયાવાદી પંડિતો ખૂબ મોટા પ્રમાણમાં હતા. તેમણે જયારે શ્રીમહાપ્રભુજીનો આવો ચમત્કાર જાણ્યો ત્યારે વિચાર કર્યો કે: ‘આપણે તેમની સાથે શાસ્ત્રાર્થમાં જીતી શકીશું નહિ, માટે ગામ છોડીને જતા રહીએ તો આબરુ બચે.’ જયારે કોઈ માયાવાદી પંડિત શાસ્ત્રાર્થ માટે ન આવ્યા, ત્યારે શ્રીમહાપ્રભુજીએ મહાદેવજીને ફરિયાદ કરી. મહાદેવજીએ પોતાના બધા સેવકોને દર્શન આપીને આજ્ઞા કરી કે, ‘તમે સૌ એકત્ર થઈને, ડર્યા વિના શાસ્ત્રાર્થ કરવા જાઓ.’ બહારગામ ગયેલા બ્રાહ્મણો પાછા ફર્યા. સૌએ એકત્ર થઈને એવી યોજના કરી કે, ‘આપણે સૌ ત્યાં જઈએ અને દરેક જણે એકી સાથે જુદા જુદા પ્રશ્ન પૂછવા, જેથી તેઓ જવાબ આપી શકશે નહિ.’

ચંદનબેન જયંતીલાલ સોની, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

આમ નિર્ણય કરીને સૌ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. આપશ્રીએ સૌને આદર આપી બેસાડ્યા. શાસ્ત્રચર્ચાનો પ્રારંભ થતાં જ બધા માયાવાદી પંડિતોએ એક સાથે જુદા જુદા પ્રશ્નો પૂછયા. ત્યારે આપશ્રીએ પણ જેટલા પંડિતો હતા, તેટલાં મુખારવિંદ ધારણ કરી બધા પંડિતોની સાથે એકી વખતે અલગ અલગ ચર્ચા કરી, સૌને એક ઘડીમાં નિરુત્તર કર્યા. આપશ્રીનું આવું અલૌકિક પ્રતાપબળ જોઈ સૌ પંડિતો ઝંખવાઈને ચાલ્યા ગયા. આ જોઈને શ્રીમહાદેવજીએ કહ્યું કે : ‘આપે અનેક મુખ ધારણ કરીને શાસ્ત્ર ચર્ચા કરી, તે ઠીક નથી.’ ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે: ‘તમારા બ્રાહ્મણોએ એક પછી એક પ્રશ્નો પૂછયા હોત તો હું તેમને જવાબ આપત; પરન્તુ સૌએ સાથે પ્રશ્નો પૂછયા, માટે મેં સૌને એકી સાથે જવાબ આપ્યા છે. આમાં અયોગ્ય શું છે?’ આપશ્રીનું આવું બીજું દિવ્ય ચરિત્ર અહીં પ્રગટ થતાં આખા શહેરમાં આ પ્રસંગનો જયજયકાર થયો અને ઘણા દૈવી જીવો આપશ્રીને શરણે આવ્યા.

અહીંથી શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા કાશી પધાર્યા. આપણે અહીં શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, કાશી જઈએ.

(૮૦) શ્રી કાશીનગરીમાં શેઠ શ્રી પુરુષોત્તમદાસના ઘરમાં બિરાજતાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી દરેક પૃથ્વી પરિક્રમા પૂરી કરીને કાશી પધારતા હતા, અને ત્યાં થોડાક મહિના મુકામ કરી, ફરીથી બીજી પૃથ્વી પરિક્રમાનો પ્રારંભ કરતા હતા. આપશ્રીએ પહેલી પૃથ્વી પરિક્રમા નવ વર્ષમાં પૂરી કરી, બીજી પૃથ્વી પરિક્રમાને પાંચ વર્ષ લાગ્યાં અને ત્રીજી પૃથ્વી પરિક્રમા ચાર વર્ષમાં પૂરી કરી. આમ, આપશ્રીએ પોતાના જીવનકાળનો ત્રીજો ભાગ ત્રણ પૃથ્વી પરિક્રમા કરવામાં જ વ્યતીત કર્યો છે.

ઉત્તરપ્રદેશમાં આવેલું કાશી શહેર ખૂબ જાણીતું છે. ત્યાં ટ્રેઈન અને બસ દ્વારા જઈ શકાય છે. આ કાશી શહેરમાં શ્રીમહાપ્રભુજીના પિતા શ્રી લક્ષ્મણ ભટ્ટજીના સેવક ચૌડાનગરના દિવાન કૃષ્ણદાસજીના પુત્ર શેઠ શ્રી પુરુષોત્તમદાસ રહેતા હતા. તેઓ કાશીના નગરશેઠ હતા. એમ કહેવાય છે કે તેમની પાસે છપ્પન કરોડ રૂપિયા જેટલી વિપુલ ધનરાશિ હતી. કાશીના રાજા પણ તેમનું માન રાખતા હતા. શ્રીમહાપ્રભુજીએ જયારે પહેલી પૃથ્વી પરિક્રમા પછી કાશીમાં મુકામ કર્યો ત્યારે આપશ્રી એક દિવસ સવારે ગંગા-સ્નાન કરી, સંધ્યાવંદન કરતા ઘાટ ઉપર બિરાજ્યા

તેજસ રમેશચંદ્ર શાહ, શિકાગોના જયશ્રીકૃષ્ણ.

(૮૦) શ્રી કાશીનગરીમાં શેઠ પુરુષોત્તમદાસના ઘરમાં બિરાજતાં બેઠકજી

(બેઠક : ૨૭)



જન્માષ્ટમીના દિવસે કાશીમાં પુરુષોત્તમદાસ શેઠના ઘરમાં, સારસ્વત કલ્પના નંદમહોત્સવના જેવો અદ્‌ભુત નંદમહોત્સવ મનાવાઈ રહ્યો છે.



શ્રી કાશીમાં શેઠ પુરુષોત્તમદાસના ઘરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

હતા, તે વખતે શેઠ શ્રી પુરુષોત્તમદાસ ત્યાં સ્નાન કરવા આવ્યા. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરતાં જ તેમને અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. તેથી તેમણે ત્યાં આવીને દંડવત કર્યાં અને પોતાને શરણે લેવા વિનંતી કરી. આપશ્રીએ તેમને સ્નાન કરી આવવા આજ્ઞા કરી અને તેમણે શરણે લીધા. પુરુષોત્તમદાસની વિનંતીથી આપશ્રી તેમને ઘેર પધાર્યા. તેમની દીકરી રૂક્ષ્મણિને અને પુત્ર ગોપાલદાસને શરણે લીધા અને તેમને શ્રીમદનમોહનજીનું અલૌકિક સ્વરૂપ સેવા કરવા પધરાવી આપ્યું. આપશ્રીએ શેઠના ઘેર બિરાજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું, પછી જયારે જયારે આપશ્રી કાશી પધારતા ત્યારે ત્યારે અહીં જ મુકામ કરતા હતા.

એક વખત આપશ્રી અહીં બિરાજતા હતા ત્યારે જન્માષ્ટમીનો મહોત્સવ આવ્યો. આપશ્રીની ઈચ્છાથી શેઠના ઘરમાં આવેલા કૂવામાંથી શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી સમસ્ત લીલાપરિકર સહિત સાક્ષાત્ પધાર્યાં અને 'સારસ્વતકલ્પ'ના નંદ મહોત્સવ જેવો જ અદ્‌ભુત નંદમહોત્સવ મનાવ્યો. તેનાં દર્શન કરવા વિશ્વેશ્વર મહાદેવજી પણ આવ્યા હતા. આવા નંદમહોત્સવ પછી શ્રીમહાપ્રભુજીએ ત્યાં પધારેલાં સર્વ લીલા સ્વરૂપોને વિનંતી કરી કે: 'કલિયુગના જીવો આ રસાત્મક લીલાને હૃદયમાં ટકાવી શકે તેમનથી, માટે આપ સાક્ષાત્ પધારવાનો શ્રમ લેશો નહિ. પરંતુ જયારે જયારે અમે નંદ મહોત્સવ મનાવીશું ત્યારે જે કોઈ આપનો સ્વાંગ ધારણ કરે તેમાં આપ સૂક્ષ્મ સ્વરૂપે અવશ્ય પધારજો.'

આપશ્રી અહીં બિરાજતા ત્યારે અનેક માયાવાદી પંડિતો દરરોજ સવારથી શાસ્ત્રચર્ચા કરવા આવતા. આખો દિવસ શાસ્ત્રચર્ચા ચાલુ રહેતી, તેથી આપશ્રીને સેવાનો સમયપણ મળતો નહિ, માટે આપશ્રીએ 'પત્રાવલંબન' નામનો નાનકડો ગ્રંથ રચી, પોતના સેવકોને આજ્ઞા કરી: ' આ ગ્રંથ શ્રીકાશીવિશ્વેશ્વર મહાદેવજીના મંદિરના દ્વારે ચોંટાડો. તે વાંચીને જે બ્રાહ્મણને શંકા રહે તે જ શાસ્ત્રચર્ચા કરવા આવે.' આપશ્રીએ આ નાનકડા ગ્રંથમાં એવી સુંદર રીતે પોતાના સિદ્ધાંત પ્રતિપાદિત કર્યા કે, કોઈ માયાવાદી પંડિતને ચર્ચા કરવા માટે શંકા રહી નહિ.

શેઠ પુરુષોત્તમદાસના ઘરમાં આજે પણ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે.

અહીં સેવાનો પ્રકાર બરાબર ચાલે છે. બેઠકજીના ચોકમાં કૂવો આવેલો છે. જેમાંથી નંદમહોત્સવની લીલા પ્રગટ થઈ હતી. આ બેઠકજીએ આપણે શ્રીમહાપ્રભુજીને દંડવત કરીએ.

જ્યોત્સનાબેન વજુભાઈ ખારેચા, જામનગરના જયશ્રીકૃષ્ણ.

શ્રીકાશીના પંચગંગાઘાટ પરનાં લગ્નનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજીએ બીજી પૃથ્વી પરિક્રમા દરમ્મયાન કાશીમાં મુકામ કર્યો, ત્યારે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી પ્રેરિત દેવન ભટ્ટ નામે તૈલંગ બ્રાહ્મણ પોતાની મહાલક્ષ્મી નામની કન્યાનું વાગ્દાન કરવા માટે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા, અને તેમણે પોતાની કન્યા સ્વીકારવા શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે: 'આ બાબતમાં તમે અમારાં શ્રીમાતૃચરણ સાથે વાત કરો.' આપશ્રીએ પોતાનાં શ્રીમાતૃચરણ ઈલમ્મા ગારુજીને દક્ષિણમાંથી બોલાવવા શંભુ ભટ્ટને મોકલ્યા અને આપ બીજી પૃથ્વી પરિક્રમા કરવા આગળ પધાર્યા. બીજી પૃથ્વી પરિક્રમા પૂરી કરી, આપ કાશી પાછા પધાર્યા ત્યારે તેમનો પરિવાર પણ કાશી આવી ગયો હતો. શેઠ પુરુષોત્તમદાસે લગ્નની સર્વ તૈયારી કરી હતી અને ત્યાં પંચગંગા ઘાટ ઉપર તેમના શ્વસુર દેવન ભટ્ટના મુકામે તેમની સુકન્યા મહાલક્ષ્મી સાથે આપશ્રીનો ધામધૂમથી લગ્ન-પ્રસાવ ઉજવવામાં આવ્યો. તે દિવસ અષાઢ સુદ પાંચમનો હતો. આપશ્રીના આ લગ્ન-પ્રસ્તાવનો આનંદ લેવા અનેક વૈષ્ણવો અને વિદ્વાનો ત્યાં ઉપસ્થિત થયા હતા. લગ્ન પછી આપશ્રી ગૃહસ્થાશ્રમ અંગીકાર કરી, છ માસ પર્યન્ત આ સ્થાન પર બિરાજ્ય હતા, તેથી આ સ્થાન પર પંચગંગાઘાટનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. પરન્તુ બેઠકચરિત્રના ગ્રંથમાં કે 'શ્રીવલ્લભવિજય'માં આ સ્થાન પર આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યાનો ઉલ્લેખ મળતો નથી. તેથી આ સ્થાન પર આપશ્રીનાં ભાવનાજી બિરાજે છે, તેમ માનવું રહ્યું! અહીં શ્રીમહાપ્રભુજીને દંડવત કરી આગળ વધીએ.

(૮૧) શ્રી અડેલનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજીએ ત્રણ પૃથ્વી પરિક્રમા પૂર્ણ કર્યા પછી અલ્હાબદથી થોડેક દૂર અડેલ નામના રમણીય એકાંત સ્થાનમાં શેષ જીવન વ્યતીત કરવાને નિર્ણય કર્યો અને ત્યાં આપશ્રી પોતાના પરિવાર સાથે પર્ણકુટિ બાંધીને રહ્યા. અપશ્રીની સાથે તેમનાં કેટલાંક જ્ઞાતિજનો પણ ત્યાં જઈને વસ્યાં, અને આમ, શ્રીયમુનજીના કિનારે આવેલા આ એકાંત સ્થાનમાં જંગલમાં મંગલ થયું.

આ સ્થાન અલ્હાબાદ જિલ્લામાં દેવરખ નામના ગામડામ આવેલું છે. અલ્હાબાદથી નૈની સ્ટેશને જવાય છે. ત્યાંથી દેવરખ ગામ બે માઈલ દૂર છે. તેનું મૂળ નામ દેવર્ષિ હતું, જે અપભ્રંશ થઈ દેવરખ તરીકે જાણીતું બન્યું છે આ ગામથી

ગો.વા. સુશીલાબેન જશવંતલાલ પરીખ, દેવગઢ બારીયાના જય જય શ્રીગોકુલેશ.

(૮૧) શ્રી અડેલનાં બેઠકજી

(બેઠક : ૮૩)



અડેલમાં શ્રીમહાપ્રભુજી પંડિતો સાથે શાસ્ત્રચર્ચા કરી રહ્યા છે ત્યારે શ્રીનવનીતપ્રિયાજી, આપશ્રીનાં માતાજી ઈલમ્માગારુજીને સેવામાં પધારવા આજ્ઞા આપી, બ્રહ્મસંબંધ કરાવી, તેમની ભેટ સ્વીકારી રહ્યા છે.



શ્રી અડેલનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

બેઠકજી એકાદ માઈલ દૂર છે. બેઠકજીએ ઊતરવાની સગવડ છે, અને સેવાનો પ્રકાર બરાબર ચાલે છે.

શ્રીનાથજીની આજ્ઞા પ્રમાણે શ્રીમહાપ્રભુજી અહીં બિરાજીને શ્રીનવનીતપ્રિયાજી આદિ સ્વરૂપોની સેવા કરતા હતા. આપશ્રીએ મનમાં વિચાર કર્યો કેઃ માતાજીને સેવા કરવાનું ખૂબ મન છે. પરંતુ બ્રહ્મસંબંધ સિવાય સેવા થઈ શકે નહિ. વળી, શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે માતાને દીક્ષા આપવાનો પુત્રને અધિકાર નથી, તેથી હું કેવી રીતે તેમને બ્રહ્મસંબંધ આપું? એક દિવસ આપશ્રી પાસે શાસ્ત્રચર્ચા કરવા આવેલા પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરતાં ઉત્થાપનનો સમય થઈ ગયો, પરન્તુ શાસ્ત્રાર્થ ચાલુ હોવાથી આપ ઊઠી શક્યા નહિ, તે વખતે શ્રીનવનીતપ્રિયાજીએ શ્રીમહાપ્રભુજીનાં માતા શ્રીઈલમ્માગારુજીને આજ્ઞા કરી કેઃ ‘આપ સ્નાન કરીને સેવામાં આવો.’ ત્યારે શ્રીઈલમ્માગારુજીએ શ્રીનવનીતપ્રિયાજીને વિનંતી કરીઃ ‘કૃપાનાથ, મને સેવામાં ન્હાવાની શ્રીવલ્લભની આજ્ઞા નથી. તેઓ જાણશે તો મને ઠપકો આપશે.’ ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ આજ્ઞા કરીઃ ‘મારી આજ્ઞા છે, શ્રીવલ્લભ તમને લડશે નહિ. તમે સ્નાન કરીને જલદી આવો.’ ત્યારે શ્રીઈલમ્માગારુજી સ્નાન કરીને મંદિરમાં ગયાં. શ્રીનવનીતપ્રિયાજીએ પોતાનું બીજું સ્વરૂપ ધારણ કરી માતાના શ્રીહસ્તમાં તુલસી આપ્યાં અને બ્રહ્મસંબંધ મંત્ર બોલાવી, પોતે તુલસી લઈ પોતાના બીજા સ્વરૂપનાં ચરણારવિંદમાં સમર્પ્યાં. તે વખતે શ્રીનવનીતપ્રિયાજીએ માતા પાસે ભેટ માગી. શ્રીઈલમ્માગારુજીએ ગળામાં પહેરેલી મોતીની માળા ભેટ કરી દીધી. પછી શ્રીનવનીતપ્રિયાજીએ શ્રીઈલમ્માગારુજીને આજ્ઞા કરી કેઃ ‘મને ઉત્થાપન ભોગ ધરો.’ તે ઉત્થાપન ભોગની સામગ્રી લેવાં ગયાં અને એટલામાં શ્રીમહાપ્રભુજી પણ સ્નાન કરીને સેવામાં પધાર્યા. માતાને સેવામાં જોઈને આપશ્રીએ ઠપકો આપતાં કહ્યુંઃ ‘તમે આ શું કર્યું?’ ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ આજ્ઞા કરી કેઃ ‘મેં તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું છે. શ્રીનવનીતપ્રિયાજીએ બ્રહ્મસંબંધ કરાવ્યાનો સર્વ પ્રકાર કહ્યો ત્યારે શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા અને માતાજીને વિનંતી કરી કેઃ ‘તમે સુખેથી સેવા કરો.’ ત્યારથી તેમનાં માતાજી શ્રીનવનીતપ્રિયાજીની સેવા કરવા લાગ્યાં.

શ્રીમહાપ્રભુજીએ અહીં બિરાજી અનેક વખત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું છે. આપશ્રીએ અડેલવાસ દરમ્યાનનો દૈનિક નિત્યક્રમ ‘પ્રગટ વ્હૈ મારગ રીત દિખાઈ’ નામના કીર્તનમાં સુંદર રીતે વર્ણવામાં આવ્યો છે. આપશ્રીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાગટ્ય આ જ સ્થાનમાં વિ.સં.૧૫૬૭ના ભાદરવા વદ બારશના

કાન્તાબેન રવજીભાઈ પટેલ હ. જયશ્રીબેન પટેલ, અમેરિકાના જયશ્રીકૃષ્ણ.

રોજ થયું હતું. શ્રીગોપીનાથજીને બાળપણથી શ્રીમદ્ ભાગવત ઉપર ખૂબ જ પ્રીતિ હતી. તેથી તેમણે એવો નિયમ લીધો હતો કે, શ્રીમદ્ ભાગવતનું પારાયણ પૂર્ણ કર્યા પછી જ ભોજન કરવું. પરિણામે ઘણીવાર, ઘણા દિવસો સુધી ભોજન કરી શકતા નહિ. શ્રીમહાપ્રભુજીએ તેમના પર કૃપા કરી શ્રીમદ્ ભાગવતજીના સારરૂપ ‘શ્રીપુરુષોત્તમ સહસ્રનામ’ નામનો ગ્રંથ રચ્યો. જેમાં પ્રભુનાં એક હજાર નામનું નિરૂપણ છે. આપશ્રીએ શ્રીગોપીનાથજીને આજ્ઞા કરી કેઃ ‘તમે દરરોજ આ સ્તોત્રનો પાઠ કરો. તેથી તમને શ્રીમદ્ ભાગવત પારાયણનો લાભ પ્રાપ્ત થશે.’ અહીં આપશ્રીએ અનેક દૈવી જીવોને શરણે લીધાં છે.

અહીં બિરાજતા શ્રીમહાપ્રભુજીને આપણે દંડવત પ્રણામ કરીએ.

(૮૨) શ્રી ચરણાટનાં બેઠકજીનું ચરિત્ર

અલ્હાબાદ અને મોગલસરાઈની વચ્ચે ચુનાર જંકશન નામનું રેલવે સ્ટેશન આવેલું છે. આ ચુનારનું નામ ચરણાટ હતું. ચરણાટ એ ચરણાદ્રિ શબ્દ પરથી બનેલું છે. અહીં આવેલા પર્વત ઉપર ભગવાનનાં ચરણારવિંદોની છાપ અંકિત થયેલી હોવાથી આ પર્વત ચરણાદ્રિ પર્વતના નામે જાણીતો છે. ચુનાર સ્ટેશનથી એક માઈલ દૂર આ બેઠકજી આવેલાં છે. બેઠકજીમાં ઊતરવા-રહેવાની ખૂબ સારી સગવડ છે, અને સેવાનો પ્રકાર પણ ખૂબ જ સુંદર રીતે ચાલે છે.

શ્રીમહાપ્રભુજી શ્રીઅડેલમાં સ્થિર વાસ કરીને બિરાજયા અને ત્યાં પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાગટય થયું, તે પછી વિ.સં. ૧૫૭૨માં માગશર માસમાં શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કેઃ ‘હવે હું તમારા ત્યાં પ્રગટ થવાનો છું. મારા પ્રાગટ્ય માટેની લીલાસૃષ્ટિ ચરણાટમાં પ્રગટ થઈ છે. માટે આપ શ્રીઅક્કાજીને લઈને ચરણાટ પધારો.’ આવી ભગવદ્ આજ્ઞા થતાં શ્રીઅક્કાજીને લઈને વૈષ્ણવ સમાજ સહિત આપશ્રી ચરણાટમાં પધાર્યા. ત્યાં એક અતિ સુંદર રમણીય સ્થાન જોઈને મુકામ કર્યો. આપશ્રીની સાથે તે સમયે શ્રીદામોદરદાસ હરસાનીજી, શ્રીપદ્મનાભદાસજી વગેરે અંતરંગ વૈષ્ણવો હતા. તેમને આપશ્રીએ આજ્ઞા કરી કેઃ ‘શ્રીમદ્ ચરણાટ શ્રીચંદ્રાવલીજીની નિકુંજ છે. અહીં શ્રીચંદ્રાવલીજી પ્રગટ થયાં છે. માટે આપણે અહીં જ મુકામ કરીશું.’ મુકામની સર્વ વ્યવસ્થા થઈ ગઈ.

આપશ્રીએ ત્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી, ત્યારે મહાઅલૌકિક આનંદ પ્રગટ થયો. તે વખતે શ્રીગંગાજીના સામા કિનારે એક બ્રાહ્મણ રહેતો હતો. તે છેલ્લાં બાર

ગો.વા. નંદુબેન ગોવિંદભાઈ વાછાણી વાડાસડાવાલા (હાલ કોલ્હાપુર)ના જયશ્રીકૃષ્ણ.

(૮૨) શ્રી ચરણાટનાં બેઠકજી

(બેઠક : ૮૪)



શ્રીમહાપ્રભુજીને ત્યાં શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજીનું) પ્રાગટ્ય થયું તે જ દિવસે એક બ્રાહ્મણ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રીઠાકોરજી)નું સ્વરૂપ પધરાવી આવ્યો છે.



શ્રી ચરણાટનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

વર્ષથી નિયમપૂર્વક 'શ્રીવિષ્ણુસહસ્ત્ર' નામનો પાઠ કરતો હતો. એક દિવસ તેને શ્રીગંગાજીના પ્રવાહમાંથી શ્રીઠાકોરજીનું એક અદ્ભુત સ્વરૂપ પ્રાપ્ત થયું. તેમને હાથમાં લઈ તે બ્રાહ્મણે વિનંતી કરી: 'મહારાજ, આપ મહાઅલૌકિક છો, હું વૈરાગી છું. મારાથી આપની સેવા થઈ શકે તેમ નથી. માટે આપ જો કોઈ ગૃહસ્થના ત્યાં બિરાજો તો આપની સુંદર રીતે સેવા થાય. મને તો રોજ અચ્છેર દૂધ મળે છે, તેમાંથી પાશેર દૂધથી સ્નાન કરાવીશ અને પાશેર દૂધનો ભોગ ધરીશ.' શ્રીઠાકોરજીએ તેને આજ્ઞા કરી કે: 'હું એક માસ સુધી તારા ત્યાં જ બિરાજીશ, પછી હું કહું ત્યાં તું મને લઈ જજે.' આ બ્રાહ્મણે એક માસ સુધી શ્રીઠાકોરજીની સેવા કરી. પછી વિ.સં.૧૫૭૨ના માગશર વદ આઠમની રાત્રે શ્રીઠાકોરજીએ તેને આજ્ઞા કરી કે: 'અહીંથી ત્રણ ગાઉ દૂર ચરણાટ છે. ત્યાં શ્રી મહાપ્રભુજી બિરાજે છે, મને તેમની પાસે પધરાવી આવ.' તે બ્રાહ્મણે વિનંતી કરી: 'મહારાજ, હું શ્રીમહાપ્રભુજીને જાણતો નથી. હું ક્યાં જાઉં?' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે: 'તેઓ જગત પ્રસિદ્ધ છે. તું ચરણાટમાં જઈને પૂછજે. તને તેમની ભાળ મળશે. આપ ત્યાં તળાવ ઉપર બિરાજે છે.' ત્યારે તે બ્રાહ્મણ સ્નાન-સંધ્યા કરી, શ્રીઠાકોરજીને લઈને ચાલ્યો. એક પ્રહર દિવસ ચઢતાં ચરણાટ ગયો. તપાસ કરી તે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો. તેણે આપશ્રીને દંડવત કરી વિનંતી કરી: 'મહારાજ, નાના મોઢે મોટી વાત કરવી મારા માટે ઉચિત નથી.' આપશ્રીએ આજ્ઞા કરી: 'તું સંકોચ પામ્યા વિના કહે.' ત્યારે તેણે શ્રીઠાકોરજીની આજ્ઞા કહી. આપશ્રીએ પ્રસન્નતાથી કહ્યું: 'શ્રીઠાકોરજીને સુખેથી અમારા ત્યાં પધરાવ. પ્રભુને પધારેલા જાણી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. તે દિવસ વિ.સં. ૧૫૭૨ના માગશર વદ નોમને મંગળવારનો હતો. બરાબર મધ્યાહ્ન સમયે વૃષભ લગ્નમાં શ્રીમહાપ્રભુજીના ત્યાં શ્રીનાથજી અને શ્રીચંદ્રાવલીજી-સ્વરૂપ શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયું.

આ પોષ મધ્યાહ્ન નોમે શ્રીનાથજી, શ્રીઅક્કાજી ઉર ઉપન્યો આનંદ,
આ ચંદ્ર શ્રીવૃન્દાવન તણો પ્રગટિયો.

જેવી રીતે 'સારસ્વતકલ્પ'માં શ્રીકૃષ્ણનું શ્રીમદ્ગોકુલમાં પ્રાગટ્ય થયું હતું, અને કલિયુગમાં શ્રીચંપારણ્યમાં શ્રીવલ્લભનું પ્રાગટ્ય થયું હતું, તેવી જ રીતે શ્રીમહાપ્રભુજીના ત્યાં દ્વિતીય પુત્ર સ્વરૂપે ફરીથી ભગવદ્ પ્રાગટ્ય થયું.

પોષ નિર્દોષ સુખકોષ સુંદર માસ, કૃષ્ણ નૌમી શુભ ઘડી દિન આજ,
શ્રીવલ્લભ સદન પ્રગટ ગિરિવરધરન,
ચારોં વિધુ વદન સુછબી શ્રીવલ્લભ-વિઠ્ઠલરાજ. (૧)

ત્યારે સમગ્ર પૃથ્વી પર ભારે જયજયકાર થયો. આછો આછો વરસાદ વરસવા લાગ્યો. ચરણાટનાં વનનાં વૃક્ષો ફૂલથી લચી પડ્યાં. તે દિવ્ય પુષ્પોની સુગંધ આખા વનમાં વ્યાપી ગઈ. આકાશમાં કરોડો દેવો વિમાનમાં બેસી દર્શન કરવા આવ્યા. તેમણે અનેક વાજિંત્રો વગાડી, જયનાદ કરી, પુષ્પવૃષ્ટિ કરી, ત્યાં અષ્ટસિદ્ધિ અને નવનિધિએ રત્નજડિત સુંદર નિકુંજોની રચના કરી અને ત્યાં શ્રીનંદરાયજી શ્રીયશોદાજી, ગોપગોપી સાથે પધાર્યા.

જુરિ ચલી હૈ વધાવન શ્રીવલ્લભગૃહ સુંદર વ્રજકી બાલા.

શ્રીગુસાંઈજીને માણેકજડિત સુંદર પારણામાં પોઢાડ્યા. શ્રીચંદ્રાવલીજીએ પધારી પોતાના જ સ્વરૂપ એવા શ્રીગુસાંઈજીના બાળસ્વરૂપના લલાટમાં તિલક કર્યું. શ્રીસ્વામિનીજીએ બંને કપોલનો સ્પર્શ કરી, કેસરથી કમળપત્ર અંકિત કર્યા અને ત્યાં ખૂબ જ અદ્‌ભુત નંદમહોત્સવ મનાવવામાં આવ્યો. દૂધદહીંનો કાદવ થયો. ભગવદીયોએ આ અલૌકિક મહોત્સવનાં અનેક પદ ગાયાં. બ્રહ્માજીએ વેદગાન કર્યું, મહાદેવજીએ તાંડવ કર્યું, અપ્સરા ગંધર્વોએ નૃત્યગાન કર્યાં, શ્રીવેદવ્યાસજી, શુકદેવજી વગેરે અઠ્યાસી હજાર ઋષિઓએ વેદમંત્રોચ્ચાર સાથે વંદન કર્યું, શ્રીમહાપ્રભુજીએ સૌનો સત્કાર કર્યો, ભાટ, ચારણ વગેરેને દક્ષિણા આપી. આમ, સર્વત્ર આનંદમંગલ વ્યાપી ગયો. પછી શ્રીમહાપ્રભુજીએ મંગલસ્નાન કર્યું અને સૌને પુષ્કળ દક્ષિણા આપી. કુલગુરુ શ્રીગર્ગાચાર્યજી પણ ત્યાં પધાર્યા અને તેમણે શ્રીગુસાંઈજીની જન્મપત્રિકા વાંચી. તેમણે કહ્યું કે: ‘આ પુત્રનું નામ શ્રીવિઠ્ઠલનાથજી રહેશે. ‘વિઠ્ઠલ’ શબ્દ ત્રણ અક્ષરોનો બનેલો છે. ‘વિદ્’ એટલે જ્ઞાન અને ‘ઠ’ એટલે શૂન્ય. અને ‘લ’ એટલે આપે છે. જેઓ માયાથી ઘેરાયેલા, ભગવદ્ સ્વરૂપના જ્ઞાનથી અજ્ઞાની એટલે કે શૂન્ય છે, તેમને ભગવદ્‌સ્વરૂપનું સાચું જ્ઞાન કરાવે છે, તે શ્રીવિઠ્ઠલ. તેઓ જગતમાં ગૌબ્રાહ્મણોના પ્રતિપાલક બનશે અને ગોસ્વામીના નામથી પ્રસિદ્ધ થશે. તેમને બે વહુજી થશે અને સાત લાલજી થશે. તેમના વંશમાં સર્વ પુરુષોત્તમસ્વરૂપ હશે અને આપશ્રી પોતાના પિતાનાં સર્વ કાર્યોનો વિસ્તાર કરશે.’ આ સાંભળીને સૌ પ્રસન્ન થયા. શ્રીનંદરાયજી આદિ સર્વ લીલા પરિકરે શ્રીમહાપ્રભુજીને ભીતર પધરાવ્યા. આપશ્રીએ શ્રીગુસાંઈજીને પારણે ઝુલાવી, તિલક કરી, આરતી કરી. પછી સૌ વ્રજભક્તો આશિષ આપીને સ્વધામમાં પધાર્યા. આમ, શ્રીચરણાટમાં શ્રીગુસાંઈજીના પ્રાગટ્ય મહોત્સવનો અપૂર્વ આનંદ છવાઈ ગયો.

આ પ્રાગટ્ય-મહોત્સવનું વર્ણન શ્રીગોપાલદાસભાઈએ ત્રીજા ‘વલ્લભાખ્યાન’માં ખૂબ સુંદર રીતે કર્યું છે. આખું ત્રીજું ‘વલ્લભાખ્યાન’ પ્રાગટયના સમયનું જ નિરૂપણ કરે છે. શ્રીગોપાલદાસભાઈ તે મહોત્સવનાં દર્શન કરતાં કરતાં ગાતા હોય તે પ્રકારે ત્યાં નિરૂપણ થયું છે. તે ઉપરાંત પણ અનેક ભગવદીયોએ આ અદ્‌ભુત મહોત્સવના આનંદમંગલનો અનુભવ કરી, શ્રીગુસાંઈજીના પ્રાગટ્યની અનેક વધાઈઓ ગાઈ છે. ‘મૂળપુરુષ’માં શ્રીદ્વારકેશજી મહારાજે પણ આ પ્રસંગનું સુંદર વર્ણન કર્યું છે.

પોષકૃષ્ણ નવમી જબ આઈ ઘર ઘર મંગલ હોત વધાઈ,
શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ ભયે સુનિકે, કહત ફિરત આનંદ ગુણ ગનિકે.
આનંદ બઢ્યો ચહુ દિશ, છબિ નિરખિ શ્રીવલ્લભ હસે,
દોઉ કછુ મુસકાય ચિતયે, દોઉ હંસન મેરે મન બસે,
તિલક મૃગમદ છિપ્યો, હરખિત કહાં લૌ ગુન ગાઈયે,
કૃપાતે ઉછલિત નિર રસ, છિપત નાહીં છિપાઈયે.

શ્રીમહાપ્રભુજીનાં આ બેઠકજીએ આપણે દંડવત કરી, ફરીથી કાશી જઈએ.

(૮૩) શ્રી કાશીમાં હનુમાનઘાટ ઉપરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના પ્રાગટ્ય પછી પાછા અડેલ પધારેલા. ત્યાં આપશ્રીને ત્રીજી વખત ભગવદ્ આજ્ઞા થઈ કે : ‘હવે આપનું પૃથ્વી ઉપરનું કાર્ય પૂર્ણ થયું છે. માટે આપ નિજલીલામાં પાછા પધારો.’ તેથી વિ.સં.૧૫૮૭માં આપશ્રીએ નિત્યલીલામાં પાછા પધારવાનો નિર્ણય કર્યો. આ પૂર્વે આપશ્રીએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો હતો. હવે ચતુર્થ આશ્રમ-સંન્યસ્તાશ્રમ સ્વીકારવા માટે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે તેમનાં પત્નીની રજા માગી, પરન્તુ શ્રીઅક્કાજીએ સંમતિ ન આપતાં આપશ્રીએ પોતાના દિવ્ય અગ્નિસ્વરૂપને પ્રગટ કરી, અડેલની પોતાની પર્ણકુટિ સળગાવી. પર્ણકુટિને આગ લાગેલી જોઈ ગભરાયેલાં શ્રીઅક્કાજીએ શ્રીમહાપ્રભુજીને ‘દૂર જાઓ, દૂર જાઓ’ એવી વિનંતી કરી, તેને આપશ્રીએ સંન્યાસ માટેની આજ્ઞા ગણી. અને આપશ્રી કાશી પધાર્યા.

કાશીમાં શ્રી હનુમાનઘાટ ઉપર આપશ્રી બિરાજયા. ત્યાં આપશ્રીએ વિધિસરનો સંન્યાસ લીધો અને પૂર્ણાનંદ નામ ધારણ કર્યું. આપશ્રીએ અહીં બિરાજી વાણી અને

(૮૩) શ્રી કાશીમાં હનુમાનઘાટ ઉપરનાં બેઠકજી

(બેઠક : ૨૮)



શ્રીમહાપ્રભુજી ગંગાજીની મધ્યધારામાં પ્રવેશી, ત્યાંથી પ્રકાશના પુંજના સ્તંભ સ્વરૂપે ગોલોકમાં પધારી રહ્યા છે. આસુરવ્યામોહલીલા બતાવી રહ્યા છે.

શ્રી કાશીમાં હનુમાન ઘાટ ઉપરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

અન્નજલનો ત્યાગ કર્યો. આ રીતે અઢાર દિવસ બિરાજયા પછી સાત દિવસ સુધી પરમહંસ વ્રત ધારણ કરીને બિરાજયા. પછી આપે કેવળ કૌપીન (લંગોટી) ધારણ કરી, વિ.સં. ૧૫૮૭ના અષાઢ સુદ બીજના પ્રભાતે ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ કર્યો. તે સમયે શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, અને અનેક વૈષ્ણવો આપશ્રીનાં દર્શન કરવા ત્યાં આવ્યા હતા. તે સૌએ વિનંતી કરી: 'હવે અમારું કર્તવ્ય શું છે?' ત્યારે આપશ્રીએ નદીની એક શિલા ઉપર ખડીથી સાડા ત્રણ શ્લોક લખ્યા, જે 'શિક્ષાશ્લોકી'ના નામે પ્રસિદ્ધ છે. તે જ વખતે ત્યાં શ્રીનાથજીએ પ્રગટ થઇ, દોઢ શ્લોક કહ્યો અને સૌને આજ્ઞા કરી કે : જો તમે આ કાળરૂપી પ્રવાહમાં પ્રભુથી બહિર્મુખ બની ખેંચાઇ જશો તો આ કાળ તમને તાણી જશે. પરંતુ જો તમે શ્રીગોપીજનવલ્લભમાં ચિત્ત રાખી, તમારું સેવાસ્મરણનું કર્તવ્ય કરશો તો આ કાળ તમને બાધા કરશે નહિ.' શ્રીનાથજી ત્યાંથી અંતર્ધાન થયા પછી મધ્યાહ્ન સમયે આપશ્રીએ ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ કર્યો. ત્યાંથી અતિ તેજસ્વી પ્રકાશનો પુંજ પ્રગટ થયો, અને તે મોટા સ્તંભ રૂપે આકાશ સુધી પહોંચ્યો અને તે દ્વારા શ્રીમહાપ્રભુજી ગોલોકધામમાં પધાર્યા. આ અલૌકિક લીલાનાં દર્શન ત્યાં ઉપસ્થિત સૌને થયાં. આપશ્રીના વિરહથી તે વખતે કૃષ્ણદાસ મેઘન આદિ અનેક વૈષ્ણવોના પ્રાણ છૂટી ગયા.



આજે પણ અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. આમ, આપશ્રીએ ભૂતલ પર બાવન વર્ષ પ્રગટ દર્શન આપ્યાં. આપશ્રીની ગોલોકધામમાં પધારવાની લીલા 'આસુરવ્યામોહલીલા' કહેવાય છે. કારણ કે આપશ્રી પોતાના અલૌકિક સ્વરૂપથી સદાય ભૂતલ પર બિરાજે છે, પરન્તુ જે આસુરી જીવો છે, તેમને આ લીલા દ્વારા પોતે ભૂતલ ત્યાગ કર્યાની ભ્રમણા કરાવી છે. આ બેઠકજીએ આપણે દંડવત કરીએ.

(૮૪) શ્રીહરિહરક્ષેત્ર (હાજીપુર)નાં બેઠકજીનું ચરિત્ર

બિહાર રાજ્યમાં સોનપુર અને બછવારા જંકશન વચ્ચે હાજીપુર નામનું રેલ્વે સ્ટેશન આવેલું છે. સ્ટેશનથી લગભગ દોઢ માઈલ દૂર ગામના એક છેડે આ બેઠકજી આવેલાં છે. બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો ખાસ પ્રકાર સુંદર રીતે ચાલે છે.

આ સ્થાન શ્રીમહાપ્રભુજીના સેવક ભગવાનદાસજીનું ઘર હતું, શ્રીમહાપ્રભુજી જયારે અહીં પધાર્યા ત્યારે આપશ્રીનાં દર્શન કરી, ભગવાનદાસજી શરણે આવેલા અને તેમની વિનંતીથી શ્રીમહાપ્રભુજી અહીં એક વર્ષ સુધી બિરાજ્યા હતા. જયારે શ્રીમહાપ્રભુજીએ આગળ પધારવાનું નક્કી કર્યું, ત્યારે ભગવાનદાસને મૂર્છા આવી ગઈ. આપશ્રી અહીંથી આગળ પધાર્યા ત્યારે ભગવાનદાસ પણ આપશ્રીની સાથે શ્રીજગદીશ સુધી ગયેલા. શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે: તમે ગૃહસ્થ છો. માટે ઘર છોડીને અમારી સાથે ફરો તે ઠીક નથી. તમે ઘેર પાછા જાઓ.' ભગવાનદાસે વિનંતી કરી કે 'મહારાજ, આપનાં દર્શન વિના હું રહી શકીશ નહિ.' આપશ્રીએ તેમને આજ્ઞા કરી: 'આ મારાં પાદુકાજી તમે પધરાવી જાઓ. હું તમારા ઘરમાં જે ચોતરા ઉપર બિરાજતો હતો ત્યાં તમે આ પાદુકાને પધરાવી, સેવા કરજો. તમને હું રોજ સાક્ષાત દર્શન આપીશ.' ત્યારે ભગવાનદાસજી શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજી પધરાવી ઘેર આવ્યા. તેમને રોજ શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત દર્શન થતાં, તેઓ શ્રીમહાપ્રભુજીની ખૂબ પ્રેમથી સેવા કરતા.

જયારે શ્રીમહાપ્રભુજીએ કાશીમાં આસુરવ્યામોહ લીલા કરી, ત્યારે તે દર્શન કરી ખેદ પામેલા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનો વિરહ કરતા ભગવાનદાસ વૈષ્ણવના ઘેર આવ્યા અને સર્વ હકીકત કહી. ત્યારે શ્રીભગવાનદાસે કહ્યું: 'શ્રીમહાપ્રભુજી તો સદૈવ આપણી વચ્ચે જ બિરાજે છે, માટે તમો શોક ના કરો અને આવી વાત પણ ના કરો. હમણાં જ ઉત્થાપનનાં દર્શનમાં હું તમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરાવીશ. સમય થતાં તેમણે ઉત્થાપનનાં દર્શન ખોલ્યાં ત્યારે તેમની આડીથી સૌ વૈષ્ણવોને

(૮૪) શ્રીહરિહરક્ષેત્ર (હાજીપુર)નાં બેઠકજી

(બેઠક : ૨૯)



શ્રીમહાપ્રભુજીની આસુરવ્યામોહ લીલા પછી ભગવાનદાસે અહીં તેમના ઘરમાં વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરાવી બતાવ્યું હતું કે શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર અખંડ બિરાજમાન છે.



શ્રી હરિહરક્ષેત્ર (હાજીપુર)નાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને
આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન થયાં. આપશ્રી પોતાનાં બેઠકજીમાં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહ્યા હતા. આપશ્રીનાં મંદ મંદ સ્મિતયુક્ત મુખારવિંદનાં દર્શન કરી, સૌ વૈષ્ણવો પ્રસન્ન થયા અને સાષ્ટાંગ દંડવત કર્યાં.

આ ચરિત્ર આપણને સ્પષ્ટ રીતે બતાવે છે કે ભલે આસુરોને મોહ પમાડવા માટે શ્રીમહાપ્રભુજીએ ભૂતલ ત્યાગ કરવાની લીલા કરી હોય, પરન્તુ આપશ્રી તો સદાસર્વદા ભૂતલ પર પોતાના અલૌકિક સ્વરૂપે ભક્તોની વચ્ચે બિરાજમાન છે, કારણ કે આપશ્રી કોઈ ભૌતિક મનુષ્ય નહોતા અને નથી! આપશ્રી સાક્ષાત્ ભગવદ્-સ્વરૂપ છે, તેથી આપશ્રીને જન્મમરણ લાગું પડતું નથી. આજે પણ પોતાના કૃપાપાત્ર અનેક જીવોને આપ સાક્ષાત્ દર્શન આપે છે, તેથી જ જયાં જયાં શ્રીઠાકોરજી બિરાજે છે, ત્યાં ત્યાં શ્રીમહાપ્રભુજી પણ બિરાજમાન છે. કારણ કે બંને સ્વરૂપ એક જ છે. શ્રીમહાપ્રભુજી સર્વ ભગવદ્ સ્થાનોમાં બિરાજમાન હોવાથી, આ છેલ્લાં બેઠકજીનું ચરિત્ર નિત્યલીલાવાદના સિદ્ધાંતને પુષ્ટિ આપે છે અને 'મધુરેણ સમાપયેત્' એ ન્યાયે આપશ્રીનાં ૮૪ બેઠકજીનાં ચરિત્રનું સમાપન આ મધુર મંગલ સિદ્ધાંતથી થાય છે.

આમ, આ બેઠકજીએ આપણે દંડવત પ્રણામ કરી, તે સાથે ભારતભરતમાં બિરાજતાં પ્રગટ અને અપ્રગટ એવાં શ્રીમહાપ્રભુજીનાં સર્વ બેઠકજીએ અને જયાં જયાં આપશ્રી ભાવનાજી સ્વરૂપે બિરાજે છે તે તે સર્વ સ્થાનોએ આપણે ફરી ફરી દીનતા અને પ્રેમપૂર્વક આપશ્રીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ.

આમ, આ સર્વ બેઠકજીઓનાં ચરિત્રો દ્વારા શ્રીમહાપ્રભુજીનાં સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે અલૌકિક સ્વરૂપનાં અને તે સ્વરૂપનાં માહાત્મ્યનાં દર્શન કર્યાં. આ બેઠકચરિત્ર આપશ્રીના ભગવદ્ સ્વરૂપનું આમ બોધક છે. તેથી તેનું શ્રવણ, કીર્તન અને સ્મરણ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક આપણને અલૌકિક પ્રીતિ ઉપજાવનારું છે.

■

પ્રકરણ : ૫

શ્રીગુસાંઇજીનાં બેઠકજીનાં ચરિત્રો

શ્રીગુસાંઈજીનું ચરિત્ર :

શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાગટયનો પ્રસંગ શ્રીમહાપ્રભુજીનાં શ્રીપંઢરપુરનાં અને શ્રીચરણાટનાં બેઠકજીમાં આપણે જોઈ ગયા છીએ. આપશ્રીનું પ્રાગટ્ય વિ.સં.૧૫૭૨ના માગશર વદ નોમના દિવસે ચરણાટમાં થયું હતું. આપશ્રીની બાલ્યાવસ્થામાં જ શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી હતી. તે જ દિવસથી આપશ્રીનું લાલનપાલન તેમનાં માતૃચરણશ્રીએ શ્રીદામોદરદાસ હરસાનીજી આદિ સેવકોની સાથે રહીને કર્યું હતું. બાળપણમાં સહજ બાળવૃત્તિથી આપશ્રી પોતાના દિવસો જ્યારે આનંદ-પ્રમોદમાં વ્યતીત કરતા હતા, ત્યારે શ્રીદામોદરદાસ હરસાનીજીએ વિનંતી કરેલી કેઃ 'મહારાજ, આ માર્ગ હાંસી ખેલનો નથી,પરન્તુ પ્રભુની પ્રાપ્તિ માટેના વિરહતાપનો છે.' તે સાંભળીને જ શ્રીગુસાંઈજીએ પોતાનું ત્યારપછીનું સમગ્ર જીવન પુષ્ટિમાર્ગના પ્રવર્તક તરીકે વ્યતીત કરવા અસાધારણ પરિશ્રમ લીધો છે. આપશ્રી શાસ્ત્રાભ્યાસની સાથે શ્રી દામોદરદાસ હરસાનીજી પાસેથી શ્રીમહાપ્રભુજીના સર્વ ગ્રંથો અને સંપ્રદાયના ઉત્સવો વગેરેના પ્રકાર શીખ્યા હતા. આપશ્રીએ શ્રીનાથજીના અને શ્રીનવનીતપ્રિયાજીના સેવાપ્રકારને સુંદર રીતે વ્યવસ્થિત કરી તેમાં રાગ, ભોગ અને શૃંગારનો વિનિયોગ કરાવ્યો.

આપશ્રીએ વ્રજમાં અને ગુજરાતમાં અનેક વાર પરિભ્રમણ કરી, અનેક દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો છે. ભારતવર્ષમાં પણ અનેક પ્રદેશોમાં આપશ્રીએ પરિભ્રમણ કર્યું છે. આપશ્રીના સેવકો અનેક હતા, કારણ કે આપશ્રીને નિયમ હતો કે દરરોજ બે જીવોને શરણે લીધા વિના પોતે ભોજન કરવું નહિ. પરન્તુ તે પૈકીના મુખ્ય ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ સુપ્રસિદ્ધ છે. આ વાર્તાઓ પરથી આપશ્રીનો સાહિત્ય, સંગીત અને કલા પ્રત્યેનો પ્રેમ તથા ભગવદ્ સેવામાં તેનો વિનિયોગ જાણી શકાય તેમ છે. આપશ્રીએ વૈષ્ણવ ધર્મની સાથે સાથે માનવધર્મના આચરણ માટે વારંવાર કરેલી ટકોર પણ આ વાર્તાઓમાંથી આપણને જાણવા મળે છે. આમ, આપશ્રીનું સમગ્ર જીવન વૈષ્ણવતા અને માનવતાના મહેરામણ સમું હતું.

આપશ્રીએ અનેક ગ્રંથો રચ્યા છે. શ્રીમહાપ્રભુજીએ રચેલા 'અણુભાષ્ય'નો પાછળનો બાકીનો ભાગ આપશ્રીએ પૂર્ણ કર્યો છે. તે ઉપરાંત 'વિદ્વનમંડન',

'ભક્તિહંસ', 'ભક્તિહેતુ' જેવા વિદ્વત્‌ભોગ્ય સુસંસ્કૃત ગ્રંથોની આપશ્રીએ રચના કરી છે. ભગવદ્ લીલાનું નિરૂપણ કરતો 'શૃંગાર-રસ મંડન' ગ્રંથ અદ્વિતીય છે. આપશ્રીએ ચંદ્રસરોવર ઉપર વિરહમાં ગાળેલા છ માસ દરમ્યાન શ્રીનાથજીને કરેલી વિજ્ઞપ્તિઓ પણ અતિ સુંદર અને વિરહતાપયુક્ત છે. આવા આપશ્રીના અનેક ગ્રંથો આજે પ્રગટ બિરાજે છે. આપશ્રીએ વ્રજભાષાના સિદ્ધહસ્ત ભક્તકવિઓ પૈકી શ્રીમહાપ્રભુજીના ચાર ભક્તો (૧) સૂરદાસ (૨) કુંભનદાસ, (૩) પરમાનંદદાસ અને (૪) કૃષ્ણદાસ ઉપરાંત, પોતાના ચાર ભક્તો (૫) ગોવિંદસ્વામી (૬) છીતસ્વામી (૭) ચતુર્ભુજદાસ અને (૮) નંદદાસ મળીને કુલ આઠ ભક્તકવિઓને અષ્ટછાપ તરીકે સ્થાપ્યા હતા અને તેમને શ્રીનાથજીની કીર્તનસેવા સોંપી હતી. આ રીતે વ્રજભાષાના સાહિત્યને આપશ્રીએ ઉત્તેજન આપવાનો પ્રારંભ કર્યો હતો.

આપશ્રીનાં પ્રથમ પત્ની શ્રીરુક્મિણિજીએ લીલા વિસ્તાર્યા પછી શ્રીપદ્માવતીજી સાથે આપશ્રીએ દ્વિતીય લગ્ન કર્યું હતું. આપશ્રીના સાત પુત્રો - શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી અને શ્રીઘનશ્યામજી હતા. તે ઉપરાંત, આપશ્રીને ચાર પુત્રીઓ પણ હતી. તેમનાં નામ શ્રીશોભાબેટીજી, શ્રીયમુનાબેટીજી, શ્રીકમલાબેટીજી અને શ્રીદેવકાબેટીજી છે. આપશ્રીના સાત પુત્રો પૈકી આજે શ્રીગિરિધરજી અને શ્રીયદુનાથજીનો વંશ ભૂતલ પર વિસ્તરેલો છે. આપશ્રીએ બોતેર વર્ષ ભૂતલ પર બિરાજી, શ્રીગિરિરાજજીની કંદરામાં સદેહે પધારી આસુરવ્યામોહ લીલા કરી હતી. આપશ્રીનાં કુલ ૨૮ બેઠકજી આજે ભૂતલ પર બિરાજે છે.

આપશ્રીનાં ૨૮ બેઠકજી પૈકી શ્રીઅડેલ અને શ્રીચરણાટનાં બેઠકજી ઉત્તર-પૂર્વ પ્રદેશમાં આવેલાં છે. આપશ્રીનાં બીજાં ૧૫ બેઠકજી વ્રજમાં આવેલાં છે. એક બેઠકજી ગૌડ દેશ એટલે બંગાળમાં આવેલાં છે અને આઠ બેઠકજી ગુજરાતમાં આવેલાં છે. આપશ્રીનાં અઠ્ઠાવીસે બેઠકજી પૈકી ગૌડ દેશનાં બેઠકજી બાદ કરતાં બાકીનાં બધાં પ્રગટ બિરાજે છે. તેમનાં ચરિત્રો હવે આપણે જોઈએ.

(૧) શ્રી ચરણાટનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય અહીં ચરણાટમાં થયું હતું. તેનું અદ્‌ભુત ચરિત્ર આપણે શ્રીમહાપ્રભુજીના બેઠકચરિત્રમાં જોઈ ગયા. આ જ સ્થળે આપશ્રીનું છઠ્ઠીપૂજન પણ થયું હતું. શ્રીગુસાંઈજી જ્યારે એક માસના થયા ત્યારે ગંગાપૂજનનો ઉત્સવ મનાવવામાં આવેલો. તે સમયે આપશ્રી પોતાનાં માતૃચરણની ગોદમાં ગંગાજીના કિનારે બિરાજ્યા હતા. ગંગાજી શ્રીગુસાંઈજીનો ચરણસ્પર્શ કરવા માટે ખૂબ વધ્યાં અને આપશ્રીનાં ચરણનો સ્પર્શ કરીને પાછાં ઓસરી ગયાં. તે વખતે ગંગાજીમાંથી વાણી પ્રગટ થઈ કે: 'હે શ્રીમહાલક્ષ્મીજી, તમે બડભાગી છો, કારણ કે પતિ અને પુત્ર તરીકે આપને પૂર્ણપુરુષોત્તમની પ્રાપ્તિ થઈ છે. માટે આપના સમસ્ત વંશ-પરિવારમાં પણ બધા જ પૂર્ણપુરુષોત્તમરૂપે પ્રગટ થશે.' શ્રીગંગાજીનાં આવાં વચનો સાંભળી પ્રસન્ન થયેલાં શ્રીઅક્કાજી બેઠકજીમાં પાછાં પધાર્યાં, ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે 'આપણા ત્યાં ભગવદ્ કૃપાથી પુત્ર-સ્વરૂપે અને શ્રીઠાકોરજી-સ્વરૂપે પ્રભુ સ્વયં પધાર્યા છે. માટે જેમણે આપણને ગૃહસ્થાશ્રમ અંગીકાર કરવાની આજ્ઞા કરેલી તેમનું જ નામ પુત્રને અને શ્રીઠાકોરજીને આપીએ. પરિણામે, શ્રીગુસાંઈજીનું નામ શ્રીવિઠ્ઠલનાથજી રાખવામાં આવ્યું અને બ્રાહ્મણ વૈરાગીએ પધરાવેલ ભગવદ્ સ્વરૂપનું નામ પણ શ્રીવિઠ્ઠલનાથજી ધરવામાં આવ્યું. આ સ્વરૂપ આજે શ્રીનાથદ્વારામાં બિરાજે છે. પછી શ્રીમહાપ્રભુજી સપરિવાર અડેલ પાછા પધાર્યા.

શ્રીચરણાટ વિષે આપણે શ્રીમહાપ્રભુજીના બેઠકચરિત્રમાં માહિતી મેળવી છે, તેથી અહીં તેનું પુનરાવર્તન કરતા નથી. અહીં બેઠકજી પ્રગટ બિરાજે છે. સ્થળ અતિ રમણીય છે. અપરસ ભારે કડક છે. અપરસનું સાચું સ્વરૂપ અહીં જોવા મળે છે. શ્રીગુસાંઈજીના ઉત્સવ ઉપર ખૂબ જ આનંદ આવે છે.

(૨) શ્રી અડેલનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજીનું બાળપણ અડેલમાં વ્યતીત થયું હતું. આપશ્રીએ અહીં સૌ વૈષ્ણવોને પોતાની અદ્‌ભુત બાળલીલાનાં દર્શન કરાવ્યાં છે. 'સારસ્વતકલ્પ'ની જેમ અહીં પણ શ્રી મહાદેવજી શ્રીગુસાંઈજીને ખેલાવવા માટે દરરોજ નવાં નવાં રમકડાં લઈને આવતા. તેમને પ્રસન્ન રાખવા માટે શ્રીમહાદેવજી શૃંગીનાદ કરતા અને નૃત્ય કરતા. તેથી આપશ્રી ઘણા પ્રસન્ન થતા. આપશ્રીએ પોતાના બાળસ્વરૂપે, પોતાના અનેક કૃપાપાત્ર અંતરંગ ભગવદીયોને પણ અલૌકિક રસદાન કરાવ્યું છે.

આપશ્રીની બાલ્યાવસ્થામાં આપશ્રીને ખેલવા માટે શ્રીમહાપ્રભુજીએ શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપેલ. આ સ્વરૂપ આપશ્રીને પોતાના પિતૃચરણ પાસેથી પ્રાપ્ત થયેલું હતું. શ્રીગુસાંઈજી શ્રીબાલકૃષ્ણલાલજી સાથે રોજ ખેલતા અને સેવા કરતા. એક દિવસ આપશ્રીએ શ્રીઠાકોરજીને મંગળભોગમાં એક ઠોરનો ભોગ ધર્યો. પ્રભુએ પ્રસન્નતાથી તે ઠોર પોતાના શ્રીહસ્તમાં લઈ આરોગવાની શરૂઆત કરી. તે જોઈ બાલસહજ સ્વભાવે શ્રીગુસાંઈજીએ વિચાર કર્યો કે, મારા માટે

આમાંથી કશું જ બચશે નહિ. તેથી આપે પ્રભુના શ્રીહસ્તમાંથી તે ઠોર ખેંચવા માંડ્યો. આ જોઈ શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી: 'આપ પ્રભુજીને પહોંચશો નહિ, માટે હું તમને બીજો ઠોર આપું છું.' ત્યારથી સેવામાં દરેક સામગ્રીમાં ઓછામાં ઓછાં બે નંગ ધરવાની પ્રણાલિકા શરૂ થઈ.

શ્રીગુસાંઈજી ઘણો સમય અડેલ બિરાજ્યા હતા. પછી આપશ્રીએ પોતાના પરિવાર સહિત શ્રીગોકુલ પધારી, શ્રીગોકુળ વસાવ્યું અને ત્યાં 'શ્રીસારસ્વતકલ્પ'માં જયાં નંદાલય આવેલું હતું તે સ્થાને હવેલી સિદ્ધ કરાવી, શ્રીનવનીતપ્રિયાજીને પધરાવી સપરિવાર બિરાજયા. આજે આ સ્થાન શ્રીગોકુલનાથજીના મંદિર તરીકે જાણીતું છે. આપશ્રીએ શ્રીગોકુળમાં બિરાજી, અનેક વખત વ્રજયાત્રા કરી છે. વ્રજયાત્રા દરસ્યાન આપશ્રીએ જયાં જયાં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું ત્યાં ત્યાં આપનાં બેઠકજી પ્રસિદ્ધ થયાં છે. અહીં અડેલમાં આપશ્રીને દંડવત કરી આપણે આગળ વધીએ.

(૩) શ્રીમદ્ ગોકુળમાં આવેલાં શ્રીગોકુલનાથજીના મંદિરમાં બિરાજતાં શ્રીગુસાંઇજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીમદ્ ગોકુળમાં શ્રીગુસાંઈજીનાં ત્રણ બેઠકજી બિરાજે છે, તેમાં લેખમાં એટલે કે 'બેઠકચરિત્ર' ગ્રંથમાં બે બેઠકજી પ્રસિદ્ધ છે. પહેલાં બેઠકજી શ્રીગોકુલનાથજીના મંદિરમાં છે. કારણ કે અહીં જ શ્રીગુસાંઈજીએ સૌ પ્રથમ શ્રીનવનીતપ્રિયાજીને પધરાવી શ્રીગોકુળવાસ કર્યો હતો. અહીં આપશ્રી નિત્ય બિરાજતા હતા. આપશ્રીએ અહીં અનેક વખત શ્રીમદ્ ભાગવત પારાયણ પણ કર્યું છે.

તેથી આપશ્રીએ આસુર-વ્યામોહ લીલા કરી, તે પછી પણ આપશ્રીના જયેષ્ઠ પુત્ર શ્રીગિરધરજીને અહીં આપશ્રીનાં સાક્ષાત્ દર્શન થતાં હતાં.તેથી શ્રીગિરધરજી કદી ગાદી ઉપર બિરાજીને સંધ્યાવંદન કરતા ન હતા. પરન્તુ શ્રીગુસાંઈજીનાં બેઠકજીની સામે બિરાજીને સંધ્યાવંદન કરતા હતા. એક દિવસ શ્રીગોકુલનાથજીએ પોતાના સૌથી મોટાભાઈ શ્રીગિરધરજીને વિનંતી કરી: 'શ્રીગુસાંઈજી પછી આ ગાદી ઉપર બિરાજવાનો આપનો અધિકાર છે. છતાં આપ ત્યાં કેમ બિરાજતા નથી?' ત્યારે શ્રીગિરધરજીએ આજ્ઞા કરી: 'મને અહીં ગાદી ઉપર બિરાજતા શ્રીગુસાંઈજીનાં હંમેશાં દર્શન થાય છે. આપ પણ દર્શન કરો.' ત્યારે શ્રીગોકુલનાથજીને પણ સંધ્યાવંદન કરતા શ્રીગુસાંઈજીનાં સાક્ષાત દર્શન થયાં. શ્રીગુસાંઈજીનું સંધ્યાવંદનનું સ્વરૂપ **'સાયંકુંજાલય'** શ્લોકમાં ખૂબ સુંદર અને અદ્ભુત રીતે વર્ણવવામાં આવેલું છે.

શ્રીગોકુલનાથજીને પણ પ્રતીતિ થઈ કે, શ્રીગુસાંઈજી પોતાના અલૌકિક સ્વરૂપે સદાસર્વદા અહીં બિરાજે છે. તેથી ભગવદીયોએ ગાયું છે કે **'માણેકચંદ પ્રભુ સર્વદા શ્રીગોકુલ કરત વિહાર'**. આવું ચરિત્ર આ બેઠકજીમાં આપે પ્રગટ બતાવ્યું છે. આ બેઠકજી આજે પ્રકટ બિરાજે છે.

આ બેઠકજીએ આપણે શ્રીગુસાંઈજીએ દંડવત કરીએ.

(૪) શ્રીમદ્ ગોકુળનાં શ્રીમહાપ્રભુજીનાં બડી બેઠકમાં આવેલાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજી જયારે શ્રીગોકુળવાસ કરવા પધાર્યા ત્યારે શ્રીમદ્‌ગોકુળ વસ્યું નહોતું. તેથી આપશ્રીએ સર્વ પ્રથમ મુકામ અહીં બડી બેઠકમાં કર્યો હતો. ત્યાં આપશ્રી શ્રીમહાપ્રભુજીની સાથે બિરાજતા હતા. અહીં આપશ્રીએ શ્રીનવનીતપ્રિયાજીની સેવા કરી હતી. અહીં જન્માષ્ટમીનો મહોત્સવ ખૂબ આનંદથી મનાવ્યો હતો. તે સમયે નંદ મહોત્સવનાં મહાઅલૌકિક દર્શન બધા ભગવદીયોને શ્રીગુસાંઈજીની કૃપાથી થયાં હતાં. બાદશાહ અકબરને પણ શ્રીગુસાંઈજીની કૃપાથી આવાં અલૌકિક દર્શન થયેલાં. તે સમયે છીતસ્વામીએ કીર્તન ગાયેલું :

'પ્રિય નવનીત પાલને ઝૂલે, શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે હો.'

આ કીર્તનની લીલાનાં દર્શન થતાં કોઈને દેહની શુદ્ધિ રહી નહોતી. જયાં સુધી આપશ્રીનું મંદિર તૈયાર નહોતું થયું ત્યાં સુધી આપે અહીં જ મુકામે કર્યો હતો.

મહા વદ છઠની રાત્રે આપશ્રીએ આજ્ઞા કરી કે: 'આ સમયે જો મંદિરનો પાયો ખોદાય તો મુહૂર્ત સુંદર છે.' આટલી આજ્ઞા કરી આપશ્રી પોઢવા પધાર્યા. ત્યાં યાદવેન્દ્રદાસ અને રાઘવેન્દ્રદાસ નામના બે ભાઈઓ ઊભા હતા. તેમણે આપશ્રીની આજ્ઞા માની, તે રાતે આખા મંદિરનો પાયો ખોદી કાઢ્યો, ત્યારે સવારે શ્રીગુસાંઈજીએ આ પાયો ખોદાયેલો જોઈને બહુ પ્રસન્નતા વ્યકત કરી. તે દિવસ મહા વદ સાતમનો, શ્રીનાથજીના પાટોત્સવનો દિવસ હતો. આમ, શ્રીમદ્ ગોકુળનો પણ આ સ્થાપના દિન બની રહ્યો. આવું ચરિત્ર આપશ્રીએ અહીં બડી બેઠકજીમાં પ્રગટ કર્યું છે.

આ બેઠકે આપશ્રીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

શ્રીઠકુરાણીઘાટ ઉપર સંધ્યાવંદનનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજી દરરોજ સવારે સેવામાંથી નિવૃત્ત થઈ, સંધ્યાવંદન કરવા માટે શ્રી ઠકરાણી ઘાટ ઉપર પધારતા હતા, ત્યારે આપશ્રી આ સ્થાન પર બિરાજી સંધ્યાવંદન કરતા હતા. અહીં આપશ્રીએ અનેક દૈવી જીવોને શરણે લીધા છે. આપશ્રીએ અનેક

મ્લેચ્છ અને શૂદ્રોનો પણ આ સ્થાને અંગીકાર કર્યો છે. આ જ સ્થાને બિરાજીને બાદશાહ અકબરના 'ભગવાન કેવી રીતે મળે?' એ પ્રશ્નનો જવાબ આપ્યો છે. આ જ સ્થાને બિરાજીને આપશ્રીએ બાદશાહ અકબરને પોતાના અલૌકિક સ્વરૂપનો પ્રગટ પ્રતાપ બતાવ્યો છે. બાદશાહ અકબરે આપશ્રીએ ભેટ ધરેલી અમૂલ્ય મોતીની માળા શ્રીયમુનાજીમાં પધરાવી દીધી, તેથી બાદશાહને ખોટું લાગ્યું. ત્યારે આપશ્રીએ યમુનાજીમાં પોતાના હાથ નમાવી, ખોબો ભરીને મોતીની માળાઓ બહાર કાઢી અને અકબરને કહ્યું કે: 'આમાંથી તમારી માળા શોધીને લઇ લો.' એ જોઇને અકબર આશ્ચર્ય પામ્યો અને તેણે માથું નમાવ્યું. અકબર વારંવાર શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા અહીં આવતો હતો. અહીં જ શ્રીઅલીખાન પઠાણ અને તેમની દીકરીને શરણે લીધાં હતાં. અહીં જ આપશ્રીએ શ્રીનંદદાસજીને સામે કિનારેથી બોલાવી શરણે લીધા હતા.

આ બેઠકજીનું ચરિત્ર 'બેઠકચરિત્ર' ગ્રંથમાં પ્રગટ નથી, કારણ કે અહીં આપશ્રીએ માત્ર સંધ્યાવંદન કર્યું છે. અહીં કદાચ આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હોય, પરન્તુ આજે ય આ સ્થાન પર આપશ્રીનાં બેઠકજી બિરાજે છે. તેથી અહીં આપશ્રીની સેવા કરી, દર્શન કરી, દંડવત કરીએ. આ જ સ્થાને સાયંકાળે સંધ્યાવંદન કરતા આપશ્રીનું સ્વરૂપ-નિરૂપણ 'સાયંકુંજાલય' શ્લોકમાં છે.

શ્રીગુસાંઇજીએ શ્રીવ્રજ-પરિક્રમાનો પુનઃ પ્રારંભ કર્યો અને તે વ્રજપરિક્રમા દરમ્યાન જે જે સ્થાનો પર બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું તે સ્થાનનાં બેઠકજીઓનું અલૌકિક ચરિત્ર હવે આપણે જોઇશું.

(૫) શ્રી રાધાકૃષ્ણકુંડનાં બેઠકજીનું ચરિત્રઃ

શ્રીરાધાકૃષ્ણકુંડ ઉપર શ્યામતમાલ વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે આપશ્રીનાં બેઠકજી આવેલાં છે. ત્યાં આપશ્રી બિરાજે છે. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું.

એક દિવસ આપશ્રી અહીં બિરાજતા હતા. ત્યારે રઘુનાથદાસ નામના એક ગોડિયા ભક્ત આપશ્રીની પાસે આવ્યા. તેમણે દંડવત કરી, આપશ્રીને વિનંતી કરી: 'મહારાજ, આપ શ્રીસ્વામિનીજીને સ્વકીયા માનો છો?' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી: 'હા, અમે તેમને સ્વકીયા માનીએ છીએ.' શ્રીરઘુનાથદાસે કહ્યું: 'અમે તો તેમને પરકીયા માનીએ છીએ.' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી: 'અહીં શ્રીરાધાકૃષ્ણકુંડની નીચે આપશ્રી પોતાની નિકુંજમાં બિરાજે છે. તેથી આપણા પ્રશ્નનો જવાબ આપશ્રી જ આપશે, માટે એક કાગળ લાવો.'

આપશ્રીએ તે કાગળ લઇ કુંડના જળમાં પધરાવ્યો. તત્કાળ તે કાગળ જળમાં ડૂબી ગયો. તે કાગળ લઇને શ્રીલલિતાજીએ શ્રી સ્વામિનીજીને વિનંતી કરી: 'કૃપાનાથ, શ્રીગુસાંઇજીએ આ કાગળ મોકલ્યો છે. રઘુનાથદાસ નામના ગોડિયા, ભક્ત સાથે વાદવિવાદ થયો છે. અને આપનો નિર્ણય જાણવા માગે છે.' ત્યારે શ્રીસ્વામિનીજીએ એક શ્લોક લખી દીધો. તે કાગળ ફરી તરતો તરતો કુંડના જળની ઉપર આવ્યો. શ્રીસ્વામિનીજીની ઇચ્છાથી તે જરા પણ ભિંજાયો નહતો.

તે વાંચીને રઘુનાથદાસ નિરુત્તર થઇ ગયા. એમને ખાતરી થઇ કે, શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી શ્રીગુસાંઇજીને વશ છે. આવું અલૌકિક ચરિત્ર આપશ્રીએ અહીં પ્રગટ કર્યું છે.

આ બેઠકજીએ આપશ્રીને દંડવત કરી, આપણે હવે શ્રીચંદ્રસરોવરનાં બેઠકજીએ જઇએ.

(૬-૭) શ્રી ચંદ્રસરોવરનાં બેઠકજીનું ચરિત્રઃ

અહીં ચંદ્રસરોવર ઉપર શ્રીગુસાંઇજીનાં બે બેઠકજી બિરાજે છે. તે પૈકીનાં એક બેઠકજી શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં બિરાજે છે. અહીં બિરાજીને આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું.

બીજાં બેઠકજી આગળની બાજુએ બિરાજે છે. જે વિપ્રયોગનાં બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે. જ્યારે શ્રીકૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઇજીને માટે શ્રીનાથજીનાં દર્શન પણ બંધ કર્યાં ત્યારે શ્રીગુસાંઇજીએ છ માસ સુધી આ સ્થાન પર બિરાજી પ્રભુનો વિરહ કર્યો હતો. આપશ્રી તે સમયે પોતાનો સમય પ્રભુના વિરહમાં વ્યતીત કરતા હતા, ત્યારે શ્રીનાથજી શ્રીગિરિરાજજી પરના પોતાના નિજમંદિરની એક નાની જાળીમાંથી શ્રીગુસાંઇજીને દર્શન આપતા. શ્રીકૃષ્ણદાસ અધિકારીને આ વાતની જાણ થતાં તે જાળી પણ બંધ કરાવી દીધી. ત્યારે શ્રીગુસાંઇજીએ માત્ર જળ પર રહીને દિવસો વિતાવવા માંડ્યા. શ્રીનાથજીના કૃપાપાત્ર સેવક રામદાસજી રોજ રાજભોગ પછી માળાબીડાં લઇને અહીં આવતા. ત્યારે શ્રીગુસાંઇજી તેમની સાથે શ્રીનાથજીને વિજ્ઞપ્તિઓના શ્લોક લખીને મોકલતા. તેનો જવાબ શ્રીનાથજી પોતાના મુખારવિંદના પાનના રસથી બીડાના પાન ઉપર લખીને મોકલતા. જે રામદાસજી શ્રીગુસાંઇજીને આપતા. તે વાંચીને શ્રીગુસાંઇજી તે પત્ર જળમાં ઘોળીને આરોગી જતા. આમ, છ મહિના સુધી વિપ્રયોગરસનો અનુભવ કરતા આપશ્રી અહીં બિરાજયા. આપશ્રીએ શ્રીનાથજીને લખેલી વિજ્ઞપ્તિ આજે પ્રાપ્ત થાય છે. પરન્તુ શ્રીનાથજીના પ્રત્યુત્તર પ્રાપ્ત થતા નથી.

આ બેઠકજી ફૂલઘરનાં બેઠકજી તરીકે પણ પ્રસિદ્ધ છે. કારણ કે અહીં બિરાજીને આપશ્રી શ્રીનાથજી માટે દરરોજ પુષ્પમાળા સિદ્ધ કરતા અને શ્રીનાથજીને અંગીકાર કરાવવા મોકલતા, તેથી માળાજી સમયસર પધારે તે માટે રાજભોગ સર્યા પછી, 'માળા બોલી છે.' એવો હેલો પાડવામાં આવતો. તેનો ભાવ એ હતો કે 'જલદી માળા પધરાવો, જેથી પ્રભુને રાજભોગના દર્શનમાં શ્રમ ન પડે.' આ હેલો સાંભળીને શ્રીગુસાંઈજી પુષ્પમાળા મોકલતા, ત્યારથી આજ સુધી દર્શન ખૂલતાં પહેલાં માળાજી પધરાવવા માટે હેલો પાડવામાં આવે છે.

આ બંને બેઠકજીએ દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૮) શ્રી ગિરિરાજજીનાં બેઠકજીનું ચરિત્ર

જતિપુરામાં શ્રીમથુરેશજીના મંદિરમાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીગુસાંઈજી દરરોજ શ્રીગોકુળથી શ્રીનવનીતપ્રિયાજીની શૃંગાર સુધીની સેવા પહોંચી શ્રીગિરિરાજ પધારતા. શ્રીનાથજીની રાજભોગની સેવા કરી આપશ્રી અહીં બિરાજતા.

એક દિવસ શ્રીગુસાંઈજી પોતાની બેઠકમાં બિરાજતા હતા, ત્યારે આપના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીએ વિનંતી કરી: 'કૃપાનાથ, આપ આજ્ઞા કરતા હતા કે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પ્રથમ અન્નકૂટ આરોગાવ્યો ત્યારે સવાશેર સખડી અંગીકાર કરાવી હતી. તો કૃપા કરીને તે ઉત્સવનાં દર્શન કરાવો.' ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજી અને શ્રીશોભાબેટીજીને શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરાવેલા અન્નકૂટનાં અલૌકિક દર્શન કરાવ્યાં અને આજ્ઞા કરી કે: 'શ્રીમહાપ્રભુજીની લીલા નિત્ય અખંડ સ્વરૂપે બિરાજે છે, તેથી પૂર્વે કરેલી લીલાનાં દર્શન પણ આપશ્રી જે ભક્ત પર કૃપા કરે છે, તેને તે સમયે આપે છે.' આ જ સિદ્ધાંત આપશ્રીએ પોતાના 'વિદ્વન્મંડન' ગ્રંથમાં 'નિત્યલીલાવાદ' નામે પ્રતિપાદિત કર્યો.

અહીં આપણે શ્રીગુસાંઈજીને દંડવત કરીએ.

(૯) શ્રી કામવનનાં બેઠકજીનું ચરિત્ર

કામવનમાં શ્રીકુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં શ્રીગુસાંઈજીની બેઠકજી બિરાજે છે. શ્રીગુસાંઈજીના સેવક શ્રીમધુસૂદનદાસ હતા. તેઓ વિરક્ત હતા. તેઓ વ્રજવાસ કરીને આ સ્થાન ઉપર રહેતા હતા. તેમણે એવો નિત્યક્રમ સ્વીકાર્યો હતો કે, દરરોજ શ્રીમહાપ્રભુજીની સેવા કરવી. તેમને દૂધ આરોગાવવું. રાત-દિવસ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના પાઠ કરવા અને દૂધનો મહાપ્રસાદ લઈને રહેવું. તેમણે એવો મનોરથ સેવ્યો કે એક વખત શ્રીમહાપ્રભુજીનાં પ્રત્યક્ષ દર્શન થાય પછી જ આ વ્રત છોડવું.

એક વખત વ્રજયાત્રા કરવા શ્રીગુસાંઈજી અહીં પધાર્યા અને આપશ્રી અહીં ત્રણ દિવસ સુધી બિરાજ્યા ત્યારે આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. શ્રી મધુસૂદનદાસ આપશ્રીનાં રોજ દર્શન અને સેવા કરતા હતા. આપશ્રીએ તેમને સમજાવ્યા કે: 'તમે આવું વ્રત રાખી, શ્રીમહાપ્રભુજીને પરિશ્રમ આપવાનો હઠાગ્રહ ન કરો. પ્રભુને સાધનથી મેળવી શકાતા નથી. તેઓ જેના પર કૃપા કરે તેને જ તેમની પ્રાપ્તિ થાય છે. બીજા કશા વડે પ્રભુની પ્રાપ્તિ થઈ શકતી નથી.' પરન્તુ શ્રી મધુસૂદનદાસ માન્યા નહિ. આપશ્રીની આજ્ઞા મધુસૂદનદાસે ન માની, તેથી આપશ્રી અહીંથી આગળ પધાર્યા.

છ માસ બાદ એક દિવસ શ્રીમહાપ્રભુજીએ શ્રીમધુસૂદનદાસને કોટિકંદર્પ-લાવણ્ય સ્વરૂપે દર્શન આપી આજ્ઞા કરી કે: 'મધુસૂદનદાસ, તને દર્શન થવામાં આટલો બધો વિલંબ થયો, કારણ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના પાઠ કરવા છતાં તું મારા સ્વરૂપને સમજી શક્યો નહિ. શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં તને ભેદબુદ્ધિ આવી. તેથી તેમની આજ્ઞા ન માનતાં તું હઠ કરીને બેસી રહ્યો, તેથી તને આટલો વિલંબ થયો. મારી આજ્ઞા છે કે, મારા વંશના બાળકો જયાં જયાં બિરાજતાં હોય ત્યાં ત્યાં જઈને, અભેદબુદ્ધિ રાખીને, શ્રદ્ધાપૂર્વક દર્શન કરવાથી મારા જ સ્વરૂપનાં દર્શન થશે.' આવી આજ્ઞા થવાથી મધુસૂદનદાસે પોતાના અપરાધની ક્ષમા માગી, શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

આ ચરિત્રમાં આપણને 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'નું સ્વરૂપ તથા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીમાં રહેલી અભેદતાનાં દર્શન થાય છે. શ્રીગુસાંઈજીએ ૨૫૨ વૈષ્ણવો પૈકીના એક વૈષ્ણવને પણ આજ્ઞા કરી છે કે: 'તમે હમેશાં શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કર્યા કરો. શ્રીસર્વોત્તમ સ્તોત્ર એ વૈષ્ણવો માટે ગાયત્રી મંત્ર સ્વરૂપે છે. જેમ બ્રાહ્મણ જનોઈ લીધા પછી ગાયત્રી મંત્ર ન બોલે તો તેનું બ્રાહ્મણત્વ નષ્ટ થાય છે, તેવી રીતે, વૈષ્ણવ જો દરરોજ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ ન કરે તો તેનું વૈષ્ણવત્વ નષ્ટ થાય છે.' શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ શ્રીમહાપ્રભુજીમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિ રાખીને કરવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણના અધરામૃતનું ફળ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની આ અભિલાષા છે. શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠથી શ્રીમહાપ્રભુજીની કૃપા અને પ્રસન્નતા પ્રાપ્ત થતાં હૃદયમાં આપશ્રીનું સ્વરૂપ સદૈવ બિરાજે છે. માટે વૈષ્ણવોએ દરરોજ શ્રીમહાપ્રભુજીનાં સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરીને બની શકે તેટલા સર્વોત્તમ સ્તોત્રના પાઠ નિષ્કામભાવે કરવા જોઈએ.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભકુળ એ એક જ સ્વરૂપ છે. શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં પણ શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે: 'શ્રીમહાપ્રભુજીએ પોતાનું

સંપૂર્ણ સ્વરૂપ પોતાના કુળમાં પધરાવ્યું છે. માટે સમસ્ત શ્રીવલ્લભકુળ પરિવાર અલૌકિક અગ્નિ સ્વરૂપ જ છે.' આવો અનુભવ શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ શ્રીદામોદરદાસ હરસાની આદિ ભગવદીયોને કરાવ્યો છે, આજે પણ કરાવે છે. માટે આ સ્વરૂપોમાં જરા પણ ભેદભાવ જોવો જોઈએ નહિ. જે શ્રીવલ્લભ અને શ્રીવલ્લભકુળમાં ભેદભાવ જુએ છે, તેમને શ્રીવલ્લભની કૃપા અને પ્રસન્નતા પ્રાપ્ત થતી નથી. માટે બધાં સ્વરૂપો એક જ છે. એવી વિશુદ્ધ અભેદ બુદ્ધિ જોઈએ. એ સિદ્ધાંત પણ જાણવા મળે છે.

આજે શ્રીગુસાંઈજીની આ બેઠક અહીં પ્રગટ બિરાજે છે. અને સેવાનો પ્રકાર ચાલે છે. આપણે અહીં શ્રીગુસાંઈજીને દંડવત કરી આગળ વધીએ.

(૧૦) શ્રી પ્રેમસરોવરનાં બેઠકજીનું ચરિત્ર

બરસાનાથી સંકેતવન જતાં પીરીપોખર પાસે પ્રેમ સરોવર આવે છે. અત્યંત વિશાળ, સુંદર અને પાકા ઘાટથી બંધાયેલા પ્રેમ સરોવર પાસે શ્રીઠાકોરજીને વ્રજભક્તો સાથે પ્રથમ પ્રીતિ થઈ હતી. તેથી વ્રજભકતોએ પ્રસન્ન થઈ શ્રીઠાકોરજીને અહીં પીતાંબર ઓઢાડ્યું હતું. ત્યાં કદંબના વૃક્ષ નીચે રાસચોતરા ઉપર બિરાજી શ્રીઠાકોરજીએ વ્રજભક્તોની રાખી (રક્ષા) અંગીકાર કરી હતી. વ્રજભક્તોએ આ દિવસ 'સલોનો દિન' તરીકે મનાવ્યો હતો.

એ જ કુટુંબના વૃક્ષ નીચે શ્રીગુસાંઈજીનાં બેઠકજી આવેલાં છે. અહીં શ્રીગુસાંઈજી એક માસ સુધી બિરાજયા હતા. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ ઉપરાંત 'શ્રીકૃષ્ણ પ્રેમામૃત' ગ્રંથની વિવૃત્તિ લખી હતી. આ 'શ્રીકૃષ્ણ પ્રેમામૃત' ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલો. મૂળ ગ્રંથ નિકુંજલીલામાં શ્રીસ્વામિનીજીના મુખારવિંદથી પ્રગટ થયો હતો. શ્રીસ્વામિનીજીને જયારે પ્રભુનો વિયોગ થયો અને તે વિયોગ અસહ્ય બન્યો ત્યારે તેમના મુખમાંથી ઉચ્છ્‌વાસની સાથે સાથે શ્રીઠાકોરજીની એક એક લીલાના સ્મરણમાં એક એક નામ પ્રગટ થયું. આવાં એકસોથી વધુ નામ આ ગ્રંથમાં બિરાજે છે. શ્રીસ્વામિનીજીના હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમરૂપી અમૃતનો સાર આ ગ્રંથમાં આપ્યો હોવાથી, આ ગ્રંથને 'શ્રીકૃષ્ણ પ્રેમામૃત' નામ આપવામાં આવ્યું છે. આ ગ્રંથ શ્રીગિરિરાજજીની શિલા ઉપર શ્રીસ્વામિનીજીના નખચંદ્રથી અંકિત થયો હતો, જે શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણચૈતન્યને વાંચી સંભળાવ્યો હતો. શ્રીગુસાંઈજીએ આ ગ્રંથ ઉપર ટીકા લખી અને આપશ્રીના અનન્ય કૃપાપાત્ર અષ્ટછાપ પૈકી ગોવિંદસ્વામીને સંભળાવી હતી. તેથી ભાવવિભોર બનેલા ગોવિંદસ્વામીને અહીં શ્રીગુસાંઈજીએ કૃપા કરી શ્રીયુગલસ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં.

અહીં શ્રીગુસાંઈજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સારો ચાલે છે. અહીં આપણે આપશ્રીને દંડવત કરી આગળ વધીએ.

(૧૧) શ્રી સંકેતવનનાં બેઠકજીનું ચરિત્ર

પ્રેમ સરોવરથી વ્રજ યાત્રા સંકેતવન તરફ જાય છે.સંકેત એટલે ગુપ્ત સૂચના દ્વારા નકકી કરેલું મિલનસ્થાન. શ્રીયુગલસ્વરૂપના સંકેતનું આ વન હોવાથી, તેને 'સંકેતવન' કહેવામાં આવે છે. અહીં શ્રીસ્વામિનીજી સાથે પ્રભુનાં સર્વ પ્રથમ લગ્નનો મહોત્સવ મનાવાયો હતો. આ વનનાં વૃક્ષોની સઘન ઘટામાં શ્રીસંકેતદેવીનું મંદિર આવેલું છે. તેમની પાસે શ્રીગુસાંઈજીનાં બેઠકજી છે. શ્રીગુસાંઈજી અહીં પધાર્યા ત્યારે આપશ્રીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. આ વખતે આપશ્રીની સાથે કપડવંજના વતની ઉદુંબર બ્રાહ્મણ હતા. તેમનું નામ રેડાશ્રોત્રિય હતું. શ્રીગુસાંઈજીને તેમણે વિનંતી કરી કે: 'મહારાજ, અહીં શ્રીઠાકોરજીના વિવાહ ખેલનો મનોરથ થયો હતો. આપ કૃપા કરીને મને તે અલૌકિક મનોરથનાં દર્શન કરાવો.' ત્યારે આપશ્રીએ કૃપા કરી, તેમને દિવ્યચક્ષુનું દાન કરતાં શ્રીઠાકોરજીના વિવાહખેલનાં અલૌકિક દર્શન થયાં. દર્શન કરતાં તેઓ એવા તન્મય બની ગયા કે તેઓ શરીરનું ભાન ભૂલી ગયા. શ્રીગુસાંઈજીએ તેમને સાવધાન કર્યા હતા.

આ બેઠકજી આજે પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ખૂબ સાધારણ છે. અહીં શ્રીગુસાંઈજીને દંડવત કરી, આપણે આગળ જઈએ.

(૧૨) શ્રી કરહેલાનાં બેઠકજીનું ચરિત્ર

સંકેતવનથી આગળ જતાં કરહેલા ગામ આવે છે. અહીં શ્રી રાધિકાજીનાં અષ્ટ સખીઓ પૈકીનાં મુખ્ય સખી શ્રીલલિતાજીનું પ્રાગટ્ય થયું હતું. અહીં શ્રીકૃષ્ણકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી સાથે શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીગુસાંઈજી અહીં પધાર્યા ત્યારે આપશ્રીએ શ્રીલલિતાજીને ધરાવવા માટે પુષ્પમાળા સિદ્ધ કરી. આપશ્રી શ્રીલલિતાજીને આ માળા ધરાવવા ગયા ત્યારે શ્રીલલિતાજીએ વિનંતી કરી કે: 'આ માળા મને હાથમાં આપો.' તેથી આપશ્રી ચૂપ થઈ ગયા અને તે માળા શ્રીલલિતાજીના હાથમાં ધરી દીધી. સાંજે શ્રીગુસાંઈજી પુનઃ ત્યાં દર્શન કરવા પધાર્યા ત્યારે શ્રીલલિતાજીએ કહ્યું કે: 'મેં આપે સિદ્ધ કરેલી માળા શ્રીસ્વામિનીજીને ધરાવી છે અને તેમણે પ્રસાદી કરીને મને પાછી આપતાં આજ્ઞા કરી છે કે, આ માળા શ્રીગુસાંઈજીને આપજો. માટે શ્રીસ્વામિનીજીની પ્રસાદીરૂપ એવી આ પુષ્પમાળા આપ અંગીકાર કરો.' આથી પ્રસન્ન થઈ શ્રી ગુસાંઈજીએ તે માળા પોતાના શ્રીકંઠમાં ધારણ કરતાં

એક શ્લોક રચીને સંભળાવ્યો કે: 'નિકુંજમાં પુષ્પોથી રચેલ શય્યા પર પ્રભુ સાથે આનંદકેલી કરતાં સ્મરશ્રમજલથી જેમનું મુખકમળ શોભી રહ્યું છે, એવાં સહજ કૃપાનિધાન હે શ્રીરાધે, જો આપ મને યાદ કરીને આ માળા આપો છો, તો તેથી વિશેષ મારે બીજું શું જોઈએ?' આ સાંભળીને શ્રીલલિતાજી બહુ જ પ્રસન્ન થયાં.

અહીં શ્રીગુસાંઈજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સાધારણ છે. અહીં આપણે શ્રીગુસાંઈજીને દંડવત કરીએ.

(૧૩) શ્રી રીઠોરાનાં બેઠકજીનું ચરિત્ર

સંકેતવનથી આગળ જતાં રીઠોરા ગામ આવે છે. આ ગામ ચંદ્રભાન ગોપનું ગામ છે. અહીં શ્રીઠાકોરજીનાં દ્વિતીય સ્વામિની શ્રી ચંદ્રાવલીજીનું પ્રાગટ્ય થયું હતું. તેથી અહીં ચંદ્રાવલીકુંડ ઉપર કદંબના વૃક્ષ નીચે શ્રીચંદ્રાવલીજીનાં બેઠકજી બિરાજે છે. નિત્યલીલામાં શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ શ્રીચંદ્રાવલીજીનું હોવાથી આ સ્થાન આપશ્રીની નિજકુંજનું સ્થાન છે. તેથી શ્રીગુસાંઈજી અહીં પધાર્યા ત્યારે આપશ્રીએ ત્રણ દિવસ શ્રીચંદ્રાવલીજીનાં બેઠકજીની બાજુમાં બિરાજીને શ્રીમદ્ ભાગવત પારાયણ કરી, સૌ વૈષ્ણવોને અલૌકિક આનંદ આપ્યો હતો. ત્યાર બાદ આપશ્રીએ અહીં 'શૃંગારરસમંડન' નામના અદ્વિતીય ગ્રંથના દ્વિતીય પ્રકરણ 'દાનલીલા'નો પ્રારંભ કર્યો હતો. અહીં પ્રારંભાયેલું આ પ્રકરણ શ્રીઅસારવા બેઠકે પૂર્ણ થયું હતું.

આજે પણ અહીં શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર સાધારણ છે. અહીં આપણે શ્રીગુસાંઈજીને અને શ્રીચંદ્રાવલીજીને દંડવત કરી આગળ વધીએ.

(૧૪) શ્રી કોટવનનાં બેઠકજીનું ચરિત્ર

કોટવનને કોટિબનના નામે પણ ઓળખવામાં આવે છે, કારણ કે અહીંના સઘન વૃક્ષો વચ્ચે શ્રીકૃષ્ણે લતાપતાનો કોટ બનાવી, વ્રજભક્તો સાથે લીલા કરી હતી. વળી, અહીં શ્રી યશોદાજીને કદંબ વૃક્ષોના જુદા જુદા ચોકમાં શ્રીકૃષ્ણે કોટાનકોટિ લીલાઓનાં દર્શન પણ કરાવ્યાં હતાં. અહીં શીતલકુંડ પાસે છોંકરના વૃક્ષ નીચે શ્રીગુસાંઈજીનાં બેઠકજી છે. બેઠકજીનું મકાન સારું અને સગવડવાળું છે. શ્રીગુસાંઈજી અહીં વ્રજયાત્રા કરતાં શ્રીગોવિંદસ્વામી સાથે પધાર્યા હતા. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. એક દિવસ મધરાતે શ્રીગુસાંઈજીએ ગોવિંદસ્વામીને આજ્ઞા કરી કે: 'બહાર જઈને જુઓ, અત્યારે કઈ લીલા થઈ રહી છે?' ત્યારે શ્રીગુસાંઈજીની કૃપાથી ગોવિંદસ્વામીને શ્રીયુગલ સ્વરૂપની વિહારલીલાનાં દર્શન થયાં. રસમગ્ન બનેલ પ્રભુએ શ્રીસ્વામિનીજીના કંઠમાં ઝૂલતો મોતીનો હાર તોડી નાખ્યો. બધાં મોતી ભૂમિ પર વીખરાઈ ગયાં. શ્રીઠાકોરજીએ વિખરાયેલાં મોતી વીણી, પોતાના શ્રીહસ્તથી ફરી હાર પરોવી, શ્રીસ્વામિનીજીને પહેરાવ્યો. આવી લીલાનાં દર્શન કરીને ગોવિંદસ્વામીએ નીચેનું પદ ગાયું:

કદંબ બન બીથન કરત વિહાર,
અતિ રસભરે મદનમોહન પિય તોર્યો પિયા ઉર-હાર. (૧)
કનક ભૂમિ બિથુરે ગજ મોતી, કુંજ કુટિ કે દ્વાર,
'ગોવિંદ' પ્રભુ શ્રીહસ્ત સોં પોહત સુંદર બ્રજરાજકુમાર. (૨)

ગોવિંદસ્વામીએ આવીને, શ્રીગુસાંઈજી આગળ ફરીથી આ પદ ગાતાં, શ્રીગુસાંઈજી ખૂબ પ્રસન્ન થયા.

અહીં, આ બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સાધારણ ચાલે છે. અહીં આપણે દંડવત કરી આગળ જઈએ.

(૧૫) શ્રી બચ્છવનનાં બેઠકજીનું ચરિત્ર

વત્સ વનનું અપભ્રંશ બચ્છવન થયું છે. આ સ્થળેથી બ્રહ્માજી વાછરડાં હરી ગયા હોવાથી, તેને બચ્છવન અથવા વત્સવન કહેવામાં આવે છે. અહીં છોંકરના વૃક્ષ નીચે, ટેકરી ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. અહીં બિરાજીને આપે વૈષ્ણવોને બચ્છવનનું ચરિત્ર સમજાવ્યું હતું. પછી આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના વેણુગીતનાં સુબોધિનીજી ઉપર ટિપ્પણીનું લેખનકાર્ય પણ કર્યું હતું.

બેઠકજીનું સ્થાન અને સેવા-પ્રકાર સાધારણ છે. અહીં દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૧૬) શ્રી ચીરઘાટનાં બેઠકજીનું ચરિત્ર

બચ્છવનથી આગળ આવેલા ચીરઘાટ ઉપર પણ શ્રીગુસાંઈજી પીંપળના વૃક્ષ નીચે ત્રણ દિવસ બિરાજયા હતા. અહીં કુમારિકાઓની વસ્ત્રહરણલીલા થઈ હોવાથી, આપશ્રીએ પોતાના 'શૃંગાર-રસમંડન' ગ્રંથના 'વ્રતચર્યા' નામક પ્રકરણનું લેખનકાર્ય અહીં કર્યું હતું. ત્યાં બેઠકજીનું સુંદર મકાન છે. બાજુમાં અપરસ કરવા માટે કુંડ અને કૂવો પણ આવેલાં છે. સેવા પ્રકાર ચાલુ છે. અહીં શ્રીગુસાંઈજીને દંડવત કરી આપણે આગળ વધીએ.

(૧૭) શ્રી બેલવનનાં બેઠકજીનું ચરિત્ર

વ્રજનાં બાર વનોમાં બેલવન એ દસમું વન છે. અહીં શ્રીયમુનાજીના કિનારા ઉપર શ્રીગુસાંઇજીનાં અને શ્રીસ્વામિનીજીનાં એમ બે બેઠકજી ઘણા રમણીય સ્થાનમાં આવેલાં છે. અહીં વ્રજયાત્રા દરમ્યાન વૈષ્ણવોને ખીચડીનો મહાપ્રસાદ લેવડાવવામાં આવે છે.

અહીં બિરાજીને શ્રીગુસાંઇજીએ ત્રણ દિવસ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. આપશ્રીના એક સેવક ભગવાનદાસને પ્રભુની અલૌકિક રાસલીલાનાં દર્શન કરવાની ઈચ્છા હતી. તે પણ આપશ્રીએ કૃપા કરીને અહીં પૂર્ણ કરી, આ સ્થાનમાં એકાંતમાં બિરાજીને આપશ્રીએ 'શૃંગારરસમંડન' ગ્રંથનું 'પુરુષોત્તમ ઉલ્લાસ' નામનું પ્રકરણ લખ્યું હતું.

અહીં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સરળ છે. અહીં આપણે આપશ્રીને દંડવત કરી, આગળ વધીએ.

(૧૮) શ્રી વૃંદાવનનાં બેઠકજીનું ચરિત્ર

વૃન્દાવનમાં બંસીબટની પાસે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે શ્રીગુસાંઇજીનાં બેઠકજી બિરાજે છે. આ સ્થાનમાં આપશ્રીએ બિરાજીને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. ત્યાં આપશ્રીને મળવા માટે શ્રીહરિવંશજી આદિ ચૈતન્ય સંપ્રદાયના મહંતો આવ્યા હતા. શ્રીહરિવંશજીએ શ્રીગુસાંઇજીને વિનંતી કરી કેઃ 'તમે સંધ્યાવંદન કેમ કરો છો?' ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કેઃ 'અમારા માર્ગમાં સંધ્યોપાસના મુખ્ય છે, કારણ કે નંદાલયમાંથી સવારે પ્રભુ ગૌચારણ માટે વનમાં પધારે છે, ત્યારે ભક્તોને વિયોગ થાય છે. સાંજે જયારે આપ વનમાંથી પાછા પધારે છે. ત્યારે સંયોગ રસનું દાન કરે છે. વ્રજભક્તોની સેવાની રીત અને પ્રીત શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરી છે, તેથી સંધ્યાવંદન દ્વારા અમે એ ભગવદ્‌લીલાનું જ અનુસંધાન કરીએ છીએ.' આ સાંભળી સૌ ચૂપ થઇ ગયા.

એક દિવસ એક કંસારો ભગવદ્-સ્વરૂપ લઇને શ્રીગુસાંઇજીની પાસે આવ્યો. શ્રીગુસાંઇજીની દૃષ્ટિ ભગવદ્-સ્વરૂપ ઉપર પડતાં, બધાં સ્વરૂપો સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપ બનીને ક્રીડા કરવા લાગ્યાં. કોઈ વેણુનાદ કરે છે, કોઇ રીંગણલીલા કરે છે. આમ, દરેક સ્વરૂપ પોતપોતાની લીલા કરવા લાગ્યાં. આ જોઇને ત્યાં બેઠેલા સૌ ચકિત થઈ ગયા.

આ પ્રસંગમાં એમ બતાવ્યું કે, મૂર્તિમાં પ્રતિષ્ઠા થાય ત્યારે જ તે સ્વરૂપ પુરુષોત્તમ બને છે. પરંતુ શ્રીગુસાંઇજીના પ્રતાપબળથી અને પ્રમેયબળથી આપશ્રીની દૃષ્ટિ પડતાં જ આ સર્વ મૂર્તિઓ સાક્ષાત પુરુષોત્તમ સ્વરૂપ બની ગઇ. આપશ્રીનું આવું માહાત્મ્ય જોઇને અહીં ઘણા જીવો આપશ્રીના શરણે આવ્યા.

અહીં આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સ્થાન સુંદર છે, બેઠકજીમાં સેવા પ્રકાર પણ સારી રીતે ચાલે છે. અહીં આપણે શ્રીગુસાંઇજીને દંડવત કરીએ.

આમ, શ્રીગુસાંઇજીએ વ્રજયાત્રા પૂર્ણ કરી. ભૂતળ પર વસતા પોતાની દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે આપે ભારતયાત્રા પણ કરી. આપશ્રી છ વખત ગુજરાતમાં પધાર્યા છે અને ગુજરાતના અનેક દૈવી જીવો સહિત ભારતભરના દૈવી જીવોને શરણે લઇ, તેમનો ઉદ્ધાર કર્યો છે. આપશ્રીની ભારતની અન્ય બેઠકોનાં ચરિત્રોનું હવે આપણે ચિંતન કરીશું.

(૧૯) શ્રી સોરમજીનાં બેઠકજીનું ચરિત્ર

મથુરાથી બરેલી જતાં સોરોં ગામ આવે છે, જે સોરમજી તરીકે તે સમયમાં પ્રખ્યાત હતું. ત્યાં શ્રીગુસાંઇજી પધાર્યા હતા. અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં જ આપશ્રી બિરાજ્યા હતા. ત્યાંના તીર્થક્ષેત્રના પવિત્ર કુંડમાં સ્નાન કરી, આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું. ત્યારે અનેક જીવો આપના શરણે આવ્યા હતા.

આજે અહીં આપશ્રીનાં આ બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. આપણે આપશ્રીને દંડવત કરીએ.

(૨૦) શ્રી ગૌડ દેશનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઇજી ગૌડ દેશના દીવાન નારાયણદાસની વિનંતીથી ગૌડ દેશમાં તેમના ત્યાં પધાર્યા હતા. ગૌડ દેશ એટલે આજનું બંગાળ. બેઠક-ચરિત્રમાં ગૌડ દેશમાં નારાયણદાસ કયા શહેરમાં રહેતા હતા તેનો ઉલ્લેખ મળતો નથી. નારાયણદાસ દીવાનની વાર્તામાં પણ ચોક્કસ શહેરનો ઉલ્લેખ મળતો નથી, એટલે આ બેઠકજી આજે અપ્રગટ છે.

શ્રીગુસાંઇજી અહીં પધાર્યા ત્યારે શહેર બહાર બગીચામાં મુકામ કરીને બિરાજ્યા હતા. નારાયણદાસ દીવાન સવારે દર્શન કરવા આવતા, અને સાંજે પણ પાછા આવતા. રાજકાજમાં તેઓ ધ્યાન આપતા નહિ. બાદશાહને દિવસમાં એકવાર મળી લેતા. બાદશાહને આથી નવાઈ લાગી કે, રાજકાજમાં ભારે નિષ્ઠા રાખનાર દીવાન

આજકાલ આવા બેપરવાહ કેમ બન્યા છે? કોઈ ચુગલખોરે બાદશાહના કાન ભંભેર્યા કે: 'શ્રીગોકુળથી શ્રીગુસાંઈજી પધાર્યા છે, તેમની પાસે જ દીવાનજી રાતદિવસ રહે છે.' બાદશાહે નોકરને હુકમ કર્યો કે: 'નારાયણદાસને બોલાવી લાવો.' નારાયણદાસ રાજદરબારમાં હાજર થયા. બાદશાહે નહિ આવવાનું કારણ પૂછયું, ત્યારે તેમણે કશું છુપાવ્યા વિના સ્પષ્ટ કહ્યું કે: 'મારા ગુરુ પધાર્યા છે. તેઓ અહીં બિરાજશે ત્યાં સુધી મારાથી આવી શકાશે નહિ.' બાદશાહે કહ્યું કે: ' તમારા ગુરુનાં અમને પણ દર્શન કરાવો.' દીવાને શ્રીગુસાઈજીને વિનંતી કરી, ત્યારે આપે આજ્ઞા કરી કે: 'બાદશાહને બોલાવી લાવો.' બીજા દિવસે દીવાન સાથે બાદશાહ પણ દર્શન કરવા આવ્યો. શ્રીગુસાંઈજીનાં દર્શન બાદશાહને સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે થયાં, ત્યારે બાદશાહે સાષ્ટાંગ દંડવત કરી, શ્રીગુસાંઈજીની આગળ દશહજાર રૂપિયા ધર્યા અને વિનંતી કરી: 'મહારાજ, આપ હમેશાં મારા મસ્તકે બિરાજવાની કૃપા કરો.' ત્યારે શ્રીગુસાંઈજીએ પોતાનો પ્રસાદી ઉપરણો બાદશાહને ઓઢાડ્યો. બાદશાહે આ ઉપરણાને તેમનું સ્વરૂપ માની સદાય પોતાના મસ્તક ઉપર બાંધી દીધો. તેણે વિનંતી કરી: 'હું આપને શરણે આવ્યો છું., મારો ઉદ્ધાર કરો.' ત્યારે આપે આજ્ઞા કરી કે: ' તારો ઉદ્ધાર કરવા જ અમે અહીં પધાર્યા હતા, માટે તારો ઉદ્ધાર થઈ ગયો છે.' પછી બાદશાહ પોતાના મહેલે ગયો. આમ શ્રીગુસાંઈજી જયાં જયાં પધાર્યા, ત્યાં ત્યાં હિંદુ-મુસલમાન રાજા-બાદશાહો પણ આપશ્રીના દિવ્ય સ્વરૂપથી અંજાઈ જઈને આપશ્રીના સેવક થયા છે. તેમના રત્નજડિત રાજમુગુટો શ્રીગુસાંઈજીના ચરણારવિંદમાં નમતા રહ્યા છે. તેથી આપશ્રીના ૧૦૮ નામવાળા 'શ્રીનામરત્નાખ્ય' સ્તોત્રમાં આપશ્રીનું એક નામ છે. અનેક રાજાઓના રાજમુગુટો જેમનાં ચરણમાં સદા નમેલા રહે છે, તેવા શ્રીગુસાંઈજી. આ બેઠકજી પ્રગટ બિરાજતાં નહિ હોવાથી, આપણે ભાવનાથી દંડવત કરીએ.

(૨૧) શ્રી ગોધરાનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજી છ વખત ગુજરાતમાં પધાર્યા. આપશ્રીના કૃપાપાત્ર સેવક શ્રી નાગજીભાઈ દેસાઈ હતા. જે સ્થાન શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી, શ્રીદામોદરદાસ હરસાનીજીને આપ્યું, તે જ સ્થાન શ્રીગુસાંઈજીએ શ્રીનાગજીભાઈને આપેલું. ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં તેમની વાર્તા પ્રથમ આવે છે. શ્રી નાગજીભાઈની વિનંતીથી શ્રીગુસાંઈજી તેમના વતન ગોધરામાં પધાર્યા હતા, અને નાગજીભાઈના ઘરમાં મુકામ કર્યો હતો. નાગજીભાઈ ગોધરાના પંચમહાલ પરગણાના અધિકારી હતા. તેમની પાસે પુષ્કળ સમૃદ્ધિ હતી, અને વિશાળ સગવડોવાળું મકાન હતું, તેથી આપશ્રી નાગજીભાઈની સેવાથી પ્રસન્ન થઈ તેમના ઘરમાં બિરાજ્યા હતા. આપશ્રીએ અહીં બિરાજીને શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું.

એક દિવસ શ્રી નાગજીભાઈએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે: 'કૃપાનાથ, મને યુગલગીતનો પ્રસંગ સમજાવો.' ત્યારે આપશ્રીએ શ્રી યુગલગીતનાં શ્રીસુબોધિનીજીનું વ્યાખ્યાન ત્રણ દિવસ અને ત્રણ રાત પર્યન્ત કર્યું. આપશ્રીના વચનામૃતમાંથી અદ્ભુત રસપ્રવાહ વહ્યો. શ્રવણ કરનાર બધા વૈષ્ણવો શરીરનું ભાન ભૂલી ગયા. પ્રસંગ પૂરો થતાં આપશ્રીએ સૌને સાવધાન કર્યા. આપશ્રીનું આવું અપૂર્વ પ્રતાપબળ જોઈને ઘણા જીવો શરણે આવ્યા.

અહીં આજે પણ શ્રી નાગજીભાઈના ઘરમાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીનાગજીભાઈ સાઠોદરા નાગર હતા. તેમના વંશમાં આજથી થોડાંક વર્ષો પહેલાં હરિ હર્ષદ ધ્રુવ અને કેશવ હર્ષદ ધ્રુવ નામે બે ભાઈઓ થઈ ગયા, જેઓ ગુજરાતી ભાષાના પ્રથમ કક્ષાના વિદ્વાન સાહિત્યકારો હતા. કાળક્રમે તેઓ શૈવ બનેલા. આ બેઠકજી રાજનગરવાળા મહારાજશ્રીના માથે બિરાજતાં હતાં. હરિ હર્ષદ ધ્રુવને વિચાર આવ્યો કે, બેઠકજીનું મકાન અમારું વડીલોપાર્જિત છે, માટે તે અમને મળવું જોઈએ. તેથી તેમણે રાજનગરવાળા મહારાજશ્રીની વિરુદ્ધ ગોધરાની કોર્ટમા દાવો દાખલ કર્યો. ત્યારે પરમઉદાર મહારાજશ્રીએ બેઠકજીના અધિકારીને આજ્ઞા કરી કે: 'હરિ હર્ષદ ધ્રુવ દાવો લડવા આવે ત્યારે સ્ટેશને જઈ, ઘોડાગાડીમાં સન્માનપૂર્વક તેમને બેઠકે લાવી, તેમના રહેવા-જમવાની સર્વ વ્યવસ્થા કરવી.' આમ, ગોધરા આવેલા હરિ હર્ષદ ધ્રુવ સ્નાન કરી, શ્રીગુસાંઈજીના નિજ મંદિરની બહાર તિબારીમાં ઊભા રહી, ધોતિયું પહેરતા હતા ત્યારે શ્રીગુસાંઈજીની ઈચ્છાથી, નિજમંદિરમાંથી પ્રકાશની એક જયોત બહાર આવી, હરિ હર્ષદ ધ્રુવના ધોતિયાને લાગતાં ધોતિયું સળગ્યું. તેઓ બેબકળા બની ગયા. ધોતિયું ઓલવવા બહુ પ્રયત્નો કર્યા, પણ સળગેલું ધોતિયું ઓલવાતું નહોતું. તેઓ ત્યાંથી ભાગ્યા, તો પાછળ જયોત પણ ગઈ, વધારે બેબાકળા બનતાં તેમને થયું કે: 'અહીં બિરાજતા પ્રભુનો મેં દ્રોહ કર્યો છે, તેનું આ ફળ ભોગવું છું.' તેથી તેમણે મનોમન નિશ્ચય કર્યો કે, આ દાવો મારે લડવો નથી. તરત જ જયોત અદશ્ય થઈ ગઈ. તેઓએ કોર્ટમાં જઈ દાવો પાછો ખેંચી લીધો, આમ શ્રીગુસાંઈજીએ આ સ્થાનમાં પોતાનો પ્રગટ પ્રતાપ બતાવ્યો છે.

૧૯૪૭માં દેશ આઝાદ બનતાં હિંદુ મુસલમાનો વચ્ચેનાં હુલ્લડોમાં અહીં પણ મોટું હુલ્લડ થયેલું. બેઠકજીની આજુબાજુ મુસલમાનોનો વિસ્તાર હોવાથી, એક સવારે

મુસલમાનોનું મોટું ટોળું સળગતા કાકડા લઈને હિંદુઓના વિસ્તારોને બાળતું, આગ લગાડતું આગળ વધતું હતું. તેઓ બેઠકજીની નજીક આવી પહોંચ્યા ત્યારે તેમણે આશ્ચર્ય વચ્ચે જોયું કે, એક પ્રતાપી યોદ્ધો સફેદ ઘોડા ઉપર સવાર થઈ, શસ્ત્રો સજી, હિંદુઓના મોટા સૈન્ય સાથે સામે આવી રહ્યો છે. આ જોતાં તોફાની મુસલમાનોના હાંજા ગગડી ગયા. અને તેઓ જીવ બચાવવા પાછા ભાગ્યા. બેઠકજીની પછીત સુધી લાગેલી આગ ત્યાં જ રોકાઈ ગઈ અને બેઠકજીને જરા પણ નુકશાન થયું નહિ. આમ, પ્રગટ પ્રતાપનો બીજો પ્રસંગ પણ અહીં બન્યો છે.

એક વખત શ્રી નિજમંદિરમાં ઉષ્ણકાળમાં પ્રભુના સુખ માટે લટકાવેલ ઝડપ પંખાનું કડું તૂટયું, પંખો નીચે બેઠકજીનાં ચોતરીજી ઉપર પડતાં, ચોતરીજીમાંથી લોહીની સેર છૂટી. શ્રીગુસાંઈજીને શ્રીઅંગે આવો પરિશ્રમ થયાનાં વૈષ્ણવોને દર્શન થયાં. આમ, આપશ્રી આ બેઠકજીમાં અને સર્વ સ્થાનોમાં પ્રત્યક્ષ બિરાજે છે. તેવો અનુભવ પણ કરાવ્યો.

આ બેઠકજીનાં ચરિત્રનું ચિંતન કરતાં જેમના ઉપર આપશ્રીની પૂર્ણ કૃપા થઈ છે, એવાં આપશ્રીનાં ભગવદીય દંપતી, જેઓ પોતાની કીર્તનની સેવાથી અને તનુવિત્તજા સેવાથી શ્રીગુસાંઈજીને લાડ લડાવી રહ્યાં છે, તેમનું સ્મરણ પણ થઈ આવ્યા વિના રહેતું નથી. શ્રીગુસાંઈજીએ જ કૃપા કરીને આ ભગવદીય બહેનના શૈવધર્મી પતિને પોતાનાં ચરણારવિંદમાં શરણે લીધા અને તેમના ઉપર મહદ્ કૃપા કરી.

આજે આ બેઠકજીનું નવનિર્માણ કાર્ય ખૂબ સુંદર રીતે થયું છે. સેવાનો પ્રકાર ખૂબ જ સુંદર રીતે ચાલે છે. વૈષ્ણવોને ઊતરવા માટે અને પ્રસાદ લેવા માટે બેઠકજીની સામે જ ખૂબ સુંદર વ્યવસ્થા છે. અહીં આગલા દિવસે ઉપવાસ કરી, બાહ્ય અને આંતરશુદ્ધિપૂર્વક અપરસમાં ઝારી ચરણસ્પર્શ કરી શકાય છે. એક વખત આ બેઠકજીનાં સેવા-દર્શનનો આનંદ અવશ્ય લેવા જેવો છે. અહીં શ્રીગુસાંઈજીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૨૨) શ્રી અલીણાનાં બેઠકજીનું ચરિત્ર

ગોધરાથી ડાકોર જતાં અલીણા નામનું ગામ આવે છે. અલીણા ગામમાં શ્રી મહીધર દેસાઈ અને તેમનાં બહેન ફૂલબાઈ રહેતાં હતાં. તેઓ શ્રી નરહરિ જોષી (ખેરાળુ)ના સંગથી શ્રીગુસાંઈજીના શરણે આવ્યાં. આ ભાઈબહેનની વિનંતીથી શ્રી નરહરિ જોષીએ શ્રીગુસાંઈજીને અલીણા પધરાવ્યા, ત્યારે તેમનું સામૈયું કરવા મહીધરજી સામે ગયા અને શ્રીગુસાંઈજીને પીઠ ન થાય તેમ સામા પગલે ચાલતાં આપશ્રીને રૂપિયા અને સોનામહોરોની ન્યોછાવર કરતાં પોતાને ઘેર પધરાવી લાવ્યા. તેઓ સહકુટુંબ શ્રીગુસાંઈજીના સેવક થયા. તેમનું જોઈને આખું અલીણા ગામ સેવક થયું. શ્રી મહીધરજી અને ફૂલબાઈની વિનંતીથી શ્રીગુસાંઈજીએ કૃપા કરી તેમને શ્રીમદનમોહનજીની સેવા પધરાવી દીધી. મહીધરજી અને ફૂલબાઈની વાર્તા ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં છે.

આપશ્રીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. મહીધરજી અને ફૂલબાઈને સેવાની રીત શીખવી, ખૂબ આનંદ આપ્યો.

અહીં તેમના ઘરમાં આજે પણ શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. બેઠકજીનું મકાન જીર્ણ થયું હોવાથી હમણાં જ તેનું નવનિર્માણ કાર્ય થયું છે. આ બેઠકજીની એક વિશિષ્ટતા એ છે કે આપશ્રીનાં ચોતરીજી ઉપર આપશ્રીનાં બે ચરણારવિંદ અંકિત થયેલાં છે, તેથી આ બેઠકજીએ આવનાર વૈષ્ણવોએ મંગળા સમયે આવીને, સેવામાં સ્નાન કરી, કેસર સ્નાન કરાવવાનો મનોરથ કરવાથી ચરણારવિંદનાં દર્શન સુંદર રીતે થઈ શકે છે. તેનો લાભ લેવા વિનંતી છે.

અહીં સેવાનો પ્રકાર સારી રીતે ચાલે છે. વૈષ્ણવોને ઊતરવાની સાધારણ સગવડ છે. અહીં શ્રીગુસાંઈજીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૨૩) શ્રી ખંભાતના બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજી ખંભાતના જીવા પારેખ, સહજપાલ દોશી, માધવદાસ દલાલ, જેવા વૈષ્ણવોની વિનંતીથી ખંભાત પધાર્યા હતા. ખંભાત પધારવા પાછળ આપશ્રીના બે હેતુ હતા: (૧) ત્યાંના અનેક દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનો અને (૨) પ્રભુને લાયક અનેક સુંદર વસ્તુઓ ખરીદવાનો. કારણ કે તે વખતે ખંભાત વિદેશો સાથેના વ્યાપારનું મોટું બંદર હતું અને તેથી દેશપરદેશનો ઉત્તમોત્તમ માલસામાન વેચાવા માટે આવતો હતો.

શ્રીગુસાંઈજીએ નારાયણ સરોવર નામના તળાવ ઉપર મુકામ કર્યો. તે જગ્યા ખૂબ જ રમણીય હતી. આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. આપશ્રીને પધારેલા જાણી આચાર્ય મુરારિ નામના એક મોટા પંડિત આપશ્રીની પાસે શાસ્ત્રચર્ચા કરવા આવ્યા. તેમને એક જ ક્ષણમાં આપશ્રીએ નિરુત્તર કરી દીધા. આપશ્રીના પ્રતાપબળને જાણીને તેમણે વિનંતી કરી કે: 'આપ પૂર્ણપુરુષોત્તમ છો. જો કોઈ મનુષ્ય હોત તો હું તેને જીતી શકું, પરંતુ ઈશ્વરને કોણ જીતે? ઈશ્વર પાસે તો જીવ હારેલો જ છે.' આમ કહીને, દંડવત કરી, તેઓ ઘેર ગયા.

ત્યારે આપશ્રીની સંગમાં રહેલા શ્રી ચાચા હરિવંશજીએ વિનંતી કરીઃ 'કૃપાનાથ, આ પંડિત દૈવી જીવ દેખાય છે. આપ કૃપા કરી, તેનો અંગીકાર કરો. આવો વિદ્વાન પંડિત આપણા માર્ગમાં હોય તો ખૂબ ઉપયોગી બને. પછી તો જેવી આપની ઇચ્છા!' આ સાંભળીને શ્રીગુસાંઇજી સ્મિત કરી, મૌન રહ્યા. ચાચાજીએ જાણ્યું કે તેનો અંગીકાર જરૂર થશે. પરંતુ સમયનો વિલંબ થાય તેમ લાગે છે. થોડાક સમય પછી આપશ્રીએ તેનો અંગીકાર કર્યો. બીજા પણ અનેક જીવો આપશ્રીના શરણે આવ્યા. આપશ્રી અહીં ઘણો વખત બિરાજયા હતા.

આજે ખંભાત ગામથી થોડેક દૂર બેઠક રોડના માર્ગે કોલેજની બાજુમાં શ્રીગુસાંઇજીનાં બેઠકજી આવેલાં છે. તેનું નવનિર્માણ કાર્ય સંપન્ન થયું છે. ખૂબ જ સુંદર અને રમણીય બેઠકજીનું ભવન સિદ્ધ થયું છે. તળાવના કિનારે ઉપવનની વચ્ચે બિરાજતાં બેઠકજી અત્યંત સુંદર છે. સેવાનો પ્રકાર પણ ખૂબ સુંદર રીતે ચાલે છે. વૈષ્ણવોને ઊતરવાની વ્યવસ્થા પણ સારી છે. આ બેઠકજીએ આપણે શ્રીગુસાંઇજીને દંડવત કરી આગળ વધીએ.

(૨૪) શ્રી અસારવા બેઠકજીનું ચરિત્રઃ

શ્રીગુસાંઇજી છ વખત ગુજરાતમાં પધાર્યા ત્યારે છયે વખત આપ તે વખતના ગુજરાતના પાટનગર અમદાવાદ પધાર્યા હતા. અમદાવાદ નજીક અસારવા નામે નાનકડું ગામ આવેલું હતું. જે આજે અમદાવાદનું પરું બની ગયું છે. અહીં ભાઇલા કોઠારી અને હરજી કોઠારી નામના બે ભાઇઓ રહેતા હતા. તેઓ મોટા વેપારી હતા. શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર સેવક હતા. શ્રીગુસાંઇજી અમદાવાદ પધારતા ત્યારે મોટા ભાગે ભાઇલા કોઠારીને ત્યાં જ મુકામ કરતા અને બાજુમાં આવેલ હરજી કોઠારીને ત્યાં આપ રસોઇ સિદ્ધ કરી, ભોગ ધરી, ભોજન કરતા. આમ, બંને ભાઇઓની તન, મન, ધનની સેવા આપશ્રી અંગીકાર કરતા હતા. આપશ્રીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કરવા ઉપરાંત 'શૃંગાર રસમંડન' ગ્રંથ પૂર્ણ કર્યો હતો.

એક વખત આપ જયારે અહીં બિરાજતા હતા,ત્યારે લાછાબાઇ ભાટ નામની એક બાઇ શ્રીગુસાંઇજીની સેવક થઇ હતી. તેનો ભાઇ અમદાવાદના સૂબાને ત્યાં નોકરી કરતો હતો. તેણે સૂબાને ફરિયાદ કરી કેઃ 'મારી બહેન, ગોકુળના ગોસાંઇ અસારવા પધાર્યા છે, તેમની પાસે જ રહે છે. તેમણે તેના ઉપર કામણ કર્યું છે, તેથી તે ઘેર આવતી નથી.' ત્યારે સૂબો સવારી લઇને અસારવા ગયો. તેણે જોયું તો બેઠકજીમાં શ્રીગુસાંઈજી ગાદીતકિયા ઉપર બિરાજ્યા છે. અને લાછાબાઇ પંખાની સેવા કરે છે. સૂબાના આવવાના સમાચાર વૈષ્ણવોએ શ્રી ગુસાંઇજીને આપ્યા. આપે આજ્ઞા કરી કેઃ 'તેને આવવા દો.' સૂબાએ આવીને જોયું તો શ્રીગુસાંઇજીના સ્થાને લૌકિક મનુષ્યને બદલે સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન થયાં. ત્યારે સૂબાએ દંડવત કરી વિનંતી કરીઃ 'મહારાજ, મેં આપને જાણ્યા નહિ, તેથી એક સામાન્ય માણસની તુચ્છ બુદ્ધિથી દોરવાઇ હું આવ્યો હતો. મને આપ શરણે લો.' તેણે રૂપિયા દસ હજાર ભેટ કર્યા. શ્રીગુસાંઇજીએ તેને પ્રસાદી ઉપરણો આપ્યો. સૂબાએ ફરી હાથ જોડી આજીજીથી વિનંતી કરીઃ 'મહારાજ, કૃપા કરીને મને એવી વસ્તુ આપો, જે હંમેશ મારા માથે બિરાજે.' ત્યારે શ્રીગુસાંઇજીએ તેને પ્રસાદી સોપારી આપી. તેણે ભાવપૂર્વક સોપારી લઇ, પોતાની પાઘડીમાં મૂકી, દંડવત કરી, વિનંતી કરીઃ 'મહારાજ, આપે કૃપા કરી મને આપના ઈશ્વર-સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું છે, તો હું અહીંની પ્રજા વતી આપને એક બીજી વિનંતી કરું છું. અહીં છેલ્લાં સાત વર્ષથી વરસાદ પડતો નથી. ભારે દુકાળની પરિસ્થિતિ છે. લોકો બહુ દુઃખી છે. તો આપ કૃપા કરો.' આપે આજ્ઞા કરી કેઃ 'તમે પાછા જશો ત્યારે મહેલના દરવાજામાં ભીંજાયા વિના પહોંચશો નહિ.' સૂબાએ ફરીથી આપને દંડવત કર્યાં અને તે ઘોડેસવાર થઇ પોતાના મહેલ તરફ જવા ઊપડ્યો. તે જ વખતે આકાશમાં કાળાં વાદળ ચઢી આવ્યાં અને પુષ્કળ વરસાદ વરસવા માંડ્યો. તે મારતા ઘોડે અમદાવાદ ગયો. પોતાની આગળ ચાડી ખાનાર લાછાબાઇના ભાઇ ઉપર તેને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેણે તે માસણને બોલાવી ઠપકો આપ્યો કે : 'તું દુષ્ટ છે. તેં બદદાનતથી મને સાક્ષાત ઈશ્વર સાથે લડાવવાનું કપટ કર્યું હતું, પરન્તુ આપે કૃપા કરી મારો અપરાધ ક્ષમા કર્યો છે. તેમની કૃપાથી જ આ વરસાદ થયો અને આખા ગુજરાતમાં પ્રજા રાજી થઇ ગઇ છે. માટે આવા મહાપુરુષ માટે આવી ગંદી વાત કરવા માટે હું તને જાનથી મારી નાખીશ.' આ સાંભળીને તે માણસ ખૂબ ગભરાઇ ગયો. તેણે જઇને શ્રીગુસાંઇજીનાં ચરણમાં પડી ક્ષમા માગી અને પોતાને બચાવવા વિનંતી કરી, ત્યારે શ્રીગુસાંઇજીએ તે સૂબાને કહેવડાવ્યું કેઃ 'તમે તેને કશી સજા કરશો નહિ.' આ સાંભળી સૂબાએ કહ્યું કેઃ 'જો તેં દુષ્ટતા કરી, પણ પ્રભુ કેટલા દયાળુ છે! શ્રીગુસાંઇજીની આજ્ઞાથી તને છોડું છું. નહીંતર તને જાનથી મારી નાખત. માટે આજ પછી કોઇના વિશે ગંદી વાત કરીશ નહિ.' આમ કહીને તેને જવા દીધો.

બીજી એક વખત શ્રીગુસાંઇજી ભાઇલા કોઠારીના ત્યાં ભોજન કરી, બીડી આરોગતા બિરાજ્યા હતા. ત્યારે ચોકમાં કેટલાંક બાળકો રમતાં હતાં. તેમાં પાંચ વર્ષના એક અજાણ્યા બાળકને જોઇને શ્રી ગુસાંઇજીએ ભાઇલા કોઠારીને પૂછ્યુંઃ 'આ બાળક કોણ છે? ગઇ વખતે અમે આવ્યા ત્યારે તેને જોયો નહોતો.' ભાઇલા કોઠારીએ કહ્યુંઃ 'કૃપાનાથ, એ ગોમતીનો વર છે.' ગોમતી ભાઇલા કોઠારીની ત્રણ વર્ષની પુત્રી હતી. પાંચ વર્ષના ગોમતીના વરનું નામ ગોપાલદાસ હતું. તે બાજુમાં

આવેલ રૂપાલ ગામના વતની હતા. જ્ઞાતિએ દિશાવાળ વણિક હતા. માતાપિતા તેમને બાલ્યાવસ્થામાં મૂકીને મૃત્યુ પામ્યાં હોવાથી ભાઈલા કોઠારી પોતાના આ જમાઈને ઉછેરી મોટો કરતા હતા. ગોપાલદાસ જન્મથી જ મૂક હતા. તેમને વાણી પ્રાપ્ત થઈ ન્હોતી. શ્રીગુસાંઈજીએ ભાઈલા કોઠારીના બાળજમાઈ ગોપાલદાસની આ વિગત જાણી આજ્ઞા કરી કે, 'કોઠારી, ગોમતીનો વર તો સાગર હોય. દ્વારકા પાસે ગોમતી નદી છે અને તે સાગરને મળે છે. માટે શ્રી ગુસાંઈજીએ 'ગોમતી' શબ્દ નદીના અર્થમાં ઘટાવ્યો. કોઠારીએ હાથ જોડી વિનંતી કરી: 'આપશ્રીની કૃપા થાય તો તે પણ સાગર બને. તેમાં મને નવાઈ લાગતી નથી.' આ સાંભળીને તેમની દીનતાથી પ્રસન્ન થઈ, આપશ્રીએ ગોપાલદાસને પોતાની પાસે બોલાવ્યા. તેમને પોતાની ગોદમાં બેસાડી, પોતાના મુખનું ચર્વિત તાંબુલ ગોપાલદાસના મુખમાં મૂક્યું અને તેમના માથે પોતાનો શ્રીહસ્ત મૂક્યો. આમ, ગોપાલદાસભાઈ ઉપર શ્રીગુસાંઈજીની અપૂર્વ કૃપા થતાં તેમને સાક્ષાત કૃષ્ણાધરામૃત પ્રાપ્ત થયું. તે સાથે જ તેમની લૌકિક અને અલૌકિક વાણી ખૂલી ગઈ. તેમનાં હૃદયચક્ષુ પણ ખૂલી ગયાં અને તેમના હૃદયમાં બિરાજીને સાક્ષાત્ શ્રીગુસાંઈજીની પ્રેરણાથી ગોપાલદાસભાઈએ પાંચ વર્ષની ઉંમરે 'શ્રીવલ્લભાખ્યાન' ગાવાનો પ્રારંભ કર્યો.

આ નવ આખ્યાન અહીં અસારવાનાં બેઠકજીમાં શ્રીગુસાંઈજીની સન્મુખ બેસી ગોપાલદાસભાઈએ ગાયાં છે. આ 'શ્રીવલ્લભાખ્યાન' માટે શ્રી ગોપાલદાસભાઈ તો નિમિત્ત છે. તેમના હૃદયમાં બિરાજેલા શ્રી ગુસાંઈજીએ જ તેનું ગાન કર્યું છે. અને તેથી 'શ્રીવલ્લભાખ્યાન' પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે વેદ સમાન છે. આપણા ત્યાં ભગવદ્ વાર્તાના પ્રારંભમાં દરરોજ એક એક આખ્યાન ગાવાની પ્રણાલિકા પ્રાચીન સમયથી ચાલી આવે છે. આમ, શ્રીગુસાંઈજીની કૃપાથી ગોમતીના વર ગોપાલદાસજી સાગર સમાન બની ગયા. માટે તો શ્રીગુસાંઈજીના આ પ્રગટ પ્રતાપને વંદન કરતાં ભગવદીયોએ ગાયું કે:

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્ કૃપા તમહં વંદે શ્રીમદ્-વલ્લભ-નંદનમ્ ॥

જેમની કૃપાથી મૂંગો માણસ બોલતો થાય છે, અને લંગડો માણસ પર્વત ચડી જાય છે, તેવા શ્રીવલ્લભરાજકુમાર શ્રીગુસાંઈજીને હું વંદન કરું છું.

અહીં બિરાજીને આપશ્રીએ અનેક જીવોને શરણે લીધા છે. અને આપની કૃપાથી તે ભગવદીયો ૨૫૨ વૈષ્ણવોમાં સ્થાન પામ્યા છે.

આજે અસારવામાં શ્રીગુસાંઈજીનાં સુંદર બેઠકજી બિરાજે છે. સ્થળ રમણીય અને ભાવનાસભર છે. અહીં શ્રીગુસાંઈજીનાં દર્શન કરવાનો વૈષ્ણવોને અધિકાર છે.

ઝારી ચરણસ્પર્શ થતાં નથી. આ બેઠકજીએ દર્શન કરવા જઈએ ત્યારે શ્રીગુસાંઈજીનું અને શ્રીગોપાલદાસભાઈનું સ્મરણ કરી, 'શ્રીવલ્લભાખ્યાન'નું ગાન અવશ્ય કરવું જોઈએ. આ બેઠકજીના વાતારવણના અણુએ અણુમાં 'શ્રીવલ્લભાખ્યાન'ની દિવ્ય વાણી આજે પણ ગુંજ્યા કરે છે. આ બેઠકજીએ સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. ત્યાં દંડવત કરી, આપણે હવે સૌરાષ્ટ્ર તરફ જઈએ.

(૨૫) શ્રી જામનગર (નવાનગર)નાં બેઠકજીનું ચરિત્રઃ

સૌરાષ્ટ્રમાં શ્રીગુસાંઈજીનાં ચાર બેઠકજી બિરાજે છે. આ ચાર બેઠકજીનું વર્ણન 'બેઠકચરિત્ર'માં આપણને પ્રાપ્ત થાય છે. તે પૈકીનાં એક બેઠકજી જામનગરમાં બિરાજે છે. જામનગર શહેરમાં આપ પધાર્યા ત્યારે શ્રીમહાપ્રભુજીના સેવકો બાલા અને બાદા રહેતા હતા. તેમની વિનંતીથી શ્રીગુસાંઈજી તેમના ઘેર પધારેલા. ત્યાં બિરાજીને આપે શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. તેથી આજે પણ જામનગરમાં આપશ્રીનાં બેઠકજી ઝંડુ શેરીમાં આવેલાં છે.

શ્રીગુસાંઈજી અહીં પધાર્યા ત્યારે નાગમતી નદીને કિનારે બિરાજી એક દિવસ આપ સંધ્યાવંદન કરતા હતા તે વખતે ત્યાંના સવજીભાઈ નામે એક મોચી આપશ્રીની પાસે આવ્યા. તેઓ નદીએ સ્નાન કરવા આવેલા. શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરી તેમણે વિનંતી કરી: 'કૃપાનાથ, મને શરણે લો.' આપશ્રીએ પૂછ્યું: 'તમે જ્ઞાતિએ કોણ છો?' તેમણે કહ્યું: 'હું મોચી છું અને ઢોરોનાં ચામડાં કમાવી તેના જોડા બનાવું છું.' આપે આજ્ઞા કરી કે, 'તમે જન્મે અને કર્મે શૂદ્ર છો. તમારા આચારવિચાર પુષ્ટિમાર્ગને લાયક નથી.' ત્યારે તેમણે વિનંતી કરી: 'મહારાજ, હું મારો વ્યવસાય છોડી દઈશ. આપ આજ્ઞા કરશો તેવું જીવન જીવીશ, પણ મને શરણે લો.' ત્યારે તેમણે સવજીભાઈને સ્નાન કરી આવવા કહ્યું. તેમને બ્રહ્મસંબંધ આપીને આજ્ઞા કરી કે: 'હવે તમે બ્રાહ્મણ જેવું શુદ્ધ જીવન જીવો, વૈષ્ણવી વેશ ધારણ કરો, ઘેર સેવા પધરાવી પ્રેમથી સેવા કરો. અને બીજો કોઈપણ વ્યવસાય કરો.' આ પ્રમાણે સવજીભાઈ વૈષ્ણવી જીવન જીવતા હતા. શ્રીગુસાંઈજી નવાનગરથી પધારી ગયા પછી એક વખત ત્યાંના બ્રાહ્મણોએ રાજાને ફરિયાદ કરી કે: 'આ સવજીભાઈ મોચી હોવા છતાં બ્રાહ્મણની જેમ રહે છે, તે શાસ્ત્ર પ્રમાણે બરાબર નથી.' સવજીભાઈને રાજદરબારમાં બોલાવવામાં આવ્યા અને તેમને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે, 'હું ગયા જન્મમાં મોચી હતો. આ જન્મમાં નથી!' રાજાએ કહ્યું કે 'ગયો જન્મ અને આ જન્મ એટલે શું?' ત્યારે સવજીભાઈએ કહ્યું: 'હું જે કહું છું, તે સાચું કહું છું.' રાજાએ કહ્યું: 'તમારે તેની ખાતરી કરાવવી પડશે. દૂધમાંથી દહીં બને, પણ દહીંનું દૂધ ન બને. માટે જો દહીંનું

દૂધ બનાવી આપો તો હું તમારી વાત સાચી માનું.' સવજીભાઇ સંમત થયા. છાશની દોણી મંગાવવામાં આવી. તેના ઉપર તેમણે પોતાનો ઉપરણો ઢાંકી, શ્રીગુસાંઇજીનું ધ્યાન કરી, વિનંતી કરી: 'આપશ્રીએ મને આજ્ઞા કરી હતી કે, બ્રહ્મસંબંધ લેવાથી જીવનો બીજો જન્મ થાય છે. આપની આજ્ઞામાં શ્રદ્ધા રાખી મેં બીજો જન્મ સ્વીકાર્યો છે. તો હવે આપ જ આનો નિર્ણય રાજાની આગળ કરવાની કૃપા કરો.' આમ વિનંતી કરી તેમણે ઉપરણો ઉઠાવી લઇ, રાજાને કહ્યું: 'તમે જાતે જ ચાખી જુઓ.' રાજાને ચાખતાં આશ્ચર્ય થયું કે તે છાશ મટી દૂધ બની ગયું હતું. સભામાં સૌને ખાતરી થઇ કે, સવજીભાઇની વાત સાચી છે. આમ, જામનગરમાં સવજીભાઇ દ્વારા શ્રીગુસાંઇજીનો જયજયકાર થયો.

આ પ્રસંગમાં આપણને એ સિદ્ધાંત જાણવા મળ્યો કે બ્રહ્મસંબંધ લેવાથી જીવનો નવો જન્મ થાય છે. માટે ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આ ભગવદીયોના ત્રણ જન્મની વાર્તા આપણને સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે: 'દરેક વૈષ્ણવના ત્રણ જન્મ છે. એક આધિભૌતિક જન્મ, જે જગતમાં માતાની કૂખે થાય છે. બીજો આધ્યાત્મિક જન્મ, જે બ્રહ્મસંબંધ લેતાં થાય છે. ત્રીજો આધિદૈવિક જન્મ, જે સ્વરૂપે દૈવી જીવ નિત્યલીલામાં રહે છે. આપણા સૌના બે જન્મ આપણે જાણીએ છીએ. જેમ આધિભૌતિક જન્મની વર્ષગાંઠ આપણે મનાવીએ છીએ, તેમ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આધ્યાત્મિક જન્મ થયો છે, તેની વર્ષગાંઠ પણ મનાવવી જોઇએ. જો આ નવા જન્મની વર્ષગાંઠ આપણે ન જાણતા હોઇએ તો શ્રાવણ સુદ બારશ, જે દામોદરદાસ હરસાનીના આધ્યાત્મિક જન્મની વર્ષગાંઠ છે. તે આપણા સૌના આધ્યાત્મિક જન્મની વર્ષગાંઠ માની, મનાવવી જોઇએ, અને પ્રભુનું વિશેષ સ્મરણ-કીર્તન કરતાં બ્રહ્મસંબંધ મંત્રનું અનુસંધાન કરવું જોઇએ. આ સવજીભાઇ આગલા જન્મમાં એક મોગલ સરદાર હતા, જેનો પ્રસંગ શ્રીમહાપ્રભુજીનાં નંદગામનાં બેઠકજીના ચરિત્રમાં આપણે આગળ જોઇ ગયા હતા.

જામનગરમાં આ બેઠકજી પ્રગટ બિરાજે છે. આપણે ત્યાં જઇએ ત્યારે શ્રીગુસાંઇજીનાં સેવા-દર્શનનો લાભ જરૂર લઇએ. આપશ્રીને દંડવત કરી, આપણે આગળ જઇએ.

(૨૬) શ્રી ગાગાગુરગઢનાં બેઠકજીનું ચરિત્રઃ

જામનગરથી દ્વારકા જવાના રસ્તે ગાગાગુરગઢ ગામ આવેલું છે. ત્યાં શ્રીગુસાંઇજી જામનગરથી દ્વારકા જતાં બિરાજ્યા હતા. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. તે વખતે ઉનાળાના દિવસો હતા. આપશ્રીના કૃપાપાત્ર

ગોધરાના નાગજીભાઇ દેસાઇ આપશ્રીને આરોગાવવા માટે ઉત્તમમાં ઉત્તમ કેરીઓ પોઠ ઉપર ભરી દ્વારકા આવેલા અને આપશ્રીને કેરીઓ અંગીકાર કરવા વિનંતી કરેલી. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે: 'આ કેરીઓ શ્રીદ્વારકાનાથજીને લાયક છે. માટે તેમને આરોગાવો.' આપશ્રીની આજ્ઞા થવાથી, નાગજીભાઇએ તે કેરીઓ શ્રીદ્વારકાનાથજીને આરોગાવી. તેઓ શ્રીદ્વારકાનાથજીને કેરીઓ આરોગાવી ગાગાગુર ગઢ પાછા આવ્યા. દ્વારકા જતી વખતે તેમણે અડધી કેરીઓ ત્યાં છુપાવેલી, તે આપશ્રીની સન્મુખ લઇ આવી, આરોગવા વિનંતી કરી ત્યારે આપ પ્રસન્ન થઇને તે કેરીઓ પ્રભુને આરોગાવી, પોતે આરોગ્યા હતા અને નાગજીભાઇ ઉપર ખૂબ પ્રસન્ન થયા હતા.

આજે અહીં આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. સ્થાન ખૂબ રમણીય છે અને ઉષ્ણકાળમાં શ્રીગુસાંઇજીને નાગજીભાઇની આડીથી કેરીઓ આરોગાવવાના સુંદર મનોરથ થાય છે. આ બેઠકે આપશ્રીને દંડવત કરી, આગળ વધીએ.

(૨૭-૨૮) શ્રી દ્વારકાનાં અને બરડિયાનાં બેઠકજીનું ચરિત્રઃ

શ્રીગુસાંઇજી જેટલી વાર ગુજરાત પધાર્યા, તેટલીવાર દ્વારકા પધાર્યા છે. દ્વારકામાં આપશ્રીનાં બે બેઠકજી છે. એક બેઠકજી શ્રીદ્વારકાનાથજીનું મંદિર, જે જગત મંદિરના નામે ઓળખાય છે. તેની પાસે આવેલા શ્રી દાઉજીના મંદિરની પાસે છે. અહીં આપ શ્રીદ્વારકાનાથજીની સેવાના અવકાશના સમયમાં બિરાજતા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતા. આ બેઠકજીનું સ્થાન આજે મંદિરમાં છે પરંતુ ત્યાં સેવાપ્રકાર ચાલતો નથી.

બીજાં બેઠકજી શ્રીરામલક્ષ્મણજી મંદિર પાસે છે, જ્યાં આપશ્રી મુકામ કરીને બિરાજતા હતા. આ મંદિર બરડિયા ગામમાં આવેલું હોવાથી આ બેઠકજી આજે બરડિયાનાં બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે.

નાગજીભાઇ કેરીઓ લઇને આવેલા, ત્યારે આપશ્રીની આજ્ઞાથી શ્રીદ્વારકાનાથજીને કેરીઓ આરોગાવેલી. આપશ્રીએ નાગજીભાઇને આ જ સ્થળે આજ્ઞા કરેલી કે: 'તમે શ્રીગોમતીજીમાં સ્નાન કરી, શ્રીદ્વારકાનાથજીનાં દર્શન કરવા આવો.' ત્યારે નાગજીભાઇ સ્નાન કરી, કેરીઓનો ટોપલો લઇ, શ્રીદ્વારકાનાથજીના મંદિરે ગયા. તે સમયે શ્રીદ્વારકાનાથજીનાં રાજભોગ આરતીનાં દર્શન થતાં હતાં. આ દર્શન કરી, નાગજીભાઇને આશ્ચર્ય થયું કે: 'હમણાં મને મુકામ ઉપર શ્રીગુસાંઇજીએ મંદિરે જવાની આજ્ઞા કરી, મંદિરે જવાનો માર્ગ એક જ છે, તો અહીં શ્રીગુસાંઇજી

કયા રસ્તે પધાર્યા હશે? મેં તો માર્ગમાં તેમને પધારતા જોયા નથી!' બહાર આવીને તેમણે તપાસ કરી તો શ્રીગુસાંઈજી સાથે આવેલ કોઈ સેવક કે વૈષ્ણવ દેખાયા નહિ. નાગજીભાઈ પાછા શ્રીરામલક્ષ્મણજીના મંદિર પાસે મુકામે આવ્યા, તો ત્યાં શ્રીગુસાંઈજી પોતાના તંબુમાં પ્રસાદ લીધા પછી બીડી આરોગતા હતા. નાગજીભાઈએ સાષ્ટાંગ દંડવત કર્યા. આપશ્રીએ પૂછ્યું: 'શ્રીદ્વારકાનાથજીનાં દર્શન કરી આવ્યો ને?' ત્યારે નાગજીભાઈએ વિનંતી કરી: 'મહારાજ, મને શ્રીદ્વારકાનાથજીનાં અદ્‌ભુત દર્શન આપની કૃપાથી થયાં. આપશ્રી શ્રીદ્વારકાનાથજીને બીડી આરોગાવતા હતા અને શ્રીદ્વારકાનાથજી આપને બીડી આરોગાવતા હતા.' ત્યારે આપે આજ્ઞા કરી કે: 'શ્રીદ્વારકાનાથજીને કેરીઓ આરોગાવવાની મેં તને આજ્ઞા કરી, એ તને ગળે ઊતરી નહિ. મારા અને તેમના સ્વરૂપમાં તેં ભિન્ન ભાવ જોયો. માટે તારો સંદેહ નિવૃત્ત કરાવવા જ મેં તને આવાં દર્શન કરાવ્યાં છે. કારણ કે શ્રીમહાપ્રભુજીનો શ્રીદ્વારકાનાથજી સાથેનો સંબંધ સદાનો અખંડિત છે, માટે અમારો પણ તેમની સાથેનો હંમેશનો સંબંધ છે. તેથી તારી કેરીઓ તેઓ આરોગ્યા તે અમે જ આરોગી છે.' આ સાંભળીને નાગજીભાઈ પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઈજી ત્યાંથી આગળ પધાર્યા.

આ બેઠકજી આજે બરડિયામાં પ્રગટ બિરાજે છે. અહીં સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર પ.ભ. શ્રી હીરામા, ૧૦૦ વર્ષ કરતાં પણ વધારે વય હોવા છતાં તન-મન-ધનથી ખૂબ સુંદર રીતે અહીં સેવા કરે છે. વૈષ્ણવોને મુકામ અને પ્રસાદ લેવા માટેની સુંદર વ્યવસ્થા છે. વૈષ્ણવોએ અહીં સેવા અને દર્શનનો લાભ જરૂર લેવો. અહીં આપણે શ્રીગુસાંઈજીને દંડવત્ કરીએ.

આમ, 'શ્રીબેઠકચરિત્ર' પ્રમાણે લેખનાં શ્રીગુસાંઈજીનાં ૨૮ બેઠકજીનું ચરિત્ર સંપૂર્ણ થાય છે. પરંતુ આ ઉપરાંત, ગુજરાતમાં લેખમાં ન હોય તેવાં શ્રીગુસાંઈજીના કેટલાંક બેઠકજી બિરાજે છે. તેમનું પણ આપણે સ્મરણ કરવું જોઈએ.

આવાં એક બેઠકજી સુરતમાં બિરાજે છે. સુરતમાં ગોપીપુરામાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે અને સેવાનો પ્રકાર ચાલે છે. આ એ જ સ્થાન છે, જયાં બિરાજીને આપે ૨૫૨ વૈષ્ણવો પૈકીના એક સુરતના શાહુકારના બેટાની વહુનો ન્યાય કર્યો હતો અને તેને મુસલમાન સૈનિકના પ્રપંચમાંથી છોડાવી, આખા કુટુંબને શરણે લઈ, સેવા કરવાની આજ્ઞા કરી હતી. તે નગરશેઠના ઘરમાં જ બિરાજી, આપે શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હોવાનો ઉલ્લેખ 'વાર્તા-સાહિત્ય'માં મળી આવે છે. પરંતુ 'શ્રીબેઠક-ચરિત્ર'માં તેનો ઉલ્લેખ નથી. આ બેઠકજીએ આપણે શ્રીગુસાંઈજીને દંડવત કરીએ.

ડાકોરમાં શ્રીગુસાંઈજી પધાર્યાનો ઉલ્લેખ ઐતિહાસિક પત્રો અને લેખોમાં મળી આવે છે. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે જ આપશ્રી ગોમતી કિનારે ત્યાં બિરાજેલા અને શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. આજે પણ ડાકોરમાં 'શ્રીમહાપ્રભુજીની બેઠક'ના નામે પ્રસિદ્ધ સ્થળમાં શ્રીહરિરાયજીનાં બેઠકજીની સાથે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. ત્યાં પણ સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. આપણે ત્યાં શ્રીગુસાંઈજીને દંડવત કરીએ.

ઉત્તર ગુજરાતમાં ખેરાળુ પાસે આવેલ વડનગર શહેરમાં શ્રી ગુસાંઈજી પધારેલા, ત્યારે ત્યાં શર્મિષ્ઠા તળાવના કિનારે આપ બિરાજેલા અને શ્રીમદ્ ભાગવત પારાયણ કરી અનેક જીવોને શરણે લીધેલા. આ સ્થાને ૮૦-૯૦ વર્ષ પૂર્વે શ્રીગુસાંઈજીનાં બેઠકજી પ્રગટ બિરાજતાં હતાં. એમ પ્રાચીન વૈષ્ણવો પાસેથી જાણવા મળ્યું છે. શ્રીરમણલાલજી મહારાજશ્રીએ આ બેઠકજી પ્રગટ કર્યાનું પણ કહેવાય છે. પરંતુ પાછળથી આ બેઠકજી લુપ્ત અને ગુપ્ત થઈ ગયાં. તેનું સ્થાન કે નિશાન પણ મળે નહિ. થોડા સમય પહેલાં, વડનગરમાં એક ભગવદીય વૈષ્ણવને શ્રીગુસાંઈજીએ સ્વપ્નમાં કૃપા કરીને દર્શન આપ્યાં અને પોતાનાં બેઠકજીનું સ્થાન તેમને બતાવ્યું. તે સ્થાને બેઠકજી પ્રગટ કરવાની આજ્ઞા કરી. તે ભગવદીય કાંકરોલીના ઘરના સેવક હોવાથી પોતાના પૂજ્ય ગુરુદેવ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીને સ્વપ્નનો પ્રકાર નિવેદન કરતાં આપશ્રી વડનગર પધાર્યા. તે સ્થાનનાં દર્શન કર્યાં અને તે સ્થાન બેઠકજીનું મૂળ સ્થાન છે, તેવી ખાતરી થતાં તે જગ્યા મેળવવા માટે સરકારી રાહે વિધિ કરી અને તે સ્થાન પ્રાપ્ત થયું છે. અહીં બેઠકજીનું નવનિર્માણ થઈ રહ્યું છે. વડનગરના વૈષ્ણવોના મનોરથ સ્વરૂપે, શ્રીગુસાંઈજીની કૃપાથી દેશપરદેશના વૈષ્ણવો દ્વારા બેઠકજીનું નવું ભવન બની રહ્યું છે. ટૂંક સમયમાં સેવાપ્રકાર શરૂ થશે.

નરોડામાં પણ શ્રીમહાપ્રભુજીની સાથે શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે.

આમ, શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજી લેખમાં હોવા છતાં, જેમ તેમની સંખ્યા ૮૪ કરતાં વિશેષ જણાય છે, તેવી રીતે શ્રીગુસાંઈજીનાં બેઠકજીની લેખમાં ૨૮ની સંખ્યા હોવા છતાં, તે કરતાં વિશેષ જણાય છે. આ સર્વ સ્થળે આપણે શ્રીગુસાંઈજીને દંડવત પ્રણામ કરીએ.

પ્રકરણ : ૬

શ્રીગુસાંઇજીના સાત લાલજીનાં બેઠકજીનાં ચરિત્ર

શ્રીગુસાંઇજીને સાત લાલજી હતા. તેમનાં નામ નીચે પ્રમાણે છે. શ્રીગિરિધરજી, શ્રી ગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રીયદુનાથજી અને શ્રી ઘનશ્યામજી. આ પૈકીના પ્રથમ છ લાલજી શ્રીગુસાંઇજીનાં પ્રથમ વહુજી શ્રી રૂક્મિણીજીના હતા, જ્યારે સાતમા લાલજી શ્રી ઘનશ્યામજી શ્રી પદ્માવતીજીના લાલજી હતા. શ્રીગુસાંઇજીએ અડેલ છોડીને શ્રીમદ્ ગોકુળમાં નિવાસ કરવાનો પ્રારંભ કર્યો, પછી આ બધા બાળકો પણ શ્રીમદ્ ગોકુળમાં તેમના પિતૃચરણ સાથે બિરાજીને મોટા થયા હતા અને શ્રીગુસાંઇજીએ નિત્યલીલા પ્રવેશ કરતાં પહેલાં પોતાના સાતેય બાળકોને શ્રીઠાકોરજીનાં સ્વરૂપ વહેંચી આપ્યાં, તે પછી તે બધા બાળકો પોતપોતાનું મંદિર બનાવી, શ્રીગોકુળમાં બિરાજ્યા હતા. તેમનો હવે આપણે પરિચય કરીએ.

(૧) શ્રી ગિરિધરજી

શ્રી ગિરિધરજી નરભૂષણ, ભ્રાત સકલ ધુરિધાર રે રસના,
વક્તા વેદ શાસ્ત્રતણા, 'શ્રી ભામિનીજી' ભરથાર રે રસના.

× × ×

પંદ્રહસે સત્તાણું કાર્તિક વિમલ દ્વાદશી મંગલ નિત ઢિંગ,
પ્રથમ પુત્ર પ્રકટે શ્રીગિરિધર, ષડ્ગુણ ધર્મી, ધર્મ ધુરંધર.

× × ×

શ્રીગિરિધરજીનું પ્રાગટ્ય સંવત ૧૫૯૭ના કારતક સુદ બારશના દિવસે અડેલમાં થયું હતું. આપશ્રી શ્રીગુસાંઇજીના જયેષ્ઠ પુત્ર હતા. બાળપણથી જ વિદ્યાભ્યાસમાં અતિ તેજસ્વી અને તીક્ષ્ણ બુદ્ધિના હોવાથી, બહુ જ નાની વયે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ આપે પૂર્ણ કર્યો હતો અને તેથી આપશ્રીને વેદ-શાસ્ત્રોના વક્તાઓના શિરોમણિ મહાપંડિત કહેવામાં આવે છે.

શ્રીમદ્ ગોકુળમાં શ્રીગુસાંઇજીએ 'વિદ્વન-મંડન' ગ્રંથ રચવાનો વિચાર કર્યો. ત્યારે પૂર્વપક્ષી તરીકે કોઇ માયાવાદી પંડિત પ્રાપ્ત ન હોવાથી શ્રીગિરધરજી સ્વયં પૂર્વપક્ષી બનીને માયાવાદ અંગે નિરૂપણ કરતા રહ્યા અને શ્રીગિરધરજીના પ્રશ્નોના જવાબરૂપે શ્રીગુસાંઇજીએ 'વિદ્વનમંડન' ગ્રંથની રચના કરી. આમ, પોતાના પિતૃચરણના એક ઉત્તમ શાસ્ત્રીય ગ્રંથની રચનામાં શ્રીગિરધરજીએ પૂર્વપક્ષી બનીને ખૂબ મોટો ફાળો આપ્યો છે. તેથી આપશ્રી માયાવાદ નિરાકર્તાને નામે પણ પ્રસિદ્ધ છે.

શ્રીગુસાંઇજીએ જ્યારે સાતેય બાળકોને ભગવદ્ સ્વરૂપો વહેંચી આપ્યાં, ત્યારે શ્રીગિરધરજીને શ્રીમથુરાનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને વ્રજમાં આવેલા કર્ણાવલ નામના સ્થાનમાંથી પ્રાપ્ત થયું હતું. શ્રીયમુનાજીની ભેખડ તૂટવાથી સ્વયં પ્રગટ થયેલ આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ શ્રીપદ્મનાભદાસજીને પધરાવી આપેલું. તે સ્વરૂપની સેવા શ્રીગિરધરજીએ ખૂબ જ ભક્તિભાવથી કરી અને તેમને છપ્પન ભોગ આરોગાવ્યો હતો. શ્રીમથુરાનાથજીની સેવાનો નેગભોગ શ્રીનાથજીના જેટલો હતો.

શ્રીગિરિધરજીએ ગોકુળવાસ કરતાં વ્રજયાત્રા કરી હતી અને અવારનવાર વ્રજનાં વિવિધ સ્થળોમાં બિરાજી, આપશ્રીએ ભગવદ્લીલાનું ચિંતન કર્યું હતું. તેથી આપશ્રીનાં ચાર બેઠકજી 'શ્રીવલ્લભચરિત્ર'માં પ્રસિદ્ધ છે. આ ચારેય બેઠકજી વ્રજમાં આવેલાં છે. હવે આપણે શ્રી ગિરિધરજીનાં આ ચાર બેઠકજીનાં ચરિત્રો વિચારીએ.

(૧) શ્રીમદ્ ગોકુળનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગિરિધરજી શ્રીગુસાંઇજી પછી શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીની સેવાની વ્યવસ્થા સંભાળતા હતા; કારણ કે શ્રીગુસાંઇજીના પરિવારમાં આપશ્રી સૌથી મોટા હતા. ત્યારે આજે શ્રીગોકુલનાથજીનું જયાં મંદિર છે, ત્યાં જ શ્રીગુસાંઇજી બિરાજતા હતા. શ્રીગિરધરજીએ શ્રીગુસાંઇજીના લીલાપ્રવેશ પછી શ્રીમથુરેશજીનું મંદિર શ્રીગોકુળમાં સિદ્ધ કરાવ્યું અને ત્યાં આપશ્રી બિરાજતા હતા. આપશ્રીએ ત્યાં બિરાજીને અનેક વખત શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું છે.

એક સમયે શ્રીગુસાંઇજીએ વિચાર કર્યો કે: 'મારી સામે કોઇ માયાવાદી પંડિત શાસ્ત્રાર્થ કરવા આવતો નથી. અને પૃથ્વી ઉપર હજી માયાવાદીઓ ઘણી મોટી સંખ્યામાં છે. તેઓ આગળ ઉપર આપણા સંપ્રદાય વિરુદ્ધ ઉપદ્રવ કરશે, પરંતુ શ્રીમહાપ્રભુજીની જેમ પૃથ્વી પરિક્રમા કરવાનો સમય મને મળતો નથી.' આપશ્રી આવો વિચાર કરવામાં નિમગ્ન હતા ત્યારે શ્રીગિરધરજી ત્યાં પધાર્યા અને શ્રીગુસાંઇજીને દંડવત કરી, વિનંતી કરી કે: 'મહારાજ, આપ શું વિચારો છો?' ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે: 'હું આ પ્રમાણે વિચારું છું.' શ્રીગિરધરજીએ કહ્યું: 'કોઇ મનુષ્યનું શું સામર્થ્ય છે કે આપની સામે આવીને બેસે! જો આજ્ઞા હોય તો હું આપની સામે બેસું અને માયાવાદી પંડિતની જેમ શાસ્ત્રચર્ચા કરું. પરંતુ શરત એટલી જ કે આપ સદા મારા ઉપર પ્રસન્ન રહો.' ત્યારે શ્રીગુસાંઇજી બહુ પ્રસન્ન થયા અને આજ્ઞા કરી કે: 'તમે સામે બેસો.' શ્રીગિરધરજીએ સામે બેસીને માયાવાદી પંડિતની જેમ પૂર્વપક્ષ કરી પ્રશ્નો પૂછયા,

જેના શ્રીગુસાંઇજીએ ઉત્તર આપ્યા, તે જ 'વિદ્વનમંડન' ગ્રંથ સ્વરૂપે તૈયાર થયા. આમ, શ્રીગુસાંઇજીએ શ્રીગિરધરજીની સહાયથી 'વિદ્વન-મંડન' ગ્રંથની રચના આ સ્થાને કરી હતી. શ્રીગિરધરજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ખૂબ સાધારણ છે. આપણે ત્યાં દંડવત કરીએ.

(૨) શ્રી ગિરિરાજનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગિરિરાજની તળેટીમાં મુખારવિંદની સામે શ્રીમથુરેશજીનું મંદિર આવેલું છે. આ મંદિરમાં શ્રીગુસાંઇજી બિરાજતા હતા, ત્યારે શ્રીનાથજીની સેવા કરી, અનઅવસરના સમયમાં વિશ્રામ કરતા હતા. ત્યાં આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરેલું હોવાથી શ્રીગુસાંઇજીનાં બેઠકજી તે મંદિરમાં બિરાજે છે. જે આપણે અગાઉ જોઇ ગયા. શ્રી ગુસાંઇજીનાં બેઠકજીની પાસે જ શ્રીગિરધરજીનાં બેઠકજી પણ બિરાજે છે. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. આ જ સ્થાને શ્રીનાથજીએ શ્રીગિરધરજીને આજ્ઞા કરી કે: 'આપના સાતે ય ભાઇઓના માથે બિરાજતાં સાત સ્વરૂપોને મારી સાથે પધરાવી, અન્નકૂટ આરોગાવવાનો મનોરથ કરો.' ત્યારે શ્રીગિરધરજીએ વિનંતી કરી: 'કૃપાનાથ, શ્રીગુસાંઇજીની આજ્ઞા હોય તો જ આ કાર્ય થઇ શકે.' તે વખતે શ્રીગુસાંઇજી ભૂતળ પર બિરાજતા હતા. તેથી શ્રીગિરધરજીએ શ્રીગુસાંઇજીને વિનંતી કરી, પરંતુ શ્રીગુસાંઇજી મૌન રહ્યા. થોડા દિવસ પછી અહીંનાં બેઠકજીમાં શ્રીનાથજીએ શ્રીગિરધરજીને ફરીથી તે જ આજ્ઞા કરી. ત્યારે શ્રીગિરધરજીએ ફરીથી શ્રીગુસાંઇજીને વિનંતી કરી, ત્યારે પણ આપ મૌન રહ્યા. ફરી ત્રીજી વાર શ્રીનાથજીની આજ્ઞા થતાં શ્રીગિરધરજીએ શ્રીગુસાંઇજીને વિનંતી કરી ત્યારે આપે ભગવદ્ ઇચ્છા જાણીને આજ્ઞા કરી કે: 'ભલે સુખેથી કરો, કારણ કે હવે, પ્રભુની ઇચ્છા લૌકિક વધારવાની જણાય છે. પરંતુ આવા મનોરથોથી લૌકિક વધશે અને સ્વરૂપમાંથી ભાવ ઘટશે.' શ્રીગુસાંઇજીની આજ્ઞા થતાં શ્રીગિરધરજીએ શ્રીમદ્ ગોકુળમાં બિરાજતાં સાતેય સ્વરૂપોને જતિપુરા પધરાવી, શ્રીનાથજીની સાથે સાતેય સ્વરૂપોના અન્નકૂટના મહોત્સવનું આયોજન કર્યું. આ મનોરથથી સૌને અલૌકિક આનંદ મળ્યો. શ્રીગુસાંઇજી પણ શ્રીગિરધરજી ઉપર ખૂબ પ્રસન્ન થયા.

આ બેઠકજી પ્રગટ બિરાજે છે. અને ત્યાં વૈષ્ણવોને દર્શન થાય છે. આપણે આ બેઠકજીએ દંડવત કરીએ.

(૩) શ્રી કામર ગામનાં બેઠકજીનું ચરિત્ર

રાસોલી ગામથી આગળ કામર ગામ આવે છે. ત્યાંથી કોટવન જવાય છે. ગામની આજુબાજુએ આવેલા વનને કામરવન કહેવામાં આવે છે. શ્રીકૃષ્ણની કામર

ઉપરથી આ ગામનું નામ કામર પડ્યું છે. એક વખત શ્રીકૃષ્ણની કામર ખોવાઇ ગઇ હતી, તેમણે શ્રીયશોદાજીને ફરિયાદ કરી: 'મૈયા, મારી કામર કોઇએ લીધી છે.' માતા યશોદાજીએ સૌને આ અંગે પૂછયું. શ્રીકૃષ્ણે પણ પૂછયું, પરંતુ કોઇએ શ્રીકૃષ્ણની કામર બતાવી નહિ, તેથી પોતાની પ્યારી કામર ન જડતાં પ્રભુ રડી પડેલા. આ ભાવનું સુંદર પદ સૂરદાસજીએ ગાયું છે કે : 'મૈયા મેરી કામર કૌન લઇ.' આ ભાવથી અહીંયા રડેલા શ્રીકૃષ્ણની બેઠક પણ છે. અહીં મોહનકુંડ પાસે શ્રીમોહનજીનું મંદિર છે. આ કુંડમાંથી શ્રીગિરધરજીને શ્રીમોહનજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. તે અહીં પધરાવી આપે મંદિર બનાવેલું. તે મંદિરના ભોંયરામાં આપ અવારનવાર બિરાજી વિરહ કરતા હતા. આજે પણ આ મંદિરના ભોંયરામાં આપશ્રીની બેઠક આવેલી છે. આજે આ મંદિરની માલિકી એક મહંતની છે.

શ્રીગિરધરજી આ કામર ગામની બેઠક ગુફામાં બિરાજી, શ્રીમદ્ ભાગવત પારાયણ કરતા હતા, ત્યારે એક માયાવાદી પંડિત ત્યાં આવ્યો. આપશ્રીએ તેની સાથે શાસ્ત્રચર્ચા કરી, તેને બે ઘડી એટલે અડતાલીસ મિનિટમાં નિરુત્તર કરી દીધો. ત્યારે પંડિતે દંડવત કરી વિનંતી કરી: 'મહારાજ, મને શરણે લો.' આપે આજ્ઞા કરી કે: 'તું રુદ્રાક્ષ અને ત્રિપુંડ ઉતારી, અહીં આવેલા ચંદ્રકુંડમાં સ્નાન કરીને આવ.' તે સ્નાન કરીને આવ્યો ત્યારે આપશ્રીએ તેને શરણે લઇ, તેનો અંગીકાર કર્યો હતો.

આજે આ બેઠકજી પ્રગટ બિરાજે છે. પરંતુ તે મહંત ઇચ્છે તો જ દર્શન કરાવે છે. આ બેઠકજીએ સેવાનો કોઇ ખાસ પ્રકાર ચાલતો નથી. ત્યાં શ્રીગિરધરજીને દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૪) શ્રી નરી-સેમરી ગામનાં બેઠકજીનું ચરિત્ર

બેલવનથી આગળ જતા બે નાનાં નાનાં ગામ આવે છે. એક ગામનું નામ નરી છે અને બીજા ગામનું નામ સેમરી છે. આ નામ શ્રીરાધિકાજીની બે સખીઓનાં હતાં. તેમના નામ ઉપરથી ગામનાં નામ પડ્યાં છે. આ બંને સખીઓ વ્રજમાં દેવી તરીકે પૂજાય છે. તેઓ શ્રીસ્વામિનીજીને માન મનાવવામાં બહુ ચતુર હતાં. શ્રીઠાકોરજી સાથે શ્રીસ્વામિનીજીનો મિલાપ કરાવી આપતાં, શ્રીઠાકોરજીએ આ બંને સખીઓને પ્રસન્નતાથી વરદાન આપેલું કે: 'આજથી તમારી દેવી તરીકે પૂજા થશે.' સેમરી ગામમાં સેમરી દેવીના મંદિર પાસે શ્રીગિરધરજીની બેઠક બિરાજે છે. બાજુમાં બલભદ્રકુંડ છે, અને શ્રીબલદેવજીનું મંદિર છે. અહીં શ્રીગિરધરજી છ માસ સુધી બિરાજ્યા હતા. અને આપે શ્રીમદ્ ભાગવતની અલૌકિક કથા કરીને ભક્તોને અલૌકિક સુખ આપ્યું હતું અને કૃપાપાત્ર ભગવદીયોને ભગવદ્લીલાનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં.

આ બેઠકજી આજે પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સાધારણ ચાલે છે. ત્યાં આપણે દંડવત કરીએ.

આમ, શ્રીગિરધરજીનાં ચાર બેઠકજીનું ચરિત્ર પૂર્ણ થયું.

(૨) શ્રી ગોવિંદરાયજી :

શ્રીગોવિંદજી આનંદમય, ધર્મ સકલનું ધામ રે રસના,
શ્રીરાણીજી રંજન રુડલા, ભક્ત સકલ વિશ્રામ રે રસના.

× × ×

ધુરંધર ઐશ્વર્ય શ્રી ગોવિંદ, પંચદશ નન્યાનવે,
કાર્તિક શામલ અષ્ટમી શુભ ગુરુ સુદિન પ્રકટે જબે.

શ્રીગુસાંઈજીના દ્વિતીય લાલજીનું નામ શ્રીગોવિંદરાયજી છે. આપશ્રી પણ સર્વ ધર્મશાસ્ત્રોના જ્ઞાતા હતા. હમેશાં આનંદિત રહેતા હતા. વૈષ્ણવો ઉપર આપશ્રીને અધિક પ્રેમ હતો અને તેઓ પોતાને માથે બિરાજતા શ્રીવિઠ્ઠલનાથજી, કે જેમને એક બ્રાહ્મણ શ્રીગુસાંઈજીના પ્રાગટ્ય સમયે શ્રમહાપ્રભુજી પાસે પધરાવી લાવેલો, તેમની સેવામાં રાતદિવસ તત્પર રહેતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૫૯૯માં કારતક વદ આઠમના દિવસે થયું હતું. આપશ્રીનાં બેઠકજી ભૂતળ ઉપર બિરાજતાં નથી. આપણે આપશ્રીને દંડવત કરીએ.

(૩) શ્રીબાલકૃષ્ણજી :

શ્રીબાલકૃષ્ણજી બાલુડા, સુંદર ભીનલે વાન રે રસના,
કમલલોચન કમલાપતિ, છબિ નહિ કો એ સમાન રે રસના.

× × ×

ઋતુ વિયત શૃંગાર આશ્વિન, અસિત તેરસ ભ્રાંજ હી,
શ્રી બાલકૃષ્ણજી મહાપરાક્રમી, વસુખ સોલેં રાજહી.

શ્રીગુસાંઈજીના તૃતીય કુમાર શ્રીબાલકૃષ્ણજીનું પ્રાગટ્ય સંવત ૧૬૦૬ના ભાદરવા વદ તેરસના દિવસે થયું હતું. આપશ્રીનાં નેત્રો કમળ જેવાં વિશાળ અને આરક્ત હોવાથી શ્રીગુસાંઈજી તેમને રાજીવલોચનના હુલામણા નામથી બોલાવતા હતા. આપશ્રીનું શ્રીઅંગ શ્યામવર્ણનું હોવા છતાં અત્યંત સૌંદર્યયુક્ત હતું. આપશ્રીમાં વાત્સલ્યરસ પ્રગટ હતો. તેથી એક સમય શ્રીનવનીતપ્રિયાજીના નંદ મહોત્સવ સમયે સૂતક હોવાથી આપશ્રી શ્રીયશોદાજીનું સ્વરૂપ ધરીને પારણું ઝુલાવી શકયા નહિ, ત્યારે દર્શન કરતાં જ શ્રીયશોદાજીનો ભાવ એવો પ્રગટ થયો કે આપના સ્તનમાંથી દૂધની ધારા વહી. શરીરનું ભાન રહ્યું નહિ અને આપશ્રી નવનીતપ્રિયાજીને ઝુલાવવા માટે પારણા પાસે પધારી ગયા.

આપશ્રી સકળ શાસ્ત્રોના જ્ઞાતા હતા. આપશ્રીએ અનેક ગ્રંથોની રચના કરી છે. શ્રીમદ્ ભાગવતની કથા કરવામાં પણ આપશ્રી ખૂબ જ પ્રવીણ હતા. શ્રીદ્વારકાધીશજી, જે શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ સંભરવાળાને પધરાવી આપેલ, જેમની સેવા અંબરિષે પણ કરેલી, તે સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીના માથે શ્રીગુસાંઈજીએ પધરાવી આપેલું, તેમની સેવા આપશ્રી ખૂબ પ્રેમથી કરતા. શ્રીગોકુળમાં બડી બેઠકજીની બાજુમાં શ્રીદ્વારકાધીશનું સુંદર મંદિર આપે સિદ્ધ કરાવેલું. આપનો એવો મનોરથ હતો કે શ્રીદ્વારકાધીશજી સાથે શ્રીસ્વામિનીજી પણ બિરાજે તો ખૂબ આનંદ આવે. શ્રીગુસાંઈજીની કૃપાથી વ્રજમાં શ્રીસ્વામિનીજીના વિરહમાં ફરતાં ફરતાં ગુંજાવનમાંથી તેમને શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ પ્રાપ્ત થયેલું. જે શ્રીગુસાંઈજીએ શ્રીદ્વારકાધીશજીની સાથે પધરાવી, ગુપ્ત રીતે સેવા કરવાની આજ્ઞા કરેલી.

શ્રીબાલકૃષ્ણજીનાં પોતાનાં એક જ બેઠકજી ભૂતળ પર બિરાજે છે. અને તે શ્રીમદ્ ગોકુળનાં, શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં શ્રીમહાપ્રભુજીનાં શય્યા મંદિરનાં બેઠકજીની બાજુમાં બિરાજે છે. ત્યાં બિરાજીને શ્રીબાલકૃષ્ણજીએ સદૈવ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. આ બેઠકજીનું બીજું વિશેષ ચરિત્ર પ્રસિદ્ધ નથી. આમ, શ્રીગુસાંઈજીના તૃતીય લાલજી શ્રીબાલકૃષ્ણજીનાં આ બેઠકજી પ્રસિદ્ધ છે. સેવા પ્રકાર વ્યવસ્થિત ચાલે છે. ત્યાં આપણે દંડવત કરીએ.

(૪) શ્રીગોકુલનાથજી :

શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ, તાત તણો પ્રતિબિંબ રે રસના,
શ્રી પાર્વતીપતિ પ્રેમશું, શોભા સકલ કુટુંબ રે રસના.

× × ×

કવિ સહ સુદિ સાતેં શ્રી ગોકુલપતિ,
યશ સ્વરૂપ માલા સ્થાપિત રતિ.

શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમારનું નામ શ્રીગોકુલનાથજી છે. આપશ્રીને શ્રીગુસાંઈજી વલ્લભના હુલામણા નામે બોલાવતા હતા. શ્રીગોકુલનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૬૦૮ના માગશર સુદ સાતમના દિવસે થયું હતું. આપશ્રીએ ખૂબ જ નાની વયમાં સર્વ વિદ્યાભ્યાસ પૂરો કર્યો હતો. આપશ્રીનાં લગ્ન શ્રીપાર્વતી વહુજી સાથે થયાં હતાં.

આપશ્રીના માથે શ્રીગોકુલનાથજી ઠાકોરજી બિરાજે છે. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને તેમના સસરાના ત્યાંથી પ્રાપ્ત થયું હતું.

શ્રીગુસાંઈજીના સાતેય બાળકોમાં શ્રીગોકુલનાથજી ભૂતળ પર સૌથી લાંબો સમય બિરાજ્યા છે. આપશ્રીનો પ્રતાપ અવર્ણનીય હતો. આપશ્રીના સમયમાં બાદશાહ જહાંગીરે ચિદ્રૂપ નામના સંન્યાસીના હઠાગ્રહથી હુકમ કરેલો કે: 'કોઈએ તુલસીમાળા પહેરવી નહિ અને તિલક કરવું નહિ.' શ્રીગોકુલનાથજીએ બાદશાહના અન્યાયી હુકમ સામે સત્યાગ્રહ કર્યો. શ્રીમદ્ ગોકુળનો ત્યાગ કર્યો. કાશ્મીર સુધીનો પ્રવાસ વૃદ્ધ અવસ્થામાં કરી, બાદશાહને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ચિદ્રૂપ સાથે શાસ્ત્રાર્થ પણ કર્યો અને પોતાનું સર્વસ્વ છોડવાની તૈયારી બતાવી; પરન્તુ માળા-તિલકનો ત્યાગ ન કર્યો. અંતે આપશ્રીના પ્રતાપબળથી ચિદ્રૂપની મેલી વિદ્યા ખુલ્લી પડી ગઈ. બાદશાહ જહાંગીરની આંખ ખૂલી અને તેણે પોતાનો અન્યાયી હુકમ પાછો ખેંચી લીધો. આમ, આપશ્રીએ પ્રાણના ભોગે માળા-તિલકનું રક્ષણ કર્યું.

આપશ્રીએ અનેક સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે. તે ઉપરાંત, વ્રજભાષાનું ગદ્ય સાહિત્ય આપશ્રીની પ્રેરણાથી જ રચાયું. આપશ્રીએ શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઈજીના સેવકોનાં ચરિત્ર અને શ્રીમહાપ્રભુજીનાં ચરિત્રો તથા અનેક બેઠક-ચરિત્ર પ્રગટ કર્યાં છે. આમ, આપશ્રીએ અનેક ગ્રંથો પ્રકટ કરી, પુષ્ટિમાર્ગીય સાહિત્યને ખૂબ મોટું યોગદાન કર્યું છે. આપશ્રીનાં ૧૩ બેઠકજી ભૂતળ ઉપર બિરાજે છે. આ ૧૩ બેઠકજી પૈકી બે બેઠકો ગુજરાતમાં છે. એક કાશ્મીરમાં છે, એક અડેલમાં છે. એક સોરમજીમાં છે અને બાકીની આઠ બેઠકો વ્રજમાં આવેલી છે. આપશ્રીએ એક જ વખત ગુજરાતનો પ્રવાસ કર્યો છે. પરન્તુ અનેક જીવોને આપે શરણે લીધા હોવાથી, આજે પણ ગુજરાતમાં આપશ્રીની સૃષ્ટિ ખૂબ ભક્તિભાવ સંપન્ન છે અને આપશ્રીનાં ચરણમાં તેમની અનન્યતા રહેલી છે. આપશ્રીનાં ૧૩ બેઠકજીનું ચરિત્ર હવે આપણે જોઈએ.

(૧) શ્રીગોકુળનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગોકુલનાથજીનાં પ્રથમ બેઠકજી શ્રીગોકુળમાં શ્રીગોકુલનાથજીના મંદિરમાં બિરાજે છે. શ્રીગોકુલનાથજીની સૃષ્ટિના વૈષ્ણવો આ બેઠકજીને આપશ્રીનાં મુખ્ય બેઠકજી માને છે અને તે બેઠકજી શ્રીબેઠકજીના નામે પ્રસિદ્ધ છે. આપશ્રી અહીં સદૈવ સાક્ષાત બિરાજે છે, એ ભાવનાથી જ અહીંનો સર્વ સેવાપ્રકાર યોજાયેલો છે.

એક સમયે શ્રીગોકુલનાથજી શ્રીગુસાંઈજીની પાસે પધારેલા ત્યારે શ્રીગુસાંઈજીને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછયો. શ્રીગુસાંઈજીએ ખૂબ વિસ્તારપૂર્વક તે સિદ્ધાંત સમજાવ્યો. તે સાંભળીને શ્રીગોકુલનાથજી પોતાની આ બેઠકમાં પધાર્યા અને તેના ઉપર વિચાર કરવા લાગ્યા. તે વખતે આપશ્રીના કૃપાપાત્ર સેવક શ્રી કલ્યાણ ભટ્ટ આવ્યા. તેમણે આપશ્રીને સાષ્ટાંગ દંડવત કર્યા. તેમણે જોયું તો આપશ્રી રસમગ્ન બની, ઊંડા ચિંતનમાં ડૂબેલા હતા, તેથી તેઓ કશું બોલ્યા વિના બેસી રહ્યા. આમ ચાર ઘડી એટલે ૯૬ મિનિટનો સમય પસાર થયો. આપશ્રીએ ચિંતન પૂર્ણ કરી નેત્રો ખોલ્યાં. કલ્યાણ ભટ્ટને જોઈને પૂછયું: 'તમે કયારે આવ્યા?' ત્યારે કલ્યાણ ભટ્ટે કહ્યું કે: ' મહારાજ, ચાર ઘડી થઈ.' આપે આજ્ઞા કરી કે: 'હું શ્રીગુસાંઈજી પાસે પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત જાણવા ગયો હતો. તે જાણ્યા પછી તેના ઉપર વિચાર કરતો હતો કે પુષ્ટિમાર્ગની રીત ખૂબ જ કઠિન છે. આપણાથી કશું બનતું નથી.' ત્યારે કલ્યાણ ભટ્ટે વિનંતી કરી: 'મહારાજ, કૃપા કરીને અમને પણ કંઈક કહો.' ત્યારે આપે શ્રી કલ્યાણ ભટ્ટ ઉપર કૃપા કરી. આ સ્થાનમાં બિરાજી ૨૪ વચનામૃતો કહ્યાં, જેમાં શ્રીગુસાંઈજીએ સમજાવેલો પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત આવી જાય છે. શ્રી કલ્યાણ ભટ્ટે શ્રવણ કરીને લખી લીધેલાં શ્રીગોકુલનાથજીનાં આ ૨૪ વચનામૃતો આજે ગ્રંથસ્વરૂપે બિરાજે છે અને તેનું સર્વ વૈષ્ણવોએ ઊંડું મનન, ચિંતન કરવાનું ખૂબ જરુરી છે. અહીં શ્રી કલ્યાણ ભટ્ટ દ્વારા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનું શુદ્ધ સ્વરૂપ આપશ્રીએ વૈષ્ણવો માટે પ્રગટ કર્યું.

અહીંયા સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. શ્રીગોકુલનાથજીના ઘરના વૈષ્ણવો સિવાય બીજા કોઈ વૈષ્ણવોને સેવા કરવાનો અહીં અધિકાર નથી. પરન્તુ સૌને આનંદથી દર્શન આપે છે. આપણે ત્યાં દંડવત કરીએ.

(૨) શ્રી વૃંદાવનનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગોકુલનાથજીએ પણ વ્રજમાં ખૂબ ભ્રમણ કર્યું છે અને વ્રજયાત્રા કરી છે. આપશ્રી વૃંદાવન પધારેલા ત્યારે વૃંદાવનમાં બંસીબટમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજીની બાજુમાં બિરાજેલા અને ત્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ કર્યો. ત્યારે વૃંદાવનમાં રહેતા ચૈતન્ય સંપ્રદાયના બધા સંત-મહંતો કથા શ્રવણ કરવા આવતા હતા. અહીં બિરાજીને આપે શ્રીગુસાંઈજીએ રચેલા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ-વર્ણનના 'શ્રીવલ્લભાષ્ટક' સ્તોત્ર ઉપર ટીકા રચી. તે વખતે કલ્યાણ ભટ્ટ વગેરે ઘણા ભગવદીયો આપશ્રીની સાથે હતા.

અહીં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજીની સાથે જ શ્રી ગોકુલનાથજીનાં બેઠકજી પણ પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. અહીં સૌ વેષ્ણવોને ઝારી-ચરણસ્પર્શનો લાભ પ્રાપ્ત થાય છે. આપણે ત્યાં દંડવત કરીએ.

(૩) શ્રી રાધાકૃષ્ણ કુંડના બેઠકજીનું ચરિત્ર

શ્રીગોકુલનાથજી શ્રીરાધાકૃષ્ણ કુંડ પધાર્યા ત્યારે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકજીની બાજુમાં બિરાજ્યા હતા. અહીં બિરાજીને આપે શ્રીરાધાકૃષ્ણ કુંડમાં સ્નાન કર્યું. શ્રી કલ્યાણ ભટ્ટને આજ્ઞા કરી કે: 'અહીં શ્રીસ્વામિનીજી સહિત શ્રીઠાકોરજી નિત્ય રમણ કરે છે. અહીં તેમની રત્નજડિત નિકુંજો આવેલી છે. માટે અહીં સપ્તાહ કરીશું. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. અહીં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલનાથજીનાં - ત્રણેય બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાપ્રકાર ચાલુ છે અને સૌ વૈષ્ણવોને ઝારી-ચરણસ્પર્શનો લાભ મળે છે. આપણે અહીં દંડવત કરીએ.

(૪) શ્રી ચંદ્ર સરોવરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગોકુલનાથજીનાં ચોથાં બેઠકજી ચંદ્ર સરોવર ઉપર પરાસોલીમાં આવેલાં છે. ત્યાં પણ આપશ્રી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની સાથે બિરાજે છે. અહીંયા શ્રીગોકુલનાથજીએ રાસધારીઓ પાસે પ્રથમ રાસ કરાવ્યો હતો. તેનાં દર્શન કરવા માટે શ્રીગિરિધરજીને સાથે લઇ, સાક્ષાત શ્રીનાથજી પધાર્યા હતા અને પછી ત્યાં શ્રીનાથજીએ વ્રજભક્તો સહિત અલૌકિક રાસ કર્યો હતો. તે સમયે શ્રીચતુર્ભુજદાસજી સાથે હોવાથી તેમણે રાસનાં પદ ગાયેલાં. આ બેઠકજીમાં બિરાજી શ્રીગોકુલનાથજીએ શ્રીગુસાંઇજીકૃત શ્રીમહાપ્રભુજીનાં દિવ્ય ૧૦૮ નામયુક્ત 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' ઉપર બડી ટીકા રચી હતી. તેનું શ્રવણ આપશ્રીએ અહીં ભગવદીયોને કરાવેલું. આપશ્રી આ સ્થળે એક માસ બિરાજ્યા હતા.

અહીં પણ આ ત્રણે ય સ્વરૂપનાં બેઠકજી સાથે બિરાજે છે. અને સૌ વૈષ્ણવોને સેવાદર્શનનો લાભ મળે છે. આપણે અહીં દંડવત કરીએ.

(૫) શ્રી ગિરિરાજજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગિરિરાજમાં, તળેટીમાં શ્રીગોકુલનાથજીનું મંદિર આવેલું છે. ત્યાં આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. આપશ્રીનો એક પ્રિય સેવક હતો. તેનુ નામ ઉદ્ધવ તિવારી હતું. તેના ઉપર આપશ્રીની ખૂબ કૃપા હતી. તે વૈષ્ણવ આઠે પ્રહર આપશ્રીની સેવામાં રહેતો અને અવકાશના સમયમાં તળેટીમાં એકાંત જગ્યાએ જઇ, રસોઇ કરી, ભોગ ધરી, મહાપ્રસાદ લેતો. એક દિવસ શ્રીગોકુલનાથજી બે-ચાર વખત જળ આરોગ્યા.

ત્યારે આ વૈષ્ણવે વિનંતી કરી: 'મહારાજ, આજે આપે ઉપરાઉપરી બે-ચાર વખત જળ કેમ આરોગ્યું?' ત્યારે આપે આજ્ઞા કરી કે: ' આજે ખીચડીમાં લૂણ (મીઠું) વધારે પડયું હતું' ત્યારે તેણે કહ્યું: 'આપની વાત સાચી છે. મારાથી ભૂલ થઇ છે.' આપે આજ્ઞા કરી: 'હંમેશાં રસોઇ સાવધાનીથી કરવી. ઉત્તમમાં ઉત્તમ સામગ્રી કરી પ્રભુને ભોગ ધરવો, જેથી પ્રભુને પ્રસન્નતા થાય અને પરિશ્રમ ના પડે.' આમ, સેવામાં રાખવાની સાવધાની શિક્ષા આપશ્રીએ આ બેઠકમાં આપી હતી.

અહીં બેઠકજી પ્રગટ બિરાજે છે. દર્શનનો લાભ મળે છે. આપણે દંડવત કરીએ.

(૬) શ્રી કામવનનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીકામવનમાં સુરભિ કુંડ, જે શ્રીકુંડના નામે પણ પ્રસિદ્ધ છે, ત્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકજી સાથે શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પણ બિરાજે છે. આપશ્રી અહીં બિરાજતા હતા ત્યારે સાથે રહેલા ભગવદીયોને આજ્ઞા કરી હતી કે: 'અહીં શ્રીપ્રભુએ અનેક સ્થળોએ લીલા કરી છે. અહીંયા શ્રીઠાકોરજી હંમેશાં રમણ કરે છે. આ કામવન લીલાત્મક છે, માટે અહીંયા આપણે સપ્તાહ કરીશું. અહીં બિરાજીને આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું.

અહીંયા ચોથાં બેઠકજી શ્રીગિરધરજીનાં બિરાજે છે અને પાંચમાં બેઠકજી શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં પણ બિરાજે છે. આમ, અહીં એકી સાથે પાંચ બેઠકજી બિરાજે છે. અહીં બિરાજતાં શ્રીગિરધરજીનાં બેઠકજીનો ઉલ્લેખ 'બેઠકચરિત્ર'ના લેખોમાં પ્રાપ્ત થતો નથી, તેવી જ રીતે શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં બેઠકજીનો ઉલ્લેખ પણ તેમાં નથી. આ પાંચેય બેઠકજીએ આપણે દંડવત કરીએ.

(૭) શ્રી કરહલાનાં બેઠકજીનું ચરિત્ર

અગાઉ શ્રીગુસાંઇજીના બેઠક ચરિત્રમાં શ્રીકરહલાનાં બેઠકજીનું ચરિત્ર આપણે જોઇ ગયાં. ત્યાં શ્રીગુસાંઇજીની બેઠકજીની બાજુમાં શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પણ આવેલાં છે. આપશ્રી અહીં બિરાજ્યા ત્યારે ભગવદીયોની વિનંતીથી વેણુગીતનાં શ્રીસુબોધિનીજીનો પ્રસંગ આપશ્રીએ સંભળાવ્યો. તેનું શ્રવણ કરતાં સૌ વૈષ્ણવોમાં એટલો બધો ભાવાવેશ થયો કે સૌ શરીરનું ભાન ભૂલી ગયા હતા.

આ બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. આપણે અહીં દંડવત કરીએ.

(૮) શ્રી રાસોલીનાં બેઠકજીનું ચરિત્ર

રાસોલીમાં પણ શ્રીગુસાંઇજીનાં બેઠકજી સાથે શ્રીગોકુલનાથજીનાં બેઠકજી બિરાજે છે. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. અંતે શ્રી કલ્યાણ ભટ્ટની વિનંતીથી ભ્રમરગીત પરનાં શ્રીસુબોધિનીજીની કથા આપે કરેલી.

આ બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. આપણે દંડવત કરીએ.

(૯) શ્રી સોરમજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીસોરમજીનાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકજીની પાસે શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પણ પ્રગટ બિરાજે છે. અહીં આપે ગંગાસ્નાન કરી, શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. શ્રી કલ્યાણ ભટે અહીં આપશ્રીને પ્રશ્ન કરેલો કે 'શ્રીગંગાજીને પૃથ્વી પર રાજા ભગીરથ શા માટે પધરાવી લાવ્યા?' આપે આજ્ઞા કરી કેઃ 'શ્રીગંગાજીમાં સ્નાન કરનારનાં અગાઉનાં પાપો નાશ પામે છે, પરંતુ શ્રીગંગાજી શ્રીયમુનાજી સાથેના સંબંધથી અધિક સામર્થ્યવાન બન્યાં છે. તેઓને મુક્તિ આપવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત થયું છે.

આ સ્થળે માળા-તિલકના રક્ષણ માટે શ્રીગોકુલ છોડી આપે વાસ કર્યો હતો. કારણ કે આ સ્થળ બાદશાહ જહાંગીરના રાજ્યની હદમાં આવતું નહોતું. આમ, અહીં શ્રીગોકુલનાથજી લાંબો સમય બિરાજ્યા હતા. આ સ્થળે સેવાનો પ્રકાર ચાલે છે, આપણે દંડવત કરીએ.

(૧૦) શ્રી અડેલનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીઅડેલમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકજીની સાથે શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પણ બિરાજે છે. આપે ત્યાં શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. એક વખત શ્રીગુસાંઇજી અને શ્રીગિરધરજી સેવામાં અપરસમાં બિરાજતા હતા. ત્યારે શ્રીગોકુલનાથજી નાની વયમાં અહીં બેઠકજીમાં બિરાજતા હતા. એક માયાવાદી પંડિત શાસ્ત્રચર્ચા કરવા આવ્યા ત્યારે આપે તેને બે ઘડીમાં નિરુત્તર કરી દીધો. તે પંડિતે દંડવત કરી, વિનંતી કરીઃ 'મહારાજ, આપ સાક્ષાત્ ઈશ્વર છો, માટે આપને કોણ જીતી શકે?' આવું અદ્‌ભુત ચરિત્ર પોતાની બાલ્યાવસ્થામાં અહીં આપે બતાવેલ.

અહીં આપશ્રીનાં પ્રગટ બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. આપણે અહીં દંડવત કરીએ.

(૧૧) શ્રી કાશ્મીરનાં બેઠકજીનું ચરિત્ર

ચિદ્રૂપને જીતી માયામતનું ખંડન કરી, માળા-તિલકનું રક્ષણ કરવા માટે શ્રીગોકુલનાથજીએ ભારે શ્રમ લીધેલો. તે વખતે બાદશાહ જહાંગીર કાશ્મીરમાં હતો. તેથી તેને મળવા અને સમજાવવા પોતાની વૃદ્ધાવસ્થાની પણ પરવા કર્યા વિના શ્રીગોકુલનાથજી કાશ્મીર પધાર્યા હતા. ચારેય વૈષ્ણવ સંપ્રદાયોના આચાર્યોએ શ્રીગોકુલનાથજીને તિલક કરી, વિનંતી કરેલીઃ 'મહારાજ, આપ અમારા સૌના આચાર્ય છો. આપ અમારો ધર્મ રાખો. અમે આપને સુખપાલમાં પધરાવી, કાશ્મીર લઇ જઇએ અને આપ આપના પ્રતાપબળથી બાદશાહનું મન ફેરવો. આપે કાશ્મીર જઇ બાદશાહ સાથે ખૂબ વાતચીત કરી અને બાદશાહને સમજાવી, માળા-તિલક વિરુદ્ધનો હુકમ પાછો ખેંચાવેલો.

એક વખત બાદશાહ આપશ્રીને મળવા માટે આવ્યા ત્યારે દંડવત કરી, તેણે એક અમૂલ્ય માળા આપશ્રીને ભેટ કરી હતી. આપશ્રી તે વખતે સોરમજી બિરાજતા હતા. સોરમજીમાં ગંગાના તટ ઉપર આ મુલાકાત થતાં, આપશ્રીએ તે માળા ગંગાજીમાં પધરાવી દીધી. બાદશાહે કહ્યુંઃ 'મહારાજ, આ માળા તો મારી પ્રિય બેગમની હતી. તે મને પાછી આપો. હું આપને બીજી માળા ભેટ ધરું.' આપશ્રીએ ગંગાજીમાં હસ્ત બોળી દશ-વીસ માળાઓ બહાર કાઢી કહ્યુંઃ 'તારી માળા હોય તે લઇ લે.' બાદશાહ શરમાઇ ગયો. તેણે દંડવત કરી, વિનંતી કરીઃ ' આપે આજે મારા પર કૃપા કરી આપનું સાચું સ્વરૂપ સમજાવ્યું છે. ચિદ્રૂપના મોહમાંથી છોડાવી, મારી બાદશાહી રાખેલ છે. નહીંતર હું ડૂબી જાત. માટે મારી માળા આપ જ રાખો.' આપે બધી માળાઓ ફરી ગંગાજીમાં પધરાવી દીધી. આમ, કાશ્મીર પધારી, બાદશાહ જહાંગીરને પણ સમજાવી, આપે વૈષ્ણવ ધર્મ ભૂતળ પર યથાવત રાખ્યો. કાશ્મીરમાં બેઠકજીનું સ્થાન મળી આવતું નથી. આ બેઠકજી આજે ગુપ્ત રીતે બિરાજે છે. આપણે ત્યાં ભાવનાથી દંડવત કરીએ.

(૧૨) શ્રી ગોધરાનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગોકુલનાથજીએ ચાચા હરિવંશજી દ્વારા, ગુજરાતના વૈષ્ણવોની વિનંતી સ્વીકારી, એક વખત ગુજરાતનો પ્રવાસ કરેલો, તે દરમ્યાન આપ ગોધરા પધારેલા અને ત્યાં નાગજીભાઇના ઘરમાં મુકામ કરેલો. શ્રીગુસાંઇજીના બેઠકજીની બાજુમાં જ આપ બિરાજ્યા. તે સમયે તે ઘર જીર્ણ થઇ ગયું હતું, ત્યારે આપે ગોધરાના વૈષ્ણવોને આજ્ઞા કરી કેઃ 'નાગજીભાઇનું આ સ્થાન નવેસરથી સિદ્ધ કરાવો.' ત્યારે વૈષ્ણવોએ

વિનંતી કરી: 'કૃપાનાથ, આપ દ્વારકા-યાત્રા કરીને પાછા પધારશો ત્યાં સુધીમાં તે થઈ જશે.' આપશ્રી દ્વારકા-યાત્રા કરી પાછા પધાર્યા. ત્યારે તે સ્થાનનું નવનિર્માણ સંપન્ન થવાથી આપ ત્યાં બિરાજયા. તપેલી સિદ્ધ કરી, શ્રીગુસાંઈજીને ભોગ ધરી, પછી આપે ભોજન કર્યું અને અહીં બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. થોડાક સમય પૂર્વે શ્રીગુસાંઈજીનાં બેઠકજીમાં સાથે બિરાજતાં શ્રીગોકુલનાથજીનાં આ બેઠકજી લુપ્ત ગુપ્ત થઈ ગયાં હતાં. તે સ્થાન હમણાં શ્રીગુસાંઈજીનાં બેઠકજીના નવનિર્માણ બાદ ફરી પ્રગટ કરવામાં આવ્યું છે. પરંતુ હજી ચોતરીજી પધરાવી, ગોકુલનાથજીનાં વ્યવસ્થિત રૂપનો સેવાપ્રકાર શરૂ થયો નથી. તે શરૂ થાય અને સૌ વૈષ્ણવો શ્રીગુસાંઈજીની સાથે શ્રીગોકુલનાથજીમાં પણ સેવાદર્શનનો લાભ લઈ શકે, એવી આપણી ભાવના હોય તે ખૂબ સ્વાભાવિક છે. ત્યાં આપણે દંડવત કરીએ.

(૧૩) શ્રી અસારવાનાં બેઠકજીનું ચરિત્ર

અમદાવાદ પાસે આવેલા અસારવામાં ભાઈલા કોઠારીના ઘરમાં બિરાજતાં શ્રીગુસાંઈજીનાં બેઠકજીની બાજુમાં શ્રીગોકુલનાથજી બિરાજ્યા હતા. ત્યાં આપશ્રીનાં બેઠકજી આવેલાં છે. તે વખતે ચાચા હરિવંશજી પણ સાથે હતા. ચાચા હરિવંશજીની વિનંતીથી જ આપ અહીં પધાર્યા હતા. આપે અહીં બિરાજી, તપેલી સિદ્ધ કરી, શ્રીગુસાંઈજીને ભોગ કરી, ભોજન કર્યું હતું. બીજા દિવસથી આપે શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું અને ત્યાંથી દ્વારકા પધાર્યા હતા.

અહીં શ્રીગુસાંઈજીનાં બેઠકજીની સાથે શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાપ્રકાર સુંદર રીતે ચાલે છે. પણ વૈષ્ણવોને માત્ર દર્શન કરવાનો જ અધિકાર છે. અહીં આપણે દંડવત કરીએ.

શ્રીગોકુલનાથજીનાં આ ચરિત્રોમાં અહીં આપણે જોઈ ગયા તેમ, આપશ્રીનાં કાશ્મીરમાં એક જ બેઠકજી ગુપ્ત બિરાજે છે. બાકીનાં ૧૨ બેઠકજી પ્રગટ બિરાજે છે. આપશ્રી જયાં જયાં પધાર્યા છે, ત્યાં ત્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજીની બાજુમાં જ બિરાજ્યા છે. અને પોતાના પિતૃચરણ અને તાતચરણને તપેલી આરોગાવીને પોતે ભોજન કર્યું છે. આમ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજીનો સેવાપ્રકાર શ્રીગોકુલેશ પ્રભુએ જ શરૂ કર્યો હોય તેમ આ હકીકતો ઉપરથી જણાઈ આવે છે.

(૫) શ્રી રઘુનાથજી :

શ્રી રઘુપતિ અતિ ગજગતિ, રતિપતિ કરું બલિહાર રે રસના,
શ્રી જાનકી જીવન એ સદા, મધ્ય મણિ રત્નમય હાર રે રસના.

× × ×

સોરહસેં ગ્યારહ કાર્તિક સિત, અર્ક બુધ રઘુનાથ શ્રીસહિત,
હેતુ નિજ અભિધાન પ્રગટે તાત આજ્ઞા માનકે.

શ્રીગુસાંઈજીના પંચમ લાલજીનું નામ શ્રીરઘુનાથજી છે. શ્રીરઘુનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૬૧૧ના કારતક સુદ બારશે થયું હતું. આપશ્રી પણ બાલ્યાવસ્થાથી વિદ્યાભ્યાસમાં ખૂબ જ મગ્ન હતા. પુરાણ-ઉપપુરાણોના આપ પ્રખર જ્ઞાતા હતા. આપશ્રીએ શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં દઢ આસક્તિ હોવાથી, શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામનું નિરૂપણ કરતા 'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર' ઉપરાંત, બીજા અનેક ગ્રંથો પણ રચ્યા છે. આપશ્રીના માથે શ્રીમહાપ્રભુજીના સેવક નારાયણદાસ બ્રહ્મચારીએ સેવેલા શ્રીગોકુલચંદ્રમાજી ઠાકોરજી બિરાજતા હતા. આ સ્વરૂપ શ્રીયમુનાજીમાંથી શ્રીમહાપ્રભુજીની સેવક એક ક્ષત્રિયાણીને પ્રાપ્ત થયેલું.

શ્રી રઘુનાથજીનાં એક જ બેઠકજી ભૂતળ પર બિરાજે છે. અને તે શ્રીગોકુળમાં શ્રીગોકુલચંદ્રમાજીના મંદિરમાં આવેલાં છે. અહીં બિરાજી આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું. અહીં સેવાનો પ્રકાર ચાલે છે. આપશ્રીને આપણે દંડવત કરીએ.

(૬) શ્રી યદુનાથજી :

શ્રીયદુપતિ જીવન જગતના, સદા મન પ્રસન્ન હુલાસ રે રસના,
નાહ તે શ્રી મહારાણી તણા, મુખ માધુરી વિલાસ રે રસના.

× × ×

તિથિ કલા બુધ મધુ છઠ, વિમલ જ્ઞાન બખાનકે,
શ્રી યદુનાથ પ્રકટે...

શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીનું પ્રાગટય સંવત ૧૬૧૫ના ચૈત્ર સુદ છઠના દિવસે થયું હતું. આપશ્રી જ્ઞાનસ્વરુપ હતા. ભક્તિના ઉપદેશક હતા. અને આયુર્વેદમાં પણ નિપુણ હતા. આપશ્રીને શ્રીગુસાંઈજીએ શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપેલું. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીમાંથી પ્રાપ્ત થયું હતું. પરન્તુ તે સ્વરૂપ છોટું હોવાથી આપશ્રીને તે સ્વરૂપમાં આસક્તિ નહોતી થતી.

તેથી શ્રીયદુનાથજીએ આ સ્વરૂપની સેવા ન કરતાં, તેમના ત્રીજા ભાઈ શ્રીબાલકૃષ્ણજીની સાથે રહી, આ સ્વરૂપને શ્રીદ્વારકાધીશજીની સાથે પધરાવી, શ્રીદ્વારકાધીશજીની સેવા કરી છે. તેથી શ્રીયદુનાથજીએ પોતાનું શ્રીબાલકૃષ્ણલાલજીનું જુદું મંદિર બનાવેલું નહિ. આ કારણે, આપશ્રીનાં કોઈ બેઠકજી ભૂતળ પર પ્રગટ બિરાજતાં નથી. આપશ્રીને આપણે દંડવત કરીએ.

(૭) શ્રી ઘનશ્યામજી :

શ્રી ઘનશ્યામજી સીંચે સુધા, જીવન સકલ બ્રહ્માંડ રે રસના,
નાહ તે શ્રીકૃષ્ણાવતી તણા, લીલા નિત્ય અખંડ રે રસના.

× × ×

રહ્યો વિરહ શ્રીઘનશ્યામ-સ્વરૂપકે,
સહ કૃષ્ણ તેરસ રતિજ રિક્ષ, સત કલા શ્રી વિઠ્ઠલ ભૂપકે.

શ્રીઘનશ્યામજી શ્રીગુસાંઈજીના સૌથી નાના લાલ હતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૬૨૮ના કારતક વદ તેરસના દિવસે થયું હતું. આપશ્રીના માથે શ્રીમહાપ્રભુજીના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટજીને યજ્ઞવેદીમાંથી પ્રાપ્ત થયેલ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ બિરાજતું હતું. આપશ્રી સદા શ્રીમદનમોહનજીના વિરહમાં જ સમય વ્યતીત કરતા હતા. આ શ્રીમદનમોહનજી ચોરાઈ જતાં, વિરહમાં આપશ્રીએ અન્નજળનો ત્યાગ કરી, અહીં લીલા વિસ્તારી હતી. આપશ્રીનાં બેઠકજી ભૂતળ ઉપર એક જ બિરાજે છે. અને તે શ્રીગોકુળમાં શ્રીમદનમોહજીના મંદિરના ભોંયરામાં બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. અહીં આપશ્રીને આપણે દંડવત કરીએ.

આમ, શ્રીગુસાંઈજીના સાત લાલજી પૈકી છ લાલજીનાં બેઠકજીનાં ચરિત્રોનું આપણે સ્મરણ કર્યું. આ છ લાલજીના ૨૦ બેઠકજી આજે બિરાજે છે. 'બેઠક-ચરિત્ર'માં શ્રીગોવિંદરાયજી, શ્રીયદુનાથજી તથા શ્રીબાલકૃષ્ણજીનાં બેઠકજીનો ઉલ્લેખ મળતો નથી. તેવી જ રીતે, શ્રીગિરધરજીનાં કામવનનાં બેઠકજીનો ઉલ્લેખ પણ મળતો નથી, પરન્તુ શ્રીબાલકૃષ્ણજીનાં અને શ્રીગિરધરજીનાં બેઠકજી ભૂતળ પર પ્રગટ બિરાજતા હોવાથી આપણે તેમનું સ્મરણ કર્યું છે.

■

પ્રકરણ : ૭

શ્રીહરિરાયજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજીના સાત લાલજી પછી શ્રીવલ્લભકુળમાં શ્રીહરિરાયજી ખૂબ જ પ્રતાપી ગોસ્વામી બાળક થઈ ગયા. આપશ્રીના ગ્રંથો, આપશ્રીનાં કીર્તનો, સેવાપ્રકાર અને પ્રતાપબળને કારણે આપશ્રી શ્રીમહાપ્રભુજી પછી મહાપ્રભુ તરીકે ઓળખાનાર એક જ ગોસ્વામી બાળક હતા. આજે પણ આપણે આપશ્રીને શ્રીહરિરાયજી મહાપ્રભુજી તરીકે ઓળખીએ છીએ. આપશ્રીનાં સાત બેઠકજી વિદ્યમાન છે. જેમનો ઉલ્લેખ 'બેઠક-ચરિત્ર'માં પ્રાપ્ત થાય છે. આપણે પ્રથમ આપશ્રીનું સંક્ષિપ્ત ચરિત્ર જોઈએ.

શ્રીહરિરાયજીના દાદાનું નામ શ્રીગોવિંદરાયજી હતું. તેઓ શ્રીગુસાંઈજીના બીજા પુત્ર હતા. શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી થઈ ગયા. શ્રીકલ્યાણરાયજીને બે પુત્રો હતા. પ્રથમ પુત્ર શ્રીહરિરાયજી અને બીજા પુત્ર શ્રીગોપેશ્વરજી. શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય સંવત ૧૬૪૭ ભાદરવા વદ પાંચમને દિવસે ગોકુળમાં થયું હતું. આપશ્રીને બાલ્યાવસ્થામાં બ્રહ્મસંબંધની દીક્ષા શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલજી-શ્રીગોકુલનાથજીએ આપી હતી. આપશ્રીના સમયમાં શ્રીનાથજી નાથદ્વારા પધાર્યા હતા. આપશ્રીના સેવ્ય સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી પણ નાથદ્વારા પધાર્યા હતા. તેથી આપશ્રી નાથદ્વારામાં બિરાજી શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરતા હતા. શ્રીનાથજીની સેવામાં કંઈ પણ ભૂલ થતી ત્યારે શ્રીનાથજી શ્રીહરિરાયજીને જણાવતા અને શ્રીહરિરાયજી પધારી તે ભૂલ સુધારતા. આમ, શ્રીનાથજીના તિલકાયત મહારાજશ્રી હરિરાયજીનું પુષ્કળ માન રાખતા.

એક વખત શ્રીહરિરાયજી પરદેશમાં બિરાજતા હતા, ત્યારે તેમને ભવિષ્યની વાતનો હૃદયમાં પ્રકાશ થયો કે, તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજી ટૂંક સમયમાં લીલામાં પધારશે. સેવામાં સહાયક વહુજી જતાં શ્રીગોપેશ્વરજીને દુઃખ થશે. તેથી તેમને લાગશે કે હવે હું એકલો કેવી રીતે સેવા કરીશ? શ્રીપ્રભુને પરિશ્રમ પડે એવો આ દેહ નકામો છે. શ્રીગોપેશ્વરજી દુઃખી થશે. એટલે શ્રીહરિરાયજીને આ ભવિષ્ય જણાતાંની સાથે જ શ્રીગોપેશ્વરજીને શિખામણના પત્રો લખવા માંડ્યા. જયારે શ્રીગોપેશ્વરજીનાં વહુજી લીલામાં પધાર્યા ત્યારે શ્રીહરિરાયજીના સેવક હરજીવનદાસની વિનંતીથી શ્રીગોપેશ્વરજીએ શિખામણના આ પત્રો ખૂબ ધ્યાનથી વાંચ્યા. તેમાંથી તેમને આશ્વાસન પ્રાપ્ત થયું. તેમનું દુઃખ દૂર થતાં તે પત્રો ઉપર તેમણે વ્રજભાષામાં ટીકા રચી છે. ટીકા સહિતના આ પત્રોની સંખ્યા ૪૧ છે. તે આપણા સંપ્રદાયમાં 'શિક્ષાપત્રો'ના નામે ઓળખાય છે. તેમાં પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાંતો અને વૈષ્ણવનો આચાર ખૂબ સરળતાથી રજૂ કરવામાં આવ્યો છે. તેથી ભગવદ્ વાર્તામાં આ શિક્ષાપત્રો હમેશાં વંચાય છે અને વિચારાય છે.

શ્રીહરિરાયજીએ સંસ્કૃતમાં, વ્રજભાષામાં, ગુજરાતીમાં અને મારવાડી ભાષામાં અનેક નાનામોટા ગ્રંથો, કીર્તનો, ધોળ, પદ વગેરે રચ્યાં છે. આપશ્રીએ શ્રીગોકુલનાથજીએ પ્રગટ કરેલ ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તા ઉપર ભાવપ્રકાશની નાની ટીકા રચી, તે વાર્તાસાહિત્યને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું હતું. આપશ્રી ભૂતળ ઉપર ૧૨૦ વર્ષ બિરાજયા છે. આપશ્રીએ ગુજરાતનો પણ એક વખત પ્રવાસ કર્યો છે. તેથી આપશ્રીએ જયાં જયાં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું ત્યાં ત્યાં આપશ્રીનાં બેઠકજી પ્રગટ છે. આપશ્રી ઘણો સમય વિરહ અવસ્થામાં જ બિરાજતા હતા. હવે આપણે આપશ્રીનાં સાત બેઠકજી, જે આજે પ્રગટ બિરાજે છે, તેમનાં ચરિત્રો જોઈએ.

(૧) શ્રીમદ્ ગોકુળનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીહરિરાયજીનાં પ્રથમ બેઠક શ્રીમદ્ ગોકુળમાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં બિરાજે છે. અહીં બિરાજીને આપે શ્રીમહાપ્રભુજીએ રચેલા 'નિરોધલક્ષણ' ગ્રંથ ઉપર ટીકા લખી હતી. પછી અહીં જ બિરાજી આપે શ્રીમદ્ ભાગવત પારાયણ પણ કરેલું. આપશ્રી જયારે જયારે અહીં બિરાજતા ત્યારે આપના કૃપાપાત્ર સેવક હરજીવનદાસ સાથે મળીને ભગવદ્ લીલાની રહસ્યવાર્તા કરતા અને વિરહમાં સમય વ્યતીત કરતા હતા.

આજે આ સ્થાન ખૂબ જ જીર્ણ થઈ ગયેલું છે. બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર અતિ સાધારણ સ્વરૂપે ચાલે છે. અહીં આપણે આપશ્રીએ દંડવત કરીએ.

(૨) શ્રી નાથદ્વારાનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીનાથજીની સાથે શ્રીવિઠ્ઠલનાથજી પણ નાથદ્વારા પધાર્યા, પછી શ્રીહરિરાયજી પણ નાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં બિરાજતા હતા અને પોતાના સેવ્યસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરતા હતા. શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં આજે આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. મંદિરની સામે જ બિરાજતાં બેઠકજીમાં બિરાજીને આપશ્રી દરરોજ રાત્રે ભગવદ્ વાર્તા કરતા હતા. ઘણા વૈષ્ણવો નિયમિત રીતે ભગવદ્ વાર્તા સાંભળવા આવતા હતા. ભગવદ્ વાર્તાનો ક્રમ ઘણી વાર મધરાત સુધી ચાલતો, કોઈને સમયનું ભાન રહેતું નહિ. ભગવદ્ વાર્તા પૂરી થયા પછી મંદિરમાંથી બહાર જઈને વૈષ્ણવો ભગવદ્ વાર્તાના રસાવેશમાં ભગવદ્ વાર્તાનું જ મનન-ચિંતન અંદરોઅંદર કરતા અને ધોળ-કીર્તન ગાતાં, આખી રાત પણ પસાર કરતા. બાજુમાં કેટલાંક જૈન કુટુંબો રહેતાં હતાં, જેમને આનાથી ઊંઘમાં ખલેલ પડતી. તેમણે શ્રીહરિરાયજીને વૈષ્ણવોના આવા વર્તન અંગે ફરિયાદ કરતાં શ્રીહરિરાયજી એક દિવસ ભગવદ્ વાર્તા પછી વૈષ્ણવોની પાસે આવ્યા, ત્યારે તેમણે જોયું તો ભગવદ્ ગુણગાનમાં મગ્ન બનેલ વૈષ્ણવો ધોળ-કીર્તનમાં ઓતપ્રોત થઈ ગયા હતા અને તેમની વચ્ચે શ્રીનાથજી સ્વયં નૃત્ય કરતા હતા. વૈષ્ણવો પર પ્રભુની આવી કૃપા જોઈને અને

વૈષ્ણવોની આવી સ્મરણ-ભક્તિ જોઈને શ્રીહરિરાયજી ગદ્ગદ્ થઈ ગયા અને તેમણે એક પદ ગાયું.

હૌં વારી ઈન વલ્લભીયન પર,
મેરે તનકો કરોં બિછોના, શિશ ધરું ઈન કે ચરનન્ તર.

આવો શ્રીહરિરાયજીનો વૈષ્ણવો ઉપર પ્રેમભાવ હતો.

એક દિવસ આપના કૃપાપાત્ર સેવક હરજીવનદાસે વિનંતી કરી: 'કૃપાનાથ, અમને વેણુગીતનો પ્રસંગ સમજાવો.' ત્યારે આપશ્રીએ સતત ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી અહીં વેણુગીત પર વ્યાખ્યાન કર્યું. એટલો બધો અલૌકિક આનંદ પ્રગટ થયો કે કોઈને શરીરનું ભાન રહ્યું નહિ.

અહીં આપશ્રીએ અનેકવાર, શ્રીમદ્ ભાગવતનું પારાયણ પણ કર્યું છે. અહીં આજે આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે, પરંતુ વૈષ્ણવોને અહીં ઝારી-ચરણસ્પર્શ થતાં નથી. કેવળ દર્શન થાય છે. આજે પણ અહીં નિયમિત રીતે રાત્રે ભગવદ્ વાર્તા થાય છે અને વૈષ્ણવો તેનો આનંદ લે છે, આપણે અહીં શ્રીહરિરાયજીને દંડવત કરીએ.

(૩) શ્રી ખિમનોરનાં બેઠકજીનું ચરિત્ર

નાથદ્વારાથી હલ્દીઘાટી થઈને, ઉદેપુર જવાના માર્ગ ઉપર ખિમનોર નામે નાનકડું ગામ આવેલું છે. ગામથી થોડેક દૂર ખેતરોની વચમાં એકાંતમાં આપશ્રીનાં બેઠકજી બિરાજે છે. અહીં આપશ્રી બપોરનો સમય વિરહ તાપમાં અને ગ્રંથલેખનમાં વ્યતીત કરતા હતા. આપશ્રીને અહીં જ શ્રીનાથજી પોતાની સેવામાં થતી ભૂલ જણાવતા અને તે ભૂલ સુધારવા માટે સત્વરે નાથદ્વારા પહોંચી શકાય તે માટે આપ ચાર પ્રકારનાં વાહનો અહીં તૈયાર રાખતા. જેમાં હાથી, સુખપાલ, ઘોડો અને રથનો સમાવેશ થતો હતો. એક એક પ્રહરે એક વાહન તૈયાર રહેતું હતું. જેમાં બિરાજીને આપ સત્વરે નાથદ્વારા પધારતા હતા.

એક વખત શ્રીનાથજીના રાજભોગ પછી શય્યા મંદિર સુધી બિછાવવાની પેંડાની ગાદી બિછાવવાનું ભૂલી જવાયું; તેથી શય્યા મંદિરમાં પધારવામાં શ્રીનાથજીને અવેર થઈ. આપશ્રી નિજમંદિરમાં ઠાડા રહ્યા. ત્યારે શ્રીનાથજીએ પોતાનાં કૃપાપાત્ર સેવક ગંગાબાઈને આ વાત જણાવી. ગંગાબાઈએ વિનંતી કરી: 'આપ કૃપા કરીને શ્રીહરિરાયજીને જણાવો.' ત્યારે આપશ્રીએ શ્રીહરિરાયજીને જણાવતાં, આપશ્રી ખિમનોરથી સત્વરે પાછા પધારી, અપરસમાં સ્નાન કરી, મંદિરે આવી, શંખનાદ કરી, અંદર પધાર્યા. પેંડાની ગાદી બિછાવી, દંડવત કરી પાછા તિલકાયત શ્રીદાઉજી મહારાજ પાસે ગયા. આપે શ્રીદાઉજી મહારાજને પણ આજ્ઞા કરી કે: 'સેવા ખૂબ સાવધાનતાથી કરવી જોઈએ. જેથી શ્રીનાથજીને પરિશ્રમ ન થાય.' આવા અનેક પ્રસંગો અને ચરિત્રો આ બેઠકજીમાં પ્રગટ થયાં છે.

એક વખત એક રાજકુમારી આપશ્રીનાં દર્શન કરવા માટે આવી હતી. આપશ્રીનું દેહસૌંદર્ય જોઇને તે મુગ્ધ થઇ ગઇ, અને તેના હૃદયમાં લૌકિક કામવાસનાનો અગ્નિ સળગી ઊઠ્યો. ત્યારે તે ભાવ જાણી જઇને તેના હૃદયના વિકારને બાળી નાખી, હૃદયને શુદ્ધ કરવા માટે શ્રીહરિરાયજીએ અહીં તેને માતૃસ્વરૂપે દર્શન કરાવ્યાં હતાં અને લૌકિક કામવાસના ન કરવા માટે 'કામાખ્ય દોષવિવરણ' નામનો ગ્રંથ રચી, તેને સમજાવ્યો હતો.

આજે અહીં શ્રીહરિરાયજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સાધારણ ચાલે છે. સ્થાન ખૂબ જ સુંદર છે. નાથદ્વારા જતા વૈષ્ણવોએ જરૂર ખિમનોર જઇ, શ્રીહરિરાયજીનાં સેવા-દર્શનનો લાભ લેવો જોઇએ. આપણે અહીં આપશ્રીને દંડવત કરીએ.

(૪) શ્રી જેસલમેરનાં બેઠકજીનું ચરિત્ર

આપશ્રીનાં ચોથાં બેઠકજી રાજસ્થાનમાં જોધપુર પાસે આવેલ જેસલમેર ગામમાં શ્રીગિરધારીજીના મંદિરમાં છે. અહીં શ્રીગુસાંઇજીના પ્રથમ પુત્ર શ્રીગિરધરજીના સેવ્ય શ્રીકલ્યાણરાયજી બિરાજે છે. આપશ્રી અહીં પધાર્યા ત્યારે આપશ્રીના પ્રતાપબળને જોઇને જેસલમેરનો રાજા આપનો સેવક થયો હતો. બીજા પણ અનેક દૈવી જીવો શરણે આવ્યાં હતા. અહીં બિરાજીને આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું. અહીં આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. આપણે અહીં દંડવત કરીએ.

(૫) શ્રી ડાકોરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીહરિરાયજી ગુજરાતમાં પધાર્યા ત્યારે ડાકોર પધાર્યા હતા. ડાકોર ગામ પ્રાચીન સમયમાં ડંકક્ષેત્રના નામે વિખ્યાત તીર્થસ્થાન હતું. જયાં ગોમતીજી નામના તળાવ ઉપર શ્રીહરિરાયજી બિરાજયા હતા. આજે પણ અહીં આપશ્રીના બેઠકજી પ્રગટ બિરાજે છે. આ જ સ્થાન ઉપર આપશ્રીની પહેલાં પધારેલ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી પણ બિરાજયા હતા. આપશ્રીએ ગોમતીજીમાં સ્નાન કરી, ભોજન કર્યું અને આપશ્રી વિશ્રામ કરવા સૂઇ ગયા. તે વખતે ભક્ત બોડાણાએ ડાકોરમાં પધરાવેલ શ્રીરણછોડરાયજીના સ્વરૂપે સ્વપ્નમાં આપશ્રીને આજ્ઞા કરી કે: 'હું અહીં ગોમતીજીના સામા કિનારે એક છાપરા નીચે બિરાજું છું. એક બ્રાહ્મણ રોજ સવારે આવી મારા ઉપર એક લોટો જળ રેડી જાય છે. મારી ઇચ્છા મારો સેવાપ્રકાર સુંદર રીતે ચાલે તેવી છે. માટે આપ આપના શ્રીહસ્તનો મને સ્પર્શ કરાવી, અહીં મંદિર બનાવી, મને પાટ પધરાવો અને મારો સેવાપ્રકાર આપશ્રીના માર્ગની રીત પ્રમાણે શરૂ કરાવો.' આ સાંભળીને આપશ્રી જાગી ગયા. ત્યાં રહેતા વૈષ્ણવોને બોલાવીને આપશ્રીએ પૂછયું 'અહીં શ્રીરણછોડરાયજી કયાં બિરાજે છે?' વૈષ્ણવોએ કહ્યું: 'સામા કિનારે એક છાપરા નીચે બિરાજે છે.' આપશ્રી ત્યાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી, ગામના સર્વ નગરજનો એકત્રિત કર્યા. સૌના સહકારથી આપશ્રીએ એક સાધારણ પ્રકારનું મંદિર તાત્કાલિક બનાવડાવ્યું. અને સારો દિવસ જોઇને શ્રીરણછોડજીને મંદિરમાં પધરાવી પાટોત્સવ મનાવ્યો. તે વખતે ડાકોરમાં રહેતા એક ખેડાવાળ બ્રાહ્મણને આપશ્રીએ સેવક કરી, શ્રીરણછોડરાયજીની સેવા કરવાની આજ્ઞા કરી અને તેને સેવાનો સર્વ પ્રકાર બતાવ્યો. ત્યારે બીજો એક બ્રાહ્મણ ત્યાં આવ્યો અને તેણે વિનંતી કરી: 'મહારાજ, આ મંદિર થયું તે પહેલાં હું જ છાપરા નીચે બિરાજતા શ્રીરણછોડરાયજીને રોજ એક લોટા જળથી સ્નાન કરાવી આવતો હતો અને આપે સેવામાં ખેડાવાળ બ્રાહ્મણને નવડાવ્યો તે ઠીક નથી. મને પણ સેવાનો હકક મળવો જોઇએ.' ત્યારે આપે આજ્ઞા કરી કે: 'તું અને સેવામાં નાહેલો તે બ્રાહ્મણ - એમ બંને જણ સેવાનો વાંટો અડધો અડધો કરી લેજો.' આમ, બંને જણને આપે સંતોષ આપી, શ્રીરણછોડરાયજીની સેવાનો પ્રકાર સુવ્યવસ્થિત કર્યો.

અહીં બિરાજી આપે શ્રીમદ્ ભાગવત પારાયણ પણ કર્યું. આજે પણ શ્રીરણછોડરાયજીની સેવાનો પ્રકાર મોટે ભાગે પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે ચાલે છે. શ્રીરણછોડજી શ્રીહરિરાયજીના સેવ્ય હોવાથી ગોસ્વામી બાળકો અને વૈષ્ણવો તેમનાં દર્શન કરવા જાય છે. અહીં શ્રીહરિરાયજીનાં બેઠકજીએ સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. બેઠકજીમાં ઊતરવાની પણ સગવડ છે. અહીં આપશ્રીને આપણે દંડવત કરીએ.

(૬) શ્રી સાવલીનાં બેઠકજીનું ચરિત્ર

વડોદરા જિલ્લામાં સાવલી નામે ગામ આવેલું છે. અમદાવાદથી સીધી બસ દ્વારા સાવલી જઇ શકાય છે. તે ઉપરાંત વડોદરાથી પણ બસ દ્વારા અને ટ્રેઇન દ્વારા સાવલી જવાય છે. સાવલીમાં ગામ બહાર તળાવના કિનારે શ્રીહરિરાયજીનાં અતિ ભવ્ય બેઠકજી બિરાજે છે. આપશ્રી જયારે અહીં બિરાજયા ત્યારે અહીં બિરાજીને શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું અને અનેક જીવોને શરણે લીધા હતા. આજે અહીં ખૂબ સુંદર વ્યવસ્થા છે. સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. અહીં આપણે આપશ્રીને દંડવત કરીએ.

(૭) શ્રી જંબુસરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીહરિરાયજી સાવલીથી જંબુસર પધાર્યા હતા. ભરૂચ જિલ્લામાં જંબુસર નામનું ગામ આવેલું છે. વડોદરાથી બસ દ્વારા જંબુસર જઇ શકાય છે. ભરૂચથી પણ બસ અને ટ્રેઇન દ્વારા જંબુસર જવાય છે. અહીં ગામ બહાર શ્રીહરિરાયજી તળાવના કિનારે, છોંકરના વૃક્ષ નીચે બિરાજયા હતા. શ્રીમહાપ્રભુજી પણ આ જ સ્થળે બિરાજયા હતા. શ્રીહરિરાયજીની સાથે પ્રેમજીભાઇ નામના એક કૃપાપાત્ર સેવક હતા. અહીં તેમણે

આપશ્રીને વિનંતી કરીઃ ‘મહારાજ, કૃપા કરીને યુગલ ગીતનો પ્રસંગ સમજાવો.’ ત્યારે ત્રણ પ્રહર સુધી આપશ્રીએ યુગલ ગીત ઉપર વ્યાખ્યાન કર્યું. સૌ શ્રોતાઓને અલૌકિક આનંદ પ્રાપ્ત થયો. આવું જંબુસરનાં બેઠકજીનું ચરિત્ર પ્રગટ બિરાજે છે. બેઠકજીનું સ્થાન ખૂબ રમણીય છે. બેઠકજીનું મકાન જીર્ણ થયેલું છે, તે ફરીથી નવનિર્માણ માગી લે છે. આજુબાજુનું સ્થળ અત્યંત શોભાયમાન છે. ચોમાસામાં તો અતિ રમણીય લાગે છે. અહીં સેવાનો પ્રકાર ખૂબ સાધારણ સ્વરૂપમાં ચાલે છે. અહીં આપણે આપશ્રીને દંડવત કરીએ.

આમ, ભૂતળ પર બિરાજતાં શ્રીહરિરાયજીનાં સાત બેઠકજીનાં આ ચરિત્રોનું આપણે ચિંતન કર્યું. આ પૈકીનાં એક બેઠકજી શ્રીમદ્ ગોકુળમાં એટલે ઉત્તર પ્રદેશમાં બિરાજે છે અને ત્રણ બેઠકજી ગુજરાતમાં બિરાજે છે. આપશ્રીનાં બધાં બેઠકજી પ્રગટ બિરાજે છે. શ્રીહરિરાયજી પછી થઇ ગયેલા ગોસ્વામી બાળકોનાં બેઠકજી પણ જુદાં જુદાં સ્થળે બિરાજે છે. પરન્તુ તેમનો ઉલ્લેખ ‘બેઠક-ચરિત્ર’માં પ્રાપ્ત થતો નથી., અને તેમનાં ચરિત્રો સુપ્રસિદ્ધ નથી. તેથી અહીં અન્ય બેઠકજીનાં ચરિત્રોનો પ્રકાશ શક્યો બન્યો નથી.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકજીનાં ચરિત્ર શ્રીગોકુલનાથજીએ પ્રગટ કર્યાં હોવાથી તે ચરિત્રોના અંતે શ્રીગોકુલનાથજીનું નામ જોડાયેલું મળી આવે છે, પરંતુ શ્રીગિરધરજી આદિ બાળકોનાં બેઠકજીનાં ચરિત્રો પાછળથી થયેલાં હોવાથી તે કોણે પ્રગટ કર્યાં તેનો કોઇ ઐતિહાસિક પુરાવો મળતો નથી.

પ્રકરણ : ૮

શ્રીનાથજીનાં બેઠકજીનાં ચરિત્ર

પુષ્ટિમાર્ગમાં શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવને સરખા ગણવામાં આવ્યા છે. ત્રણેય સ્વરૂપોમાં અભેદ બુદ્ધિ રાખવી જોઇએ, એ સિદ્ધાંત સમર્થન કેટલીક ઐતિહાસિક વિગતોથી પણ થયેલું જોવા-જાણવા મળે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનું પ્રાગટ્ય એક જ સમયે, એક જ દિવસે થયું હતું. તેના થોડા દિવસો પછી શ્રીસૂરદાસજીનું પણ પ્રાગટ્ય થયું હતું. સેવામાં પણ શ્રીમહાપ્રભુજી આદિ બાળકોના ઉત્સવોની સાથે શ્રીદામોદરદાસજી જેવા ભગવદીયોના ઉત્સવો પણ મનાવવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી આદિના પ્રાગટ્યની વધાઇઓની જેમ આ ભગવદીયોના પ્રાગટ્યની વધાઇઓ કીર્તન સાહિત્યમાં મળી આવે છે. તેવી જ રીતે શ્રીનાથજીનાં બેઠકજીનો ઉલ્લેખ પણ ‘બેઠકચરિત્ર’માં છે. અને પુષ્ટિભક્તિ શિરોમણિ શ્રીદામોદરદાસ હરસાનીજીનાં બેઠકજીનો ઉલ્લેખ ‘બેઠકચરિત્ર’માં છે. આ બંને સ્વરૂપોનાં બેઠકજી ભૂતળ પર પ્રગટ બિરાજે છે. અને સેવા પ્રકાર ચાલે છે. તેથી તે બેઠકજીનાં ચરિત્રોનું સ્મરણ કરીએ.

શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીની વિનંતીથી ભૂતળ પર પ્રગટ થવાનું નક્કી કર્યું. આપશ્રીની ઊર્ધ્વભુજાનું પ્રાગટ્ય શ્રીગિરિરાજજીની એક કંદરામાં સંવત ૧૪૬૬ના અષાઢ વદ ત્રીજને રવિવારે શ્રવણ નક્ષત્રમાં પ્રાતઃકાળે થયું હતું. પરંતુ વ્રજવાસીઓને તે ભુજાનાં દર્શન તે જ વર્ષમાં પંદરેક દિવસ બાદ શ્રાવણ સુદ પાંચમના દિવસે થયા હતાં. આપશ્રીની આજ્ઞાથી કંદરામાં બિરાજતા પ્રભુને વ્રજવાસીઓએ દહીં, દૂધ આરોગાવ્યાં અને તે ભુજાનું પૂજન કર્યું. સંવત ૧૫૩૫ના ચૈત્ર વદ અગિયારશને રવિવારે મધ્યાહ્ન સમયે આપશ્રીના મુખારવિંદનું પ્રાગટ્ય થયું અને સદુ પાંડે વગેરે વ્રજવાસીઓએ કંદરામાં બિરાજતા પ્રભુની, દૂધ-દહીં આરોગાવી સેવા કરવાનું ચાલુ રાખ્યું. ૧૫૪૯ના ફાગણ સુદ અગિયારસને બુધવારે શ્રીનાથજીએ દક્ષિણમાં ઝારખંડ નામના પ્રદેશમાં શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કેઃ ‘હું શ્રીગિરિરાજજી ઉપર પ્રગટ થયો છું. મને પાટ પધરાવી, મારો સેવાપ્રકાર શરૂ કરો.’ ત્યારે તે જ સાલમાં શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા અને વૈશાખ સુદ ત્રીજના દિવસે શ્રીનાથજીનું નાનકડું મંદિર સિદ્ધ કરાવી, પાટોત્સવ મનાવ્યો અને સેવાપ્રકાર શરૂ કર્યો. વિશાળ મંદિરમાં બિરાજવાની ઇચ્છા થવાથી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી, પૂર્ણમલ્લ નામના વૈષ્ણવે ૧૫૫૬ના વૈશાખ સુદ ત્રીજને રવિવારે રોહિણી નક્ષત્રમાં શ્રીનાથજીના નવા મંદિરનો પાયો ખોદાવ્યો અને લગભગ ચાર લાખ સોનામહોરો ખર્ચીને સુંદર ભવ્ય શિખરબંધી મંદિર બનાવડાવ્યું. આ મંદિર બનતાં વીસ વર્ષ લાગ્યાં હતાં. સંવત ૧૫૭૬ના વૈશાખ

સુદ ત્રીજના દિવસે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને અહીં પાટ પધરાવ્યા. ધીમે ધીમે શ્રીનાથજીનો સેવાપ્રકાર ખૂબ વૈભવપૂર્વક ચાલવા માંડયો. શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજીએ આપશ્રીની સેવામાં રાગ, ભોગ, અને શૃંગારની ખૂબ સુંદર પ્રણાલિકા રચી અને વર્ષે એક લાખ રૂપિયાના ખર્ચનો નેગભોગ અંગીકાર કરાવવાનું શરૂ કર્યું. શ્રીનાથજી વ્રજમાં બિરાજતા હતા, ત્યારે વ્રજનાં જુદાં જુદાં સ્થાનોમાં પધારી અનેક લીલાઓ કરતા અને પોતાના ભક્તોને તેનું સુખ આપતા હતા. આપશ્રીએ જુદાં જુદાં સ્થાન પર પધારી, જે લીલાઓ કરી તે પૈકી વ્રજનાં ચાર સ્થાનોમાં આપશ્રીનાં બેઠકજી આજે પ્રગટ બિરાજે છે, તેમનું ચરિત્ર આપણે જોઈશું.

શ્રીનાથજીએ મેવાડમાં રહેતાં પોતાના ભક્ત અજબકુંવરબાઈને આપેલ વરદાન પૂર્ણ કરવા શ્રીગુસાંઈજીના સમય પછી મેવાડમાં પધારવાનું વિચાર્યું. તે સમયમાં દિલ્હીમાં રાજ્ય કરતા ઔરંગઝેબની હિંદુ ધર્મ વિરુદ્ધની નીતિને નિમિત્ત બનાવી, શ્રીનાથજી વ્રજમાંથી મેવાડ પધારવા માટે તત્પર થયા. આપશ્રી સંવત ૧૭૨૬ના આસો સુદ પૂનમના દિવસે રથમાં બિરાજી મેવાડ જવા પધાર્યા. આપશ્રી ૧૭૨૮ના મહા વદ સાતમે નાથદ્વારા પધાર્યા. વ્રજમાંથી નાથદ્વારા પધારતાં જે જે સ્થાનોએ મુકામ કરી આપ બિરાજ્યા અને નાથદ્વારા પધાર્યા પછી પણ રાજકીય અશાંતિને લઈને આપ ઉદયપુર અને ઘસ્યાઢ નામના સ્થળે પધારીને બિરાજ્યા, તે સર્વ સ્થળો મળી કુલ દશ સ્થાન થાય છે. આ દશ સ્થાનો આપશ્રીનાં બિરાજવાનાં સ્થાનો હોવાથી તે શ્રીનાથજીનાં ચરણ ચોકીના નામે આજે પ્રસિદ્ધ છે. આ દશ ચરણ ચોકીનાં સ્થાનોનું વિશિષ્ટ ચરિત્ર પણ ઉપલબ્ધ થાય છે, જેનો ઉલ્લેખ 'શ્રીબેઠક-ચરિત્ર'માં છે. આમ, શ્રીનાથજીનાં ચાર બેઠકજી અને દશ ચરણચોકીનાં ચરિત્રો એક પછી એક આપણે જોઈએ.

શ્રીનાથજીનાં ચાર બેઠકજીનું ચરિત્ર :

(૧) શ્રી શ્યામઢાક ઉપરનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીનાથજી દરરોજ રાજભોગ પછી શ્યામઢાક પર ખેલવા માટે પધારતા હતા. અહીં આપશ્રી પોતાના ગ્વાલ-સખાઓ સાથે છાકલીલા કરી, છાક આરોગતા હતા અને અનેક પ્રકારના ખેલનો આનંદ લેતા હતા. અહીં બિરાજીને કુંભનદાસજીનું છાક આપ ખૂબ પ્રસન્નતાથી આરોગ્યા હતા. એક વખત શ્રીનાથજીએ કુંભનદાસને આજ્ઞા કરી કે: 'આજે મેં બધા સખાઓને કહ્યું છે કે તમને આવડતી સૌથી સુંદર સામગ્રી બનાવી લાવો. બધી સામગ્રી આરોગીને કોની સામગ્રી સુંદર છે, તે નક્કી કરીશ. માટે કુંભનદાસ, તું શું સામગ્રી બનાવી લાવીશ?' કુંભનદાસે કહ્યું: 'મહારાજ, મારી સ્થિતિ તો આપ જાણો છો. ઘી-ખાંડની કોઈ સામગ્રી બનાવી શકું તેવી મારી સ્થિતિ નથી.' આપે આજ્ઞા કરી કે : 'કુંભનદાસ, મને તો તારી ઘઉં-ચણાના લોટના મિશ્રણથી બનતી બેજરની રોટી અને ટેંટીનું શાક તથા તાજું દહીં ખૂબ ભાવે છે. જો તું તે બનાવી લાવીશ તો બધી સામગ્રીમાં હું તેનો પહેલો નંબર ગણીશ.' ભગવદ્-આજ્ઞા પ્રમાણે કુંભનદાસ તે સામગ્રી બનાવીને શ્યામઢાક પર ગયા. ત્યાં શ્યામઢાકનાં વૃક્ષોની છાયામાં સખામંડળી સાથે બિરાજીને આપશ્રીએ બધા સખાઓની સામગ્રી એક પછી એક આરોગવા માંડી. અને તેમાં કુંભનદાસની સામગ્રી આપશ્રીએ ખૂબ પ્રસન્નતાથી આરોગી અને તેનાં ખૂબ જ વખાણ કર્યાં. આથી ગદગદિત કંઠે કુંભનદાસજીએ નીચેનું પદ ગાયું:

વ્રજ મેં બડો મેવા યહ ટેંટી,
જાકો હોત હૈ સાગ સંધાનો ઔર બેજર કી રોટી.
લે લે ડલિયા બીનન નીકલી બડે ગોપ કી બેટી,
કુંભનદાસ લાલ ગિરિધર સોં હ્વૈ ગઈ ભેટાભેટી.

આ ચરિત્રમાં આપશ્રીએ બતાવ્યું છે કે હું વસ્તુઓનો ભૂખ્યો નથી, પરંતુ ભક્તોનાં હૃદયનાં શુદ્ધ પ્રેમ અને દીનતાનો ભૂખ્યો છું. માટે તો ગોવિંદસ્વામી પણ ગાય છે કે: 'પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે.' પ્રભુને પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ-હૃદયના શુદ્ધ પ્રેમ અને દીનતાનો છે.

અહીં આપશ્રી રોજ ખેલતા અને ઉત્થાપનનો સમય થતાં શંખનાદ સાંભળી મંદિરે પધારતા. એક વખત ખેલમાં આપશ્રી મગ્ન હતા. ત્યારે શંખનાદ થતાં મંદિરે પધારવાની ઉતાવળમાં દોડતાં આપશ્રીનું વસ્ત્ર એક વૃક્ષની ડાળીમાં ભરાઈ જતાં ફાટી ગયું. ત્યારથી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે: 'શંખનાદ કર્યા પછી થોડા સમય બાદ મંદિરનાં દ્વાર ખોલવાં, જેથી પ્રભુને પાછા પધારવામાં પરિશ્રમ ન પડે.' આમ, શ્યામઢાક પર આપશ્રીએ અનેક રસમય લીલાઓનાં ચરિત્રો પ્રગટ કર્યાં છે. અહીં આપણે શ્રીનાથજીને દંડવત કરીએ.

(૨) શ્રી ગુલાલ કુંડના બેઠકજીનું ચરિત્ર

શ્રીગિરિરાજજીની તળેટીમાં ગુલાલ કુંડ આવેલો છે. તેની બાજુમાં શ્રીનાથજીનાં બેઠકજી બિરાજે છે. આ ગુલાલ કુંડનું જળ અને આજુ-બાજુની રેતી લાલાશ પડતાં રંગનાં હોવાથી તેને ગુલાલકુંડ કહેવામાં આવે છે. શ્રીનાથજી અહીં પધારીને વ્રજભક્તોની સાથે હોળી ખેલનો આનંદ માણતા હતા. હોળી ખેલમાં ઊડેલા ગુલાલથી આ સ્થળ અને જળ રક્તવરણાં બન્યાં હોવાથી તે ગુલાલ કુંડના નામે ઓળખાય છે. અહીં શ્રીનાથજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. આપણે દંડવત કરીએ.

(૩) શ્રી ટોડના ઘનાનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગિરિરાજજીથી થોડેક દૂર ટોડના ઘના નામનું સ્થાન આવેલું છે. અહીં બાવળ વગેરે કાંટાળી વનસ્પતિઓનું ગાઢ વન આવેલ હોવાથી, વ્રજભાષામાં તેને 'ઘનો' કહેવામાં આવે છે. ટોડ નામના સ્થાનનું આ વિકટ વન ટોડના ઘનાના નામે જાણીતું છે.

શ્રીમહાપ્રભુજીના સમયમાં એક વખત એવી અફવા આવી કે: 'મુસલમાન લશ્કર હિંદુ મંદિરો તોડવા આવે છે.' ત્યારે શ્રીનાથજીની આજ્ઞાથી સદ્દુ પાંડે વગેરે સેવકોએ શ્રીનાથજીને ગિરિરાજજી ઉપરથી આ સ્થાનમાં એક દિવસ માટે પધરાવેલ. તે દિવસ શ્રાવણ સુદ તેરસનો દિવસ હતો. શ્રીનાથજીને સદ્દુ પાંડેના પાડા ઉપર પધરાવી સદ્દુ પાંડે, તેમના ભાઈ માણેકચંદ પાંડે, શ્રીનાથજીના સેવક રામદાસજી અને કુંભનદાસજી ટોડના ઘના ગયેલા. આ વિકટ વનની મધ્યમાં એક રળિયામણું સ્થાન હતું. જયાં ચોતરા ઉપર શ્રીનાથજી બિરાજેલા અને તેમને કંકોડાનું શાક અને શીરાની સામગ્રીનો ભોગ ધરેલો. અહીં જતાં ખૂબ જ પરિશ્રમ થયેલો. તેનું સુંદર વર્ણન કુંભનદાસજીએ નીચેના પદમાં કર્યું છે.

લાલ તોહિ ભાવે ટોડકો ઘનો,
કાંટા વાગે ગોખરુ ભાગે ફટ્યો જાય યહ તનો,
સિંહકો કહા લોંકડી કો ડર, યહ કહા બાનિક બન્યો,
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર વહ કૌન રાંડ ઢેઢનીકો જન્યો.

આ પ્રસંગ સંવત ૧૫૫૨ના શ્રાવણ સુદ તેરસને બુધવારે બન્યો હતો. સાંજે સમાચાર આવ્યા કે: 'મુસલમાન લશ્કર આ બાજુ આવ્યું નથી.' એટલે શ્રીનાથજીની આજ્ઞાથી આપશ્રીને ફરી ગિરિરાજજી ઉપર પધરાવ્યા હતા. અહીં ટોડના ઘનામાં ચતુરા નાગા નામનો એક ભક્ત રહેતો હતો. ભગવદ્ દર્શન માટે તે ઉગ્ર તપશ્ચર્યા કરતો હતો. શ્રીગિરિરાજજીને ભગવદ્સ્વરૂપ જાણી, તેના ઉપર પગ મૂકતો નહિ. તેથી શ્રીનાથજીનાં દર્શન કરવા તે ઉપર જઈ શક્યો નહિ. તેનો તેના મનમાં ખૂબ વિરહતાપ હતો. તેથી આવી લીલા કરી, તેને દર્શન આપવા માટે જ શ્રીનાથજી અહીં પધાર્યા હતા. આ બેઠકજીએ આપણે શ્રીનાથજીને દંડવત કરીએ.

(૪) શ્રી રાસોલીનાં બેઠકજીનું ચરિત્ર

વ્રજમાં આવેલ રાસોલી ગામે શ્રીનાથજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. આ બેઠકજીનું ચરિત્ર 'બેઠક-ચરિત્ર'માં કે 'શ્રીનાથજી પ્રાગટ્ય વાર્તા'માં જાણવા મળતું નથી. પરંતુ ત્યાં શ્રીનાથજી બિરાજે છે. એટલે આપણે તેમને દંડવત કરીએ.

આમ, શ્રીનાથજીનાં બેઠકજીનું ચરિત્ર પૂર્ણ થયું. હવે આપશ્રીનાં દશ ચરણચોકીનાં ચરિત્રોનું આપણે સ્મરણ કરીએ.

(૧) શ્રીગિરિરાજજી ઉપરના મંદિરનાં ચરણચોકીનું ચરિત્ર

શ્રીનાથજીએ શ્રીગિરિરાજજીમાં પ્રગટ થયા પછી શ્રીમહાપ્રભુજીને પોતાનો સેવાપ્રકાર કરવાની આજ્ઞા કરી, તેથી શ્રીમહાપ્રભુજી પોતાની ભારત પરિક્રમા અધૂરી મૂકી, દક્ષિણમાંથી સીધા શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલ આન્યોર ગામે પધાર્યા. ત્યાં આપશ્રીએ શ્રીનાથજીના પ્રાગટ્યનો સર્વ ઈતિહાસ સદ્દુ પાંડે પાસેથી સાંભળ્યો. વિ.સં. ૧૫૪૯ના વૈશાખ સુદ ત્રીજે, અક્ષયતૃતીયાના દિવસે આપશ્રીએ શ્રીનાથજી માટે નાનકડું મંદિર સિદ્ધ કરાવી, તેમાં શ્રીનાથજીને પધરાવી સેવાપ્રકાર શરૂ કર્યો. ત્યારબાદ પોતાનો સેવાપ્રકાર વિસ્તારવાની શ્રીનાથજીની ઈચ્છા થવાથી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી પૂર્ણમલ્લ નામના ક્ષત્રિયે શ્રીનાથજીનું નવું મંદિર શ્રીગિરિરાજજી ઉપર સિદ્ધ કરાવ્યું અને ત્યાં વિ.સં.૧૫૭૬ના વૈશાખ સુદ ત્રીજને અક્ષયતૃતીયા દિવસે શ્રીનાથજીને પધરાવવામાં આવ્યા.

અહીં બિરાજીને શ્રીજી બાવાએ અનેક ચરિત્રો કર્યાં છે. આ સ્થાને આજે પણ આપશ્રીનું મંદિર બિરાજે છે. ત્યાં આપશ્રીનાં પ્રથમ ચરણચોકી આવેલાં છે. ત્યાં આપણે દંડવત કરીએ.

(૨) શ્રી મથુરામાં સતઘરામાં આવેલાં ચરણચોકીનું ચરિત્ર

એક વખત શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા હતા ત્યારે શ્રીનાથજીની સેવા આપશ્રીના જયેષ્ઠ પુત્ર શ્રીગિરધરજી સંભાળતા હતા. હોળી ખેલના દિવસો હતા. શ્રીનાથજીએ શ્રીગિરધરજીને આજ્ઞા કરી કે: 'હું તમારું ઘર જોવા મથુરા આવીશ.' તે દિવસોમાં ગોકુળમાં ઉપદ્રવ થવાથી શ્રીગુસાંઈજી પોતાના પરિવાર સહિત ગઢાનાં રાણી દુર્ગાવતીએ સિદ્ધ કરી, ભેટ કરેલ મથુરાના નિવાસસ્થાનમાં બિરાજતા હતા. આ નિવાસસ્થાનમાં શ્રીગુસાંઈજીના સાતેય બાળકો સાથે બિરાજતા હોવાથી તેમનાં સાત ઘર હોવાથી તે સતઘરાના નામે જાણીતું હતું.

શ્રીનાથજીની ઈચ્છાથી સંવત ૧૬૨૩ના મહા વદ સાતમને ગુરુવારે શ્રીગિરધરજીએ રથમાં પધરાવી, શ્રીનાથજીને મથુરામાં પોતાના સતઘરાના નિવાસસ્થાને પધરાવ્યા અને તે દિવસે ત્યાં પાટોત્સવ મનાવ્યો. શ્રીગિરધરજી આદિ સર્વ બાળકોએ પોતાનું સર્વસ્વ શ્રીનાથજીનાં ચરણારવિંદમાં ભેટ ધરી દીધું. ત્યારપછી શ્રીનાથજીને ખૂબ પ્રેમ અને આનંદથી હોળી ખેલાવી. શ્રીનાથજી અહીં વૈશાખ સુદ તેરશ સુધી બિરાજ્યા હતા. શ્રીગુસાંઈજી ગુજરાતનો પરદેશ કરી પાછા પધારે છે. તેવા સમાચાર આવવાથી નરસિંહ ચતુર્દશીના દિવસે શ્રીનાથજી શ્રીગિરિરાજજી ઉપર પાછા પધાર્યા. આ દિવસો દરમ્યાન આપશ્રી આ સ્થાને બિરાજયા, ત્યાં આપનાં બીજાં ચરણચોકી બિરાજે છે. ત્યાં આપણે દંડવત કરીએ.

(3) શ્રીનાથજીનાં આગ્રાનાં ચરણચોકીનું ચરિત્ર

શ્રીનાથજીનાં એક કૃપાપાત્ર સેવક અજબકુંવરબાઈ હતાં. તેઓ મેવાડના રાજવંશનાં કુંવરી હતાં અને મર્યાદા ભક્ત કવિ મીરાંબાઈનાં ભત્રીજી થતાં હતાં. શ્રીગુસાંઈજીએ ગુજરાતમાં પધારતાં મેવાડમાં આવેલ સિંહાડ ગામે મુકામ કર્યો. ત્યારે ત્યાં રહેતાં અજબકુંવરબાઈને શ્રીગુસાંઈજીના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં અને તેઓ શરણે આવ્યાં. શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને શ્રીનાથજી સાક્ષાત્ દર્શન આપતા અને બપોરે અનોસરના સમયમાં મેવાડમાં આવેલ સિંહાડ ગામે તેમના ઘેર ચોપાટ ખેલવા પધારતા, અજબકુંવરબાઈએ શ્રીનાથજીને વિનંતી કરી કે: 'આપ સદા અહીં બિરાજો.'

શ્રીનાથજીએ આજ્ઞા કરી કે, 'ભવિષ્યમાં હું તમારા ઘરમાં બિરાજીશ.' અજબકુંવરબાઈને આપેલું આ વરદાન પૂરું કરવા માટે શ્રીનાથજીએ ઔરંગઝેબના સમયમાં મુસલમાનોના વ્રજ ઉપરના સંભવિત આક્રમણને નિમિત્ત બનાવી, તે વખતના શ્રીતિલકાયત મહારાજ શ્રીદાઉજી મહારાજને આજ્ઞા કરી કે: 'મને હવે શ્રીગિરિરાજ છોડી અન્ય સ્થાને પધરાવો.' ત્યારે શ્રીનાથજીને તેમની ઈચ્છા પ્રમાણે અન્ય સ્થાને પધરાવવાની તૈયારીઓ શરૂ કરી. તે માટેનો રથ સિદ્ધ કરાવવામાં આવ્યો અને વિ.સં. ૧૭૨૬ના આસો સુદ પૂનમે આપશ્રીએ શ્રીગિરિરાજજીથી પ્રસ્થાન કર્યું. આપશ્રીએ પ્રથમ મુકામ આગ્રામાં કર્યો ત્યારે પાછલી રાત હતી, પરંતુ કિલ્લાના દરવાજા ભગવદ્ ઈચ્છાથી ખુલ્લા હતા. ત્યાં આવેલ એક હવેલીના ગુપ્ત સ્થાનમાં આપશ્રી બિરાજ્યા અને આજ્ઞા કરી કે 'અહીં અન્નકૂટ કરી આગળ જઈશું.' આ સ્થાને આજે પણ શ્રીનાથજીની હવેલી આવેલી છે અને ત્યાં આપશ્રીનાં ચરણચોકીબિરાજે છે. અન્નકૂટ પછી શ્રીનાથજીએ આજ્ઞા કરી કે: 'અહીંથી રાજસ્થાનમાં આવેલા દંડોતીઘાટ નામના સ્થળે આપણે જઈશું.' આથી શ્રીનાથજીને રથમાં પધરાવી રથ દંડોતીઘાટ તરફ ચાલ્યો. અહીં આગ્રામાં બિરાજતાં ચરણચોકીએ આપણે દંડવત કરીએ.

(૪) શ્રી દંડોતીઘાટનાં ચરણચોકીનું ચરિત્ર

શ્રીનાથજી આગ્રામાં અન્નકૂટ આરોગી આગળ પધાર્યા ત્યારે આપે આજ્ઞા કરી કે: 'અમારો રથ દંડોતીઘાટ તરફ લો. ત્યાં અમે બિરાજીશું.' રાજસ્થાનમાં આવેલ દંડોતીઘાટના સ્થળ પર આપશ્રી બિરાજ્યા. ત્યાં કેટલાક મુસલમાનો આવ્યા, પણ તેમને કશું જોવા મળ્યું નહિ. પ્રભુએ તેમને દર્શન આપ્યાં નહિ, અહીં દંડોતીઘાટ ઉપર આપશ્રી ચાતુર્માસ બિરાજ્યા હતા. અહીં આવેલાં આપશ્રીનાં ચરણચોકીએ આપણે દંડવત કરીએ.

(૫) શ્રી કૃષ્ણવિલાસ પદ્મશિલાનાં ચરણચોકીનું ચરિત્ર

કૃષ્ણવિલાસ પદ્મશિલા નામનું સ્થળ રાજસ્થાનમાં બુંદીકોટાના નામે ઓળખાતા કોટા શહેર પાસે, ચંબલ નદીની ખીણમાં આવેલું રમણીય સ્થાન છે. આ સ્થાનની ચારેબાજુએ ગીચ વનરાજી આવેલી હોવાથી ત્યાં જલદી મનુષ્યોનો પ્રવેશ થઈ શકે નહિ તેવું વિકટ સ્થાન હતું. તેથી તે એકાંત રમણીય જગ્યા જોઈને શ્રીનાથજીએ અહીં બિરાજવાની ઈચ્છા કરી. તે વખતે શ્રીનાથજીને પોતાના રાજયમાં પધારેલા જાણી બુંદીના રાજા અનિરુદ્ધસિંહજી દર્શન કરવા આવ્યા. તેમણે શ્રી તિલકાયત મહારાજને વિનંતી કરી કે: 'આપ શ્રીનાથજીને હમેશાં અહીં જ પધરાવો. આપશ્રીનું રક્ષણ કરવા અમે સૌ રજપૂતો ખડેપગે રહીશું.' ત્યારે શ્રીતિલકાયત મહારાજે આજ્ઞા કરી કે: 'તમારી વૈષ્ણવતાથી શ્રીનાથજી પ્રસન્ન છે. માટે હમણાં અહીં બિરાજશે. પછી જેવી ઈચ્છા થશે ત્યાં પધારશે. આપશ્રીએ ત્યાં કૃષ્ણવિલાસ નામના સ્થળમાં પદ્મશિલા ઉપર ચાતુર્માસ મુકામ કર્યો. ત્યાં શ્રીનાથજીનાં પાંચમાં ચરણચોકી બિરાજે છે. આપણે ત્યાં દંડવત કરીએ.

(૬) શ્રી કિશનગઢનાં ચરણચોકીનું ચરિત્ર

દંડોતીઘાટમાં ચાતુર્માસ કર્યા પછી આપશ્રીએ આગળ પધારવાની આજ્ઞા કરી. આપશ્રીનો રથ પુષ્કરજી પાસે આવ્યો, ત્યારે ત્યાં રથ અટક્યો. શ્રીનાથજીને વિનંતી કરી કે: 'કૃપાનાથ, અહીં કેમ રથ અટક્યો?' ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી કે: 'અહીં નજીકમાં સરોવરમાં સુંદર કમળ ખીલ્યાં છે તેની સુગંધ આવે છે, માટે તે કમળ લઈ આવો.' વ્રજવાસીઓ જઈ કમળ લઈ આવ્યા. તે શ્રીનાથજીને અંગીકાર કરાવવામાં આવ્યા. તે વખતે બાજુમાં કિશનગઢ (કૃષ્ણગઢ) નામનું રાજ્ય આવેલું હતું. ત્યાંના રાજા રૂપસિંહજી વેષ્ણવ હતા. તેઓ યુદ્ધમાં મૃત્યુ પામ્યા ત્યારે તેમની પાસે એક હીરાજડિત ઘરેણું હતું. તે તેમણે પોતાના ખવાસને આપેલું અને આજ્ઞા કરેલી કે: 'શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજી બિરાજે છે તેમને આ ભેટ કરી આવો.' શ્રીનાથજીના તેઓ આવા કૃપાપાત્ર હતા. તેમના પુત્ર રાજા માનસિંહને સમાચાર મળ્યા કે, મારા રાજ્યમાં શ્રીનાથજી પધાર્યા છે. ત્યારે તેમનાં દર્શન વિના જળપાન પણ કરીશ નહિ, એમ પ્રતિજ્ઞા કરી, તેઓ શ્રીનાથજીનાં દર્શન કરવા સામે આવ્યા. પુષ્કરજી આગળ વધેલ રથ કિશનગઢ પાસે આવેલ અજમતિ નામના ગામ પાસે આવીને અટક્યો. ત્યાં સુંદર તળાવ હતું. બાજુમાં ઊંચા પર્વતો હતા. ત્યાં રમણીય વન પણ હતું. શ્રીનાથજીએ આજ્ઞા કરી કે: 'અહીં કેસૂડાનું સુંદર વન ખીલ્યું છે, પર્વતોનું સ્થાન બહુ રમણીય અને એકાંતવાળું છે. માટે વસંત ઋતુનો હોળી ખેલ અહીં જ કરીશું.' તેથી આપશ્રીએ ત્યાં અજમતિ ગામ પાસે પર્વતોની વચ્ચે વનથી ઘેરાયેલ જગ્યામાં, કોઈ ન જાણે તેવા સ્થાનમાં મુકામ કર્યો અને હોળી ખેલનો મનોરથ તથા દોલોત્સવ પણ અહીંયાં જ કર્યો. રાજા માનસિંહે ખૂબ સુંદર રીતે શ્રીનાથજીની સેવાનો લાભ લીધો. આપશ્રીની ઉનાળામાં પણ અહીં જ બિરાજ્યા. અહીં આ છઠ્ઠાં ચરણચોકીએ આપણે દંડવત કરીએ.

(૭) શ્રી ચાંપાસેનીનાં ચરણચોકીનું ચરિત્ર

આપશ્રીની ઈચ્છાથી આપનો રથ કિશનગઢથી મારવાડ તરફ આગળ વધ્યો. જોધપુરથી આગળ જતાં વિસલપુર નામનું એક ગામ આવે છે. ત્યાંના એક વૈરાગીને શ્રીનાથજીએ કૃપા કરી દર્શન આપેલાં. અને રાજભોગ આરોગવા માટેનું પાટિયું બનાવી લાવવાની આજ્ઞા કરેલી. તેનું પાટિયું અંગીકાર કરી આપશ્રી જોધપુર પાસે આવેલા ચાંપાસેની ગામે પધાર્યા. જોધપુરના રાજા જશવંતજીનું ત્યાં મોસાળ હતું, તેઓ તે વખતે ત્યાં હતા. તેઓ ત્યાં દર્શન કરવા માટે આવ્યા. જોધપુરથી ત્રણ ગાઉ દૂર ચાંપાસેની ગામ પાસે કદંબના વનવાળા કદંબખંડી નામના સ્થાનમાં આપ બિરાજ્યા. ત્યાં ચારેબા નામનું નાનકડું ગામ પણ પાસે આવેલું હતું. શ્રીનાથજીએ અહીં પણ ચાતુર્માસ સુધી મુકામ કર્યો. ત્યારપછી આપશ્રી ત્યાંથી મેવાડ પધાર્યા. ઉદયપુરના રાણા રાયસિંહજી પણ આપના સેવક હતા. તેમની માતાના આગ્રહથી રાયસિંહજીએ

આવીને શ્રીતિલકાયત મહારાજને વિનંતી કરી કેઃ 'આપ શ્રીનાથજીને હંમેશ માટે મેવાડમાં પધરાવો.' શ્રીનાથજીની પણ ત્યાં બિરાજવાની ઈચ્છા હોવાથી આપશ્રી ચાંપાસેનીથી મેવાડમાં આવેલા સિંહાડ ગામે પધાર્યા. ત્યાં પધારતાં આપને ૨૩ દિવસ થયા. આ ચાંપાસેનીનાં ચરણચોકીએ આપણે દંડવત કરીએ.

(૮) શ્રી નાથદ્વારામાં બિરાજતાં ચરણચોકીનું ચરિત્ર

સિંહાડમાં એક પીંપળના વૃક્ષ નીચે રથ અટક્યો. શ્રીનાથજીએ આજ્ઞા કરી કેઃ 'આ જ સ્થાને અજબકુંવરબાઈ રહેતાં હતાં. અને મેં અહીં જ રહેવાનું તેમને વચન આપ્યું હતુ, માટે અહીં મારું મંદિર સિદ્ધ કરાવો. હું અહીં જ રહીશ. ભલે રાજા માનસિંહજીનો મનોરથ તો ઉદયપુર પધરાવવાનો છે, તેમનો તે મનોરથ ભવિષ્યમાં અંગીકાર કરીશ.' આ સિંહાડ ગામ ચારે બાજુએ પર્વતોથી ઘેરાયેલું હતું. ત્યાં મંદિર સિદ્ધ કરાવવા માટેની તૈયારીઓ થઈ. રાત-દિવસ બાંધકામ ચાલ્યું અને મંદિર સિદ્ધ થતાં સંવત ૧૭૨૮ના મહા વદ સાતમને શનિવારે શ્રીતિલકાયત મહારાજશ્રીએ શ્રીનાથજીને આ નવા મંદિરમાં પાટ પધરાવ્યા. આમ, શ્રીગિરિરાજજીથી આ સ્થાને બિરાજતાં આપશ્રીને બે વર્ષ, ચાર મહિના અને સાત દિવસ લાગ્યા હતા. આ મંદિરમાં આજે પણ શ્રીનાથજી બિરાજે છે. ત્યાં બિરાજતાં આપનાં ચરણચોકીને અને શ્રીનાથજી બાવાને આપણે દંડવત કરીએ.

(૯) શ્રી ઉદયપુરનાં ચરણચોકીનું ચરિત્ર

સંવત ૧૮૫૮માં મેવાડમાં મરાઠા સૂબા હોલકરે આક્રમણ કર્યું ત્યારે શ્રીનાથજી ઉદયપુર પધાર્યા હતા અને દશ મહિના સુધી બિરાજયા હતા. અહીં આજે આપશ્રીનાં ચરણચોકી બિરાજે છે. ત્યાં આપણે દંડવત કરીએ.

(૧૦) શ્રી ઘસ્યાઢ ગામે બિરાજતાં ચરણચોકીનું ચરિત્ર

શ્રીનાથજી ઉદયપુર બિરાજયા પછી આપશ્રીને બિરાજવા માટે સુરક્ષિત સ્થાનની શોધ કરવામાં આવી. ઉદયપુરની નજીક આવેલ પર્વતોથી ઘેરાયેલા ઘસ્યાઢ ગામને પસંદ કરવામાં આવ્યું. ત્યાં શ્રીનાથદ્વારામાં આવેલા મંદિર જેવું મંદિર અને આજુબાજુ મજબૂત કિલ્લો બનાવવામાં આવ્યાં અને સંવત ૧૮૫૮ની સાલમાં ઉદયપુર દશ મહિના બિરાજયા પછી શ્રીનાથજીને ઘસ્યાઢનું મંદિર તૈયાર થતાં ત્યાં મહા વદ સાતમના દિવસે પધરાવવામાં આવ્યા. આપશ્રી ઘસ્યાઢમાં આઠેક વર્ષ બિરાજ્યા. સંવત ૧૮૬૪માં મેવાડમાં શાન્તિ સ્થપાતાં આપ પાછા પધાર્યા. આજે પણ ઘસ્યાઢમાં આપશ્રીનું આ મંદિર બિરાજે છે. ત્યાં આવેલાં ચરણચોકીએ આપણે દંડવત કરીએ.

પ્રકરણ : ૯

શ્રીદામોદરદાસ હરસાનીજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવના સ્વરૂપની એકવાકયતા પુષ્ટિમાર્ગમાં સ્વીકારવામાં આવી છે. સર્વ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના શિરોમણિ શ્રીદામોદરદાસ હરસાનીજી છે. કારણ કે શ્રીમહાપ્રભુજીએ સર્વ પ્રથમ બ્રહ્મસંબંધ તેમને આપ્યું હતું અને વારંવાર આજ્ઞા કરી હતી કેઃ 'દમલા, આ માર્ગ તારે માટે છે.' માટે આપશ્રીએ ભૂતળ પરના દૈવી જીવોનો ઉદ્ધાર કરવા દામોદરદાસ હરસાનીજીને દશ જન્મ ભૂતળ પર રાખવા આજ્ઞા કરી હતી. પુષ્ટિમાર્ગના પ્રેમફળના ભાવરૂપ શ્રીદામોદરદાસ હરસાનીજીનું નિત્યલીલામાં શ્રીલલિતાજીનું સ્વરૂપ છે. તેઓ અંશી સ્વરૂપ છે અને આપણે સૌ તેમના અંશ સ્વરૂપ છીએ. જેમ એક રૂપિયાનું પરચૂરણ આવે, પણ પરચૂરણના સિક્કાનો રૂપિયો ન આવે, તેવી રીતે શ્રીદામોદરદાસ હરસાનીજી રૂપિયો, એટલે અંશી સ્વરૂપ છે, જયારે આપણે સૌ પરચૂરણના સિક્કા જેવા અંશ સ્વરૂપ છીએ. ભૂતળ ઉપર શ્રીદામોદરદાસ હરસાનીજીનાં પણ ત્રણ બેઠકજી પ્રગટ બિરાજે છે.

શ્રીદામોદરદાસના પિતાનું નામ થીરદાસ, ઉપનામ કપૂરચંદ હતું. માતાનું નામ યશોદા અને અટક હરિશરણી હતી. હરિશરણીનું અપભ્રંશ હરસાની થયું. તેઓ જ્ઞાતિએ ક્ષત્રિય હતા. તેમના પિતાનો કાપડનો વ્યવસાય હતો. તેઓ અગ્રહાર નામના ગામમાં રહેતા હતા અને પાછળથી તેમના પિતા વ્યવસાય નિમિત્તે વૃદ્ધિનગર નામના ગામે આવીને રહેલા, જે આજે વર્ધાના નામે જાણીતું છે. તેમના પિતા અત્યંત શ્રીમંત કરોડાધિપતિ હતા. દામોદરદાસજી તેમના ચોથા પુત્ર હતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૫૩૧ના મહા સુદ ચોથના દિવસે થયું હતું. તેમની ચૌદ વર્ષની વયે તેમના પિતા હરિશરણ થયેલા. ભાઈઓ સાથે ઊછરતા દામોદરદાસજીને લૌકિક બાબતોમાં જરાય રસ ન હોવાથી તેઓ કોઈની સાથે કંઈ વાત કરતા નહિ. ખાનપાન કે વસ્ત્રોની પણ પરવા કરતા નહિ. શ્રીમહાપ્રભુજીના વિરહમાં ઘરના ગોખમાં રાતદિવસ બેસી રહેતા અને રાજમાર્ગ ઉપર તેમના પધારવાની રાહ જોયા કરતા. સંવત ૧૫૪૬માં વૃદ્ધિનગર પધારેલા મહાપ્રભુજીનાં તેમને દર્શન થતાં તેઓ શરણે આવેલા. અને આપશ્રીની સાથે જ ઘર છોડી ચાલી નીકળેલા. ત્યારથી તેઓ સદાય આપશ્રીની સાથે જ રહ્યા હતા. સંવત ૧૫૪૯માં શ્રીમદ્ ગોકુળમાં શ્રાવણ સુદ બારશે શ્રીમહાપ્રભુજીએ તેમને સર્વપ્રથમ બ્રહ્મસંબંધ આપ્યું. તેમની સાથે શ્રીમહાપ્રભુજી હમેશાં ભગવદ્લીલાની રહસ્ય વાર્તા કરતા. દામોદરદાસજી આપશ્રીનાં ચરણારવિંદ છોડી બીજે કયાંય ગયા નથી. તેમનામાં ગુરુભક્તિ એટલી બધી દૃઢ હતી કે પોતાના ગુરુદેવ શ્રીમહાપ્રભુજી વિશ્રામ કરતા હતા ત્યારે તેમના વિશ્રામમાં ખલેલ ન પહોંચે તેટલા માટે ત્યાં પધારતા

શ્રીનાથજીને પણ પાસે ન પધારવાની વિનંતી કરી હતી, જે શ્રીનાથજીએ પણ સ્વીકારેલી. શ્રીમહાપ્રભુજીના નિત્યલીલા પ્રવેશ પછી શ્રીગુસાંઇજી પણ તેમનો આદર કરતા અને તેમની પાસેથી માર્ગના ગ્રંથો, સિદ્ધાંતો અને સેવા-પ્રણાલિકા જાણી હતી. તેઓ ૭૬ વર્ષ સુધી ભૂતળ પર હતા.

આ દામોદરદાસ હરસાનીજીનાં શ્રીમહાપ્રભુજી સાથે ત્રણ સ્થાઓને બેઠકજી બિરાજે છે. આ બેઠકજીઓનાં કોઇ વિશિષ્ટ ચરિત્રો મળતાં નથી. પરંતુ ભૂતળ ઉપર આ ત્રણ બેઠકજી બિરાજે છે. ત્યાં આપણે દંડવત કરીએ અને જવાનું થાય ત્યારે તેમનાં સેવા દર્શનનો આનંદ લઇએ.

(૧) શ્રીગોકુળમાં આવેલ ઠકુરાણીઘાટ પરનાં બેઠકજીઃ

આ બેઠકજી બડી બેઠકજીની સામે આવેલાં છે. આ જ સ્થાને શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું હતું.

(૨) શ્રી વૃંદાવનમાં બંશીબટમાં આવેલાં બેઠકજીઃ

અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે તેમનાં બેઠકજી પ્રગટ બિરાજે છે.

(૩) શ્રી જામખંભાળિયા (સૌરાષ્ટ્ર)માં આવેલાં બેઠકજીઃ

અહીં પણ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે તેમનાં બેઠકજી બિરાજે છે.

આ પ્રમાણે આપણે ભૂતળ ઉપર બિરાજતાં શ્રીમહાપ્રભુજીથી શ્રીદામોદરદાસ હરસાનીજી સુધીનાં બેઠકજીનાં ચરિત્રોનું મનન-ચિંતન યથાશક્તિ અને યથામતિ કર્યું.

આ ઉપરાંત, શ્રીહરિરાયજી પછીના સમયમાં થઇ ગયેલ ગોસ્વામી બાળકોનાં બેઠકજી અથવા ગાદીજી ઘણાં સ્થળોએ બિરાજે છે. ત્યાં જવાનું થાય ત્યારે તે કોનાં બેઠકજી છે, તે બરાબર જાણી લઇ, તે સ્વરૂપનું ધ્યાન કરી, તેમનાં સેવા-દર્શનનો અવશ્ય લાભ લેવો જોઇએ. જો આ પ્રમાણે આ સર્વ સ્થાનોએ સેવાદર્શનનો લાભ લેવામાં આવે તો આપણું ત્યાં જવું સાર્થક થાય અને આપણને અલૌકિક આનંદ પ્રાપ્ત થાય. માટે આજના સમયમાં જયારે શ્રીબેઠકજીની યાત્રાનો પ્રકાર વિશેષ પ્રચલિત બન્યો છે. ત્યારે આ સર્વ બાબતોને ધ્યાનમાં લઇ, જો યાત્રા કરવામાં આવે તો જ તે યથાર્થ સ્વરૂપમાં સાર્થક યાત્રા બને. આ સ્થાનોએ જઇએ ત્યારે આપણાં સમય અને શક્તિ પ્રમાણે આપણે ત્યાં સેવાદર્શન કરતાં, ત્યાં બિરાજતા સ્વરૂપનાં રૂપ, ગુણ અને યશનું વર્ણન કરતાં સ્તોત્રના પાઠ અવશ્યપણે કરવા જોઇએ. તે દ્વારા આપણે સ્વરૂપ ધ્યાન કરી શકીએ છીએ. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીસપ્તશ્લોકી અને શ્રીવલ્લભાષ્ટકનો પાઠ અવશ્ય કરવો. શ્રીગુસાંઇજીનાં બેઠકજીએ શ્રીનામરત્નાખ્ય સ્તોત્રનો પાઠ કરવો. શ્રીગોકુલનાથજીનાં બેઠકજીએ આપશ્રીનાં ૧૦૮ નામનો પાઠ કરવો. શ્રીહરિરાયજીનાં બેઠકજીએ આપશ્રીનાં ૧૦૮ નામનો પાઠ કરવો. આમ, જે જે સ્વરૂપનાં બેઠકજીએ જવાનું થાય તે તે સ્વરુપના પાઠ કરવા જોઇએ, જેથી તે સ્વરૂપનું ધ્યાન અને સ્મરણ થઇ શકે છે તથા અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે. ■